रङ्ग हृदयम् ।

(स्तोत्राणि गुजराती सार्थ)



श्रीरंग
जन्म शताब्दी
महामहोत्सव
सं. २०५४

।। श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ।।

प्रणेता
रङ्गाऽवधूतः

प्रवहति रेवा-प्रवाह :

प.प. श्रीमद्वासुदेवानन्दसरस्वती-लब्धानुग्रहास्ते यावज्जीवं श्रीदत्तस्वरुपिण: परमात्मन: भकितं जनेषु समदीपयन् श्रीरङ्गावधूतानाम् अन्तरङ्गस्थिता श्रीदत्तभक्ति: संस्कृतकाव्यामृत-निर्झरिणी भूत्वा रेवाप्रवाहवत् उल्लोलकल्लोलं प्रवहति स्म। प्रसादमधुराणि सद्भावसान्द्राणि कोमलपदानि यानि पर:शतानि श्रीदत्तभक्तिकाव्यानि श्रीरङ्गावधूतचरणै: भक्तिपथप्रथनाय गुम्फितानि तानि सर्वाणि अस्मिन् 'रङ्गहृदयम्' नाम्नि काव्यसङ्ग्रहे संकलितानि सन्ति। श्रीशङ्कराचार्य वल्लभाचार्य प्रभृतीनाम आचार्यवर्याणां स्तोत्रवाङ्मये ये काव्यगुणा: देदीप्यन्ते ते सर्वेऽपि अस्मिन् रंङ्गहृदये उत्कटत्वेन भासन्ते।

डॉ. श्रीधर भास्कर वर्णेकर
एम. ए., पीएच. डी.
संस्कृतविभागाध्यक्ष :
नागपुर विश्वविद्यालयम्।

रङ्ग-हृदयम्

(स्तोत्राणि – गुजराती सार्थ)

औषधं भगवन्नाम वैद्यः कारुणिको गुरुः ।
संसाररोगनाशाय पथ्यं साधुसमागमः ॥

अक्षरगीता श्लो० १३

प्रणेता
रङ्गोऽवधूतः

प्रकाशकः-
जयंतिलाल शं. आचार्य,
प्रमुख,
श्री अवधूत साहित्य प्रकाशन ट्रष्ट,
नारेश्वर पोस्ट. सायर,
वाया. अंकलेश्वर
३९३ १०७,

गुरु-पूर्णिमा
चतुर्थ संस्करण) वि.सं.२०५३. (प्रतः२०००
२०.७.१९९७.

मुल्यम्-३०/=

मुद्रकः-
श्री नारायण मुद्रणालय
नारेश्वर. पोस्ट सायर
वाया अंकलेश्वर.
जी.बडोदरा ३९३ १०७.

નિવેદન

(ચોથી આવૃત્તિનું)

'રંગ હૃદયમ્' ની આવૃત્તિ ઘણા સમયથી અપ્રાપ્ય હતી, સાર્થ આવૃત્તિની ૨૦૦૦ નકલ ખલાસ થયે પણ સમય વીતી ગયો હતો, એને પ્રેસમાં છાપવાનું નક્કી થયું. થોડાં પાન છપાયાં અને એ પ્રેસના માલિક પૂ.શ્રીના ભક્ત શ્રી ચિનુભાઇ પટેલનું દુઃખદ નિધન થયું.

એ પછી ટ્રસ્ટે પ્રેસ લીધું અને તેમાં કામ શરૂ થયું. શ્રી શંકર પ્રિન્ટંગ પ્રેસના માલિક શ્રી ચિનુભાઈ પટેલના દીકરા શ્રી ઈન્દ્રવદનભાઇ પરદેશથી પરત આવ્યા અને છપાએલા ફર્મા તથા બ્લોકો વગેરે પરત ફરી ગયા.

પણ નસીબ બે ડગલાં આગળ ને આગળ! નારેશ્વરનો સંસ્કૃત કંપોઝીટર અન્યત્ર જતો રહ્યો!

પહેલાં જ્યાં 'નારેશ્વરનો નાદ' છપાતું હતું તથા જ્યાં બીજાં પણ પ્રકાશનો તૈયાર થાય છે તે તૃપ્તિ સેલ્સ એન્ડ સર્વિસ, વડોદરાના માલિક શ્રી મધુસૂદનભાઈ વહારે ધાયા અને રંગ હૃદયમ્ છાપી આપવાનું કબૂલ્યું. અને આજે રંગહૃદયમ્ પરિવારના હાથમાં આવ્યું છે. શ્રી મધુસૂદનભાઈને વચમાં અકસ્માત નડ્યો હતો તે ગણકાર્યા વિના કાર્ય કરી આપવા બદલ અમો એમના ઋણી છીએ.

પ્રુફ તપાસવાનું કાર્ય શ્રી ધીરુભાઇ ઉપરાંત સર્વશ્રી પ્રા. ડૉ. અરુણોદય જાની તથા પ્રા. ડૉ. સુભાષ દવે એ અને ક્યારેક ક્યારેક સ્વામી શ્રી આત્મકૃષ્ણ તથા મુ. શ્રી લક્ષ્મીશંકર શાસ્ત્રીજીએ કરીને ઉપકૃત કર્યા છે.

૮. પટેલ એન્ડ કું. મુંબઈ ૨૫૧-૦૦

૯. પટેલ એંટરપ્રાઈઝ. પ્રા. લિ. મુંબઈ ૧૦૧-૦૦

૧૦. કાન્તિલાલ ચંદુલાલ સોની કપડવંજ ૨૦૧-૦૦

૧૧. સુહાસિનીબેન જે. મહેતા વડોદરા ૨૨૬-૦૦

૧૨. ઈશ્વરભાઈ વૈદ્ય વડોદરા ૮૧-૦૦

૧૩. જસવંતલાલ મણીલાલ જાની સૂરત ૧૦૧-૦૦

૧૪. કૈલાસબેન શંકરભાઈ પટેલ ધરમપુર ૧૦૧-૦૦

૧૫. રમેશચંદ્ર નરસિંહભાઈ કામઠા મુંબઈ ૧૨૫૧-૦૦

૧૬ દેસાઈ શંકરભાઈ નાથાભાઈ તથા
ડાહીબેન શંકરભાઈ દેસાઈ હસ્તે.
ડૉ. અશ્વિનભાઈ શંકરભાઈ ઉમલ્લા ૪૦૧-૦૦

૧૭. સ્વ. મંગળભાઈ મોતીભાઈ તથા
સ્વ. દિનેશભાઈના સ્મરણાર્થે હસ્તે
ડૉ. ઈન્દુભાઈ અમદાવાદ ૧૦૦૧-૦૦

૧૮. દશરથભાઈ સોમેશ્વર પંડ્યા અમદાવાદ ૫૦૧-૦૦

૧૯. લલિતાબેન ટેલર અમેરીકા ૫૦૧-૦૦

૨૦. ગટુભાઈ શુક્લ નવસારી. ૫૦૧-૦૦

૨૧. હેમલતાબેન રમણલાલ પટેલ અકોટી. ૧૯૫૩૦-૦૦

૨૨. વિઠ્ઠલદાસ નવીનલાલ શાહ તલોદ. ૫૦૧-૦૦

૨૩. એચ. એસ. પટેલ ૧૫૧-૦૦

૨૪. પ્રવીણાબેન શુક્લ. લંડન ૧૦૧-૦૦

૨૫. સ્વ. અ. સૌ. રવિકાન્તાબેન કાન્તિલાલ
જાની ના સ્મરણાર્થે (જાની ટ્રસ્ટ તરફથી)
રાજપીપલા ૫૦૧-૦૦

૨૬. લલિતાબેન ભૂલાભાઈ દેસાઈ અમેરીકા ૪૫૦૦-૦૦
દેવેન્દ્રે બહુ સમય પહેલાં રકમ આપી હતી

ગુરુપૂર્ણિમા ૨૦૫૩ વિ.સં. પ્રકાશક

પ્રસ્તાવના

(પહેલી આવૃત્તિની)

મનુષ્યનું જીવન અનેક રંગે રંગાએલું હોય છે. પરંતુ એ સર્વ રંગોમાં જ્યાં અન્ય સર્વ રંગ શમી જાય છે તે એક ઈશ્વરી રંગ જ શ્રેષ્ઠ છે એ 'અરંગી' રંગે રંગાએલ મનુષ્ય मनुष्याणाँ सहस्त्रेषु એ ભગવદુક્તિ અનુસાર વિરલ જ હોય છે. એવા મનુષ્યના, શ્વાસે શ્વાસમાં ભગવન્નામની અનાહત ગર્જનાનો સૂર ગર્જી રહે છે; એના વેણુમાં ભગવાનની અમૃતવાણી જ બોલે છે; એની ચાલમાં પ્રભુની અચલ ચાલ જ દેખા દે છે; એનું સર્વ ભગવન્મય જ થએલું હોય છે. એને પોતાનું એવું કશું જ નથી હોતું એ દૃષ્ટિ ફેંકે છે ત્યાં ત્યાં સદૈવ અમૃત અને આનંદના મેહ વરસે છે.

આવા ઈશ્વરી જીવનનો મહામંત્ર ત્યાગ છે. એ ત્યાગની પરિપક્વ સ્થિતિનો-જેમાં એક પરમાત્મા સિવાય અન્ય સર્વ ત્યાજ્ય અત એવ ત્યક્ત હોય છે તેવી સ્થિતિને. સ્વાનુભવ લેવા માટે અનેક વર્ષો સુધી, અનેક જન્મો સુધી ઉગ્ર સાધના, અખંડ તપશ્ચર્યા કરવી પડે છે. એ અનેક જન્મો થયાં સંસિધ્ધ થતી આવતી સ્થિતિ પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે મૂર્તિમંત ત્યાગનું-જગતના કલ્યાણ માટે સર્વસ્વ હોમી દઇ દિગંબર ફરતા નિરંજન દત્તનું પ્રત્યક્ષ દર્શન થાય છે. એવા દૈવીઆત્માઓ દુન્વયી મનુષ્યોની સરખામણીમાં લાખોમાં એકાદ જ હોય એમાં શી નવાઇ !

ઈશ્વરાભિમુખ વૃત્તિ વિના એવો અલૌકિક ત્યાગ શક્ય જ નથી. અડગ શ્રદ્ધા અને તીવ્ર વૈરાગ્યના વારિથી એ ત્યાગ પરિપુષ્ટ થએલો ન હોય તો એ રાજસી અથવા તામસી સ્વરૂપ ધારણ કરે છે, અને સાધકને ધન, કીર્તિ કે સિદ્ધિ વગેરે પાછળ કૂટવી મારી ખાડામાં નાખે છે. આત્મકલ્યાણની સાધનામાં તો સત્ત્વપ્રધાન ત્યાગ જ સહાયક છે. આ ત્યાગ સિદ્ધ કરવા માટે નિત્યાનિત્ય વસ્તુનો સૂક્ષ્મ વિચાર —શાસ્ત્રમાં જેને વિવેક કહે છે તે—કરવાની અત્યંત આવશ્યકતા છે એ

વિચારને પરિણામે મનુષ્યમાં વૈરાગ્યવૃત્તિ સતેજ થાય છે. વિવેક વિનાનો વૈરાગ્ય આંધળો છે અને વૈરાગ્ય વિનાનો વિવેક પાંગળો છે. આ લોકથી માંડીને પરલોક સુધીના, તૃણથી માંડી કનકવૃક્ષ સુધીના તમામ વિષયો પ્રત્યે ઉદાસીનતા ઉદ્દભવ્યા વિના આત્મકલ્યાણ ઈશ્વર દર્શન અશક્ય જ છે.

પરંતુ દુષ્કર છતાંય આ વિવેક અને વૈરાગ્યવાળી અપૂર્વ ત્યાગભાવના યોગભ્રષ્ટ કે અવતારી દૈવી જીવોમાં જન્મથી જ નજરે પડે છે. અવિરત સાધનાને પરિણામે એ ભાવના એટલી બધી સરળ અને સ્વાભાવિક બની ગઈ હોય છે કે તેમનામાં અહંભાવનું સ્ફુરણ સરખું પણ થવા પામતું નથી. આધ્યાત્મિક જગતમાં જે કોઈ મહાન વિભૂતિ તરીકે જાણવામાં આવ્યું છે તેમનામાં અહંભાવનું સ્ફુરણ સરખુંય નથી જણાયું. એમના દ્વારા જગતનું જે કંઈ કલ્યાણ સધાયું છે તેનું પ્રધાન કારણ એમની એ અહંભવશૂન્યતા જ છે. તેઓ 'સ્વ'ભાવ મૂકી સર્વમાં ભળેલા સર્વાત્મભાવ કે પ્રભુતાને પામેલા હોય છે; ને તેમને સ્વતંત્ર ઇચ્છા જેવું કાંઈ રહેતું જ નથી. તેઓ પોતાની ઈચ્છાને પ્રભુની ઈચ્છામાં અને પ્રભુની ઈચ્છાને પોતાની ઈચ્છામાં જુએ છે પોતાના દેહરૂપી રથની લગામ વિશ્વનિયંતા પરમાત્માના હાથમાં સોંપી કેવળ ઉદાસીન રહી સહજરીત્યા યથાપ્રાપ્ત કર્મમાં પ્રવૃત્ત થાય છે અને એ રીતે **કર્મણ્યકર્મ** સાધી સર્વત્ર નિર્દોષ અને નિઃસંગ વિચરે છે આવા દેવ-મનુષ્યોનું જીવન અને અહેતુક કવન ભવાટવીમાં દિશા ભૂલેલા અનેક મુસાફરોને સાચી દિશા બતાવનાર નીવડે છે અને અધ્યાત્મ માર્ગના વિષમ ડુંગરોમાં હતાશ થઇ અથડાતા અનેકને પ્રેરણા અને પ્રોત્સાહન આપે છે.

આ લઘુ પુસ્તકમાં અમે એવાજ એક દૈવી જીવનના પ્રાસાદિક ઉદ્દગારો ગ્રથિત કર્યા છે. અવધૂતી આનંદના દ્રષ્ટા પૂજ્ય શ્રી રંગ અવધૂત મહારાજ (વધુ મુકામ-નર્મદા તટ, લીલોડ પાસે, નારેશ્વર) નો ગુજરાતી આલમને અલ્પ પરિચય તો છે જ. તેમનાં જ સંસ્કૃત સ્તોત્રોનો આ સંગ્રહ છે. અવધૂતી આનંદમાં આપણે જ્ઞાનરંગે રંગાએલા અવધૂતનાં દર્શન કરીએ છીએ અને

આ रङ्ग–हृदयम्માં એજ અવધૂતનાં સ્તોત્રોનાં–ભક્તિરંગથી રંગાએલા એમના અમાપ્ય હૃદયનાં–દર્શન કરીએ છીએ. સામાન્ય રીતે અજ્ઞ લોકો જ્ઞાન અને ભક્તિમાં ભેદ માને છે. અને એ કૃત્રિમ ભેદને સત્ય મનાવવા પોથી–પંડિતોએ આજ સુધી કેટલીયે શાહી અને શ્વાસ બગાડયાં છે. પરંતુ વાસ્તવિક રીતે જોતાં બેયમાં લેશે ભેદ નથી. ઉચ્ચ પ્રતિનો જ્ઞાની અને ઉચ્ચ પ્રતિનો ભક્ત બંને એક જ છે. એમનું અંતઃકરણ એ અભેદ આનંદથી તરબોળ હોય છે. જ્ઞાની દરેક વસ્તુમાં એક જ આત્મતત્વનો અનુભવ કરે છે, અને ભક્ત એ જ આત્મતત્વને પોતાના ઉપાસ્ય દેવતરૂપે અણુમેરુ સર્વમાં મૂર્તિમંત જુએ છે. દરેક દેવ અને દેવીની અભેદભાવે સ્તુતિ કરતા અને આંખમાં આસું આણી–नाथ तवाहं न माम-कीनस्त्वम् ની षट्पदी ગાતા જ્ઞાનીઓના સમ્રાટ ભગવાન શંકરાચાર્ય ભક્ત નહોતા એમ કોણ કહેશે? અને 'જય રણછોડ માખણચોર'ના આનંદમાં પગે ઘુઘરા બાંધી દેહભાન ભૂલી નાચતા ભકતરાજ નરસિંહ મહેતાના :—

"નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો! તે જ હું તે જ હું શબ્દ બોલે !"

માં જ્ઞાનનો પરમ અનુભવ નથી એમ કહેવાની કોણ હિંમત કરશે? ખરેખર જે ભક્તિથી લોભાઈ નિરાકાર સાકારરૂપે મૂર્તિમંત થયું તેનો મહિમા અગમ્ય છે, આ જ જ્ઞાન છે. એને કોઈ પરાભક્તિ પણ કહે છે. એ જ અભેદભક્તિથી ભૂલી ભગવાનને વ્રજાંગનાઓનાં દહિંદૂધ ચોરવામાં આનંદ માણ્યો; એ જ પરા કે એકનિષ્ઠ ભક્તિને વશ થઈ ભગવાન બાળ થઈ અનસૂયાના પારણામાં ઝુલ્યા એ જ અવ્યભિચારિણી ભક્તિને પ્રતાપે ભગવાને નાતજાત વિસરી ભિલ્લસ્ત્રીનાં એંઠા બોર ખાધાં; એ જ અભિન્ન જ્ઞાનભક્તિને વશ થઈ ભગવાને વસ્ત્ર કબીરનાં શેત્રાં વણ્યાં; ને એ જ ઐકાન્તિક ભક્તિ ને વશ થઈ ભગવાને નામદેવને ત્યાં દૂધ પીધાં. પણ આ નાસ્તિકતાના જમાનામાં, શુષ્ક બુદ્ધિવાદની તાલીમબાજીના કાળમાં, શ્રદ્ધાના અવર્ષણના આ યંત્રયુગમાં, આ બધું અશક્ય લાગે–વહેમ લાગે. છતાં જેણે આધ્યાત્મિક ક્ષેત્રમાં લેશ પણ પ્રગતિ કરી છે તે સહેજે

સમજી શકશે કે આના જેવું નગદ સત્ય બીજુ એકે નથી. અને આજે પણ એવી શ્રદ્ધા અને એવાં દૃશ્યનો સાક્ષાત્કાર થઈ શકે તેમ છે. માત્ર સાધનને અભાવે સાધ્યનાં દર્શન અશક્ય જણાય તો નવાઈ નથી.

સ્તુત સ્તોત્રોમાં એ અભેદ લીટીએ લીટીમાં દગ્ગોચર થશે. પહેલાં, ઉપાસક પોતાના ઉપાસ્ય દૈવતને સર્વ દેવદેવીઓમાં અને સર્વ દેવદેવીઓને પોતાના ઉપાસ્ય દૈવતમાં નિહાળે છે, અને પછી વિશ્વની સકળ ચીજોમાં એનો સાક્ષાત્કાર કરી પોતાના સ્વત્વને ઉપાસ્ય દૈવતમાં ડુબાડી દેવ ભક્તનો ભેદ ભુલી તદ્રુપ થાય છે. આમ અનેકમાં એક અને એકમાં અનેક નિહાળી એ એકાનેકની પાર જઈ અનુભવ, અનુભાવ્ય, અને અનુભવિતાની ઉપાસના, ઉપાસ્ય અને ઉપાસકની—પર થઇ અનિર્વાચ્ય બને છે. આ સ્થિતિની કંઈક ઝાંખી તો આ સ્તોત્રોમાં જરૂર થશે. મહારાજશ્રી દત્તોપાસક હોવાથી દત્તસ્તોત્રોની સંખ્યા સહેજે વધુ પ્રમાણમાં છે. છતાં એમની દત્તની ભાવના જરાય સંકુચિત નથી એ કોઇપણ સ્તોત્ર વાંચવાથી તરતજ સમજાશે. એમનું હૃદય ભક્તિરસથી એટલું બધું ઉભરાય છે કે એ પરમાત્માથી 'વિભક્તિ' સહન જ કરી શકતું નથી. બાંધય દેવદેવીઓમાં એમને એજ પરમ તત્વનો સાક્ષાત્કાર થાય છે, એ એમનાં અન્ય સ્તોત્રો પરથી જણાઈ આવે છે. એમનું હૃદય એ દિવ્ય અભેદ ભક્તિરસથી કેટલું બધું રંગાયુ છે તેમજ જ્ઞાનકાશમાં એ કેવો અને કેટલો ઊંચો વિહાર કરી રહ્યું છે તે કોઇ પણ સ્તોત્ર હાથમાં લેવાથી પ્રથમ દષ્ટિપાતેજ જણાય છે. 'श्वासे श्वासे दत्तनाम स्मरात्मन्' ની અભયગર્જના કરતા અવધૂતને 'वद जिह्वे जय जय श्रीराम' નું અમરગાણું ગાતા જ્યારે જોઈએ, અને 'अचल इव तु द्वारि ह्याद्य मृत्योः स्थितोऽस्मि' કહી મહુ ઠોકી મૃત્યુને બારણે અડગ અડંગો લગાવતા અવધૂતને નિહાળીએ ત્યારે એમના ભક્તહૃદયનું ઊંડાણ અને ચિદાકાશના જ્ઞાનોડ્ડયનોનું કંઈક ચિત્ર સહૃદય વાચકની નજર આગળ જરૂર ખડું થશે.

હૃદયનો ભાવ વિશુધ્ધ અને ઉત્કટ હોય ત્યાં પ્રાસાદિકતા તો હોય છે જ. પણ આ સ્તોત્રસંગ્રહમાં હૃદયનાં પ્રસાદની સાથે વૃત્તની

વિવિધતા, શબ્દ અને અર્થનું લાલિત્ય, ભાવની ગંભીરતા, રસની પ્રચુરતા વગેરે ઉભરાઈ જાય છે, વ્યાવહારિક સરળતા માટે ભક્તિ-પ્રધાન સ્તોત્રો **भक्तिहृदयम्** અને જ્ઞાનપ્રધાન સ્તોત્રો **ज्ञानहृदयम्** નામે દ્વિવિધ ખંડમાં આપ્યા છે. કેટલાંક સ્તોત્રોમાં તો મંત્રો સાધેલા છે. એની ઔપાસનિક કિંમત તો કોઈ સાચો ઉપાસક જ આંકી શકે; પણ એમાં રહેલું રચનાસૌન્દર્ય અને પ્રસાદની વિપુલતા તો હરકોઈ જોઈ શકે તેમ છે.

આ સર્વ સ્તોત્રો પૂજ્ય મહારાજશ્રીએ કેટલાંક સ્વયંસ્ફૂર્તિથી, અને કેટલાંક ભક્તજનોએ કરેલી અભ્યર્થનાના ઉત્તરમાં, પ્રસાદરૂપે મોકલેલાં. એ બધાં જ્યાંથી ઉપલબ્ધ થઈ શક્યાં ત્યાં ત્યાંથી મેળવીને મહારાજશ્રીના ભજનસંગ્રહ **અવધૂતી આનંદ**ના પ્રકાશક અને અમારા પરમ સ્નેહી ભાઈ અમૃતલાલ મોદીએ એકત્રિત કરીને અમને મેળવી ન આપ્યાં હોત તો એ બધાં આવી રીતે પુસ્તક આકારમાં પ્રકાશિત કરીને પ્રજા સમક્ષ મૂકવાનો સુયોગ અમને પ્રાપ્ત ન થયો હોત. એ સુયોગ પ્રાપ્ત કરી આપવા માટે અમે ભાઈ અમૃતલાલ મોદીના ઋણી છીએ, અને એ સુયોગ પ્રાપ્ત થવા માટે અમારી જાતને ધન્ય ગણીએ છીએ.

આ સ્તોત્રોનાં યથાવિધિ સશ્રદ્ધ પાઠ અને પારાયણ કરવાથી, ભૌતિક ઔષધ જેમ સ્થૂલ શરીરના રોગો મટાડે છે તેમ, સ્થૂલ સૂક્ષ્મ અને કારણ ત્રણે શરીરના રોગોનું નિવારણ થાય છે. દૈવી પ્રેરણાથી નિયંત્રિત થએલી વાણીમાં બ્રહ્માંડ ડોલાવે તેવી શક્તિ હોય છે. એનો રસ જેણે ચાખ્યો હોય તે જ એની યાથાર્થતા સમજી શકે. આ જમાનામાં પાઠપારાયણને ખાલી વહેમ તરીકે ઠેકી બેસાડવાનો પ્રયત્ન થઈ રહ્યો છે પણ જે જે લોકોને વર્ણમાં રહેલી દિવ્ય શક્તિનો અનુભવ થયો છે તે એનું સ્વારસ્ય સમજી શકે તેમ છે. એ સિદ્ધ કરવા માટે બુદ્ધિની સાઠમારી નકામી છે.

અનેક ભક્તોએ હાથે નકલ કરી લઈ આમાંનાં અનેક સ્તોત્ર તો આજસુધી લાભ ઉઠાવ્યો છે અને એમાંનાં જૂજજૂજ આડીતાડી

છપાયાં છે પણ ખરાં. પરંતુ એ સમગ્ર એક જ સ્થળે જોવા મળે તો પૂજ્યશ્રી અવધૂતજીનાં હૃદયનો કંઈક વધુ અને નિકટ પરિચય મળે એમ વિચારી એમના હૃદયના પ્રાસાદિક સૌન્દર્યનો આ શાબ્દિક કટકો સંસ્કૃતભાષાભિજ્ઞ ભક્તજનોના કરકમળમાં મૂકીએ છીએ. એમાંના ભારે શબ્દો ઉપર નીચે હિંદી અર્થ આપ્યા છે જેથી ઇતર પ્રાંતના લોકોને પણ તેનો લાભ મળે. પ્રસ્તાવના પણ હિંદી લખાઈ હોત તો ઠીક પણ હિંદીનું અમને પૂરું જ્ઞાન ન હોવાથી એ સંકલ્પ મનમાં જ શમાવી દેવો પડયો છે.

અમને શ્રદ્ધા છે કે અમારું આ પ્રકાશન છેક નિરર્થક તો નહિ જ નીવડે. એમાં ગ્રથિત કરેલાં સ્તોત્રોના પાઠ, પારાયણ અને પરિશીલનથી અનેક સાધકોને તો શું પણ સામાન્ય ધાર્મિક અને ભાવિક વૃત્તિવાળાં ભાઈબહેનોને પણ અનેક રીતે લાભ થશે. અને થોડી પણ વ્યક્તિઓનું પારમાર્થિક કલ્યાણ સાધનીભૂત થશે તો પણ અમારો આ પ્રયત્ન સફળ છે. इति शम् ॥

વલ્લભજયંતી.

(ચૈત્ર વદ ૧૧, ૧૯૮૮)

અનુક્રમણિકા

भक्तिहृदयम्

ક્રમ	स्तोत्रम्	પાન નં.
	ચોથી આવૃત્તિનું નિવેદન	
	પહેલી આવૃત્તિની પ્રસ્તાવના	
१.	मंगलम्	१.
२.	गुर्वभिन्नगणेशस्तुतिः	३.
३.	देवता पंचकम्	८.
४.	दत्तः प्रातः स्मरणम्	११
५.	दत्तशरणाष्टकम्	१३.
६.	दत्तसायंस्मरणम्	१६
७.	भुक्तिमुक्तिप्रदस्तोत्रम्	१७
८.	आर्तप्रार्थना	२२
९	दत्तप्रार्थनाद्वादशकम्	२७
१०.	दत्तात्रेयपञ्चकम्	२३.
११.	सर्वसौख्यकरस्तोत्रम्	३५
१२.	दत्तनामस्मरणम्	३९
१३.	मंत्रगर्भ दत्तात्रेयस्तोत्रम्	८२
१४.	दत्तनाम संकीर्तनम्	८५
१५.	दत्तप्रणतिः	११८
१६	अभिलाषषट्कम्	१२७
१७	दत्तगीतम्	१३०
१८	दत्तस्तवनम्	१३३
१९	दत्तभजनम्	१३६
२०	दशपद्यानि	१४५

२१	दत्तपद्यानि	१४७
२२	"	१४८
२३	"	१४९
२४	"	१५१
२५	गुरूकृपा हि केवलम्	१५२
१६	दत्तात्रेय कृष्ण हरे	१५३
२७.	दत्तषोडषावतारस्तोत्रम्	१५४
२८.	श्रीस्वामिसमर्थ स्तोत्रम्	१५७
२९.	श्रीपादस्तवः	१५९
३०.	दत्तमन्त्रगर्भ श्रीपादस्तोत्रम्	१६१
३१.	श्रीनृसिंहसरस्वती पादुकास्तोत्रम्	१६२
३२	अर्बुदाभिन्नगुरुस्तुतिः	१६६
३३	दकारादि दत्ताष्टोत्तरशतनामावलि	१७०
३४	दत्तरक्षास्तोत्रम्	१७७
३५	दत्तार्तिक्यम्	१८६
३६.	कार्तिकादिमास क्रमेण ईशप्रणतिः	१८८
३७.	श्रीवासुदेवनामसुधा	१७६
३८	नारेश्वर स्तोत्रम्	२२१
३९	भूतनाथस्तवः	२२६
४०	सिद्धनाथदशकम्	२३०
४१	श्रीनीलकंठेश्वर स्तोत्रम्	२३५
४२	अरण्येश्वरस्तोत्रम्	२३८
४३	मंत्रगर्भमृत्युंजयस्तोत्रम्	२४२
४४	मंत्रगर्भवैजनाथस्तोत्रम्	२४७
४५	शिवभजनम्	२५०
४६	मंत्रगर्भ श्रीरामनवकम्	२५३
४७	मंत्रगर्भ रामस्तोत्रम्	२५९

४८ रामभजनम् २५७
४९ मंत्रगर्भ हनुमत्स्तव २६२
५० श्रीकृष्णस्तोत्रम् २६५
५१ देवीस्तोत्रम् २६१
५२ नर्मदाष्टकम् २७२
५३ नर्मदा परिष्टुतिः २७६
५४ नर्मदागीतम् २८१
५५ श्रीदत्तस्तोत्रम् २८३
५६ गुप्तेश्वर चतुष्कम् २८५
५७ एकलिङ्ग,चतुष्कम् २८९
५८ प्रपातरूपा शिवस्तुतिः २८९
५९ श्रीद्वारकेशस्तवः २९३
६० ललिता अभ्यर्थना २९६
६१ ललितास्तोत्रम् २९९
६२ श्रीशाक्त्यावाहनम् ३००
६३ श्रीभद्राष्टकम् ३०५
६४ रेवागीतम् ३०७
६५ सर्वे पूज्यन्ताम् ३०८
६६ जगाजी–अष्टकम् ३१०
६७ योगानन्दपंचकम् ३१२
६८ दकारादिद-तसहस्रनामावलिः ३१५
६९ श्रीकृष्णनामसङ्कीर्तनम् ३१५

ज्ञानहृदयम्

१. तत्त्वचिंतनम् ३
२. प्रश्नोत्तरमाला ६
३. अक्षर गीता १४

४.	बोधमालिका	२९
५.	मुक्तिस्तोत्रम्	४०
६.	अन्त्य प्रार्थना	४५
७.	कोऽहं	५१
८.	चिदानन्दरूपः शिवः केवलोऽहं	५५

परिशिष्टानि

१.	मंगलाचरणम् (सद्बोधशतकम्)	५८
२.	द्वे पत्रे	६१
३.	आशिर्वादात्मकश्लोकाः	६८
४.	प्रकीर्णश्लोकाः	७८
५.	बहिर्लापिका।	९०
६.	अभिनन्दनपत्रम्	२००
७.	मानपत्रम्	१०४
८.	सूक्ष्मज्ञानम्	१०८
९.	बिरुदावलिः	११६
१०.	गरुडेश्वरमहिमा	११७
११	शुभकामना १-२.	११८
१२	आशिर्वादवचनम्	११९
१३	विद्याविनोदः	१२७
१४	सुभाषितम् सूत्राणि	१२८
१५	विद्याविनोद	१२९
१६	गुणनिधि	१३१
१७	नित्यानंद पत्रिकाने आशीर्वाद	१३२
१८	श्रीगांडामहाराज-मराठी-चरित्रलेखकायाय श्रीदहिवेलकराय आशीर्वादवचनम्	१३३
१९	आदर्श साधु	१३५
२०	शुद्धिपत्रक	१३६

स जयति गुरुदेवः पाण्डुरङ्गावधूतो

त्रिविधदलितदरिद्र-प्राणभूतेऽतिपूतः । शुचिरुचिहितभाषी नर्मदातीरवासी
कलिकलुषविनाशी शिष्यबुद्धिप्रकाशी ॥

भगवान् दत्तात्रेयः ।

माला कमण्डलुरध: करपद्मयुग्मे
मध्यस्थपाणियुगले डमरुत्रिशूले ।
यस्य स्त ऊर्ध्वकरयोः शुभशङ्खचक्रे
वन्दे विधीशहरिरूपममुं हि दत्तम् ॥

रङ्गहृदये भक्तिहृदयम्

॥ श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥

रङ्गोऽवधूतः

॥ श्रीदत्तः प्रसन्नोऽस्तु ॥

रङ्ग–हृदयम्

१ मङ्गलम् ।

[१]रमोमाननपद्मार्क–पादपद्ममुपास्महे ।
यत्सौरभं समाघ्राय धावन्ति विबुधालयः ॥ १ ॥

રમા (સ્વામી મહારાજનાં માતા) અને ઉમા (પાર્વતી)ના મુખકમળને વિકસિત કરનાર પ. પૂ.

---

१. (i) रमा नाम रमाबाई के मुखकमल को विकसित करनेवाले तत्पुत्र भगवान् दत्तात्रेय अंशावतार सुप्रसिद्ध ब्र. श्री प. प. वासुदेवानन्द सरस्वती (टेम्बे) स्वामिमहाराज और उमा नाम पार्वतीजी के मुखकमल को विकसित करनेवाले तत्पुत्र श्री गणपतिजी.

(ii) रमा नाम लक्ष्मीजी के मुखकमल को विकसित करनेवाले तत्पति श्री विष्णु और उमा नाम पार्वतीजी के मुख-कमल को विकसित करनेवाले तत्पति महादेवजी ।

ટે એસ્વામી મહારાજ તથા ગણપતિ (અથવા રમા એટલે લક્ષ્મી અને તેના મુખકમળને વિકસિત કરનાર તેમનાં પતિ વિષ્ણુ અને ઉમાના પતિ શંકર)નાં ચરણકમળની અમે ઉપાસના કરીએ છીએ કે જેની સુગંધને સૂંઘવા માટે જ્ઞાનીરૂપી ભમરાઓ આમતેમ દોડે છે. ૧.

श्रीदत्तः शरणं ममेति गदतो दत्तं सदा ध्यायतो
दत्तेनाहृतचेतसः किमु भयं दत्ताय तुभ्यं नमः ।
दत्ताज्जातमिदं चराचरमरं दत्तस्य [१]दाम्नि स्थितं
दत्ते चैव विलीयते सरभसं भो दत्त कस्त्वत्पर ः॥ २ ॥

'श्रीदत्तः शरणं मम' – 'શ્રીદત્ત મારું શરણ છે' એમ બોલતાં બોલતાં, દત્તનું સદા ધ્યાન ધરતાં, દત્ત વડે આકર્ષાયું છે ચિત્ત જેનું એવા માણસને (મને) ભય ક્યાંથી હોય? દત્તરૂપી તમને નમસ્કાર (હજો!) દત્ત ભગવાનમાંથી જ આ સચરાચર જગતરૂપી ચક્ર ઉત્પન્ન થયું છે અને દત્તના સૂત્રમાં જ ગૂંથાએલુ છે અને દત્તમાં જ એકદમ વિલીન થાય છે. હે દત્ત! આપનાથી પર કોણ છે? (કોઈ નથી). ૨.

पाखण्डमार्गगिरिराजपविं[२] वदान्यं
योगीन्द्रवन्द्यमचलं खलु धैर्यवृत्तेः ।
मोहासुरप्रमथनाय धृतावतारं
तं शङ्करं परमहं शरणं प्रपद्ये ॥ ३ ॥

---

१. सूत्र में २. वज्र.

પાખંડ માર્ગરૂપી પર્વત માટે વજ્ર સમાન, ઉદાર, યોગીન્દ્રો દ્વારા પણ વંદનીય, ધૈર્યવૃત્તિના પર્વત, મોહરૂપી અસુરનો નાશ કરવા માટે જેણે અવતાર ધારણ કર્યો છે તેવા પરમ (આદ્ય) શંકરાચાર્યને શરણે હું જાઉં છું. ૩.

२ गुर्वभिन्नगणेशस्तुतिः ।

गुरुर्गणेशः स मिथो गुरुं तं
भजे गणेशं गुरुणा च तेन ।
सता गणेशेन सदेरितः स्यां
नमश्च तस्मै गुरवे चितेऽस्तु ॥१॥

૨. ગુરુથી અભિન્ન એવા ગણેશની સ્તુતિ

* ગુરુ, ગણેશ અને પરબ્રહ્મ (એ ત્રણે) પરસ્પર એક છે. ગુરુ, ગણેશ અને પરબ્રહ્મને હું ભજું છું. (સત્ સ્વરૂપ) ગણેશ, (ચિત્ સ્વરૂપ) ગુરુ અને (આનંદ સ્વરૂપ) તે પરબ્રહ્મ વડે હું હમેશાં પ્રેરાયેલો રહું. ચિત્ સ્વરૂપ ગણેશને નમસ્કાર હજો. ગુરુ અને પરબ્રહ્મને નમસ્કાર હજો. ૧.

---

* पहले तीन श्लोको में गुरु गणेश और तत्पदलक्ष्यार्थ सच्चिदानन्द–स्वरूप परब्रह्म परमात्मा की एकता – सूचक तीनों के एकवचनान्त सभी आठ विभक्तिओं के रूप ग्रथित किये हैं । यहाँ गुरु शब्द से विवक्षित दत्त और गणपति की एकता भी अभिप्रेत है ।

नतिर्गणेशाय न यद् गणेशाद्

गुरोश्च तस्मादधिकं नृलोके ।

डिम्भो गणेशस्य गुरोश्च तस्य

स्तनन्धयो यामि गुरौ गणेशे ॥ २ ॥

तस्मिञ् शरण्येऽत्र गुरौ गणेश

सुखात्मरूपात्मपदं प्रदेहि ।

त्रिधा त्रिमूर्तिं प्रणमामि भक्त्या

त्रिरङ्गनाशाय विभक्तिमत्या ॥ ३ ॥

ગણેશને નમન હો! આ જગતમાં ગુરુ, ગણેશ અને પરબ્રહ્મથી અધિક કાંઈ નથી. ગણેશ, ગુરુ અને પરબ્રહ્મનો ધાવણો બાળક એવો હું ગુરુ, ગણેશ અને શરણ આપવામાં ઉદાર એવા પરબ્રહ્મને શરણે જાઉં છું. હે ગુરુ, ગણેશ અને પરબ્રહ્મ! તું મારું રક્ષણ કર. આનંદસ્વરૂપ આપનું પોતાનું પદ મને આપો. (આહેય) વિભક્તિવાળી ભક્તિ (સ્તુતિ) વડે હું ત્રિવિધ તાપના નાશ માટે (એ) ત્રિમૂર્તિને ત્રણ પ્રકારે પ્રણામ કરું છું. (૨–૩).

निराकृतिं त्वां नृगजाकृतिं च

स्थाणुप्रियं स्थावरजङ्गमात्मन् ।

वन्देऽवदातं गुरुतत्त्वमेक-

मनन्तनामानमचिन्त्यरूपम् ॥ ४ ॥

આકૃતિ વિનાના છતાં મનુષ્ય અને હાથીના જેવી આકૃતિવાળા, શંકરને પ્રિય, સ્થાવર અને જંગમના

આત્મસ્વરૂપ હે ગણેશ! અનંત નામવાળા અને અચિંત્ય રૂપવાળા એવા શુદ્ધ અને એકમેવ ગુરુતત્ત્વને હું નમું છું.(૪)

ऐं एकदन्ताय च विद्महे ग्लौं
द्रां वक्रतुण्डाय नु धीमहि क्लीं ।
तन्नो ह दन्ती स प्रचोदयात् सौः
सर्वेश्वरः स्वान्तबहिःस्थितो यः ॥ ५ ॥

ઐં અને ગ્લૌં–એ બે બીજ સ્વરૂપ એકદંતને અમે જાણીએ છીએ. દ્રાં અને ક્લીં–એ બે બીજ સ્વરૂપ એ વક્રતુંડને ધારણ કરીએ છીએ સર્વના ઈશ્વર અને પોતાની અંદર અને બહાર (બધે જ) રહેલા સૌઃ સ્વરૂપ તે ગણેશ અમને પ્રેરો. ૫.*

×लं–ब्रोदरं हं–समनाद्यनन्तं
यं–तारमाद्यं तु च रं–प्रवभ्रुम्[१] ।
वं–दारुवृन्दारक–सं–स्तुतं तम्
अर्चामि भक्त्या सुमनोरुहाभिः[२] ॥ ६ ॥

---

* पंचम श्लोक में अनेक सिद्धिप्रद, पंच बीजात्मक गणेश गायत्री एवं 'ऐं, ग्लौं, द्रां' ये अक्षर दत्तात्रेय बीज मंत्र हैं। छठे श्लोक में शब्दों के गर्भ में ही मानसपूजा-पंचोपचार बीज साधित है। सातवें श्लोक में चतुरक्षर हेरम्बमन्त्र और एकाक्षर गणेशमन्त्र साधित है।

१. (i) गणपति का वाहन चूहा. (ii) वाहन से सूचित वाहक गणेश. २. दूर्वासे.

લં-બોદર (મોટા પેટવાળા) હં-સ (હંસસ્વરૂપ), અનાદિ, અનંત, યં-તા (નિયંત્રણ કરનાર), આદ્ય, રં-ધ્રબભ્ર (ઉંદરના વાહનથી સૂચિત થનાર), વંદારુ-વૃંદારકસંસ્તુત (પ્રશંસક ને ઉત્તમ દેવો દ્વારા સ્તુતિ કરાતા) તે ગણેશની હું ભક્તિપૂર્વક દૂર્વા (સુમનોરુપ)થી અર્ચના કરું છું. ૬.

'ॐ गूं नमः' पासि जपन्तमन्तर्
हेरम्ब 'ॐ गं' च सदा तथैव ।
कस्त्वेकदंष्ट्रास्ति कलौ त्वदन्य-
स्त्राता तमोऽब्धौ ह निमज्जतां भोः ॥ ७ ॥

'ॐ ગૂં નમઃ'-એમ અંતઃકરણમાં જપ કરનારને તું રક્ષે છે; હે ગણેશ 'ॐ ગં' એ પ્રમાણે અંતઃકરણમાં જપનારનું પણ તું હમેશાં રક્ષણ કરે છે. કલિયુગમાં હે એકદંત ગણેશ! આ અજ્ઞાનાંધકારરૂપી મહાસાગરમાં ડૂબતા (લોકોને) તારા વિના કોણ બચાવનાર છે? ૭.

मा मे धनं माऽस्तु यशः कुलोके
सद्भक्तिरेकाऽस्तु सदा तवैव ।

× मानसपूजा में पंच महाभूतों के वाचक पंच बीजों से निम्नलिखित पंचोपचार पूजन किया जाता है :-
लं-पृथिव्यात्मकं गन्धं परिकल्पयामि । हं-आकाशात्मकं पुष्पं परिकल्पयामि । यं-वाय्वात्मकं धूपं परिकल्पयामि रं-ज्ञानात्मकं दीपं परिकल्पयामि । वं अमृतात्मकं नैवद्यं परिकल्पयामि । सं-सर्वात्मकान् शेषोपचारान् परिकल्पयामि ॥

कामं भवार्तिं विषहेऽनुकम्पां
लभेय दास्यं यदि ते भवौघे ॥ ८ ॥

મને ધન ન હો, આ કુલોક (ખરાબ દુનિયા પૃથ્વી)માં યશ ન હો; પરંતુ સદા તારી એક માત્ર સદ્‌ભક્તિ જ રહો; આ ભવસાગરમાં જો તારું દાસ્ય મને મળશે અને અનુકંપા પ્રાપ્ત થશે તો હું સ્વેચ્છાએ ભવનાં દુઃખ સહન કરીશ. ૮.

वादो विदश्चेत्तु वरं विमौढ्यं
हे नाथ तेऽहं त्विति मेऽस्तु बोधः ।
तव स्मृतेः सन्ततमन्तकाले
त्वयि प्रवेशोऽस्ति सुनिश्चितं मे ॥ ९ ॥

જ્ઞાનીઓનો વાદવિવાદ મુખ્ય હોય તો (ભલે રહ્યો), મારા મતે વિમૂઢતા જ શ્રેષ્ઠ છે. 'હે નાથ! હું તારો જ છું.' એવું જ્ઞાન મને થજો! અન્તકાળે તારી સતત સ્મૃતિથી તારામાં જ મારો પ્રવેશ છે, એમ મારો દૃઢ નિશ્ચય છે. ૯.

गणेशस्तुतिरेषा हि नानारङ्गसरञ्जिता ।
पठनाद्भक्तितो दद्यात्सिद्धिबुद्धिचमत्कृतिम् ॥ १० ॥

અનેક રંગોથી રંગાએલી આ ગણેશની સ્તુતિ ભક્તિપૂર્વક પઠન કરવાથી સિદ્ધિ, બુદ્ધિ અને ચમત્કૃતિ (અથવા સિદ્ધિ અને બુદ્ધિના ચમત્કારો) આપશે. ૧૦.

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचिता गुर्वभिन्नगणेशस्तुतिः सम्पूर्णा ।

३ देवतापञ्चकम् ।

गणेशो नस्त्राता भज भज गणेशं मनुज हे
गणेशेन व्याप्तः कुरु कुरु गणेशाय च नतिम् ।
गणेशान्नो [१]भूतिर्भव भव गणेशस्य हि शिशु-
र्गणेशे लीनः स्याः हर हर गणेशाघमखिलम् ॥१॥

૩. દેવતાપંચક

ગણેશ અમારા રક્ષણહાર છે; હે મનુષ્ય! ગણેશનું વારંવાર ભજન કર; ગણેશ વડે (તું) ઓતપ્રોત છે. ગણેશને જ વારંવાર નમસ્કાર કર. ગણેશથી જ આપણું ઐશ્વર્ય છે; ગણેશનો જ બાળક બન. ગણેશમાં જ લીન થા! હે ગણેશ! અમારાં સકળ પાપને તદ્દન દૂર કર. ૧.

श्रीदत्तः कलितारको भुवि नृणां दत्तं स्मरेद् यत्नतो
दत्तेनाप्तबलः सदा विजयते दत्ताय मे जीवनम् ।
दत्ताद्भुक्तिरथापि मुक्तिरमला दत्तस्य भर्गोऽमितं
दत्तो ब्रह्मणि लीयतां मन इदं दत्तासतः सन्नय ॥ २ ॥

શ્રીદત્ત આ પૃથ્વી ઉપર મનુષ્યોના કલિતારક છે, (તેથી) યત્નપૂર્વક દત્તનું સ્મરણ કરવું જોઈએ. દત્ત વડે બલ પ્રાપ્ત કરનાર હમેશાં વિજયી બને છે. દત્ત ભગવાન માટે જ મારું જીવન (હજો!) દત્તથી ભુક્તિ અને અમલ એવી મુક્તિ પણ મળે છે; દત્તનું તેજ અમાપ છે.

---

१. ऐश्वर्य.

દત્તરૂપ બ્રહ્મમાં મારું આ મન લીન થાઓ! હે દત્ત! અસત્માંથી સત્ તરફ (અમને) લઈ જા ૨.

शिव एव परः शिवमेव भजे
सदृशं न शिवेन शिवाय नमः ।
न शिवादधिकं शिशुरस्मि शिवस्य
शिवे मन एतु सदाऽव शिव ॥ ३ ॥

શિવ એજ સર્વશ્રેષ્ઠ છે, શિવને જ હું ભજું છું. શિવ જેવું બીજું કોઈ (તત્વ) નથી, હું શિવનો બાળક છું. શિવમાં મારું મન પ્રવેશો! હે શિવ! તું સદા (મારું) રક્ષણ કર! ૩.

देवी सा सुखदा सदा विजयते देवीं प्रपद्येत ना
देव्या दैत्यगणाः पुरा विनिहता देव्यै ममेदं वपुः ।
देव्याः सर्गततिः स्थितिर्नु विविधा देव्याश्च दासं जगद्
देव्यां [1]रज्ज्वहिवद्विभाति सकलं हे देवि मां मा जहि[2]॥४॥

સુખ આપનારી તે દેવી સદા વિજય પામે છે. મનુષ્યે દેવીને જ શરણે થવું જોઈએ. દેવીએ પહેલાં દૈત્યોના સમૂહનો નાશ કર્યો હતો. દેવીને કાજે મારું આ શરીર છે. દેવીથી જ આ જગતનો વિસ્તાર છે અને વિવિધ સ્થિતિ પણ છે. આખું જગત દેવીનું દાસ છે. દેવીમાં દોરડામાં સાપની માફક આ બધું ભાસે છે. હે દેવી! તું મને હણીશ નહિ.! ૪

---

१. रज्जु में सर्प का तरह. २. मेरा हनन मत कर.

रविरेव हरी रविमेव नमेद्
रविणा समियाद्रवयेऽञ्जलिराम् ।
किमु नास्ति रवेः सकलं हि रवे-
र्लयमेति रवौ शममेहि रवे ॥ ५ ॥

રવિ (સૂર્ય) એ જ હરિ છે, રવિને જ નમસ્કાર કરવા જોઈએ. રવિ સાથે મળી જવું જોઈએ. અરેખર રવિને અંજલિ (અર્પું છુ.) રવિમાંથી શું નથી (થતું)? બધું જ રવિનું છે. રવિમાં જ લય પામે છે અને શાંતિ (સ્થિતિ) પામે છે. હે રવિ! તું (અમારા તરફ) આવ. ૫.

[१]पञ्चमाश्रितपाठाद्धि देवतापञ्चकं त्विदम् ।
विभक्त्यन्तररङ्गत्वात् स्वात्मरङ्गैकतां व्रजेत् ॥ ६ ॥

મોટેથી પંચમ સ્વરે આ દેવતાપંચકનો પાઠ કરવાથી જુદી જુદી વિભક્તિઓના ચમત્કારને લીધે મનુષ્ય પોતાના આત્માના આનંદની સાથે એકતા પામશે. ૬.

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं देवतापञ्चकं सम्पूर्णम् ॥

४ दत्तप्रातःस्मरणम् ।

प्रातर्नमामि भगवन्तमनन्तमाद्यं
सच्चित्सुखात्मकशिरस्त्रितयं दधानम् ।
ऐश्वर्यवीर्ययशआदिभुजैर्लसन्तं
तं देवमत्रिवरदं नतदत्तसर्वम् ॥ १ ॥

---

१. मुक्त आवाज से; पंचम स्वर से.

૪. દત્તપ્રાતઃસ્મરણ

સત્, ચિત્ અને આનંદરૂપી ત્રણ મસ્તકને ધારણ કરનાર, ઐશ્વર્ય વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય–એ છ ભુજાઓથી શોભનાર, ભક્તોને કાજે સર્વસ્વ અર્પણ કરનાર, અત્રિમુનિને વરદાન આપનાર, જ્યોતિસ્વરૂપ, જેનો કદી નાશ નથી અને જે સર્વનાં મૂળ સ્વરૂપ છે એવા ભગવાન દત્તાત્રેયને પ્રાતઃકાળે પ્રણામ કરું છું. ૧.

सर्वात्मकं सकलवन्दितपादपीठं
भक्तानुरूपधृतरूपमनेकमेकम् ।
शान्तं सदेकनिलयं[१] निलयादिहीनं
तं [२]व्रात्यवातरशनं रसनातिगं कम् ॥ २ ॥

જેના ચરણકમળમાં સૌ કોઈ વંદન કરે છે, જે ભક્તોની ભાવનાને અનુરૂપ (જુદાં જુદાં) શરીરો ધારણ કરે છે, (અને તેથી) જે એક હોવા છતાં અનેક ભાસે છે, જેને કોઈ એક જ નિવાસસ્થાન વગેરેનું બંધન નથી અને છતાં જેનું એકમેવ નિવાસ સ્થાન સત્ય છે, જે શાંત છે, જેનું વર્ણન વૈખરી કરી શકતી નથી, જે મૂળ બ્રહ્મસ્વરૂપ હોવાથી જેના સંસ્કારાદિ નથી એવા પ્રાણી માત્રના આત્મસ્વરૂપ દિગંબર દત્ત ભગવાનને પ્રાતઃકાળે પ્રણામ કરું છું. ૨.

---

१. निवासस्थान. २. दिगंबर.

यस्मिन्निदं जगदशेषमनुप्रविष्टं
वस्त्रे गुणा इव गुणातिगमप्रमेयम्[1] ।
वेदश्वभिः प्रतिदिनं बहु शोभमानं
भूतैः श्मशानकुहरे तमतर्क्यलीलम् ॥ ३ ॥

વસ્ત્રમાં તાંતણાની પેઠે આ સમસ્ત જગત જેની અંદર સમાઈ રહેલું છે, જે સત્ત્વ, રજસ્ અને તમસ્ ત્રણે ગુણોથી પર છે, જેનું કોઇ રીતે માપ કાઢી શકાતું નથી, જે વેદરૂપી કૂતરાં સાથે અને (સંકલ્પરૂપી) ભૂતો સાથે (જ્યાં સાધકનાં કામ, ક્રોધાદિ, મડાં બળે છે એવા અંતઃકરણરૂપી) સ્મશાનમાં પ્રતિદિન અનેક રીતે ક્રીડા કરે છે, જેની લીલાની કલ્પના પણ આવવી મુશ્કેલ છે એવા ભગવાન દત્તાત્રેયને પ્રાતઃકાળે–સાધનાના પ્રારંભ-કાળમાં–પ્રણામ કરું છું. ૩.

मायापतिं पतिविहीननिरस्तमायं
यं योगिभोगिजटिमुण्डिन आस्तुवन्ति ।
नेतीति वेदनिवहाः खलु यत्र मूकाः
कोऽहं स्तवे नु भगवन् प्रगतोऽस्म्यतो हि ॥४॥

જે પોતે માયાને પતિ છે પણ જેનો પોતાનો કોઇ પતિ–નિયંત્રણ કરનાર નથી; અનન્ય આશ્રિત ભક્તજનોની માયાનું આવરણ જે દૂર કરે છે, યોગી, ભોગી, જટી, સંન્યાસી–બધા જેની સર્વતઃ સ્તુતિ કરે

[1]. अमाप.

છે, અનંત વેદ નેતિ નેતિ–આ નહિ, આ નહિ, એમ પુકારીને જ્યાં મૂંગા થઇ જાય છે ત્યાં હે ભગવન્! સ્તુતિ કરવાનું મારું તે શું ગજું? માટે હું તો માત્ર તારા પગ આગળ લાંબો થઈ નમસ્કાર કરું છું. ૪

रङ्गेण विहितं स्तोत्रं चतुःश्लोकसमन्वितम् ।
यः पठेत्प्रातरुत्थाय तस्याहः सुखदं भवेत् ॥ ५ ॥

રંગરચિત આ ચાર શ્લોકના સ્તોત્રનો જે કોઈ પ્રાતઃકાળે ઊઠીને તમસ્ આદિ ખંખેરી નાખીને પાઠ કરશે તેને દિવસમાં આનંદે આનંદ રેલાશે. ૫.

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजरिचितं दत्तप्रातःस्मरणं सम्पूर्णम् ।

५ दत्तशरणाष्टकम् ।

त्यज संसारं भज रे सारं सर्वाधारं श्रीदत्तम् ।
करुणापारं दीनाधारं वारंवारं मूढमते ॥ १ ॥

૫. દત્તશરણાષ્ટક

હે મૂર્ખ, સંસારને છોડ. સર્વના સારભૂત, સર્વના આધાર, કરુણાના સાગર, દીનોના આધાર એવા દત્તને વારંવાર ભજ. ૧.

मा भज मा भज मिथ्यावाणीं दत्तवियोगो मा भूत्ते ।
सूते वैरं छिन्ते तत्त्वं मा कुरु वादं मूढमते ॥ २ ॥

મિથ્યા વાણીનું તું ક્યારેય સેવન કરીશ નહિ; તને દત્તનો વિયોગ ન થાઓ! વૈર જન્માવે છે અને તત્ત્વનો છેદ ઉડાવે છે તેથી હે મૂર્ખ! તું વાદ કરીશ નહિ. ૨.

त्यज परनिन्दां मिथ्यारूपां सद्रूपं भज श्रीदत्तम् ।
रूपातीतं रूपमरूपं रूपविरूपं मूढमते ॥ ३ ॥

મિથ્યા સ્વરૂપ પરનિન્દાને છોડ અને સત્ સ્વરૂપ શ્રીદત્તનું ભજન કર. હે મૂર્ખ, તે રૂપથી અતીત, રૂપવાળા અરૂપી અને સર્વરૂપોમાં વિશેષ રૂપે રહેલા સદ્રૂપ શ્રીદત્તનું તું ભજન કર. ૩.

धनजनजायासुतपरिवारं मा स्वज[1] त्यक्त्वा श्रीदत्तम् ।
नेदं प्राणिन्साकं[2] याति नष्टे देहे मूढमते ॥ ४ ॥

શ્રીદત્તને છોડીને ધન, જન, પત્ની, સુત અને પરિવારમાં આસક્તિ ન રાખીશ. હે મૂર્ખ પ્રાણી! દેહનો નાશ થતાં એ કોઈ સાથે આવનાર નથી. ૪.

जडवल्लोके भ्रम रे प्राणिन् भावस्वरूपं श्रीदत्तम् ।
ध्यायन्नित्यं मायातीतं चित्सुखरूपं मूढमते ॥ ५ ॥

હે મૂર્ખ પ્રાણી! ભાવસ્વરૂપ, માયાતીત અને ચિત્ સુખસ્વરૂપ ભગવાન દત્તાત્રેયનું હમેશાં ધ્યાન કરતો તું આ જગતમાં જડવત્ થઇ વિચર. ૫.

लोकोऽयं ब्रूते पुरु कामं मा श्रौषीस्त्वं श्रीदत्तम् ।
हित्वा चान्यत्सर्वमसारं ह्यार्तं शृणु रे मूढमते ॥ ६ ॥

---

१. आसक्ति मत रख. २. साथ में.

લોક ખૂબ અને યથેચ્છ બબડે છે પણ તેનું તું સાંભળીશ નહિ; હે મૂર્ખ, તું આ સાંભળ (કે) શ્રીદત્તને છોડીને બીજું બધું અસાર છે અને નશ્વર છે. ૬.

[1]आयानायौ मानामानौ दत्तापदे त्यज सारतरौ ।
पादौ हित्वा मा व्रज पङ्गो क्व त्वं गन्ता मूढमते ॥ ७ ॥

લાભઅલાભ અને માન અપમાન, કલ્પવૃક્ષ સમાન દત્તના ચરણોમાં મૂકી દે. એ ચરણો છોડીને તું ક્યાંય જઈશ નહિ. હે મૂર્ખ પંગુ! તું (તે છોડીને) ક્યાં જઈશ ? ૭

[2]कीशशिशुर्भजते चाम्बां यच्छ्रीशं दत्तं भज सारम् ।
अन्यत्सर्वं कर्ताऽसौ ते मा भैषीस्त्वं मूढमते ॥ ८ ॥

નાગું ભૂખ્યું બાળક માને ભજે છે. લક્ષ્મીના પતિ અને શ્રેષ્ઠ દત્તને ભજ. તારું બધું એ કરશે. હે મૂર્ખ, તું ગભરાઈશ નહિ. ૮

यो ब्रूते शरणाष्टकमेतच्छरणं गत्वा श्रीदत्तम् ।
योगक्षेमं तस्याद्त्ते नो शङ्का किल रङ्ग–मते[3] ॥ ९ ॥

આ શરણાષ્ટકને, જે દત્તને શરણે જઈને બોલે છે તેના યોગક્ષેમની જવાબદારી તે લે છે. રંગના મનમાં કોઈ જાતની શંકા નથી (અથવા એમાં, હે સંસારમાં ખૂંપેલી બુદ્ધિવાળા!) કોઈ શંકા નથી. ૯

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं दत्तशरणाष्टकं सम्पूर्णम् ।

---

१. लाभालाभ २. नंगाभूखा बालक ३. संसार में गढी हुई है बुद्धि जिस की ।

६ दत्तसायंस्मरणम् ।

सायं स्मरामि स्मरणातिगमात्मदेव-
मानन्दसागरमपारमनन्तवीर्यम् ।
वाङ्मानसातिगगुरुं विषयातिदूरं
वाक्शक्तिदं शमवतां शरणं वरेण्यम् ॥ १ ॥

६. દત્તસાયંસ્મરણ

મન કેટલુંયે ચિંતન કરે છતાં જેનો પૂરેપૂરો ખ્યાલ આવી શકતો નથી, જેનો કોઇ પાર પામી શકતું નથી, અને જેની શક્તિનો તાગ કે છેડો નથી, એવા આનંદના સાગરસ્વરૂપ, વાણી અને મન જેને પહોંચી શકતાં નથી, તેમ જ વિષયમાં રચ્યાપચ્યા રહેનારા જેને સહેલાઈથી પામી શકતા નથી, જે વાક્શક્તિ આપે છે અને મનોનિગ્રહ કરનારા પુરુષોનું જે શ્રેષ્ઠ અવલંબન છે, એવા પ્રાણીમાત્રના આત્મસ્વરૂપે પ્રકાશનાર અને તેમનો અજ્ઞાનઅંધકાર દૂર કરનાર દત્તપ્રભુનું સાયંકાલે હું ચિંતન કરું છું. ૧

यो निर्गुणोऽपि विमलोऽपि निरीह[१] आत्मा
भक्तानुकम्पनधिया सगुणो बभूव ।
तं योगिराजमवधूतदिगम्बराख्यं
दत्ताह्वयं सततमात्मनि संस्मरामि ॥ २ ॥

જે પરમાત્મા નિર્ગુણ છે, નિર્મળ છે, જેને કોઈ પણ જાતની ઇચ્છા નથી છતાં કેવળ ભક્તો ઉપર અનુગ્રહ

---

१. इच्छारहित.

કરવા માટે જ સગુણ સ્વરૂપે પ્રગટ થાય છે એવા **અવધૂત દિગંબર દત્ત** નામથી ઓળખાતા યોગિરાજને મારા અંતઃકરણમાં હું અહોનિશ યાદ કર્યા કરું છું. ૨

अध्यस्तमेतदखिलं जगदेव यस्मि-
श्चित्रं पटे जलनिधाविव वीचयश्च ।
[१]सर्पिर्यथा पयसि दारुणि[२] वह्निरेव
गूढश्चराचरचये निपुणैः सुलक्ष्यः ॥ ३ ॥

જેવી રીતે કપડાં ઉપર ચિત્ર, સમુદ્રમાં મોજાં, દૂધમાં ઘી અને લાકડામાં અગ્નિ રહેલો છે, તેવી જ રીતે આ આખું જગત્ જેની અંદર આમ બાહ્ય દૃષ્ટિએ ગૂઢ હોવા છતાં સૂક્ષ્મ દૃષ્ટિવાળાઓ જેને સારી રીતે જોઇ શકે છે, તેનું હું સતત ચિંતન કરું છું. ૩

एको बभूव भजतामभिलाषसिद्ध्यै
योऽनेकरूप[३]इनचन्द्रगणेशब्रह्म-
विष्णवीशशक्तिप्रमुखैरिह भूरिरूपै-
स्तं ज्योतिषां प्रवरज्योतिरहं नमामि ॥ ४ ॥

જે એક હોવા છતાં (તે તે સ્વરૂપે) ભજનારની ઇચ્છા પૂરી કરવા માટે, સૂર્ય, ચંદ્ર, ગણપતિ, બ્રહ્મા, વિષ્ણુ, મહાદેવ, શક્તિ, વગેરે વગેરે અનેકરૂપ થયો, તે અગ્નિ સૂર્યાદિ પ્રકાશોને પણ પ્રકાશ આપનાર શ્રેષ્ઠ જ્યોતિઃસ્વરૂપને હું નમન કરું છું. ૪

---

१. घी २. काष्ट में. ३. सूर्य.

गायन्ति भक्तनिवहा गलदश्रु सायं
ध्यानेन निश्चलदृशा ह्यवलोकयन्ति ।
तं धूलिधूसरतनुं धृतभक्तभारं
भास्वन्तमात्मनि सदा सततं नतोऽस्मि ॥ ५ ॥

ભાવભીની આંખે ભક્તજનો જેનું સાયંકાળે ગાન કરે છે, અને સ્થિર દૃષ્ટિથી ધ્યાન ધરે છે, એ ભક્તોની સર્વ ચિન્તા વહન કરનાર, ધૂળથી અલંકૃત શરીરવાળા (અર્થાત્ દેહભાનરહિત) પ્રાણીમાત્રના અંતઃકરણમાં પ્રકાશમાન પરમ આત્મસ્વરૂપ આગળ હું હમેશાં ઢળી પડું છું. ૫

माऽऽलस्यमातनु सखे त्विह चित्त मूढ
त्वं चिन्तयात्रितनुजं तरणे मतिश्चेत् ।
प्राणप्रयाणसमये शरणं स एव
नान्ये च केऽप्युदितसूर्यप्रपूजकास्ते ॥ ६ ॥

હે મિત્ર, મૂઢ ચિત્ત ! જો તારે (ભવસાગરમાંથી) પાર ઉતરવું જ હોય તો તું આ કામમાં આળસ ન કરીશ, અત્રિનંદન ભગવાન દત્તનું ચિંતન કર; કારણ કે પ્રાણ વિખૂટા પડતાં એ એક જ તારો આશરો છે. ઊગતા સૂર્યને પૂજનારા બીજા કોઈ તે વખતે કામ નહિ લાગે. ૬

श्लोकषट्कमिदं पुण्यं रचितं रङ्गपाण्डुना ।
यः पठेद्भक्तितः सायं तस्य दोषा[१] सुखावहा ॥ ७ ॥

१, रात्री.

શ્રી પાંડુરંગ મહારાજ વિરચિત આ પવિત્ર છ શ્લોકનો જે કોઈ શ્રદ્ધાભક્તિથી સાયંકાળે (સંકટ સમયે) પાઠ કરશે, તેની રાત્રી સુખમાં પસાર થશે. ૭

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं दत्तसायंस्मरणं सम्पूर्णम् ।

७ भुक्तिमुक्तिप्रदस्तोत्रम् ।

सच्चित्सुखैकरूपाय भवरोगनिकर्तिने ।
[१]शं नो मित्रेति गीताय दत्तात्रेय नमोऽस्तु ते ॥ १॥

૭. ભુક્તિમુક્તિપ્રદસ્તોત્ર

હે દત્તાત્રેય! સચ્ચિદાનંદ સ્વરૂપ ભવરોગને કાપનાર 'शं नो मित्र'–એ મંત્રથી સ્તુતિ કરાયેલા એવા તને નમસ્કાર હજો! ૧

कर्माध्यक्षाय कान्ताय वरदानप्रदाय च ।
[२]कं ब्रह्मेति विगीताय दत्तात्रेय नमोऽस्तु ते ॥ २ ॥

કર્મના અધ્યક્ષ, કમનીય, વરદાનને આપનાર, 'कं ब्रह्म'–એમ વિશેષ રીતે સ્તુતિ કરાએલ એવા હે દત્તાત્રેય, તને નમસ્કાર હજો! ૨

लयविक्षेपहाराय बन्धभङ्गाय भास्वते ।
लोभदारिद्र्यनाशाय दत्तात्रेय नमोऽस्तु ते ॥ ३ ॥

હે દત્તાત્રેય! લય અને વિક્ષેપને દૂર કરનાર,

१. शं नो मित्र–इस मन्त्र से. २. कं ब्रह्म–इस प्रकार विशेष रूप से.

જન્મમરણના બંધનને તોડનાર, તેજસ્વી તેમ જ લોભ અને દરિદ્રતાનો નાશ કરનાર એવા તને નમસ્કાર હજો! ૩

विश्वंभराय वैद्याय धर्मसंस्थापकाय च ।
भक्तार्तित्राणदीक्षाय दत्तात्रेय नमोऽस्तु ते ॥ ४ ॥

હે દત્તાત્રેય, વિશ્વંભર, વૈદ્ય, ધર્મસંસ્થાપક, અને ભક્તોનું દુઃખમાં રક્ષણ કરવાના વ્રતવાળા એવા તને નમસ્કાર હજો! ૪

भूतबाधानिरासाय मोहशोकहराय च ।
भक्तिप्राप्याय दिव्याय दत्तात्रेय नमोऽस्तु ते ॥५॥

હે દત્તાત્રેય, ભૂતાદિની બાધાનું નિરાકરણ કરનાર, મોહ શોકને હરનાર, ભક્તિમાત્રથી મેળવવા યોગ્ય દિવ્ય એવા તને નમસ્કાર હજો! ૫

१तिग्मतेजःस्वरूपाय चराचरनिवासिने ।
मनोरथैककल्पाय दत्तात्रेय नमोऽस्तु ते ॥ ६ ॥

હે દત્તાત્રેય, સૂર્યરૂપ, ચરઅચરમાં વસનારા, મનોરથો માટે એકમાત્ર કલ્પવૃક્ષ સમાન એવા તને નમસ્કાર હો! ૬

दानप्रियाय दान्ताय नानारूपधराय च ।
आधिव्याधिहरायात्मन् दत्तात्रेय नमोऽस्तु ते ॥ ७ ॥

આત્મસ્વરૂપ હે દત્તાત્રેય, દાનપ્રિય, દાન્ત, વિવિધરૂપ ધારણ કરનાર. આધિવ્યાધિ ઉપાધિનો નાશ કરનાર એવા તને નમસ્કાર હજો! ૭

---

१. सूर्यरूप.

यदृच्छालाभतुष्टाय यज्ञयागप्रियाय च ।
आयुःप्रज्ञायशोदाय दत्तात्रेय नमोऽस्तु ते ॥ ८ ॥

હે દત્તાત્રેય, યથાપ્રાપ્ત લાભથી સંતુષ્ટ, યજ્ઞયાગ જેને પ્રિય છે એવા, આયુષ્ય, બુદ્ધિ અને યશ આપનાર એવા તને નમસ્કાર હજો ! ૮

*पांसुलिप्तवराङ्गाय 'डुकृञ् करणे'–विदारिणे[१] ।
रङ्कताराय दत्ताय गदाधर नमोऽस्तु ते ॥ ९ ॥

હે ગદાધર દત્તાત્રેય, ધૂળથી ખરડાયેલ ઉત્તમ અંગવાળા, કેવળ વ્યાકરણ આદિની ગોખણપટ્ટીને કાપનાર, રંકજનોને તારનાર એવા તને નમસ્કાર હજો ! ૯

भुक्तिमुक्तिप्रदं स्तोत्रं यः पठेदिदमव्ययम् ।
प्रत्यहं यतचित्तात्मा [२]कं भुक्त्वा परमं व्रजेत् ॥ १० ॥

ભુક્તિ અને મુક્તિ આપનાર અવિનાશી આ સ્તોત્રનો સતત રોજ યતચિત્ત (સંયમીચિત્તો) થઇ પાઠ કરે છે તે સુખ ભોગવીને પરમ પદને પામે છે. ૧૦

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं भुक्तिमुक्तिप्रदस्तोत्रं सम्पूर्णम् ।

---

१ व्याकरण की सूखी रटना को काटनेवाले २ सुख

*इस स्तोत्र में प्रत्येक श्लोकका पहला एवं नवम अक्षर पढने से सकलविभूतिदाय भुक्ति भवबन्धमोचनाय मुक्ति ऐसा मंत्र नीकलता है ।९वे श्लोक में 'पाण्डुरंग' नाम ग्रथित हुआ है।

८. आर्तप्रार्थना ।

दत्तात्रेय त्रीश मातः परेश
कारुण्याब्धे दीनबन्धो प्रसीद ।
प्राणेश त्वं प्राणिनां प्राणदाता
हर्ता भर्ता ह्येक एव त्रिलोके ॥ १ ॥

૮. આર્તપ્રાર્થના

હે દત્તાત્રેય! ત્રણે લોકના નાથ, હે માતા, માયાના નિયંતા, કરુણાના સાગર, દીનબંધુ મારા પર દયા કર. હે પ્રાણનાથ! સર્વ પ્રાણીઓને પ્રાણ આપનાર તું છે અને ત્રણે લોકમાં તું જ એક સર્વનું પોષણ કરનાર છે. અને દુઃખનો સંહાર કરનાર પણ તું જ છે. ૧

कः शक्तः स्यात्त्वद्गुणान्गातुमत्र
मातुं माहात्म्यं त्रिलोके न कोऽपि ।
कोऽहं डिम्भो मूढवाग्दुर्बलः स्यां
स्तोतुं मूकोऽनन्तजिह्वोपि वेदः ॥ २ ॥

તારા ગુણોનું ગાન કરવા આ લોકમાં કોણ શક્તિમાન છે? તારા મહિમાનું માપ કાઢવા ત્રણે લોકમાં કોઈ સમર્થ નથી. જ્યાં અનંત જીહ્વાવાળો વેદ પણ તારું સ્તવન કરતાં મૂગો થઈ જાય છે ત્યાં મારા જેવા મૂઢ અને તૂટલી વાણીના બાળકની શી કથા? ૨

नाहं जाने कोऽपराधः कृतो मे
नायासि त्वं नो ददासीह वाचम्।
कष्टं [1]भूमंस्त्वद्विना जीवितं मे
[2]सस्यस्येव [3]प्रावृडम्भो विनाम्ब ॥ ३ ॥

મેં શો અપરાધ કર્યો છે કે જેથી તું નથી આવતો કે નથી કંઈ પ્રત્યુત્તર આપતો, તે હું નથી જાણતો હે સર્વવ્યાપી પરમાત્મન્! જેવી રીતે વરસાદનાં પાણી વગર પાકની દુર્દશા છે તેવી રીતે તારા વગર મારું જીવવું દુઃખમય છે. ૩

[4]जम्भोऽयं भोः कामरूपः प्रकामं
दीनं बालं निर्दयं मां निहन्ति।
हत्वा ह्येनं स्वात्मराज्यं प्रदेहि
कोऽन्यस्त्वीश त्वद्विनास्य प्रभुः स्यात् ॥ ४ ॥

હે દેવ! આ કામરૂપી જંભ રાક્ષસ મને દીન બાળકને નિર્દયતાથી અત્યન્ત પ્રહાર કરી રહ્યો છે માટે એનો સંહાર કરી મને સ્વાત્મરાજ્ય દે. હે પ્રભુ! તારા વિના એને સીધો કરવા બીજો કોણ સમર્થ છે? ૪

पश्यैतं मां त्वत्पदाब्जप्रलीनं
हीनं दीनं [5]भर्त्सयन्ति प्रवेदाः।
वेदातीतं त्वत्पदं तत्प्रदर्श्य-
च्छिन्द्धि द्वैतं दुःखमूलं ममैतत् ॥ ५ ॥

---

१ सर्वव्यापी परमात्मन् २ फसल ३ बरसात का पानी
४ जंगल का राक्षस ५ निन्दा करते हैं

જો તો ખરો, તારા ચરણકમળમાં લીન થનાર હીન અને દીન એવા મને આ વેદિયા પંડિતો ખૂબ નિંદી રહ્યા છે, માટે વેદોથી પણ અતીત એવા તારા પદનો સાક્ષાત્કાર કરાવી બધા દુઃખનું મૂળ એવું મારું આ દ્વૈત છેદી નાંખ. ૫

भिक्षुश्चाहं द्वारि ते भैक्ष्यकाम–
स्तिष्ठाम्येषोऽज्ञानदारिद्र्यदुःखी ।
दत्त्वा भैक्ष्यं ज्ञानविज्ञानसारं
[१]भर्तस्त्र्यात्मन् सार्थकत्वं प्रयाहि ॥ ६ ॥

હે આત્મસ્વરૂપ દેવ ! અજ્ઞાનના દારિદ્ર્યથી પીડાતો હું તારે બારણે ભિખારી થઈ ભીખ માગતો ઊભો છું. માટે મને જ્ઞાન અને વિજ્ઞાનરૂપી ભિક્ષા આપી હે ભર્તા ! તારું નામ સાર્થક કર. ૬

दीनश्चाहं निन्दितो लोकसङ्घै–
[२]र्निःस्वो नग्नो [३]निस्त्रपं त्वां प्रपद्ये ।
आपन्नार्तिच्छेदने दीक्षितात्मन्
यत्कर्तव्यं तत्कुरुष्वाशु[४] दत्त ॥ ७ ॥

લોકોનાં ટોળાંઓથી નિંદિત થયેલો અકિંચન નગ્ન, દીન એવો હું તારે શરણે આવ્યો છું. પણ તને મારી લાજ નથી. હે પ્રભુ ! શરણે આવેલાનું દુઃખ દૂર કરવાનું જેનું વ્રત છે એવા હે આત્મસ્વરૂપ દત્ત ! જે કરવું ઘટે તે વિના વિલંબે કર. ૭

---

१. हे भर्ता २. अकिंचन ३. दीन ४ शीघ्र

रिक्तो गच्छेयं कदाचित्पृथिव्यां
का मे हानिर्हास्यमेवापि ते स्यात् ।
को वा दाता त्वत्परोऽन्यो दयालु-
र्दीनः को वा मत्परोऽन्यो दयार्हः ॥ ८ ॥

કદાચ મારે જગતમાં તારે બારણેથી ખાલી હાથે ફરવું પડે તોપણ મારે શું નુકસાન છે? તેમ થશે તો હાંસી તારી જ થવાની છે. તારાથી બીજો વધારે દયાળુ દાતા કોણ છે? તેમ જ મારાથી વધારે દયાપાત્ર એવો દીન પણ બીજો કોણ મળનાર છે? ૮

श्रान्तोऽत्यन्तं तत्र तत्राटनेन
भ्रान्तोऽटव्यामागमानां सुखार्थी ।
भग्नः खिन्नो मर्तुकामो यदासं
प्राप्तं दिष्ट्या धाम ते देवजुष्टम् ॥ ९ ॥

આમતેમ ભટકીને હું થાકી ગયો છું. સુખને માટે શાસ્ત્રોના જંગલમાં ભટક્યો પણ ખૂબ છું. છેવટે નિરાશ થઇ ખિન્ન ચિત્ત જ્યારે મરવાનો નિશ્ચય કર્યો ત્યારે હે દેવ! દેવોથી સેવાએલું તારું ધામ પૂર્વપુણ્યે પ્રાપ્ત થયું છે. ૯

इन्द्रश्चायं द्वारि ते कार्तवीर्यः
प्रह्लादोऽयं पिङ्गलो विष्णुशर्मा ।
अन्येऽप्येते द्रष्टुकामास्तथाहं
प्राप्ताः सर्वे नो विलम्बोऽत्र युक्तः ॥ १० ॥

આ ઈન્દ્ર અને કાર્તવીર્ય તારે બારણે ઊભા છે. આ પ્રહ્લાદ, પિંગલ નાગ અને વિષ્ણુશર્મા પણ ખડા છે. તેમજ બીજા કેટલાએ તથા હું પણ, દર્શનાર્થે વાટ જોઈ રહ્યા છે. માટે તું દર્શન આપવામાં ઢીલ કરે તે યોગ્ય નથી૧૦.

श्रुत्वेवेदं दीनमाक्रन्दनं स
प्रादुर्भूतः शूलखट्वाङ्गधारी ।
भिन्दन्भीमं भीषणं जन्मशूलं
पायाद्देवो मौनगर्भोऽत्रिसूनुः ॥११॥

આ દીન આક્રંદ સાંભળીને જ હોય તેમ શૂલ અને ખટ્વાંગ ધારણ કરનાર મૌનધારી અત્રિપુત્ર દત્ત પ્રગટ થયો. ભયંકર અને બીક લાગે એવું જન્મમરણનું દુઃખ દૂર કરનાર એ મારૂં રક્ષણ કરો. ૧૧

रङ्गो रङ्कः प्रार्थयन्दीनमेवं
मुक्तः क्लेशान्नृत्यतीह प्रमत्तः ।
अन्येऽप्येवं श्रद्धया सानुरागं
गायन्तस्तं दुःखमुक्ता भवन्ति ॥१२॥

આવી રીતે દીનતાથી પ્રાર્થના કરતાં રંક એવો રંગ બધા કલેશોથી મુક્ત થઈ જગતમાં દેહભાન ભૂલી નાચી રહ્યો છે. અને બીજા પણ એવી જ રીતે શ્રદ્ધાથી અને પ્રેમથી એનું ગાન કરતાં દુઃખથી મુક્ત થશે. ૧૨

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचिता आर्तप्रार्थना सम्पूर्णा ।

९ दत्तप्रार्थनाद्वादशकम् ।

दत्तं त्वया निखिलमेव निजं परार्थे
त्वां दत्तमाहुरमरा नृवराश्च सर्वे ।
त्रीश त्वमेव जगदादिज [1]उत्कदोऽसि
त्वामेव देव प्रणमामि प्रसीद दत्त ॥ १ ॥

૯ દત્તપ્રાર્થનાદ્વાદશક

તેં પોતાનું સર્વસ્વ પરાર્થે આપી દીધું છે, તેથી તને દેવો અને મનુજશ્રેષ્ઠો બધાં જ 'દત્ત' કહીને પુકારે છે. હે ત્રીશ (દત્તાત્રેય) તું જ જગત વગેરેને ઉત્પન્ન કરનાર છું (અને) ઈચ્છા પૂર્ણ કરનાર છું. તને જ હે દેવ, હું પ્રણામ કરૂં છું. હે દત્ત ભગવાન, પ્રસન્ન થા. ૧

हृच्छुद्धिरेव भगवंस्तव चारुदीक्षा
दानं दया दमनमेव तवास्ति शिक्षा ।
विश्वंभरोऽपि च स्वयं नु दिगम्बरोऽसि
त्वामेव देव प्रणमामि प्रसीद दत्त ॥ २ ॥

હે ભગવાન! હૃદયની શુદ્ધિ એ જ તારી સુંદર દીક્ષા છે; દાન, દયા અને દમન એ જ તારો બોધ છે. વિશ્વનું ભરણપોષણ કરનાર છે, છતાં તું જાતે દિગંબર છે. તને જ હે દેવ, હું પ્રણામ કરૂ છું. હે દત્ત ભગવાન, પ્રસન્ન થા. ૨

---

१. इच्छापूर्ण करनेवाले

[१]नक्तंचरो [२]विधुरसौ गगनं [३]सतारं
[४]घस्रेश एष भगवन् भुवि सप्तसप्तिः ।
गर्जन्नसावुदधिरीश तव स्वरूपं
त्वामेव देव प्रणमामि प्रसीद दत्त ॥ ३ ॥

આ રાત્રીએ પ્રકાશતો ચંદ્ર, તારાઓ સહિત આકાશ, હે ભગવન્, આ પૃથ્વી ઉપર સાત ઘોડાઓના રથવાળો સૂર્ય અને હે ઈશ, આ ગર્જના કરી ઘુઘવતો સાગર એ તારાં જ સ્વરૂપો છે. તને જ હે દેવ હું પ્રણામ કરું છું. હે દત્ત ભગવાન, પ્રસન્ન થા. ૩

गायन्ति किन्नरवृषास्तव काननेऽस्मि-
स्त्वामर्पयन्ति कुसुमाञ्जलिमप्रमेय ।
वृक्षा अमी, समुपतिष्ठति तोयहस्ता
भागीरथी [५]सकलकश्मलनाशिनीयम् ॥ ४ ॥

શ્રેષ્ઠ કિન્નરો તને જ ગાય છે; હે અપ્રમેય, (કળી ન શકાય એવા), આ જગતમાં આ વૃક્ષો તને જ કુસુમાંજલિ અર્પે છે અને સકળ પાપનો નાશ કરનાર આ ભાગીરથી હાથમાં પાણી લઈ તારી સેવામાં હાજર થાય છે. ૪

एषान्नपूर्णपृथिवी तव पाददासी
किं ते ददामि भगवन्नशनं सुरेश ।
दत्तं मया निजकृतं तव तृप्तिहेतो-
स्त्वामेव देव प्रणमामि प्रसीद दत्त ॥ ५ ॥

---

१. रात्री में प्रकाशमान. २. चन्द्र. ३. तारा सहित. ४ सूर्य
५. सकलपापनाशिनी

આ અન્નથી ભરેલી સમગ્ર પૃથ્વી તારાં ચરણોની દાસી છે તો હે સુરેશ્વર ભગવાન, તને ખાવા માટે હું શું અર્પું ? તારી તૃપ્તિને માટે મેં કરેલું સર્વ તને અર્પું છું. તને જ હે દેવ, હું પ્રણામ કરું છું. હે દત્ત ભગવાન, તું પ્રસન્ન થા. ૫

माता पिता च सुहृदादि त्वमेव सर्वं
यामि क्व देव शरणं त्वयि चेदुपेक्षा ।
वित्तं न मे न च गृहं न च बन्धुवर्ग-
स्त्वामेव देव प्रणमामि प्रसीद दत्त ॥ ६ ॥

(મારાં) માતા, પિતા, મિત્ર વગેરે સર્વ કાંઈ તું જ છે. તું જો ઉપેક્ષા કરે તો હે દેવ! હું કોને શરણે જાઉં ? મારી પાસે વિત્ત નથી, ઘર નથી, સગાં સહોદર નથી. તને જ હે દેવ, હું પ્રણામ કરું છું. હે દત્ત ભગવાન, તું પ્રસન્ન થા. ૬

ज्ञानं न मे न च तपो न च ध्यानबोधः
पूजां न जान इति मां किमुपेक्षसे त्वम् ।
अज्ञोऽपि सुज्ञतम ईश तव प्रसादा-
त्त्वामेव देव प्रणमामि प्रसीद दत्त ॥ ७ ॥

મારી પાસે જ્ઞાન નથી, તપ નથી, ધ્યાનનું જ્ઞાન નથી. હું પૂજા જાણતો નથી, તેથી શું તું ઉપેક્ષા કરે છે ? હે ઇશ! તારા પ્રસાદથી અજ્ઞાની પણ સુજ્ઞોમાં ઉત્તમ થાય છે. તને જ હે દેવ, પ્રણામ કરું છું. હે દત્ત ભગવાન, તું પ્રસન્ન થા. ૭

सत्यं न कोऽपि भुवि मत्समपातकी रे
भूतो न चापि भविता न हि हन्त कोऽपि ।
कोऽन्यो भवेत्त्वदु विना मम पापदाही
त्वामेव देव प्रणमामि प्रसीद दत्त ॥८॥

ખરેખર, મારા સમાન પૃથ્વી ઉપર કોઈ પાપી નથી. એવો કોઈ થયો નથી કે થવાનો પણ નથી. અને તારા વિના મારા પાપનું દહન કરનાર બીજો કોણ છે? તને જ હે દેવ, હું પ્રણામ કરૂ છું. હે દત્ત ભગવાન, તુ પ્રસન્ન થા. ૮

आयान्ति यान्ति दिवसास्तव दर्शनं नो
कष्टं गतं विफलमायुरहो ममैतत् ।
आयाहि देहि भगवंस्तव स्निग्धहस्तं
त्वामेव देव प्रणमामि प्रसीद दत्त ॥९॥

દિવસો આવે છે અને જાય છે પણ તારું દર્શન થતું નથી, મારું આ આયુષ્ય ખરેખર દુઃખમય અને નિષ્ફળ ગયું છે. હે ભગવન્, તું આવ અને તારો પ્રેમાળ હાથ લંબાવ. તને જ હે દેવ, હું પ્રણામ કરું છું હે દત્ત ભગવાન, તું પ્રસન્ન થા. ૯

शुष्कोऽम्बुधिः कथमहो मम भाग्यदोषा-
[1]च्छीतांशुरुष्ण इति नैव श्रुतं कदाचित् ।
[2]धाव प्रभो पतितमुद्धर मां भवाब्धे-
र्नो चेत्प्रब्रूहि भगवन् क उ चाश्रयेत्त्वाम् ॥१०॥

---

१. चन्द्र २. दौड

અરેરે! શું મારા દુર્ભાગ્યના દોષથી સાગર સૂકાઈ ગયો છે? ચંદ્ર ગરમ હોય એમ કદાપિ સાંભળ્યું જ નથી. હે પ્રભુ! દોડ, દોડ; પતિત એવા મારો સંસારસાગરમાંથી ઉદ્ધાર કર. નહિ તો હે ભગવન્, બોલ! તારો આશ્રય કોણ લેશે? (અથવા કોણ તારામાં શ્રદ્ધા રાખશે?) ૧૦

इति विलपितं ह्यार्तं श्रुत्वा हसन्ननसूयजो
जनिमृतिहरो ह्याविर्भूतो गृणन्मधुरं गिरा ।
[१]विरम सुरुते मा भैषीस्त्वं ह्यहं तव पार्श्वगो
भरणनिपुणे का चिन्ता स्याच्छिशोः पितरि स्थिते ॥११॥

આવો આર્દ્ર વિલાપ સાંભળીને જન્મમરણને હણનાર, "આવું અત્યંત આર્દ્ર રુદન બંધ કર. જરાય ડર રાખીશ નહિ. હું તારી પડખે જ છું. ભરણપોષણ કરવામાં સમર્થ એવા પિતા વિદ્યમાન હોય ત્યારે બાળકને શાની ચિન્તા હોય?" એમ હસતો અને મધુર વાણી બોલતો અનસૂયાપુત્ર દત્ત પ્રગટ થયો. ૧૧

स्मृत्वा स्मृत्वा रूपमत्यद्भुतं तत्
पीत्वा पीत्वा तन्मुखोद्गीतसूमम्[२] ।
नृत्यत्येतन्मानसं मोदयुक्तं
निर्भीकं सत्तत्पदालीनमेकम् ॥ १२ ॥

તે અત્યંત અદ્ભુત સુંદર રૂપ યાદ કરી કરીને અને તેના મુખમાંથી રણકતા શબ્દોરૂપી દૂધ પી પીને

---

१. आर्द्र रुदन बंध कर. २. शब्द रूप दूध

આનંદિત થયેલું આ મારું મન નાચી ઊઠ્યું છે અને
તે ભયરહિત થઈ તેના ચરણકમલમાં લીન થયું છે. ૧૨

यः श्लोकद्वादशकमापठतीह मर्त्यो
नित्यं प्रभातसमये विजितेन्द्रियः सन् ।
तस्याशु भक्तिसुलभो भवभीतिहर्ता
[1]नाकप्रदोऽत्रितनुजो हृदि भाति रङ्ग ॥ १३ ॥

જે મનુષ્ય આ બાર શ્લોકોનો સવારના પહોરમાં નિત્ય જિતેન્દ્રિય થઈ પાઠ કરે છે તેની આગળ હે રંગ! ભક્તિથી સુલભ, ભવની ભીતિ હરનાર, મોક્ષ આપનાર અત્રિના પુત્ર દત્તાત્રેય હૃદયમાં પ્રકાશિત થાય છે. ૧૩

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं दत्तप्रार्थनाद्वादशकं सम्पूर्णम् ।

१० दत्तात्रेयपञ्चकम् ।×|

[2]यो वै भूमा तत्सुखं त्वेति गीतं
गेयातीतं ध्यानगम्यं मुनीन्द्रम् ।
भक्तैकार्थं [3]ह्यात्तमानुष्यमूर्तिं
दत्तात्रेयं सद्गुरुं तं नतोऽस्मि ॥ १ ॥

---

१. मोक्षप्रद. २. आ स्तोत्र की अंतिम पंक्ति 'योगानन्दं तं यतीन्द्रं नतोऽस्मि—इस तरह बदलकर योगानन्दपञ्चकम् की रचनाकर के पू. श्री ने पू गांडामहाराज की स्तुति की है।
३. धारण किया.

१०. दत्तात्रेयपंचकम्

'यो वै भूमा तत्सुखम' (જે વિશાળ–બ્રહ્મ–છે, તે જ સુખ છે) એ પ્રમાણે જેનું ગાન થાય છે, એવા ગેયથી અતીત, કેવળ ધ્યાનથી જ ગમ્ય, મુનિઓમાં શ્રેષ્ઠ અને ભક્તોને માટે જેણે મનુષ્યનું શરીર ધારણ કર્યું છે, એવા સદ્‌ગુરુ દત્તાત્રેયને હું નમન કરું છું. ૧

[१]एकोऽहं स्यां बह्विति प्रोच्य भूतं
नानारूपं स्वप्नलीलोपकल्पम् ।
आदावन्ते निर्विशेषं विशेषं
दत्तात्रेयं सद्गुरुं तं नतोऽस्मि ॥ २ ॥

'एकोऽहं बहु स्याम' (હું એક છું તેનો બહુ થાઉં) એમ કહીને જેણે વિવિધ રૂપ ધારણ કર્યાં, જે સ્વપ્નની લીલા જેવા છે, અને આદિ અને અંતમાં નિર્વિશેષ છતાં વિશેષ છે તેવા સદ્‌ગુરુ દત્તાત્રેયને હું નમન કરું છું. ૨

[२]छन्दोगीतं यत्सदेवाग्रआसी
न्मायागर्भं बद्धमायं विमायम् ।
लोकार्तिघ्नं लोकरूपं विलोकं
दत्तात्रेयं सद्गुरुं तं नतोऽस्मि ॥ ३ ॥

'सदेव सौम्य इदमग्र आसीत्'—પહેલાં આ બધું સત્ જ હતું એમ વેદોએ જેના વિશે ગાયું છે, માયા

१. छान्दोग्य उपनिषद् ६–२–१   २. कठ उपनिषद् ६–३

જેના ગર્ભમાં છે, માયાથી વીંટળાએલો છે છતાં માયાથી રહિત છે તે લોકોનાં દુઃખને હણનાર લોકસ્વરૂપ (વિશ્વરૂપ) છતાં લોકરહિત સદ્ગુરુ દત્તાત્રેયને હું નમન કરું છું. ૩

[१]अस्तीत्येवं लभ्यमानं पुराणं
योगिध्येयं सन्सुखैकस्वरूपम् ।
बालोन्मत्तादिप्रवेषं सुवेषं
दत्तात्रेयं सद्गुरुं तं नतोऽस्मि ॥ ४ ॥

'अस्तीत्येवोपलब्धव्यः' (છે એ જ રીતે પ્રાપ્ત થનાર) પુરાતન યોગીઓના ધ્યેયરૂપ, સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ, બાલ ઉન્મત્ત વગેરે વિવિધ વેષવાળા, અત્યંત સુંદર વેષવાળા સદ્ગુરુ દત્તાત્રેયને હું નમન કરું છું. ૪

यं ब्रह्मेति स्तूयमानं कवीन्द्रै-
स्तेजोराशिं ज्ञानवैराग्यकाशिम् ।
[२]रङ्गाकारिं [३]नाशितारिं [४]दरारिं
दत्तात्रेयं संततं तं नतोऽस्मि ॥ ५ ॥

'यं ब्रह्मा वरुणेन्द्र'—વગેરે શ્લોકથી કવિ શ્રેષ્ઠો દ્વારા સ્તુતિ કરાતા, તેજના ઢગલા સમાન, જ્ઞાન વૈરાગ્યથી ઝળહળતા, રંગ (આત્મજ્ઞાન)ને ઉત્પન્ન કરનાર, કામાદિ

---

१. अस्ति—है इस तरह. २. आत्मज्ञान उत्पन्न करनेवाले.
३. षड्रिपुके विनाशक. ४. (संसार) भय के शत्रु.

શત્રુઓનો નાશ કરનાર, અને (ભવસાગરરૂપી) ભયને દૂર કરનાર, એવા સદ્‌ગુરુ દત્તાત્રેયને હું સદા નમન કરું છું. ૫

स्तोत्रपञ्चकमिदं श्रुतिगर्भं यः पठेद्धि मनुजो नतिगर्भम् ।
न व्रजेत्पुनरयं खलु गर्भं कं व्रजेन्न स पतेदकगर्भम् ॥ ६ ॥

આ શ્રુતિગર્ભિત પાંચ શ્લોકો કે જે નમસ્કારગર્ભિત છે તેને જે મનુષ્ય બોલે છે તે ફરીથી ગર્ભમાં જતો નથી, સુખને પામે છે અને દુઃખના ગર્ભમાં તે પડતો નથી. ૬

इति श्री दत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं दत्तात्रेयपञ्चकं सम्पूर्णम् ।

११. सर्वसौख्यकरस्तोत्रम् ।

यस्य नामश्रुतेः सद्यो मृत्युर्दूरात् पलायते ।
दुःखवार्ता विलीयेत दत्तात्रेय नमोऽस्तु ते ॥ १ ॥

૧૧. સર્વસૌખ્યકરસ્તોત્રમ્

જેના નામના શ્રવણમાત્રથી મૃત્યુ એકદમ દૂર ભાગી જાય છે અને દુઃખનું નામનિશાન વિલીન થાય છે તેવા હે દત્તાત્રેય ભગવાન! તને નમસ્કાર હજો! ૧

शोको नन्दाय कल्पेत दैन्यं दारिद्र्यहेतये ।
रोगः स्वङ्गाप्तये सम्यग् दिगम्बर नमोऽस्तु ते ॥ २ ॥

(જેના નામના શ્રવણથી) શોક આનંદરૂપ, દૈન્ય દારિદ્રયના નાશરૂપ તથા રોગ સુંદર અંગ પ્રાપ્ત કરવા માટે સમર્થ બને છે તેવા હે દિગંબર દત્તાત્રેય! તને નમસ્કાર હો! ૨

परयन्त्रादिकं किञ्चित्प्रभवेन्नैव सूरिषु ।
कर्ता कृतेन वध्येत अवधूत नमोऽस्तु ते ॥ ३ ॥

(જેના નામના શ્રવણથી) પરયંત્ર, (પરમંત્ર, પરતંત્ર) વગેરે સહજ પણ જેના ઉપાસકોમાં પ્રભાવશાળી થતાં નથી અને તેનો કર્તા (પ્રયોજક) પોતાના કર્મથી બંધાઈ જાય છે તેવા હે અવધૂત! આપને નમસ્કાર હો! ૩

कायिकं वाचिकं वाऽपि मानसं वा तथैव च ।
पापं तापश्च दह्येत कालकाल नमोऽस्तु ते ॥ ४ ॥

(જેના નામ શ્રવણથી) કાયિક, વાચિક અને માનસિક પાપ અને તાપ બળી જાય છે તેવા કાળના પણ કાળ તને નમસ્કાર હજો! ૪

विषबाधा भवेन्नैव भूतादिविप्लवः कुतः ।
शत्रवो मित्रतामीयुर्वैद्यराज नमोऽस्तु ते ॥ ५ ॥

(જેના નામ શ્રવણથી) ઝેરની પીડા પણ થાય નહિ તો પછી ભૂત પ્રેત આદિની પીડા તો ક્યાંથી થાય? શત્રુઓ પણ મિત્રતાને પામે એવા વૈદ્યરાજ તને નમસ્કાર હો! ૫

दुर्बुद्धिः साधुतामेति शठः शाठ्यं [1]जहात्यरम् ।
पीत्वा यन्नामपीयूषं सिद्धराज नमोऽस्तु ते ॥ ६ ॥

જેના નામનું અમૃત પીને ખરાબ બુદ્ધિવાળો માણસ સાધુતાને પામે છે, લુચ્ચો લુચ્ચાઈને ઝડપથી છોડે છે, એવા સિદ્ધરાજ તને નમસ્કાર હજો ! ૬

भयं दिक्षु प्रधावेत चिन्ता [2]चुल्लिमियाद् द्रुतम् ।
वैषम्यं [3]विपिनं गच्छेद् योगिराज नमोऽस्तु ते ॥ ७ ॥

(જેના નામ શ્રવણથી) ભય (દશે) દિશાઓમાં ભાગી જાય છે, ચિંતા જલદીથી ચૂલામાં જાય છે અને વિષમતા જંગલમાં જતી રહે છે એવા હે યોગિરાજ તને નમસ્કાર હો ! ૭

दुःस्वप्नदुःखदावाग्निं ग्रहार्तिघ्नं ह्यनुत्तमम् ।
संसारभेषजं सौम्यं मृत्युञ्जय नमामि तम् ॥ ८ ॥

ખરાબ સ્વપ્ન સમાન દુઃખને માટે દાવાનળ જેવા ગ્રહોની પીડા નાશ કરનાર સર્વોત્તમ, સંસારનું ઔષધ એવા, સૌમ્ય, હે મૃત્યુંજય ! તને હું નમસ્કાર કરું છું. ૮

रोगाभिसङ्कुले देहे निःसारे भेषजे सति ।
औषधं नार्मदं वारि दत्तो धन्वन्तरिः स्वयम् ॥ ९ ॥

જ્યારે દેહ રોગોથી ભરાઈ જાય અને ઔષધ નિઃસારરૂપ બને ત્યારે નર્મદાનું પાણી એ ઔષધ છે અને ધન્વંતરી સ્વયં દત્ત ભગવાન છે. ૯

---

१. शीघ्र छोड देता है. २. चूलेमें. ३. जंगलमें

भेषजं निष्फलं विद्धि दत्तमेकं विहाय यत् ।
जन्ममृत्युजराहन्तृ दत्तनामामृतं महत् ॥ १० ॥

એક દત્તને છોડીને (સર્વ) ઔષધ તું નિષ્ફળ જાણ. જન્મ, મૃત્યુ અને ઘડપણનો નાશ કરનાર દત્તનું નામ એ જ મોટું અમૃત છે. ૧૦

य इदं पठति स्तोत्रं रङ्गरोगार्तिनाशनम् ।
सर्वसौख्यकरं नृणां सायंकाले विशेषतः ॥ ११ ॥

त्रिसप्तं [1]स्वापकाले तु मन्दवारे सुसंयतः ।
तस्य रोगभयं नास्ति त्रिः सत्यं नात्र संशयः ॥ १२ ॥

१. गोपबालक २. तनिक सत्य को भी मान देने वाले
३. तनिक को भी बहु मानने वाले ४. सर्व व्यापी निवासस्थानवाले ५. अनिकेतन

श्रीदत्त दत्त भगवन् विजनेश दत्त
श्रीदत्त दत्त भगवन् सुजनेश दत्त ।
श्रीदत्त दत्त भगवन्नृवरेश दत्त
श्रीदत्त दत्त भगवञ् शबरेश दत्त ॥४९॥

ભગવત્સ્વરૂપ અને નિરાધારોનો ઇશ,
ભગવત્સ્વરૂપ અને સજ્જનોનો ઇશ,
ભગવત્સ્વરૂપ અને મનુષ્યોમાં શ્રેષ્ઠ (અર્થાત્
રાજાઓના પણ) ના ઈશ,
ભગવત્સ્વરૂપ અને શબરો (આદિવાસીઓ) ના ઈશ ૪૯

श्रीदत्त दत्त शशिसूर्यसुनेत्र दत्त
श्रीदत्त दत्त अनिलेशसुपत्र[1] दत्त ।
श्रीदत्त दत्त शरदम्बुजवक्त्र दत्त
श्रीदत्त दत्त सहनातिसुशस्त्र दत्त ॥५०॥

ચંદ્ર અને સૂર્યરૂપી સુંદર નેત્રોવાળા,
વાયુરૂપી સુંદર વાહનવાળા,
શરદઋતુના કમળસમાન (સુંદર) મુખવાળા,
સહનશીલતા એજ જેનું ઉતમ શસ્ત્ર છે તે. ૫૦

श्रीदत्त दत्त भजतां वरदेष्ट दत्त
श्रीदत्त दत्त भजतां दितकष्ट दत्त ।
श्रीदत्त दत्त वदतामतिस्पष्ट दत्त
श्रीदत्त दत्त तपतामतिशिष्ट दत्त ॥५१॥

ભજનારને ઈષ્ટ વરદાન આપનાર,
ભજનારનાં કષ્ટ કાપનાર,
અતિ સ્પષ્ટ બોલનાર. અત્યુત્તમ તપ કરનાર ૫૧

श्रीदत्त दत्त हतदानव दत्त दत्त
श्रीदत्त दत्त वृततानव दत्त दत्त ।
श्रीदत्त दत्त अतिमानव दत्त दत्त
श्रीदत्त दत्त बहुधा नव दत्त दत्त ॥५२॥

દાનવોનો નાશ કરનાર.
લઘુતા (કૃશતા) પસંદ કરનાર,
માનવોથી પર (સર્વોત્તમ માનવ),
અનેક રીતે નવો નવો (દેખાતો). ૫૨

श्रीदत्त दत्त वचसामतिक्लिष्ट दत्त
श्रीदत्त दत्त नमतां दितदिष्ट दत्त ।
श्रीदत्त दत्त स्मरतां कृतस्विष्ट दत्त
श्रीदत्त दत्त सुरकिन्नरशिष्ट दत्त ॥५३॥

અતિ ક્લિષ્ટ (ન સમજાય તેવી વાણીવાળા),
નમન કરનારનાં દુર્ભાગ્યને કાપનાર,
સ્મરણ કરનારનું સારી રીતે ઇષ્ટ કરનાર,
દેવો અને કિન્નરોના સલાહકાર. ૫૩

श्रीदत्त दत्त अवधूत रसेश दत्त
श्रीदत्त दत्त अवधूत कणेश दत्त ।

श्रीदत्त दत्त अवधूत फलेश दत्त
श्रीदत्त दत्त अवधूत घनेश दत्त ॥५४॥

અવધૂતસ્વરૂપ અને રસના ઇશ.
અવધૂતસ્વરૂપ અને કણ (ધાન્ય)ના ઈશ,
અવધૂતસ્વરૂપ અને ફળના ઇશ,
અવધૂતસ્વરૂપ અને ઘન (મેઘ)ના ઈશ. ૫૪

श्रीदत्त दत्त अवधूत जलेश दत्त
श्रीदत्त दत्त अवधूत स्थलेश दत्त ।
श्रीदत्त दत्त अवधूत महेश दत्त
श्रीदत्त दत्त अवधूत ग्रहेश दत्त ॥५५॥

અવધૂતસ્વરૂપ અને જલના પ્રભુ,
અવધૂતસ્વરૂપ અને સ્થળના સ્વામી,
અવધૂતસ્વરૂપ અને મહેશસ્વરૂપ,
અવધૂતસ્વરૂપ અને ગ્રહોના પતિ. ૫૫

श्रीदत्त दत्त अवधूत कलेश दत्त
श्रीदत्त दत्त अवधूत खलेश दत्त ।
श्रीदत्त दत्त अवधूत बलेश दत्त
श्रीदत्त दत्त अवधूत हलेश दत्त ॥५६॥

અવધૂતસ્વરૂપ અને કલાના સ્વામી,
અવધૂતસ્વરૂપ અને દુર્જનોના સ્વામી,
અવધૂતસ્વરૂપ અને બળવાનોના પ્રભુ (અથવા લશ્કરના અગ્રણી),

અવધૂતસ્વરૂપ અને હળના સ્વામી (હળ ધારણ
કરનાર બલરામ સ્વરૂપ). ૫૬

श्रीदत्त दत्त अवधूत धरेश दत्त
श्रीदत्त दत्त अवधूत नरेश दत्त ।
श्रीदत्त दत्त अवधूत परेश दत्त
श्रीदत्त दत्त अवधूत वरेश दत्त ॥५७॥

અવધૂતસ્વરૂપ અને પૃથ્વીના ઈશ,
અવધૂતસ્વરૂપ અને મનુષ્યોના ઇશ,
અવધૂતસ્વરૂપ અને પરબ્રહ્મ સ્વરૂપ,
અવધૂતસ્વરૂપ અને ઉત્તમ દેવ. ૫૭

श्रीदत्त दत्त अवधूत कवीश दत्त
श्रीदत्त दत्त अवधूत गवीश दत्त ।
श्रीदत्त दत्त अवधूत पवीश दत्त
श्रीदत्त दत्त अवधूत रवीश दत्त ॥५८॥

અવધૂતસ્વરૂપ અને કવિઓના ઇશ,
અવધૂતસ્વરૂપ અને ગાયોના માલિક,
અવધૂતસ્વરૂપ અને વજ્રના ઈશ (ઇન્દ્રરૂપ),
અવધૂતસ્વરૂપ અને સૂર્યના ઇશ ૫૮

श्रीदत्त दत्त अवधूत क्षमेश दत्त
श्रीदत्त दत्त अवधूत दमेश दत्त ।

श्रीदत्त दत्त अवधूत यमेश दत्त
श्रीदत्त दत्त अवधूत रमेश दत्त ॥५९॥

અવધૂતસ્વરૂપ અને ક્ષમાના સ્વામી,
અવધૂતસ્વરૂપ અને દમ (ઇન્દ્રિય દમન)ના ઇશ
અવધૂતસ્વરૂપ અને યમના ઇશ અથવા યમ
(નિયમ આદિ) ઉપર પ્રભુત્વ ધરાવનાર,
અવધૂતસ્વરૂપ અને રમાના ઇશ. ૫૯

श्रीदत्त दत्त भगवन्नमरेश दत्त
श्रीदत्त दत्त भगवन्ननलेश दत्त ।
श्रीदत्त दत्त भगवन्नवरेश दत्त
श्रीदत्त दत्त भगवन्ननिले दत्त ॥६०॥

ભગવત્સ્વરૂપ અને દેવોના ઇશ,
ભગવત્સ્વરૂપ અને અગ્નિના ઇશ,
ભગવત્સ્વરૂપ અને દુર્ગાના ઇશ(અથવા
અધમોના માલિક),
ભગવત્સ્વરૂપ અને પવનના ઈશ, ૬૦

श्रीदत्त दत्त वसुधाधिप दत्त दत्त
श्रीदत्त दत्त सुरपादप दत्त दत्त ।
श्रीदत्त दत्त विबुधाधिप दत्त दत्त
श्रीदत्त दत्त अजपाजप दत्त दत्त ॥६१॥

પૃથ્વીના અધિપતિ કલ્પવૃક્ષ સ્વરૂપ,
વિબુધો (ડાહ્યા અથવા દેવો) ના અધિપતિ,
અજપા જપ કરનાર. ૬૧

श्रीदत्त दत्त भगवन्नतिधीर दत्त
श्रीदत्त दत्त भगवन्नतिवीर दत्त ।
श्रीदत्त दत्त भगवन्नतिचीर दत्त
श्रीदत्त दत्त भगवन्नतिनीर दत्त ॥६२॥

અતિધીર એવા ભગવાન, અતિવીર એવા ભગવાન,
અત્યંત ચીથરાળાં વસ્ત્રવાળા ભગવાન,
(પવિત્રતામાં) પાણી કરતાં પણ ચઢિયાતા ભગવાન ૬૨

श्रीदत्त दत्त कुसुमाञ्जलितुष्ट दत्त
श्रीदत्त दत्त सुदलाञ्जलितुष्ट दत्त ।
श्रीदत्त दत्त सुफलाञ्जलितुष्ट दत्त
श्रीदत्त दत्त उदकाञ्जलितुष्ट दत्त ॥६३॥

પુષ્પોની અંજલિથી તુષ્ટ થનાર,
સુકોમળ પાંદડાંની અંજલિથી તુષ્ટ થનાર,
સુન્દર ફળોની અંજલિથી તુષ્ટ થનાર,
પાણીની અંજલિથી સુંતુષ્ટ થનાર. ૬૩

श्रीदत्त दत्त कमनीयस्वरूप दत्त
श्रीदत्त दत्त रमणीयस्वरूप दत्त ।
श्रीदत्त दत्त कवनीयस्वरूप दत्त
श्रीदत्त दत्त नमनीयस्वरूप दत्त ॥६४॥

કમનીય (સુંદર) સ્વરૂપવાન,
રમણીય(રમણ કરવા યોગ્ય) સ્વરૂપવાળા,
કવન કરવા યોગ્ય સ્વરૂપવાળા,
નમન કરવા યોગ્ય સ્વરૂપવાળા. ૬૪

श्रीदत्त दत्त धृतकम्बल दत्त
श्रीदत्त दत्त अतिसुन्दर दत्त ।
श्रीदत्त दत्त प्रियतुम्बर दत्त
श्रीदत्त दत्त ज्ञधुरन्धर दत्त ॥६५॥

કામળી ધારણ કરનાર. અત્યંત સુન્દર,
તુંબર (નું ગાન) જેને પ્રિય છે તે,
જ્ઞાનીઓમાં ધુરંધર શ્રેષ્ઠ). ૬૫

श्रीदत्त दत्त बलदर्पितकाल दत्त
श्रीदत्त दत्त हतकालविकाल दत्त ।
श्रीदत्त दत्त अतिभासुरभाल दत्त
श्रीदत्त दत्त परिखण्डितजाल दत्त ॥६६॥

બળગર્વિષ્ટના કાળ,
કાળ અને વિકાળને મારનાર(અર્થાત્ તેથી પર),

અતિ તેજસ્વી કપાળવાળા,
માયાજાળને સંપૂર્ણ ખંડિત કરનાર. ૬૬

श्रीदत्त दत्त दहरार्चित दत्त दत्त
श्रीदत्त दत्त विपुलार्चित दत्त दत्त ।
श्रीदत्त दत्त विमलार्चित दत्त दत्त
श्रीदत्त दत्त समलार्चित दत्त दत्त ॥६७॥

દહર (હૃદયના આકાશ)માં પૂજાનાર.
ખૂબ જ પૂજાનાર.
પુણ્યશાળીઓથી (અથવા સ્વચ્છ વસ્તુઓથી) પૂજાએલ,
પાપીઓથી પૂજાએલ. ૬૭

श्रीदत्त दत्त नवनीतमराल दत्त
श्रीदत्त दत्त नगराजकराल दत्त ।
श्रीदत्त दत्त जरठायितबाल दत्त
श्रीदत्त दत्त लघुरूप विशाल दत्त ॥६८॥

માખણ જેવા મૃદુ, પર્વત જેવા કઠણ,
વૃદ્ધ સમાન છતાંય બાળક સમા,
લઘુરૂપ છતાંય વિશાળ (અર્થાત્ વિશ્વરૂપ.) ૬૮

श्रीदत्त दत्त गुणपूजित दत्त दत्त
श्रीदत्त दत्त वरपूजित दत्त दत्त ।
श्रीदत्त दत्त बहुभोजक दत्त दत्त
श्रीदत्त दत्त भययोजक दत्त दत्त ॥६९॥

ગુણો વડે પૂજાએલ, શ્રેષ્ઠ વડે પૂજાએલ,
ખૂબ ભોજન કરનાર, ભવની યોજના કરનાર.
(અથવા સંસારમાં પ્રયોજનાર) ૬૯

श्रीदत्त दत्त प्रियमोदक दत्त दत्त
श्रीदत्त दत्त बहुशोधक दत्त दत्त ।
श्रीदत्त दत्त ऋतबोधक दत्त दत्त
श्रीदत्त दत्त भवरोधक दत्त दत्त ॥७०॥

મોદક (લાડુ)પ્રિય, બહુ ઝીણવટથી શોધ કરનાર,
ઋત (સત્યનો)નો બોધ કરનાર,
ભવ (સંસાર)ને રોકનાર(અર્થાત્ મોક્ષઆપનાર.) ૭૦

श्रीदत्त दत्त प्रमदावृत दत्त दत्त
श्रीदत्त दत्त जरठावृत दत्त दत्त ।
श्रीदत्त दत्त विबुधावृत दत्त दत्त
श्रीदत्त दत्त अबुधावृत दत्त दत्त ॥७१॥

પ્રમદા (તરુણ સ્રીઓ) થી વીંટળાએલ,
વૃદ્ધ સ્રીઓથી વીંટળાએલ,
જ્ઞાનીઓથી વીંટળાએલ,
અજ્ઞાનીઓથી વીંટળાએલ. ૭૧

श्रीदत्त दत्त दधितस्कर दत्त दत्त
श्रीदत्त दत्त धृतमस्कर दत्त दत्त ।
श्रीदत्त दत्त जितभास्कर दत्त दत्त
श्रीदत्त दत्त कृतभास्कर दत्त दत्त ॥७२॥

દહીં (માખણ) ચોર, (હાથમાં) દંડ ધારણ કરનાર,
સૂર્યને (તેજ વડે) જીતનાર,
સૂર્યને ઉત્પન્ન કરનાર. ૭૨

श्रीदत्त दत्त मधुराक्षर दत्त दत्त
श्रीदत्त दत्त अगमाक्षर दत्त दत्त ।
श्रीदत्त दत्त सुरसाक्षर दत्त दत्त
श्रीदत्त दत्त अग अक्षर दत्त दत्त ॥७३॥

મધુર વાણીવાળા, અગમ અને અક્ષર (ૐકાર,
દેવોમાં સાક્ષર, અગ (અગમ્ય) અક્ષરસ્વરૂપ,
અથવા (પર્વત સમાન) અચલ અને અક્ષર. ૭૩

श्रीदत्त दत्त वचसा वद भद्रजिह्वे
श्रीदत्त दत्त मनसा स्मर चित्तबन्धो ।
श्रीदत्तमेव वपुषाऽर्चय वन्द्य साधो
श्रीदत्तमेव शिरसा नम 'रङ्ग' दीन ॥७४॥

હે ભલી જીભ! શ્રીદત્ત દત્ત એવું વાણીથી બોલ,
હે ભાઇ ચિત્ત! મનથી શ્રીદત્ત દત્ત સ્મર,
હે વંદનીય સાધુ! શરીરથી શ્રીદત્તનું જ અર્ચન કર,
હે દીન રંગ! શ્રીદત્તને જ મસ્તકથી નમન કર. ૭૪

नामसङ्कीर्तनं पुण्यं भक्तिभावसमन्वितम् ।
भुक्तिदं मुक्तिदं लोके किं न पायात्सदा भयात् ॥७५॥

આ પુણ્યકારક ભક્તિભાવથી ભરપૂર નામસંકીર્તન

લોકમાં ભુકિત અને મુકિત આપનારૂં છે. શું તે સદા ભયથી રક્ષણ નહીં કરે? (અર્થાત્ કરશે.) ૭૫

दत्त दत्त स्मरन्मेऽयं देहः पततु निर्जने ।
चरन्तु पक्षिणः सर्वे मिष्टान्नं देहजं मम ॥७६॥

દત્ત દત્ત સ્મરતાં રે નિર્જને દેહ આ પડો,
પામે તૃપ્તિ પશુ પક્ષી મિષ્ટાન્ને દેહના યથા. ૭૬

काषायवाससमजं कमलाक्षमेकं
मालाकमण्डलुधरं रमणीयलीलम् ।
गोश्वानक्रीडनपरं निगमान्तकेलिं
देवत्रयात्मकमहं सततं नतोऽस्मि ॥७७॥

કાષાય (ભગવાં) વસ્ત્રવાળા, અજન્મા, કમળસમાન નેત્રવાળા, એકમાત્ર (અદ્વિતીય), માળા કમંડલુને ધારણ કરનાર, રમણીય લીલાવાળા, ગાયકૂતરાં સાથે ક્રીડા કરનાર, વેદાંતમાં કેલિ કરનાર અને (બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ) ત્રણ દેવમય દત્તાત્રેયને હું સતત નમન કરૂં છું. ૭૭

जन्मजन्मार्जितं पुण्यं पापं वापि तथैव च ।
दत्त पादर्पितं तेऽस्तु नास्ति मे किंचनात्र ह ॥७८॥

જન્મ જન્માંતરમાં મેળવેલું પાપ કે પુણ્ય જે
કંઇ હોય તે દત્ત! તારા ચરણકમળમાં અર્પિત
હો! મારૂ અહીં ખરેખર કશું જ નથી. ૭૮

कायेन मनसा वापि यद्यत्कर्म शुभाशुभम् ।
करोम्यत्र करिष्यामि तदस्तु त्वत्समर्पितम् ।।७९।।

શરીરથી કે મનથી જે જે શુભ- અશુભ કર્મ હું અહીં કરૂં છું કે કરીશ તે સર્વ તને જ સમર્પિત થાઓ! ૭૯

दत्तनामैव नामैव नामैव मम जीवनम् ।
कलौ नास्त्येव नास्त्येव नास्त्येव गतिरन्यथा ।।८०।।

દત્તનું નામ (નામસંકીર્તન કર્યા કરવું), નામ અને નામ જ મારૂં જીવન છે. કળિયુગમાં બીજી કોઇ ગતિ નથી, નથી અને નથી જ. ૮૦

सदाचारो दुराचारो यो वै भक्त्या प्रसेवते ।
दत्तनामामृतं ह्येतत् स साधुर्नोचिराद्भवेत् ।।८१।।

સદાચારી કે દુરાચારી જે કોઇ ભકિતપૂર્વક આ દત્તનામરૂપી અમૃતનું સેવન કરે છે તે જલદીથી સાધુચરિત થાય છે. ૮૧

नो पापं विद्यते लोके नाम्ना यन्नैव दह्यते ।
'अपि चेत् सुदुराचारो' वृथोक्तं किं नु शार्ङ्गिणा ।।८२।।

(પ્રભુના) નામથી ન બળે એવું કોઇ પાપ આ લોકમાં નથી. अपि चेत् सुदुराचारो (સુદુરાચારી હોય તો પણ) એવું શ્રીકૃષ્ણે (ગીતામાં) શું ખોટું કહ્યું છે? (અર્થાત્ સાચું કહ્યું છે.) ૮૨

श्वासे श्वासे प्रकुर्वीत दत्तनामानुघोषणम् ।
तोषणं साधुवृन्दानां शोषणं भवपाथसाम् ।८३॥

દત્તનામનું સંકીર્તન પ્રત્યેક શ્વાસે કરવું જોઇએ. એ સાધુઓના સમૂહને સંતોષ આપનારૂં અને ભવરૂપી સાગરને શોષી નાખનારૂં છે. ૮૩

कामं कल्पद्रुमो ह्येष साधुवृन्दानुसेवितः ।
दत्तात्रेयो महायोगी कलौ श्रीपादवल्लभः ॥८४॥

ખરેખર એ સાધુઓના સમૂહથી સેવાએલ મહાયોગી દત્તાત્રેયના અવતાર એવા શ્રીપાદવલ્લભ કળિયુગમાં કલ્પવૃક્ષ છે. ૮૪

चतुरशीतिरियं नतिगर्भा
चतुरशीतिविनाशफलैका ।
अहरहः प्रयतेन सुसेव्या
भवजलाम्बुधिपारणनौका ॥८५॥

નમસ્કારગર્ભિત એવી ચોર્યાસી શ્લોકની, ચોર્યાસી (જન્મમરણના ફેરાઓ)ના વિનાશનું એકમાત્ર ફળ આપનારી, સંસારરૂપ સાગરને પાર કરવાની નૌકા જેવી આ સ્તુતિને દરરોજ શુદ્ધ થઇને સેવવી જોઇએ અર્થાત્ પાઠ કરવો જોઇએ). ૮૫

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग [illegible],
महाराजविरचितं दत्तनामसंकिर्तनं सम्पूर्णम् ॥

१५ दत्तप्रणतिः ।

यस्मिन्नोतं प्रोतमशेषं जगदेतद्
यज्जं यत्स्थं चान्ते यस्मिँल्लयमेति ।
वाचाऽगम्यं वेदनरूपं त्रिगुणेशं
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥१॥

૧૫ દત્તપ્રણતિ

જેનામાં આ જગત નિઃશેષ રીતે ઓતપ્રોત થએલું છે, જેનામાંથી જન્મે છે, સ્થિતિ પામે છે, અને અન્તે જેનામાં લય પામે છે; વાણીથી જે અગમ્ય છે, જે જ્ઞાનસ્વરૂપ છે અને જે ત્રણ ગુણોના ઇશ છે તેવા હૃદયમાં વસનારા તે દત્તાત્રેય ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૧

प्रादुर्भूतं ह्यत्रितपः किं जगदर्थे
किं ह्यनसूयापातिव्रत्यं फलितं तत् ।
मूर्तामूर्तातीतं जातं ह्यजमेनं
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥२॥

શું જગતના (કલ્યાણ) અર્થે અત્રિ મુનિનું તપ પ્રાદુર્ભૂત (પ્રગટ થયું છે? અનસૂયા માતાનું પાતિવ્રત્ય ફળિભૂત થયું છે? મૂર્ત અને અમૂર્તથી પર, અજન્મા હોવા છતાં જન્મ ધારણ કરનાર હૃદયમાં વસનારા તે દત્તાત્રેય પરમાત્માને હું પ્રણમું છું. ૨

अग्निर्यद् दत्तं तृणमेकं न शशाक
दग्धुं वायुर्ह्युन्थापयितुं स्वबलेन ।
ज्ञातुं चेन्द्रविरोचनप्रमुखाः प्रज्ञानं
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥३॥

જેના આપેલા એક તણખલાને પણ પોતાના બળથી અગ્નિ બાળી ન શકયો કે પવન તેને ઊડાડી ન શકયો તથા પ્રજ્ઞાનસ્વરૂપ જેને ઈન્દ્ર અને વિરોચન વગેરે(દેવો, દાનવો) જાણી શકયા નહીં, હૃદયમાં વસતા તે દત્તાત્રેય વિભુને હું નમન કરૂં છું. ૩

एकोऽहं स्यां बहिति भूतोऽनेको यो
भक्ताधीनो भावनरूपो गुरुराद्यः ।
यन्निःश्वसितं शास्त्रमखण्डं निगमादि
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥४॥

હું એક છું અને અનેક થાઉં એમ (વિચારી) જે અનેક (રૂપે પ્રગટ) થયો; જે ભકતને આધીન છે, ભાવ સ્વરૂપ છે, અને આદિ ગુરુ છે; નિગમ વેદ વગેરે સંપૂર્ણ શાસ્ત્રો જેના નિ:શ્વાસ છે, હૃદયમાં બિરાજતા તે દત્તાત્રેય પ્રભુને હું પ્રણામ કરું છું. ૪

कान्तं कारुण्याब्धिमकामं कमनीयं
दान्तं देवेड्यं दम्भारिं दकदाभम्[१] ।
शान्तं सर्वेशं शमरूपं शफराक्षं
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥५॥

સુંદર, કરુણાના સાગર, નિષ્કામ, કમનીય, દમનશીલ, દેવોથી વખણાએલ, દંભને હણનાર, મેઘ સમાન વર્ણ-વાળા, શાન્ત, સર્વના ઈશ, શમરૂપ, અને માછલી સમાન આંખોવાળા, હૃદયમાં વસનાર તે દત્તાત્રેયના ચરણોમાં હું ઢળી પડું છું. ૫

अग्निश्चैको यत्प्रतिकाष्ठे विविधः स्याद्
यद्वच्चाम्भः पात्रविभेदे बहुरूपम् ।
तद्वत्तत्तद्रूपमरूपं विभुमेकं
दत्तात्रेयं तां हृदि सन्तं प्रणतोऽस्मि ॥६॥

જેવી રીતે એક અગ્નિ પ્રત્યેક લાકડીમાં વિવિધ રૂપે રહેલો છે, જેવી પાત્રના (વાસણના) ભેદથી પાણી બહુ આકારવાળું દેખાય છે, તેવી જ રીતે એક, સર્વવ્યાપક અને રૂપરહિત તે તે રૂપવાળા, હૃદયમાં વસનાર તે દત્તભગવાનને હું વંદન કરૂં છું. ૬

यद्भासा रविचन्द्रमसौ तौ भास्वन्तौ
यं भासयितुं नो शक्तौ तौ स्वबलेन ।
यं भान्तं ह्यनुभाति समस्तं तडिदादि
दत्तात्रेयं तां हृदि सन्तं प्रणतोऽस्मि ॥७॥

જેના પ્રકાશથી તે બે સૂર્ય અને ચંદ્ર પ્રકાશમાન થાય છે અને જેને પ્રકાશિત કરવા માટે પોતાના બળથી તે બે સમર્થ નથી અને જેના પ્રકાશમાન થવાથી જળ--

સુંદર, કરુણાના સાગર, નિષ્કામ, કમનીય, દમનશીલ, દેવોથી વખણાએલ, દંભને હણનાર, મેઘ સમાન વર્ણ-વાળા, શાન્ત, સર્વના ઈશ, શમરૂપ, અને માછલી સમાન આંખોવાળા, હૃદયમાં વસનાર તે દત્તાત્રેયના ચરણોમાં હું ઢળી પડું છું. ૫

अग्निश्चैको यत्प्रतिकाष्ठे विविधः स्याद्
यद्वच्चाम्भः पात्रविभेदे बहुरूपम् ।
तद्वत्तत्तद्रूपमरूपं विभुमेकं
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥६॥

જેવી રીતે એક અગ્નિ પ્રત્યેક લાકડીમાં વિવિધ રૂપે રહેલો છે, જેવી પાત્રના (વાસણના) ભેદથી પાણી બહુ આકારવાળું દેખાય છે, તેવી જ રીતે એક, સર્વવ્યાપક અને રૂપરહિત તે તે રૂપવાળા, હૃદયમાં વસનાર તે દત્તભગવાનને હું વંદન કરું છું. ૬

यद्भासा रविचन्द्रमसौ तौ भास्वन्तौ
यं भासयितुं नो शक्तौ तौ स्वबलेन ।
यं भान्तं ह्यनुभाति समस्तं तडिदादि
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥७॥

જેના પ્રકાશથી તે બે સૂર્ય અને ચંદ્ર પ્રકાશમાન થાય છે અને જેને પ્રકાશિત કરવા માટે પોતાના બળથી તે બે સમર્થ નથી અને જેના પ્રકાશમાન થવાથી જળ--

दृष्ट्वा लोकाञ्शोकनिमग्नान्करुणाप्तो
बद्ध्वा सेतुं ज्ञानमयं यश्चिरजीवी ।
निन्ये नन्दं नतसन्नार्तान् दिग्वस्त्रो
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥१०॥

લોકોને શોકમાં ડૂબેલા જોઈ જે કરુણાથી વ્યાપ્ત થયા અને જે ચિરંજીવી દિગંબરે જ્ઞાનરૂપી પૂલ બાંધીને ભક્તો, સત્પુરુષો અને આર્તો (દુઃખી) ને આનંદ આપ્યો તેવા હૃદયમાં વસનાર તે દત્તાત્રેયને હું નમન કરૂં છું ૧૦

निस्त्रैगुण्यः संसृतिभङ्गो निःसङ्गो
बालोन्मत्तपिशाचसुवेषो बहुरङ्गः ।
लीलारूपमरूपो धृत्वा बहु रेमे
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥११॥

ત્રણ ગુણોથી રહિત, સંસારનો ભંગ કરનાર, નિઃસંગ બાલ ઉન્મત્ત, પિશાચના છતાં સુન્દર વેષને ધારણ કરનાર બહુરંગી, જે અરૂપી હોવાં છતાં લીલા માટે અનેક રૂપ ધારણ કરીને રમમાણ થયો તેવા હૃદયમાં વસનારા તે ભગવાન દત્તાત્રેયને હું વંદન કરૂં છું. ૧૧

वासोहीनो वासयतीदं सकलं यो
ह्यन्तर्बाह्यं व्याप्यैकपदे ह्यवशिष्टः ।
आत्मारामो ह्यनविश्रामो वरवर्णी
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥१२॥

જે વસ્ત્રહીન હોવા છતાં સકલ (જગત) ને જે આચ્છાદિત કરે છે, અંદર અને બહાર વ્યાપ્ત થઇને એક પદથી જે અવશિષ્ટ (બાકી) રહ્યો છે તે આત્મારામ, વનમાં વિશ્રામ કરનાર, શ્રેષ્ઠ બ્રહ્મચારી એવા હૃદયમાં વસનાર દત્તાત્રેયને હું પ્રણામ કરૂં છું. ૧૨

वर्णावर्णातीतसुवर्णस्त्वतिवर्णो
धर्माधर्मातीतसुधर्मस्त्वतिधर्मा ।
कर्माकर्मातीतसुकर्मा यः कर्ता
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥१३॥

વર્ણ, અને અવર્ણથી અતીત એવા સુંદર વર્ણવાળો હોવા છતાં જે વર્ણથી પર છે, ધર્મ અને અધર્મથી પર સદ્ધર્મવાળો હોવાં છતાં જે ધર્મથી પર છે અને કર્મ અને અકર્મથી પર એવા સત્કર્મવાળો જે કર્તા છે તેવા હૃદયમાં વસનાર તે દત્તાત્રેય ભગવાનને હું પ્રણામ કરૂં છું. ૧૩

त्यागी भोगी जटिलो मुण्डी यो भिक्षुः
शिक्षार्थं कुरुते मितभैक्ष्यं मध्याह्ने ।
यं ह्यवधूतं नो जानीते हतभाग्यो
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥१४॥

જે ત્યાગી, ભોગી, જટાધારી, મુંડનવાળો અને ભિક્ષુક છે અને (લોકોને) બોધ દેવા માટે મધ્યાહ્નને જે મિતાહાર કરે છે તેવા જે અવધૂત (દત્તાત્રેય) ને હતભાગી

જાણુતો નથી, અંતઃકરણમાં બિરાજમાન તે દત્તાત્રેયને હું પાયે પડું છું. ૧૪

हंसं तमसः पारं सारं नृभवस्य
कालं कालातीतमतीतं विभवस्य ।
गोकुक्कुरसमदृष्टिं दृष्टिं दृष्टेर्हि
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥१५॥

હંસસ્વરૂપ, તમસ્‌ને પેલે પાર વસેલા, મનુષ્ય-જન્મના સારરૂપ, કાલસ્વરૂપ, કાલથી અતીત, ભિન્ન ભિન્ન જન્મોથી પર, તથા ગાય અને કૂતરાં તરફ સમદૃષ્ટિવાળા અને દૃષ્ટિની પણ દૃષ્ટિ એવા હૃદયમાં વસનાર તે ભગવાન દત્તાત્રેયને હું નમું છું. ૧૫

अन्तर्यामी यो बहिरास्ते गुरुरूपो
विष्णुब्रह्मसदाशिवरूपो बहुरूपः ।
दानादित्रितयं यच्छिक्षा त्वकहन्त्री[1]
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥१६॥

અંતર્યામી છતાં જે બહાર ગુરુ સ્વરૂપે વસે છે, વિષ્ણુ બ્રહ્મા અને સદાશિવ સ્વરૂપ જે બહુરૂપી છે, અને દાન(દયા, દમન) વગેરે ત્રણ પ્રકારનો જેનો બોધ પાપને હણનારો છે, હૃદયમાં બિરાજમાન તે દત્તાત્રેયને હું નમું છું. ૧૬

---

१. दुःख मिटानेवाली.

यं ज्ञात्वाऽन्यज्ज्ञातव्यं नो भुवि किञ्चिद्
यं दृष्ट्वाऽन्यद्द्रष्टव्यं नो यद्वर्ज्यम् ।
दृश्यातीतं दृश्यविहीनं दृग्रूपं
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥१७॥

જેને જાણ્યા પછી આ જગતમાં બીજું કંઇ પણ જાણવા જેવું બાકી રહેતું નથી, જેને જોઈને એના સિવાય (આ જગતમાં) બીજું કંઇ જોવા જેવું રહેતુ નથી એવા દૃશ્યથી અતીત, દૃશ્યવિહીન, દૃષ્ટિસ્વરૂપ હૃદયમાં વસનાર તે દત્તાત્રેયને હું પ્રણમું છું. ૧૭

शुद्धं बुद्धमनन्तं निश्चलमनवद्यं
गेयं ध्येयं ज्ञेयमजस्रं सम्राजम् ।
शब्दामेयं शब्दस्फोटं सन्मात्रं
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥१८॥

શુદ્ધ, બુદ્ધ, અનંત, નિશ્ચલ, અનવદ્ય (પ્રશંસનીય) હમેશાં ગાવા (ભજન કરવા) યોગ્ય, હમેશાં ધ્યાન કરવા યોગ્ય, હમેશાં જાણવા યોગ્ય, સમ્રાટ્, શબ્દોથી અમાપ, શબ્દમાં સ્ફોટરૂપે રહેલા, સત્તામાત્ર એવા હૃદયમાં વસનાર તે દત્તાત્રેય ભગવાનને હું વંદન કરૂં છું. ૧૮

भावातीतं भावितभक्तं भवदावं
वन्द्यं वादविवर्जितवेद्यं वनिवर्ज्यम्[१] ।
स्त्रीपुंभेदविहीनमभेदं सुखरूपं
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥१९॥

---

१. निरिच्छ.

ભાવથી પર, ભક્તોને લાડ લડાવનારા, સંસારના દાવાનળ, વંદન કરવા યોગ્ય, વાદ છોડીને જ જે જાણી શકાય છે એવા ઇચ્છારહિત, (જેની દૃષ્ટિમાં) સ્ત્રી, પુરુષ વગેરે ભેદ નથી એવા ભેદરહિત સુખસ્વરૂપ હૃદયમાં વસનાર તે દત્તાત્રેય ભગવાનને હું નમન કરૂં છું. ૧૯

जागरस्वप्नसुषुप्तिविहिनो यो नित्यं
भक्तार्तिघ्नो जागर्तीह प्रत्यक्षम् ।
बाह्याभ्यन्तरपूर्णवरेण्यो वरकिर्ति-
र्दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥२०॥

જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ વિનાના નિત્ય, ભક્તોમાં દુઃખ દૂર કરનાર અને પ્રત્યેક ઇન્દ્રિયમાં (આ લોકમાં) જે જાગતો છે, અંદર અને બહાર પૂર્ણરૂપે ભરેલો છે, પસંદ કરવા યોગ્ય છે, અને ઉત્તમ કીર્તિવાળો છે તેવા હૃદયમાં વસનાર તે દત્તાત્રેય પ્રભુને હું પ્રણામ કરૂં છું. ૨૦

त्रीशं तिष्ये तारकमाद्यं तत्पदद
देहे देहातीतमभेद्यं भक्तेष्टम् ।
आदावन्ते ह्येकमभङ्गं वर'रङ्गं'
दत्तात्रेयं तं हृदि सन्तं प्रणतोऽस्मि ॥२१॥

ત્રણ દેવમય (અથવા ત્રિ–ત્રણ દેવો, ત્રણ ગુણો, ત્રણ અવસ્થાઓ–ના ઇશ સ્વરૂપ), કલિયુગમાં તારક, આદ્ય,

અને તત્પદ (પરમાત્મપદ, મોક્ષ) ને દેનાર, સર્વ દેહમાં દેહથી અતીત, અભેદ્ય, અને ભક્તોનો ઇષ્ટ (વહાલો) તથા આદિ અને અંતમાં એક અભંગ એવાશ્રેષ્ઠ રંગરૂપ હૃદયસ્થ ભગવાન દત્તાત્રેયના ચરણમાં હું પ્રણામ કરૂં છું. ૨૧

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचिता दत्तप्रणतिः सम्पूर्णा ॥

१६. अभिलाषषट्कम्

जटाकिरीटधिक्कृतार्कज्योतिषं सुज्योतिषं
स्फुटारविन्दचन्दिराननं नतार्तिनशनम् ।
सुपुष्टमांसलोरगस्फुरत्करं च षट्करं
कदा विवाससं दृशा विलोकयामि सद्वरम् ॥१॥

૧૬. અભિલાષષટ્ક

જટા ઉપર રહેલા મુકુટ (ના તેજ) થીસૂર્યના તેજને જેમણે ઝાંખું પાડયું છે તેવા સુંદર જયોતિવાળા, ખીલેલા કમળ જેવા સુંદર મુખવાળા; ભક્તજનોના દુઃખનો નાશ કરનાર, તથા અત્યંત પુષ્ટ, માંસલ, છાતી ઉપર પ્રકાશમાન કિરણવાળા અને છ હાથવાળા, નિર્વસ્ત્ર, સત્સ્વરૂપ શ્રેષ્ઠ (દત્તભગવાનને) (મારી) નજરે કયારે જોઇશ? ૧

भवाटवीविलुप्तवीथिमार्गदं दरागदं
विरक्तसक्तभक्तवृन्दवेष्टितं विचेष्टितम् ।

श्मशानकाननाद्रिकन्दरास्थितं दरास्थितं
गुणातिगं गुणस्थितं गृणानि जिह्वया कदा ॥२॥

સંસારરૂપી જંગલમાં ભૂલા પડેલાને માર્ગ બતાવનાર, ભયનું ઓષધ (ભય દૂર કરનાર), વિરાગી અને રાગી ભક્તવૃંદોથી વીંટળાએલા; જાતજાતની ચેષ્ટાઓ કરનાર, સ્મશાન, જંગલ, પર્વતોની કંદરાઓમાં અને ગુફાઓમાં રહેતા, ગુણોથી પર છતાં ગુણોમાં રહેલા (એવા દત્ત ભગવાન) ની પ્રશસ્તિ જીભથી હું કયારે ગાઈશ ? ૨

क्वचिज्जडोपमं पिशाचकादिवेषधारकं
क्वचित्सुवर्णिनं हताश्रमादिवर्णकर्मकम् ।
सुभोगिनं वियोगिवृन्दसवर्चिताङ्घ्रियुग्मकं
कदा पदा नु संव्रजेयमच्युतं हतच्युतिम् ॥३॥

ક્વચિત્ જડ જેવા, કવચિત્ પિશાચ વગેરે વેષને ધારણ કરનાર, કવચિત્ સુંદર વર્ણ (રંગ, જાતિ) વાળા ક્વચિત્ આશ્રમ અને વર્ણના કર્મથી પર, સુંદર ભોગવાળા, વિયોગી (વિશિષ્ટ યોગીઓ) ના સમૂહદ્વારા પૂજાતા ચરણકમળવાળા, અચ્યુત, પતનરહિત દત્તાત્રેય ભગવાન પાસે પગ વડે ચાલીને કયારે જઈશ ? ૩

गलेऽक्षदामधारिणं विहङ्गमार्गचारिणं
सुवेणुमञ्जुलस्वनं सदागमादिकस्वनम् ।
अलर्कपिङ्गलार्जुनादिसेविताङ्घ्रिपंकजं
शिरःसुमेनं[1] पूजयेयमीश्वरं कदा ह्यजम् ॥४॥

---

१. पुष्पसे.

ગળામાં રુદ્રાક્ષની માળા ધારણ કરનાર, પક્ષીઓના માર્ગમાં (અર્થાત્ આકાશમાર્ગે) વિચરનાર, સારી વેણુના મંજુલ સ્વર જેવા અવાજવાળા, સદાય આગમ વગેરેના ગાનાર, અલર્ક, પિંગલ, (સહસ્ર) અર્જુન, વગેરે દ્વારા સેવાતા ચરણકમળવાળા, અજન્મા ઈશ્વર (દત્તાત્રેય) ને મસ્તકરૂપી પુષ્પથી હું ક્યારે પૂજીશ ? ૪

अमूर्तमूर्तसुन्दरं श्रिया परास्तसुन्दरं
तडित्पतीशश्यामलं हृतोपसन्नहृन्मलम् ।
दुरक्षविद्विषं विषार्तिनाशनं सुधाशनं
कदा स्मरामि चेतसा मनोतिगं नु ह्यञ्जसा ॥५॥

અમૂર્ત છતાં સુંદર મૂર્તિવાળા, શોભાથી સુંદરમાં સુંદરને પણ હરાવનાર, મેઘ (વીજળીના પતિ) જેવા શ્યામ અંગવાળા, શરણે આવેલાના હૃદયના મળને હરનાર ઇન્દ્રિયો ઉપર કાબુ નહીં રાખનારના દુશ્મન, (સંસારરૂપી) વિષના દુઃખનો નાશ કરનાર, (જ્ઞાન) સુધાનું પાન કરનાર અને મનથી પર (એવા ભગવાન દત્ત) નું ચિત્ત વડે સાચી રીતે ક્યારે સ્મરણ કરીશ ? ૫

दिगन्तविश्रुताभिधं निरस्तत्रस्तसद्भिदम्
अलभ्यदेशिकोक्तिलभ्यमुक्त्यलभ्यमुक्तिदम् ।
जगत्सदेककारणं भवाभवौघवारणं
कदा नु 'रङ्ग'रङ्गमुक्तमङ्गमुक्तमाश्रये ॥६॥

જેનું નામ દિગંતમાં વિખ્યાત છે, ત્રસ્ત થયેલા સત્પુરુષોના ભયને દૂર કરનાર, દુર્લભ આચાર્યોની ઉક્તિથી

પ્રાપ્ત કરવા યોગ્ય, ઉક્તિથી પર મુક્તિને આપનાર, જગતની સત્તાનું એક માત્ર કારણ, તથા ભવ (જન્મ) અને અભવ (મરણ)ના ઓઘ (પ્રવાહ)ને ખાળનાર (સંસારી) રંગના રંગથી મુક્ત (નિરાકાર) અંગરહિત એવા દત્તાત્રેય પ્રભુનો હું ક્યારે આશ્રય લઈશ? ૬

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाडुणरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितम् अभिलाषषट्कं सम्पूर्णम् ।

१७ दत्तगीतम् ।

गुरुदेवदत्तदिगम्बरं भज भक्तिगम्यमकेश्वरम् ।
सितभूतिलिप्तवराङ्गमसितोदकदश्यामलसुन्दरम् ॥ध्रु०॥

૧૭. દત્તગીતમ્

ભક્તિ વડે ગમ્ય, દુઃખનું નિયંત્રણ કરનાર, સફેદ ભસ્મથી લિપ્ત સુંદર શરીરવાળા અને શ્યામ મેઘ સમાન સુંદર એવા ગુરુદેવ દત્ત દિગંબરનું તું ભજન કર ॥ટેક॥

वरवर्तिमूर्तिमरिन्दमं नतजूर्तिनाशनमव्ययम् ।
भुजषट्कयुतमात्रिजमजं विभुमच्युतं परमं परम् ॥१॥

શ્રેષ્ઠ મૂર્તિવાળા, શત્રુઓ (કામાદિને) દમનાર, ભક્તજનોના સંસાર-તાપનો નાશ કરનાર, અવ્યય, છ હાથવાળા, અત્રિના પુત્ર, અજન્મા, વિભુ, અચ્યુત અને પરમ પરમાત્મા સ્વરૂપ ગુરુદેવ દત્ત દિગંબરનું તુ ભજન કર. ૧

अलकोल्लसच्छिरमण्डितं[१] सुरकिन्नरासुरवन्दितम् ।
*निगमागमागमपण्डितं दरखण्डितं चन्दिरमुखम् ॥२॥

१. वा.क (*) निगमाश्च अगमाश्चते आगमाश्चेति निगमागमामाग:

સુદંર વાળથી શોભતા મસ્તકવાળા, દેવો, કિન્નરો અને દાનવોથી વંદન કરાએલ, નિગમ (વેદો), ન સમજાય તેવા આગમો (શાસ્ત્રો) ના પંડિત, ભયનો નાશ કરનાર, સુંદર મુખવાળા ગુરુદેવ દત્ત દિગંબરનું તું ભજન કર. ૨

शरदम्बुजेक्षणतारकं २वृन्दारबिम्बाधरधरम् ।
३वृधसानवृन्दारकवृतं ४वन्दारुवेष्टितमन्दिरम् ॥३॥

શરદકાળના કમળસમાન, આંખોની કીકીવાળા,મોહક લાલ હોઠને ધારણ કરનાર, મનુષ્યો અને દેવોથી વીંટળાએલા, સ્તુતિ કરનાર (ભાટ) લોકોથી વીંટળાએલ મંદિરવાળા ગુરુદેવ દત્ત દિગંબરનું તું ભજન કર. ૩

मन्दाकिनीकृतमज्जनं परिव्राजकं शिक्षापरम् ।
सह्याचलाश्रममस्करीशं शङ्करं दर्शितपरम् ॥४॥

ગંગા નદીમાં સ્નાન કરનાર, પરિવ્રાજક (ચારે બાજુ ફરનાર; બોધ દેનાર, સહ્યાચલ આશ્રમમાં દંડધારી, શિવ કરનાર, પરબ્રહ્મને બતાવનાર ગુરુદેવ દત્ત દિગંબરનું તું ભજન કર. ૪

गोश्वानक्रीडनकौतुकं कन्दर्पदर्पदवानलम् ।
शून्यालये गिरिगह्वरे दाहस्थले कृतकन्दरम् ॥५॥

---

२. (i) आकर्षक; मोहक (ii) विशाल. ३. मनुष्य और देवोंसे परिवृत. ४ भाट.

ગાય, કૂતરા સાથે રમવાની લીલા કરનાર, કામદેવના અભિમાનને માટે દાવાનળ સમાન, નિર્જન સ્થાનમાં ગિરિની કન્દરામાં, સ્મશાનભૂમિમાં નિવાસ કરનાર ગુરુ-દેવ દત્ત દિગંબરનું તું ભજન કર. ૫

५स्वसुहितकृतं स्वान्तस्थितं सच्चित्सुखात्मकविग्रहम्६ ।
७हतविग्रहं धृतविग्रहं ग्रहपीडनार्तिहरं हरम् ॥६॥

ભક્તોનું ઉત્તમ કલ્યાણ કરનાર, પોતાના અંતઃકરણમાં સ્થિત, સચ્ચિદાનંદસ્વરૂપ શરીર ધારણ કરનાર, યુદ્ધ ટાળનાર, સગુણ સ્વરૂપ ધારણ કરનાર, ગ્રહોનાં નડતરનાં દુઃખને હણનાર શિવસ્વરૂપ ગુરુદેવ દત્ત દિગંબરનું તું ભજન કર. ૬

वनवल्कलाच्छादिततनुं तनुमध्यकोमलवरतनुम् ।
तनुमुक्तमुक्तनृनुततनुं तनुभृन्नुतं तनुमन्दिरम् ॥७॥

વનના વલ્કલોથી આચ્છાદિત શરીરવાળા, પાતળી કેડવાળા, કોમળ અને સુંદર શરીરવાળા, શરીરરહિત, મુક્ત પુરુષો વડે સ્તુતિ કરાતા શરીરવાળા શરીરધારીથી પ્રશંસિત અને નાના ઘરવાળા (અથવા શરીરરૂપી મંદિર-વાળા) ગુરુદેવ દત્ત દિગંબરનું તું ભજન કર. ૭

वरवर्णिनं वर्णत्विषं८ वर्णातिगं वर्णिप्रियम् ।
वरवर्णितं वर्णितवरं वरवर्ण्यलिप्तशरीरकम् ॥८॥

---

५. भक्तों का अति कल्याण करनेवाला ६ शरीर. ७. युद्ध. ८. सूर्य के समान है कान्ति जिसकी

શ્રેષ્ઠ બ્રહ્મચારી, સૂર્ય સમાન કાંતિવાળા, વર્ણ (રંગ, જાતિ) થી પર, વર્ણી (ચારે વર્ણો ના પ્રિય, શ્રેષ્ઠ લોકો) થી વર્ણન કરાયેલા, શ્રેષ્ઠ (બ્રહ્મ) નું વર્ણન કરનારા, ઉત્તમ કેસર વગેરેથી લિપ્ત શરીરવાળા ગુરુદેવ દત્ત દિગંબરનું તું ભજન કર. ૮

दरशूलडमरुरथाङ्गमालाऽमत्रशोभितकरतलम्[१] ।
भुक्तिप्रदं मुक्तिप्रदं 'रङ्गा'ग्नितोयदसद्वरम् ॥९॥

શંખ, ત્રિશૂલ, ડમરુ, ચક્ર, માલા, અને કમંડલુથી શોભિત હાથવાળા, ભુક્તિ આપનાર, મુક્તિ આપનાર સંસારના દાવાગ્નિને (શમાવવામાં) વાદળ સમાન, સત્ સ્વરૂપ, વરેણ્ય ગુરુદેવ દત્ત દિગંબરનું તું ભજન કર. ૯

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं दत्तगीतं सम्पूर्णम् ।

१८ दत्तस्तवनम् ।

दत्त दत्ताखिलश्रेष्ठ देहि मे दत्तमद्वयम् ।
अद्वयाचिन्त्य मा देहि दरारिकर मे द्वयम् ॥१॥

૧૮. દત્તસ્તવનમ્

સર્વસ્વ આપીને સર્વશ્રેષ્ઠ હે દત્ત! મને અદ્વૈતનું દાન કર; હે અદ્વય! અચિન્ત્ય! હાથમાં શંખવાળા મને દ્વૈત આપીશ નહીં ૧

नमस्त्वग्रे पृष्ठे परित उत ते सर्वग नमो
दिवानक्तं नक्तंचरदलन ते दादद नमः ।
किमायाचे त्वां भो यतिवर तवास्तां मयि दया
वदान्यस्त्वादृक् कः क इह वद मत्तो वनिवशः ॥२॥

હે સર્વ ઠેકાણે ગમન કરનાર ! આપને આગળ પાછળ અને ચારે બાજુથી નમસ્કાર હો ! રાત્રી દિવસ રાક્ષસોનો સંહાર કરનાર, રક્ષણ આપનાર આપને નમસ્કાર હો ! આપની પાસે હે યતિવર, હું શું માગું ? મારા ઉપર તારી દયા હો ! તારા જેવો, દાની અહીં કોણ છે અને મારા જેવો કહે, બીજો કોણ માગનાર वनिवश=ઃ ઈચ્છાઓને વશ) છે? ૨

वने वनवरैर्वृतं पुरवरे पुरन्ध्रीनुतं
हसन्तमनिशं मुदा शिशुपिशाचकोन्मत्तकम् ।
उदुम्बरतलस्थितं बुधवरावधूतं कदा
सदा स्वजनशंवदं[१] वररुचिं नु वीक्षे दृशा ॥३॥

વનમાં વનચરોથી વીંટળાએલા, સુંદર નગરમાં ગૃહસ્થ સ્ત્રીઓથી પ્રશંસા પામનાર, અહર્નિશ આનંદથી હસતા, બાળક, પિશાચ અને ઉન્મત્ત સ્વરૂપ, ઔદુંબર તળે ઊભા રહેલા, જ્ઞાનીઓમાં શ્રેષ્ઠ અવધૂતરૂપ, ભક્તોને સુખ આપનાર, ઉત્તમ રુચિ (પ્રકાશ, મૂર્તિ) વાળા (દત્ત ભગવાનને) હું ક્યારે સદા સર્વદા આંખોથી જોવાને સમર્થ થઈશ ? ૩

---

१. भक्तोंको सुख देनेवाला.

वन्दे योगिवरं परात्परतरं वन्देऽनसूयात्रिजं
वन्दे बालजडोपम निरुपमं वन्देऽवधूतं नुतम् ।
वन्दे कञ्जपदं मदं हृतगदं वन्दे निरस्तापदं ।
वन्दे भक्तहृदम्बुजार्कममलं वन्दे त्र्यरिष्टानलम् ॥४॥

પરથી પણ અધિક પર એવા યોગિશ્રેષ્ઠને હું નમું છું, અનસૂયાના પુત્રને હું વંદું છું; બાળ અને જડની ઉપમા આપી શકાય તેવા અનુપમને હું વંદન કરૂં છું; અવધૂતસ્વરૂપ, પ્રશંસા કરી શકાય તેવા દત્તને હું નમન કરૂં છું; કમળ સમાન ચરણોવાળા, મદરૂપી રોગને મારી હટાવનારને હું પ્રણમું છું. આપદાઓને દૂર કરનારને હું નમું છું, ભકતોના હૃદયરૂપી કમળને ખીલવનારને સૂર્ય સમાન નિર્મળ દત્તને હુ પ્રણમું છું અને ત્રિવિધ અરિષ્ટ (તાપ) ના નાશક દત્તના ચરણે હું પ્રણામ કરૂં છું. ૪

श्रीदत्तः शरणं ममेति गदतो दत्तं सदा ध्यायतो
दत्तेनाहृतचेतसः किमु भयं दत्ताय-तुभ्यं नमः ।
दत्ताज्जातमिदं चराचरमरं दत्तस्य दाम्नि स्थितं
दत्ते चैव विलीयते सरभसं भो दत्त कस्त्वत्परः ॥५॥

'શ્રીદત્ત એજ મારૂં શરણ છે' એમ બોલતાં બોલતાં દત્તનું સદા ધ્યાન ધરતાં દત્તથી ખેંચાએલા અંતઃકરણ-વાળાને ભય કયાંથી ? હે દત્ત આપને નમસ્કાર હો ! દત્તથી જ આ ચર અને અચર સર્વ તરત જ જન્મ્યું છે, દત્તના આધારે જ સ્થિત છે અને દત્તમાં જ અંતે

શીઘ્રતાથી વિલીન થાય છે. દત્ત આપનાથી પર કોણ છે ? (અર્થાત્ કોઇ નથી) ૫

श्रीदं धीदं सुदंतं हतनततततं[२] तारकं रम्यरम्यं
नौमि श्रीमित्रमित्रां सुरनरवरदं देशिकं शिष्यशिष्यम् ।
शाधि स्वं धिष्ण्यधिष्ण्यं हर दरमरसं मा त्यज त्यक्तत्यक्तं
मां बालं बाह्यबाह्यं सुतमुत तत हे तारयो रङ्क-'रङ्गम्'॥६॥

શ્રી આપનાર, બુદ્ધિ આપનાર, સુદંર દંતપંકિતવાળા, ભકતોના વિષયાધ્યાસનો વિસ્તાર રોકનાર, તારનાર, સુંદરમાં સુંદર, કુબેરના મિત્ર (શ્રીમિત્ર), દેવો અને મનુષ્યોને વરદાન આપનાર, આચાર્ય (છતાં) શિષ્યોના પણ શિષ્યને હું નમન કરૂં છું. ત્યજાએલથી પણ ત્યકત, બાહ્યમાં પણ બાહ્ય એવા પુત્રરૂપ બાળકને હે તત ! તું ત્યજીશ નહી. હે પ્રભુ આ રંક રંગનો ઉદ્ધાર કર. ૬

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं दत्तस्तवनं सम्पूर्णम् ।

१९ दत्तभजनम्

श्री अनसूयानन्दन दत्त भक्तकामकल्पद्रुम दत्त
विघ्नाम्बुधिशतभास्कर दत्त धूल्यङ्किततनुधूसर दत्त
सुरनरमुनिकिन्नरनुत दत्त यज्ञयागजपतोषित दत्त ६

---

२. त=विषयाध्यास.

૧૯. દત્તભજનમ્

શ્રી અનસૂયાના પુત્ર દત્તાત્રેય ભગવાન
ભકતોની કામનાઓના કલ્પવૃક્ષ
વિઘ્નોના સેંકડો દરિયાઓને સૂકવી નાખવામાં સૂર્ય સમાન
ધૂળથી અંકિત થએલ શરીરને લીધે રાખોડિયા રંગવાળા
દેવો, મનુષ્યો, મુનિઓ, કિન્નરોથી પ્રશંસા કરાયેલા
યજ્ઞ, યાગ અને જપ વડે સંતુષ્ટ કરાએલા ૬

दण्डकमण्डलुशोभित दत्त भुक्तिमुक्तिसौख्यप्रद दत्त
संसाराम्बुधिपारण दत्त कलिकल्मषसुविदारण दत्त १०

(હાથમાં) દંડ કમંડલુથી શોભાયમાન.
ભોગ અને મોક્ષના સુખને આપનાર સંસારરૂપી
સમુદ્રમાંથી પાર કરનાર.
કળિકાળનાં પાપોને દૂર કરનાર (વિદારણ=કાપી નાખનાર) ૧૦

भागीरथ्यवगाहन दत्त कोल्हापुरभिक्षाटन दत्त
गिरिवरसानुकृतालय दत्त मातापुरशयनालय दत्त १४

ગંગામાં ડૂબકી મારનાર. કોલ્હાપુરમાં ભિક્ષા માટે ફરનાર.
પર્વતોના શિખરો ઉપર નિવાસ કરનાર.
માહુરગઢ (રેણુકામાતાનું સ્થાન) છે શયનનું સ્થાન જેમનું તે ૧૪

सुरनरमुनिवरदेशिक दत्त सर्वसुधर्मविनायक दत्त
गीतरागनृत्यप्रिय दत्त सर्वकर्मसाक्ष्यक्रिय दत्त १८

દેવો, મનુષ્યો, મુનિશ્રેષ્ઠોના આચાર્ય (દેશિક=ગુરુ, ઉપદેશક)
બધાજ સારા (શ્રેષ્ઠ) ધર્મોના વિશિષ્ટ નાયક (ધર્માધિકારી)
ગીત, રાગ અને નૃત્ય જેને પ્રિય છે એવા.
સર્વ કર્મોના સાક્ષીસ્વરૂપ અને અક્રિય (ઉદાસી) ૧૮

स्वधर्मपालनरतनुत दत्त बाह्याडम्बरवर्जित दत्त
भूतप्रेतविद्रावक दत्त नित्यसत्यप्रचारक दत्त २२

પોતાના ધર્મનું પાલન કરવામાં રત એ રીતે બધાથી
સ્તુતિ કરાએલ.
બાહ્ય આડંબર (ઢોંગ) રહિત. ભૂત અને પ્રેત આદિને ભગાડનાર.
હંમેશાં સત્યનો જ પ્રચાર કરનાર ૨૨

कर्पटकन्थाधारक दत्त विद्यावारिधिमौक्तिक दत्त
जारणमारणमारण दत्त उच्चाटनसंनाशन दत्त २६

કપડાંનાં ચીંથરાંની કંથા (ગોદડી) ધારણ કરનાર
વિદ્યારૂપી સમુદ્રના મોતીસ્વરૂપ (એટલે સમસ્ત વિદ્યા
ઓના સારરૂપ).
જારણ મારણ (વગેરે મેલી વિદ્યા) ના પણ મારણ (નાશ
કરનારા). ઉચ્ચાટનનો સારી રીતે નાશ કરનાર ૨૬

ग्रहपीडनविनिवारण दत्त आधिव्याधिविदारण दत्त
दारिद्र्यार्णविमोचन दत्त आनन्दाब्ध्युन्मज्जन दत्त ३०

ગ્રહોની પીડાનું વિશેષ નિવારણ કરનાર
આધિ, વ્યાધિ (અને ઉપાધિને) ટાળનાર

પિશાચવત્ આચરણ કરનાર
નર્મદાના કિનારે કિનારે પરિક્રમા કરનાર ૪૬

परमहंसपरिव्राजक दत्त नग्नोन्मत्तक्षपणक दत्त
आत्मशास्त्रसुविशारद दत्त आशापाशविनिर्गत दत्त ४६

પરમહંસ સ્વરૂપ સંન્યાસી
નગ્ન (દિગંબર), ઉન્મત્ત અને ક્ષપણક (જૈન યા બૌદ્ધ સાધુનો એક પ્રકાર) સ્વરૂપ. આત્માના શાસ્ત્ર (વેદાંત)માં સંપૂર્ણ પારંગત. આશાના પાશમાંથી સંપૂર્ણ રીતે નીકળી ગએલ (મુક્ત બનેલ) ૬૪

सदा सर्वदा निर्मल दत्त धूताखिलचित्तनिरामय दत्त
कर्मबाह्यकर्मप्रिय दत्त धर्मबाह्यधर्मप्रिय दत्त ५०

હર હંમેશ નિર્મળ
ધોઇ નાખેલા (પવિત્ર) ચિત્તવાળા અને રોગરહિત (સંપૂર્ણ તદુરસ્ત)
કર્મથી રહિત (બાહ્યકર્મ વિનાનો) છતાં કર્મપ્રિય
ધર્મથી રહિત (બાહ્ય ધર્મ વિનાનો) છતાં ધર્મપ્રિય ૫૦

कर्माकर्मविवर्जित दत्त धर्माधर्मविवर्जित दत्त
मानामानाकम्पित दत्त रागद्वेषावञ्चित दत्त ५४

કર્મ અને અકર્મથી તદ્દન વર્જિત. ધર્મ અને અધર્મથી તદ્દન વર્જિત માન અને અપમાનથી ચલિત ન થનાર
રાગ અને દ્વેષથી છેતરાનાર ૫૪

પિશાચવત્ આચરણ કરનાર
નર્મદાના કિનારે કિનારે પરિક્રમા કરનાર ૪૨

परमहंसपरिव्राजक दत्त नग्नोन्मत्तक्षपणक दत्त
आत्मशास्त्रसुविशारद दत्त आशापाशविनिर्गत दत्त ४६

પરમહંસ સ્વરૂપ સંન્યાસી
નગ્ન (દિગંબર), ઉન્મત્ત અને ક્ષપણક (જૈન યા બૌદ્ધ સાધુનો એક પ્રકાર) સ્વરૂપ. આત્માના શાસ્ત્ર (વેદાંત)માં સંપૂર્ણ પારંગત. આશાના પાશમાંથી સંપૂર્ણ રીતે નીકળી ગએલ (મુક્ત બનેલ) ૬૪

सदा सर्वदा निर्मल दत्त धूताखिलचित्तनिरामय दत्त
कर्मबाह्यकर्मप्रिय दत्त धर्मबाह्यधर्मप्रिय दत्त ५०

હર હંમેશ નિર્મળ
ધોઇ નાખેલા (પવિત્ર) ચિત્તવાળા અને રોગરહિત (સંપૂર્ણ તંદુરસ્ત)
કર્મથી રહિત (બાહ્યકર્મ વિનાનો) છતાં કર્મપ્રિય
ધર્મથી રહિત (બાહ્ય ધર્મ વિનાનો) છતાં ધર્મપ્રિય ૫૦

कर्माकर्मविवर्जित दत्त धर्माधर्मविवर्जित दत्त
मानामानाकम्पित दत्त रागद्वेषावञ्चित दत्त ५४

કર્મ અને અકર્મથી તદ્દન વર્જિત. ધર્મ અને અધર્મથી તદ્દન વર્જિત માન અને અપમાનથી ચલિત ન થનાર
રાગ અને દ્વેષથી છેતરાનાર ૫૪

પિશાચવત્ આચરણ કરનાર
નર્મદાના કિનારે કિનારે પરિક્રમા કરનાર ૪૨

परमहंसपरिव्राजक दत्त नग्नोन्मत्तक्षपणक दत्त
आत्मशास्त्रसुविशारद दत्त आशापाशविनिर्गत दत्त ४६

પરમહંસ સ્વરૂપ સંન્યાસી
નગ્ન (દિગંબર), ઉન્મત્ત અને ક્ષપણક (જૈન યા બૌદ્ધ સાધુનો એક પ્રકાર) સ્વરૂપ. આત્માના શાસ્ત્ર (વેદાંત)માં સંપૂર્ણ પારંગત. આશાના પાશમાંથી સંપૂર્ણ રીતે નીકળી ગએલ (મુક્ત બનેલ) ૬૪

सदा सर्वदा निर्मल दत्त धूताश्चित्तनिरामय दत्त
कर्मबाह्यकर्मप्रिय दत्त धर्मबाह्यधर्मप्रिय दत्त ५०

હર હંમેશ નિર્મળ
ધોઇ નાખેલા (પવિત્ર) ચિત્તવાળા અને રોગરહિત (સંપૂર્ણ તંદુરસ્ત)
કર્મથી રહિત (બાહ્યકર્મ વિનાનો) છતાં કર્મપ્રિય
ધર્મથી રહિત (બાહ્ય ધર્મ વિનાનો) છતાં ધર્મપ્રિય ૫૦

कर्माकर्मविवर्जित दत्त धर्माधर्मविवर्जित दत्त
मानामानाकम्पित दत्त रागद्वेषावञ्चित दत्त ५४

કર્મ અને અકર્મથી તદ્દન વર્જિત. ધર્મ અને અધર્મથી તદ્દન વર્જિત માન અને અપમાનથી ચલિત ન થનાર
રાગ અને દ્વેષથી છેતરાનાર ૫૪

पापपुण्यपरिवर्जित दत्त नित्यानन्दसमन्वित दत्त
मितमाधूकरभोजन दत्त वेदैकाक्षरकूजन दत्त ७०

પાપ અને પુણ્યથી સર્વપ્રકારે વર્જિત
હંમેશા આનંદથી જ યુક્ત
માફકસર મધુકરી (ભિક્ષા) માગી ભોજન કરનાર
વેદના એક અક્ષર (ૐકાર)નું રટન ૭૦

वादविवादतिरोहित दत्त सुखसंवादप्रकाशित दत्त
राजराजसंपूजित दत्त हीनदीनसंपूजित दत्त ७४

વાદ અને વિવાદથી તિરોહિત (દૂર રહેનાર)
સુખ આપે તેવા સંવાદ દ્વારા પ્રકાશિત થનાર
રાજાઓના પણ રાજા (કુબેર) દ્વારા સારી રીતે પૂજાએલ
હીન (કચડાએલ) અને દીન (ગરીબ, દુઃખી)થી પણ સારી રીતે
પૂજાએલ ૭૪

संन्यासाश्रमबहुमत दत्त नैष्ठिकवाडवबहुमत दत्त
सुरनरमुनिगणप्रार्थित दत्त बाहषट्कसुषमान्वित दत्त ७८

સંન્યાસ આશ્રમને બહુમાન આપનાર
નૈષ્ઠિક બ્રહ્મચારી અને બ્રાહ્મણો દ્વારા બહુમાન કરાએલ
દેવો મનુષ્યો અને મુનિઓ દ્વારા પ્રાર્થના કરાએલ
છ હાથની શોભાથી યુક્ત ૭૮

मुखशशिजितरजनीकर दत्त रविविधुतारकभास्कर दत्त
त्र्यायुधमण्डितवरनुत दत्त नानारूपविभूषित दत्त ८२

મુખરૂપી ચંદ્રથી ચંદ્રને જીતનાર (એટલે ચંદ્ર કરતાં પણ સુંદર મુખવાળા). સૂર્ય, ચંદ્ર અને તારાઓને પ્રકાશિત કરનાર ત્રણે દેવોના આયુધોથી શોભતા અને શ્રેષ્ઠોથી પ્રશંસા પામેલા અનેક પ્રકારના રૂપોથી શોભતા ૮૨

आत्रेयानन्दप्रद दत्त मन्त्रतन्त्रसुविशारद दत्त
वैदिकधर्मप्रचारक दत्त नास्तिकवादविदूषक दत्त ८६

અત્રિના પુત્ર અને આનંદ આપનાર.
મંત્ર ને તંત્રમાં સંપૂર્ણ પારંગત
વૈદિકધર્મના પ્રચારક.
નાસ્તિકવાદની મશ્કરી કરનાર (વિદૂષક) ૮૬

पादपद्मजितपङ्कज दत्त अनिलाश्वारूढात्रिज दत्त
पञ्चमकारसुदूरग[1] दत्त विध्वंसितसंसृतिनग दत्त ९०

ચરણરૂપ કમળથી કમળને જીતનાર
પવનરૂપી ઘોડા ઉપર આરૂઢ થએલ અને અત્રિના પુત્ર
પાંચ પ્રકારના મ-કારથી દૂર સુદૂર જનાર (માંસ મદિરા મૈથુન મત્સ્ય, અને તપ્ત મુદ્રા). સંસારરૂપ પર્વતને તોડનાર ૯૦

वागर्थप्रतिपादक दत्त सत्यार्थप्रविबोधक दत्त
पण्डितगुणिजनमण्डित दत्त दुर्जनदुर्मुखदण्डित दत्त ९४

વાણી અને અર્થને પ્રતિપાદન કરનાર (=બોલેલું આચરનાર
સત્ય અર્થનો ખૂબ બોધ કરનાર

---

१ मांस, मदिरा, मैथुन, मत्स्य और (तप्त) मुद्रा.

પંડિતો અને ગુણીજનોથી શોભિત
દુર્જનો અને દુષ્ટ મુખોવાળાને દંડ દેનાર ૯૪

विषयविदग्धविदूषित दत्त सज्जनहरिजनसंस्तुत दत्त
नानातर्कप्रभञ्जन दत्त निर्मल नित्य निरञ्जन दत्त ९८

વિષયોમાં રચ્યાપચ્યા રહેનાર લોકો વડે દૂષિત કરાએલ
સજ્જનો અને હરિજનો દ્વારા સ્તુતિ કરાએલ
વિવિધ તર્કનું ખંડન કરનાર. નિર્મળ નિત્ય અને નિરંજન ૯૮

पाखण्डप्रियखण्डित दत्त सद्धर्माचरणावृत दत्त
खेचरभूचरमार्गद दत्त ब्रह्मक्षत्रविट्शूद्रप दत्त १०२

પાખંડ જેને પ્રિય છે એવાઓનું ખંડન કરનાર
સારા ધર્મનું આચરણ કરનારથી વીંટળાએલ
દેવો (ખેચર) અને મનુષ્યો (ભૂચર)ને માર્ગ બતાવનાર
બ્રાહ્મણ, ક્ષત્રિય વૈશ્ય અને શૂદ્રનું પાલન કરનાર ૧૦૨

ब्रह्मचारिगृहिवनस्थ दत्त देशिकवरसंपूजित दत्त
नारदतुम्बरकीर्तित दत्त साधुवृन्दपरिनर्तित दत्त
ब्रह्मानन्दपरिप्लुत दत्त कैवल्यामृतपानद दत्त १०८

બ્રહ્મચારી ગૃહસ્થ અને વનસ્થ (વાનપ્રસ્થી) સ્વરૂપ
આચાર્ય શ્રેષ્ઠથી પણ પૂજાએલ
નારદ, તુંબર વગેરે ઋષિઓ દ્વારા કીર્તન કરાએલ
જેની ચારે બાજુ સાધુઓ વીંટળાએલા છે તે (પરિનર્તિત
–નાચતા વીંટળાએલા)

બ્રહ્માનંદમાં સારી રીતે તરનાર
મોક્ષરૂપી અમૃતનું પાન કરાવનાર ૧૦૮

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचितम दत्तभजनं सम्पूर्णम्

२० श्रीदत्तपद्यानि

पद (चाल-पांडुनृपति०)

पांसुवलितसर्वतनुं दत्तगुरुं दिगम्बरम् ।
अत्रिसुतं योगिवरं नमत मानवाः ॥ध्रु०॥

૨૦. શ્રીદત્તપદ્યાનિ

[આ પદ્યમાં મૂળ સંસ્કૃતમાં પ્રત્યેક ટૂકના આદ્ય અક્ષરોમાં પૂ. બાપજીએ પોતાનું પાંડુરંગ નામ ગૂંથી લીધું છે.]

ધૂળથી જેનું આખું શરીર ખરડાએલ છે તેવા દત્ત-ગુરુ દિગંબર અત્રિના પુત્ર યોગીવરને હે માનવો નમસ્કાર કરો. ધ્રુ૦

[1]'डुकृञ् करणे' न वरं कालहरं कष्टप्रदम् ।
भुक्तिमुक्तिसौख्यकरं भजत रे जनाः ॥पांसु०॥१॥

શાબ્દિક પાંડિત્ય (પાણિનીના डुकृञ् करणे જેવાં સૂત્રોની કેવળ ગોખણપટ્ટી કરવી) એ શ્રેષ્ઠ માર્ગ નથી,

---

१. शाब्दिक पाण्डित्यका निदर्शक है·

તે તો સમયને વેડફનાર છે અને કષ્ટદાયક છે. હે માનવો, ભુક્તિ અને મુક્તિનું સુખ આપવાવાળા (દત્તાત્રેય) નું ભજન કરો. १

रंगरागदोषहरं पापदरं पुण्यसरम् ।
शूलडमरुशंखधरं यात शंकरम् ॥पांसु०॥२॥

રંગ અને રાગના દોષને હરનાર, પાપનો નાશ કરનાર, પુણ્યનું સરોવર, ત્રિશૂલ, ડમરુ અને શંખને ધારણ કરનાર એ કલ્યાણકારી (દત્તાત્રેયને શરણે) જાઓ. २

गगनकुसुमविषयवशं मेहि मनः सर्वहरम् ।
[1]आवृताक्षमन्तरजं ध्यायतात्रिजम् ॥पांसु०॥३॥

હે મન ! બધું જ હરી લેનાર અને આકાશ કુસુમ જેવા (મિથ્યા) વિષયોને તું વશ થઇશ નહીં. ઈંદ્રિયોને અંતર્મુખ કરી અંદર રહેલા (અંતર્યામી) અત્રિના પુત્ર દત્તાત્રેયનું ધ્યાન કર. ३

२१ (चाल-भाव बता दे०)

दत्तगुरुं त्वां भज मन एकमनेकम् ॥ध्रु०॥
दुर्लभमानुषदेहमवाप्य । कर्तव्यं खलु निजहितमाद्यम्
स्मर्तव्यं गुरुधाम सदैवम् । भवजलतारम् ॥भज०॥१॥

---

१. इंद्रियोंको अन्तर्मुख करके.

૨૧.

હે મન ! તું અનેકરૂપ ધારી (છતાં) એક એવા દત્તગુરુને ભજ. ધ્રુ૦

દુર્લભ મનુષ્યદેહને પ્રાપ્ત કરીને પોતાનું હિત પ્રથમ કરી લેવું જોઈએ. ભવસાગરમાંથી તારનાર ગુરુનું ધામ સદા સર્વદા યાદ કરવું જોઈએ. ૧

सुरनरमुनिजनवन्दितपादम् । भक्तकामकल्पद्रुममीडयम् ।
तापत्रयदावानलमेकम् । पापहुताशम् ॥भज०॥२॥

દેવો, મનુષ્યો, મુનિજનો દ્વારા વંદાએલા ચરણવાળા ભક્તોની ઈચ્છા પૂર્ણ કરનાર કલ્પવૃક્ષ, સ્તુતિ કરવા લાયક, ત્રિવિધ તાપના દાવાનળ, એક માત્ર, પાપને (બાળનાર) અગ્નિસ્વરૂપ દત્તગુરુનું હે મન ! તું ભજન કર. ૨

औदुम्बरतलकृतवास्तव्यम् । नित्यजाह्नवीस्नातशुभाङ्गम् ।
दण्डकमण्डलुशोभितहस्तम् । [1]मस्करिनाथम्॥भ ज०॥३॥

ઔદુંબરની નીચે વાસ કરનારા, પોતાના શુભ અંગોને ગંગામાં નિત્ય સ્નાન કરાવનાર, અને દંડ-કમંડલુથી શોભિત હસ્તવાળા સંન્યાસી દત્તગુરુનું હે મન! તું ભજન કર. ૩

---

१. मस्करिन्–संन्यासी.

भक्तजनार्पितमुक्तिसरोजम् बोधामृतनाशितभवरोगम् ।
आनन्दाप्लवप्लावितशोकम् । 'रङ्ग'-सखायम् भज०॥४॥

ભક્તજનોને જેમુ ક્તિરૂપી કમળ અર્પે છે, બોધામૃત પાઇને જે ભવરોગનો નાશ કરે છે અને આનંદમાં ડૂબકી મરાવીને શોકને ધોઇને નાખે છે તેવા રંગનાં સખાસ્વરૂપ દત્તનું તું ભજન કર. ૪

२२ (चाल-इस तन धनकि)

दत्तगुरुं त्वं भज मन एकम् ।
नास्ति द्वितीयं ते शरणं कौ ॥धृ०॥
काषायाम्बरधृतबहुवेषम् ।
पालितभक्तनिवहमजमीशम् ॥दत्त०॥१॥

૨૨.

હે મન! તું એક માત્ર દત્તાત્રેયને ભજ. આ પૃથ્વીમાં બીજો કોઈપણ તારું શરણુ નથી. ધ્રુ૦

કષાય વસ્રધારી અને અનેક વેષ ધારણ કરનાર, ભક્ત સમૂહનું પાલન કરનાર, અજ ઈશ્વર એવા તે દત્તગુરુને હે મન! તું ભજ. ૧

दुस्तरभवजलनिधिकृतपारम् ।
नाशिततापदवानलतैक्ष्ण्यम् ॥दत्त०॥२॥

તરવા કઠીન એવા ભવરૂપી સાગરને પાર કરાવનાર, (ત્રિવિધ) તાપરૂપી દાવાનળની તીક્ષ્ણતાનો નાશ કરનાર, દત્તગુરુને હે મન! તું ભજ. ૨

हिममौक्तिकवत्तरलसंसृतिम् ।
त्यक्त्वा 'रङ्ग' प्रयाहि शरण्यम् ॥दत्त०॥३॥

ઝાકળ બિન્દુની માફક ક્ષણભંગુર આ સંસારને છોડીને હે રંગ! તે શરણ્યને શરણે જા. ૩

२३ (चाल–उद्धवा शांतवन०)

भज दत्तं दण्डितजम्भं कलिकालं त्वत्रिसुतं तम् ॥ध्रु॥
दिग्वस्त्रविभूषितकायं दमिताक्षं त्वेकमनेकम् ॥
भक्तार्चितदिव्यपदाब्जं मुनिराजं मोक्षतरुं तम् ।
शरणागतदुःखहुताशं करुणाब्धिं शान्तिसरोजम् ॥
मृगमदतिलकाङ्कितभालं [१]मौल्यङ्कितमूर्धसुरेशम् ।
भस्माङ्कितसर्वतनुं तं शिशुमत्तपिशाचसुवेषम् ॥भज०॥

२३.

જંભ દૈત્યને દંડ દેનાર, કળિના કાળસ્વરૂપ તે અત્રિસુત દત્તાત્રેયને તું ભજ. ધ્રુ૦

१. मौलिना–जटाजूटेन, अङ्कितो मूर्धा यस्य सः= मौल्यङ्कितमूर्धा, स चासौ सुरेशश्चेति कर्मधारयः ।

દિશાઓના વસ્ત્રથી શરીરને વિભૂષિત કરનાર, ઈન્દ્રિયોનું દમન કરનાર, એક છતાં અનેક રૂપધારી, ભક્તો વડે પૂજાતા દિવ્ય ચરણકમળવાળા, મુનિરાજ તે મોક્ષ (રૂપી ફળ આપનાર) વૃક્ષને ભજ. શરણે આવેલાના દુઃખનો (નાશ કરનાર), અગ્નિ (સ્વરૂપ), કરુણાસાગર. શાંતિરૂપી કમળ (ધારણ કરનાર), કસ્તુરીથી કપાળ ઉપર તિલક કરનાર, જટાજૂટથી મસ્તકને અંકિત કરનાર, સુરેશ્વર, આખા શરીરને ભસ્મથી અંકિત કરનાર, તે બાળ, ઉન્મત્ત અને પિશાચના સુંદર વેષ ધારણ કરનાર દત્તને તું ભજ. ૧

श्वक्रीडनकौतुकखेलं भक्तार्पितकामकुबेरम् ।
निगमान्तविपिनशार्दूलं भवसिन्धुतरणवरनावम् ।
स्रग्भाजनवाद्यत्रिशूलशंखारिसनाथमनाथम् ॥
सौन्दर्यसमुद्रस्फूर्तिम् । देवत्रयमूर्तिप्रपूर्तिम् ।
[1]कामान्तकजूर्तिममूर्तिम् । रङ्गार्पितशान्तिसुखाब्धिम् ।भज०।

કુતરાઓથી ક્રીડા કરી કૌતુકમય ખેલ ખેલનાર, ભક્તોને પોતાની કામના અર્પવામાં કુબેર જેવા, ઉપનિષદોરૂપી વનમાંના શાર્દૂલ (વાઘ, સંસારસિન્ધુને તરવા માટેની શ્રેષ્ઠ નાવ જેવા, માળા, કમડલુ, ડમરુ, ત્રિશૂલ શંખ અને ચક્રને ધારણ કરનારા અને જેનો કોઈ નાથ નથી (અથવા જે શ્રેષ્ઠ નાથ સ્વરૂપ છે), સૌન્દર્યના સમુદ્રમાં કંપનસ્વરૂપ, ત્રણે દેવોની મૂર્તિનું પૂર્ણસ્વરૂપ

१. जूर्ति=ज्वर.

કામરૂપ જ્વરનો અંત કરનાર, અમૂર્તસ્વરૂપ અને રંગને શાંતિ અને સુખનો સમુદ્ર આપનાર દત્તને તું ભજ. ૨

૨૪ (चाल-शिवदर्शन मजला०)

भज सद्गुरुमजमविनाशम्

पापतापदैन्यान्तकमेकं सच्चित्सुखमविलासम् ।।भज०१।।

૨૪.

અજ અને અવિનાશી સદ્ગુરુને ભજ. પાપ તાપ અને દૈન્યના અંત કરનાર, એક, સચ્ચિત્સુખસ્વરૂપ અને વિલાસ રહિત તે સદ્ગુરુને ભજ. ૧

भक्तकामकल्पितनरदेहं जन्मजरान्तकमीशम् ।।भज०२।।

ભક્તોની કામના (પૂરી કરવા) માટે નર દેહ ધારણ કરનાર, જન્મ અને જરાનો અંત કરનાર ઈશ્વરસ્વરૂપ સદ્ગુરુને ભજ. ૨

योगिध्येयमघारिमजस्रं[१] करुणाकरपरमेशम् ।।भज०३।।

યોગીઓના પણ ધ્યેય, પાપના શત્રુ, કરુણા કરનાર, પરમેશ્વર સ્વરૂપ સદ્ગુરુને તું નિત્ય ભજ. ૩

बालोन्मत्तपिशाचसुवेषं सुरनरनुतपदमेशम्[२] ।।भज०४।।

---

१. अजस्रम्=नित्य. २. मेशः=मायापतिः

બાળ, ઉન્મત્ત, અને પિશાચનો ઉત્તમ વેષ ધારણ કરનાર, દેવો અને મનુષ્યોથી પ્રશંસાએલા પદવાળા અને માયા–પતિ તે સદ્‌ગુરુને ભજ. ૪

'रङ्ग' रङ्ग सङ्गघ्नं धीशं वासनविपिनहुताशम् ।।भज०।।५।।

રંગના સંસાર સાથેના સંગનો નાશ કરનાર, બુદ્ધિ-શાળી, વાસનાવનના દાવાનળ જેવા અવિનાશી સદ્‌ગુરુને તું ભજ. ૫

२५ गुरुकृपा ।

गुरुकृपा हि केवलम् ।
शिष्यपरममङ्गलम् ।।ध्रु०।।

देहबलं गेहबलं वित्तबलं चित्तबलम् ।
तद्विना तु सर्वबलं विद्धयसारनिष्फलम् ।।गुरु०।।१।।

૨૫. ગુરુકૃપા

ગુરુની કૃપા એજ કેવળ શિષ્યને માટે પરમ મંગળ કારી છે. ધ્રુ૦

દેહનું બળ, ઘરનું બળ, પૈસાનું બળ, ચિત્તનું બળ અરે, સર્વ બળો તે ગુરુકૃપા વિના અસાર અને નિષ્ફળ જાણ. ૧

सद्‌गुरुं च ब्रह्म परं व्यक्तमत्र नृतनुधरम् ।
यः स्मरेद्धि तस्य [1]वरं किन्तु स्यात्सुदुष्करम् ॥गुरु० २॥

આ જગતમાં વ્યક્ત (સ્પષ્ટ જોઈ શકાય તેવા) મનુષ્યનું શરીર ધારણ કરનારા પરબ્રહ્મરૂપી સદ્‌ગુરુનું જે માણસ સ્મરણ કરે છે તેને કઈ શ્રેષ્ઠ વસ્તુ દુષ્કર હશે ? ૨

एकमुखोऽपि स हि विधिर्नो चतुष्करोऽपि हरिः ।
विना त्रिनेत्रमत्र हरो 'रङ्ग'–नर्तकोप्यलम् ॥गुरु०॥३॥

એક મુખવાળા હોવા છતાં (સદ્‌ગુરુ) બ્રહ્મા (ચાર-મુખવાળા છે, અને ચાર હાથ નથી છતાં વિષ્ણુ (ચતુ-ર્ભુજ) છે અને ત્રણ નેત્ર ન હોવા છતાં તે અહીં શંકર (ત્રિનેત્રવાળા) છે અને તે બધાને સંસારમાં નચાવવા સમર્થ છે. ૩

२६ दत्तात्रेय कृष्ण हरे

दत्तात्रेय कृष्ण हरे, पाहि पाहि माम् (२) ॥ध्रु०॥
तत्पदेऽपि त्वमसि व्याप्त त्वंपदेऽपि त्वमिह आप्तः
तत्त्वमसि–बोधप्राप्त, पाहि पाहि माम् (२) ॥दत्तात्रेय०।१॥

૨૬. દત્તાત્રેય કૃષ્ણ હરે

દત્તાત્રેય, કૃષ્ણ, હરે ! મારું રક્ષણ કર, રક્ષણ કર. ધ્રુ૦

[1] श्रेष्ठवस्तु.

तत्त्वमसि એ (વાકયના) तत् પદમાં તુંજ પ્રાપ્ત થાય છે, त्वं પદમાં પણ અહીં તુંજ પ્રાપ્ત થાય છે, તત્ત્વમસિ (વાકય)ના જ્ઞાનથી પ્રાપ્ત થતા હે દત્ત ! મારુ રક્ષણ કર, રક્ષણ કર. ૧

जटाशीर्षशंखकरा, शूलहस्त योगिवरा,
दयादानदमनपरा, पाहि पाहि माम् (२) ॥दत्तात्रेय० २॥

માથા ઉપર જટા અને હાથમાં શંખ અને બીજે હાથે ત્રિશૂળ ધારણ કરનાર હે યોગીવર દયા, દાન અને દમનમાં તત્પર હે દત્ત ! મારું રક્ષણ કર, રક્ષણ કર. ૨

दत्त–दत्त–जप्यपरम्, एकत्वत्पदाब्जचरम्;
रङ्ग–रङ्ग–नामधरं, पाहि पाहि माम् (२) ॥दत्तात्रेय० ३॥

દત્ત, દત્તનો જાપ જપનાર, એક માત્ર તારા જ ચરણકમળમાં આળોટનાર રંગ નામ ધારણ કરનાર તે આ ગરીબનું હે દત્ત ! રક્ષણ કર, રક્ષણ કર, ૩

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचितम् श्रीदत्तपद्यानि सम्पूर्णानि

२७ दत्तषोडशावतारस्तोत्रम् ।

प्रणम्य सद्गुरुं देवं वासुदेवं त्र्यधीश्वरम् ।
दत्providing्ताविर्भावनामानि क्रमशः षोडश ब्रुवे ॥१॥

प्रथमं योगिराजं च ततोऽत्रिवरदं पुनः ।
दत्तात्रेयं तृतीयं च कालाग्निशमनं ततः ॥२॥
योगिजनवल्लभं स्यात् पञ्चमं योगिनां प्रियम् ।
लीलाविश्वम्भरं षष्ठं सिद्धर्षिगणवन्दितम् ॥३॥
सप्तमं सिद्धराजं च ह्यष्टमं ज्ञानसागरम् ।
विश्वम्भरावधूतं तु नवमं मुक्तिदं स्मृतम् ॥४॥
मायायुक्तावधूतं च दशमं परिकीर्तितम् ।
मायामुक्तावधूतं हि प्रोक्तं ह्येकादशं पुनः ॥५॥
आदिगुरुं द्वादशं च शिवरूपं त्रयोदशम्
देवदेवावतारं तु ज्ञानदं स्याच्चतुर्दशम् । ॥६॥
दिगम्बरं पञ्चदशं भक्तदैन्यापहारकम्
श्यामकमललोचनं षोडशं चान्तिमं स्मृतम् ॥७॥
एतच्छोडशनामानि यःपठेच्छृणुयादपि ।
त्रिकालं ह्येककालं वा स सर्वत्र सुखी भवेत् ॥८॥
धर्मार्थी धर्ममाप्नोति ह्यर्थार्थी चार्थमाप्नुयात् ।
कामार्थी च लभेत्कामं मोक्षार्थी मोक्षमाप्नुयात ॥९॥
विद्यार्थी वा भवेद् विद्वान् पुत्रार्थी पुत्रवान्भवेत् ।
रुग्णो ह्यारोग्यमाप्नोति जयार्थी विजयी भवेत् ॥१०॥
संकटे विषमस्थो वा पठन्मुच्येत नोऽचिरात् ।
षोडशावृत्तिमात्रेण प्रत्यक्षं दर्शनं भवेत् ॥११॥

दैवतेषु प्रसुप्तेषु कलौ ह्यन्येषु 'रङ्ग'राट् ।
एको जागर्ति दत्तोऽयं देवदेवः सनातनः ॥१२॥

उपासनाकाण्ड पान १४७

૨૭. દત્તષોડશાવતાર સ્તોત્ર

ત્રણ લોકના નાથ (દત્તત્રેય) સ્વરૂપ સદ્‌ગુરુદેવ વાસુદેવાનંદસરસ્વતીને પ્રણામ કરીને દત્તાત્રેયના અવતારનાં સોળ નામો ક્રમ પ્રમાણે કહું છું.

પ્રથમ યોગિરાજ અને વળી પછી અત્રિવરદ બીજું, દત્તાત્રેય ત્રીજું અને પછી ચોથું કાલાગ્નિશમન છે. યોગીઓને પ્રિય એવું પાંચમું યોગીજનવલ્લભ છે. (અને) છઠ્ઠું સિદ્ધ અને ઋષિઓથી વંદન કરાએલ, લીલાવિશ્વંભર છે. સાતમું સિદ્ધરાજ અને આઠમું જ્ઞાનસાગર છે. નવમું મુકિત આપનાર વિશ્વંભરાધૂત કહેવાયું છે. માયામુકતાવધૂત એ દસમું કહેવાયું છે. અને માયાયુકતાવધૂત અગિયારમું કહેવાયું છે. બારમું આદિગુરુ અને શિવરૂપ તેરમું અને જ્ઞાન આપનાર દેવદેવાતાર ચૌદમું છે. ભકતોના દૈન્યને દૂર કરનાર દિગંબર પંદરમું છે. અને શ્યામ કમલલોચન એ છેલ્લું તે સોળમું નામ છે આ સોળ નામોના જે કોઇ ત્રણ વાર કે એક વાર પાઠ કરશે અથવા સાંભળશે તે સર્વત્ર સુખી થશે. ધર્માથી ધર્મ પ્રાપ્ત કરે છે અને અર્થાર્થીને અર્થની પ્રાપ્તિ થાય છે. કામનાનો અર્થી મનોકામના મેળવે છે અને મોક્ષાર્થી મોક્ષ પામે

છે. વિદ્યાર્થી વિદ્વાન થાય છે પુત્રાર્થી પુત્રવાન થાય છે. રોગી આરોગ્ય પ્રાપ્ત કરે છે અને જયાર્થી વિજયી બને છે. સંકટમાં કે વિષમ પરિસ્થિતિમાં રહેલો પાઠ કરતામાં જલદીથી (તેમાંથી) મુકત થાય છે. સોળ આવૃત્તિ કરનારને પ્રત્યક્ષ દર્શન થાય છે. કળિયુગમાં અન્ય દૈવતો જયારે સૂતેલાં હોય છે ત્યારે રંગશરદ, દેવનો દેવ, સનાતન આ દત્તાત્રેય એકલો જાગે છે

२८ श्रीस्वामिसमर्थस्तोत्रम् ।

स्वामिन्नमस्तेऽकलकोटवासिन्
समर्थनाम्नेऽपरनारसिंह ।
त्रीशावतार त्रितयार्तिहारिन्
प्रचण्डकाय प्रणयैकशुल्क ॥ १ ॥

૨૮. શ્રીસ્વામિસમર્થસ્તોત્રમ્

હે અક્કલકોટનિવાસી, સ્વામી, હે નૃસિંહસરસ્વતીના અપરાવતાર, દત્તાવતાર, ત્રિવિધતાપના હારક, પ્રચંડ કાયાવાળા, એકમાત્ર સ્નેહનું જ શુલ્ક (બદલો) લેનાર, સમર્થ નામના તમને નમસ્કાર હો ! ૧

प्रपन्नकल्पद्रुम पापदाव
स्फुलिङ्गनेत्रोदकशील साधो ।
आजानुबाहोऽगमलील योगिन्
स्वैरचारिन्नतितुष्ट तिष्ये ॥ २ ॥

શરણે આવેલાને માટે કલ્પવૃક્ષ જેવા પાપના દાવાનળ, અગ્નિના તણખા સમાન તેજસ્વી આંખવાળા, ઉદકશીલ (પાણી સમાન પવિત્ર ચારિત્ર્યવાળા), સાધુપુરુષ, આજાનુબાહુ (ઢીંચણ સુધી વિસ્તરેલા હાથવાળા), અગમ્ય લીલાવાળા, યોગી, જ્ઞાની, સ્વેચ્છાએ ફરનારા, કલિયુગમાં નમન માત્રથી સંતુષ્ટ થનાર એવા તમને નમસ્કાર ! ૨

दिग्वस्त्रभूष प्रविदग्धपूषन्
  कारुण्यसिन्धो नतदीनबन्धो ।
मां बालरङ्गं कृपयोद्धर त्वं
  जहीह मां मा भवसिन्धुपोत ॥ ३ ॥

દિશાઓ રૂપી વસ્ત્રથી વિભૂષિત (દિગંબર) વિદ્વાનોમાં સૂર્યસ્વરૂપ, કરુણાસાગર, શરણે આવેલા દીનના બંધુ તું કૃપા કરીને મુજ બાળરંગનો ઉદ્ધાર કર. હે સંસાર સાગરના નાવસ્વરૂપ મને તું છોડીશ નહિ. ૩

स्तोत्रं स्वामिसमर्थस्य चतुर्विंशतिनामभृत् ।
यः पठेत्प्रयतो भक्त्या निर्भयः स सुखी भवेत् ॥ ४ ॥

સ્વામી સમર્થના ચોવિસ નામવાળા સ્તોત્રનો જે સંયમી થઈને પાઠ કરે છે તે નિર્ભય અને સુખી થાય છે. ૪

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचितं श्रीस्वामिसमर्थस्तोत्रं सम्पूर्णम् ।

२९ श्रीपादस्तवः ।

यो नौ पूर्वं दत्तनामाऽत्रिसूनु-
स्तीर्णो भक्तत्राणमात्रैकहेतुः ।
श्रीपादश्रीवल्लभः सोऽयमेव
चक्रे लीलां कुर्वपुर्यां सुदिव्याम् ॥१॥

૨૯. શ્રીપાદસ્તવ:

જે પૂર્વે ભક્તોની રક્ષાના એક માત્ર હેતુથી અત્રિ પુત્ર દત્તાત્રેય નામથી અવતીર્ણ થયા તેજ આ શ્રીપાદ-શ્રીવલ્લભે કુવરપુરમાં સુદિવ્ય એવી લીલાઓ કરી. ૧

मूर्खं विप्रं विज्ञमेवं चकार
शूद्रायादाद्राज्यमेव प्रतुष्टः ।
प्राणान् प्रापच्छ्रेष्ठिवर्यः स धन्यो
यल्लीलातः कृत्तशीर्षश्च चोरैः ॥२॥

મૂર્ખ વિપ્રને જ્ઞાની કર્યો, અને સંતુષ્ટ થઇને શૂદ્રને રાજ્ય આપ્યું, જેની લીલાથી ચોરો વડે કપાએલા માથાવાળા તે શ્રેષ્ઠીવર્યે પ્રાણો મેળવ્યા તે શ્રીપાદ-શ્રીવલ્લભ ધન્ય છે. ૨

दत्त्वाऽम्बायै स्वात्मदानं सुतूर्णं
प्रादुर्भूतो यः करञ्जे नृसिंहः ।
तेने कीर्तिं गाणगादौ प्रकामं
वन्दे तं त्वां दीनबन्धो प्रसीद ॥३॥

અંબાને પોતાનું દાન આપીને જે જલદીથી કુંરજનગરમાં નૃસિંહસરસ્વતીરૂપે પ્રાદુર્ભૂત થયો અને ગાણુગાપુર વગેરેમાં પુષ્કળ કીર્તિ પ્રસારી તેને હું વંદન કરું છું. હે દીનબંધુ તું પ્રસન્ન થા.

नान्यद् याचे मेऽस्तु ते सत्स्मृतिर्भो
येनाहं स्यां त्वत्स्वरूपे विलीनः ।
नानात्मैक्यं ह्यनुभूयैव सद्यः
सोऽहं-भावेन प्रभो विश्वमूर्तौ ॥४॥

હું બીજું કંઈ માગતો નથી. તારી સત્સ્મૃતિ જ મને હો કે જેથી અનેકવિધતામાં આત્માનું ઐક્ય અનુભવીને જલદીથી સોહંભાવથી હે પ્રભો, હે વિશ્વમૂર્તે હું તારા સ્વરૂપમાં વિલીન થાઉં. ૪

बद्धा मुक्तिं प्राप्नुयू 'रङ्ग' मोहा-
दार्ताः पाठाद् दुःखमुक्ता भवेयुः ।
निःस्वा वित्तं वंशहेतुं ह्यपुत्रा
ज्ञानं चाज्ञाः प्राप्तकामा लभेरन् ॥५॥

બંધનમાં રહેલા રંગ (સંસાર)–મોહથી મુક્તિ પ્રાપ્ત કરો, આર્ત લોકો પાઠ વડે કરી દુઃખથી મુક્ત થાઓ, નિર્ધન ધન પ્રાપ્ત કરો અને અપુત્ર વંશના કારણરૂપ પુત્ર મેળવો, અજ્ઞાની જ્ઞાન મેળવો એમ સૌ પોતપોતાની ઈચ્છા મુજબ મેળવો. ૫

અંબાને પોતાનું દાન આપીને જે જલદીથી કુંરજનગરમાં નૃસિંહસરસ્વતીરૂપે પ્રાદુર્ભૂત થયો અને ગાણુગાપુર વગેરેમાં પુષ્કળ કીર્તિ પ્રસારી તેને હું વંદન કરું છું. હે દીનબંધુ તું પ્રસન્ન થા.

नान्यद् याचे मेऽस्तु ते सत्स्मृतिर्भो
येनाहं स्यां त्वत्स्वरूपे विलीनः ।
नानात्मैक्यं ह्यनुभूयैव सद्यः
सोऽहं-भावेन प्रभो विश्वमूर्ते ॥४॥

હું બીજું કંઈ માગતો નથી. તારી સત્સ્મૃતિ જ મને હો કે જેથી અનેકવિધતામાં આત્માનું ઐક્ય અનુભવીને જલદીથી સોહંભાવથી હે પ્રભો, હે વિશ્વમૂર્તે હું તારા સ્વરૂપમાં વિલીન થાઉં. ૪

बद्धा मुक्तिं प्राप्नुयू 'रङ्ग' मोहा-
दार्ताः पाठाद् दुःखमुक्ता भवेयुः ।
निःस्वा वित्तं वंशहेतुं ह्यपुत्रा
ज्ञानं चाज्ञाः प्राप्तकामा लभेरन् ॥५॥

બંધનમાં રહેલા રંગ (સંસાર)–મોહથી મુક્તિ પ્રાપ્ત કરો, આર્ત લોકો પાઠ વડે કરી દુઃખથી મુક્ત થાઓ, નિર્ધન ધન પ્રાપ્ત કરો અને અપુત્ર વંશના કારણરૂપ પુત્ર મેળવો, અજ્ઞાની જ્ઞાન મેળવો એમ સૌ પોતપોતાની ઈચ્છા મુજબ મેળવો. ૫

सुप्तेष्वन्येष्वत्र तिष्ये त्वमेको
जागर्षीत्थं त्वां प्रपद्ये सुदीनः ।
मा मे बन्धोऽहंकृतः स्यात्कदाचिद्
आस्तां ते के श्रीकरः संततं मे ॥६॥

જ્યારે બીજા સૂઇ રહે છે ત્યારે તું જ એક હે કલ્યાણ-દાતા, આ કલિયુગમાં જાગતો બેઠો છે. અત્યંત દીન એવો હું તારે શરણે આવું છું. તમારો પવિત્ર કર મારા મસ્તક ઉપર હમેશાં રહો. ૬

श्लोकषट्कान्वितं पुण्यं श्रीपादस्तवमुत्तमम् ।
पठन्नाधिभयं हित्वा रङ्गमुक्तश्चरेद् भुवि ॥७॥

આ પુણ્યકારક શ્રીપાદના ઉત્તમ શ્લોકોવાળા સ્તવનનો પાઠ કરનાર આધિ (વ્યાધિ, ઉપાધિ) ના ભયને છોડીને રંગ (સંસાર) મુક્ત થઇને પૃથ્વી ઉપર વિચરણ કરશે ૭

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचितः श्रीपादस्तवः सम्पूर्णः ।

३० दत्तमन्त्रगर्भश्रीपादस्तोत्रम् ।

दत्तात्रेयो दयासिन्धुर्दिव्यदृष्टिर्दमप्रियः ।
हरिर्हारी हिरण्याभः श्रीपादः शरणं मम ॥१॥

૩૦. દત્તામંત્રગર્ભશ્રીપાદસ્તવઃ

દત્તાત્રેય, દયાસાગર, દિવ્યદષ્ટિવાળા, દમનપ્રિય, હરિ, સુંદર, સુવર્ણસમાન કાંતિવાળા શ્રીપાદ મારું શરણ છે. ૧

कृष्णः कमलपत्राक्षः कर्पूराभः कलिक्षतिः ।
उन्मत्त उडुपाध्यक्ष उन्निद्र उरसि स्थितः ॥२॥

કૃષ્ણ, કમલપત્ર સમાન નેત્રવાળા, કર્પૂરગૌર, કલિનો ક્ષય કરનાર, ઉન્મત્ત, ચંદ્રના અધ્યક્ષ (મોટાભાઈ), નિદ્રા રહિત, હૃદયમાં વસનાર, શ્રીપાદ મારું શરણ છે. ૨

आनन्ददायकश्चाप्त आर्तत्राणसुदीक्षितः ।
दिगम्बरो दिव्यतेजा दाता द्रां–बीजतोषितः ॥३॥

આનંદદાયક, આપ્તજન, દુઃખીઓનું રક્ષણ કરવાની સારી રીતે દીક્ષા લેનાર, દિગંબર, દિવ્ય તેજવાળા, દાતાર, દ્રાં–બીજથી સંતુષ્ટ થનાર શ્રીપાદ મારું શરણ છે. ૩

मुनिर्महामना मायी मन्त्रेशो मङ्गलप्रभुः ।
बालो बालप्रियो बन्धुर्बलाहकद्युतिर्बली ॥४॥

મુનિ, મહામના, માયાપતિ, મન્ત્રના જાણકાર, મંગલકારક પ્રભુ, બાળ, બાળપ્રિય, બન્ધુ, મેઘસમાન કાંતિવાળા બલવાન શ્રીપાદ મારું શરણ છે. ૪

पिशाचः पांसुलिप्ताङ्गः पुण्याकृष्टः पुमान् परः ।
ज्ञानसागरज्ञप्त्यात्मा ज्ञराड् ज्ञानिजनप्रियः ॥५॥

પિશાચ સ્વરૂપ, ધૂળથી ખરડાએલા શરીરવાળા, પુણ્યથી ખેંચાતા, પરમપુરુષ, જ્ઞાનસાગર, જ્ઞાનાત્મા, જ્ઞાનીઓના સમ્રાટ, જ્ઞાનીજનોના પ્રિય શ્રીપાદ મારું શરણ છે. ૫

द्विचत्वारिंशदेतानि नामानि श्रीपादः प्रभोः ।
प्रतिश्वासे पठन्मर्त्यो 'रङ्गमुक्तो भवेदरम् ॥६॥

શ્રીપાદ પ્રભુનાં આ બેતાલિસ નામનો પ્રત્યેક શ્વાસે પાઠ કરનાર મનુષ્ય રંગ (સંસારના) માંથી જલદીથી મુકત થાય છે. ૬

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचितं *दत्तमन्त्रगर्भश्रीपादस्तोत्रं सम्पूर्णम् ।

३१ श्रीनृसिंहसरस्वतीपादुकास्तोत्रम् ।

श्रीपादश्रीनृसिंहाख्यम् औदुम्बरनिकेतनम् ।
नृमणिं सद्गुरुं वन्दे नरभावविमुक्तये ॥१॥

૩૧ શ્રીનૃસિંહસરસ્વતીપાદુકાસ્તોત્રમ્

શ્રીપાદ અને શ્રીનરસિંહ નામના, ઔદુંબર તળે નિવાસ કરતા, મનુષ્યોમાં મણિ સમાન સદ્‌ગુરુને સંસાર-ભાવમાંથી મુકિત મેળવવા માટે હું વંદન કરું છું. ૧

सिन्धुकान्तं दयासिन्धुं पादुकारूपिणं यतिम् ।
हरन्तं भक्तजाड्यं कं कृष्णावेणीयुतिस्थितम् ॥२॥

---

* આ સ્તોત્રમાં; "દત્તાત્રેય હરે કૃષ્ણ ઉન્મત્તાનંદદાયક । દિગંબર મુને બાલ પિશાચ જ્ઞાનસાગર ॥" એ મંત્ર આદ્યાક્ષરો વાંચતાં વંચાશે.

સમુદ્ર સમાન (ગંભીર) કાંતિવાળા, દયાના સાગર, પાદુકાસ્વરૂપ, સંન્યાસી, ભકતની જડતાને હરનાર, સુખ સ્વરૂપ, કૃષ્ણા અને વેણીના સંગમ ઉપર વસનાર (સદ્-ગુરુને હું વંદન કરું છું.) ૨

सच्चित्सुखैकदातारं संविन्मात्रैकविग्रहम् ।
रहस्यख्यायिनं देवं नानात्मैक्यप्रबोधिनम् ॥३॥

એકમાત્ર સચ્ચિત્સુખને આપનાર, જ્ઞાનમાત્ર છે શરીર જેનું એવા, રહસ્યનો બોધ કરનાર, દેવ, નાનાવિધ આત્માની એકતાનો બોધ કરનાર (સદ્‌ગુરુને હું વંદન કરું છું.) ૩

स्वतन्त्रं स्वैकवरदं स्वप्रकाशं स्वस्वस्तरुम् ।
तीर्थतीर्थं तिग्मरश्मिं तिष्यतारं त्रयीमुखम् ॥४॥

સ્વતંત્ર, પોતાના ભકતોના એકમાત્ર વરદાન આપનાર, સ્વપ્રકાશ સ્વરૂપ, સ્વજનોના કલ્પવૃક્ષ સમાન, તીર્થોના પણ તીર્થરૂપ, સૂર્યસમાન, અત્યંત તેજસ્વી, કલિયુગમાં તારક, ત્રણ વેદના મુખવાળા, (સદ્‌ગુરુને હું વંદન કરું છું.) ૪

श्रीखण्डभूतिलिप्ताङ्गं श्रीकण्ठकृतसौहृदम् ।
पाथोदश्यामलं शान्तं शर्वरीश–सहोदरम् ॥५॥

ચંદન અને ભસ્મથી લિપ્ત થયેલ અંગવાળા, શિવ સાથે સખ્ય ભાવવાળા, મેઘશ્યામ, શાંત, ચંદ્રના ભાઇ (એવા સદ્‌ગુરુને હું વંદન કરું છું.) ૫

दुर्दैवद्रुमदावाग्निं दुर्लभेक्षं दुरासदम् ।
कामरूपं काकनिद्रं कामचारं कविप्रियम् ॥६॥

દુર્દૈવરૂપ વૃક્ષના દાવાનળ, દુર્લભ કૃપાકટાક્ષવાળા દુરાસદ (દુઃખથી મેળવી શકાય તેવા), કામના પ્રમાણે સ્વરૂપ ધારણ કરનાર, કાક સમાન (ઓછી) નિદ્રાવાળા, સ્વેચ્છાચારી, કવિજનોના પ્રિય (સદ્ગુરુને હું વંદન કરું છું. ૬

नतितुष्टं नयाकृष्टं योगिनीराजितं विभुम् ।
मायामाणवकं मत्तं मण्डलेश्वरमण्डितम् ॥७॥

નમન વડે સંતુષ્ટ, નીતિથી આકૃષ્ટ, યોગિનીઓ વડે આરતી ઉતારાતા, વિભુ, માયાવી વામન, ઉન્મત્ત, મંડલેશ્વરોથી શોભતા (સદ્ગુરુને હું વંદન કરું છું.) ૭

मीनदृष्टिं मनोवेगं मनःसंतापहारिणम् ।
तिमिताक्षं तपोम्भोधिं 'रङ्ग'प्लोषणशान्तये ॥८॥

મત્સ્ય સમાન આંખવાળા, મનોવેગી, મનના સંતાપો હરનાર, કરુણાથી આર્દ્ર દૃષ્ટિવાળા, તપનો ભંડાર (સદ્ગુરુને હું વંદન કરું છું.) ૮

श्रीनृसिंहसरस्वतीपादुकास्तोत्रमुत्तमम् ।
पठन् विघ्नैर्न बाध्येत सद्भक्त्या संयतेन्द्रियः ॥९॥

સંસાર (રંગ)ના પરિતાપની શાંતિ માટે સંયત ઇન્દ્રિયવાળો, આ નૃસિંહસરસ્વતી પાદુકાના ઉત્તમ સ્તોત્રનો સદ્ભકિતથી પાઠ કરતાં વિઘ્નોથી પીડાશે નહિ. ૯

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचितं श्रीनृसिंहसरस्वतीपादुकास्तोत्रं सम्पूर्णम् ।

३२ अर्बुदाभिन्नगुरुस्तुतिः

वायुर्वाति सुशीतलं ह्यहरहर्बाधेत नोष्मा यथा
वृक्षाः सौरभमावहन्ति सततं यस्मै सुदिव्यं मुदा।
मेघा अम्बुकराः सदैव समया तिष्ठन्ति यत्तुष्टये
तस्मै ते गिरिराज अर्बुद नमो गीर्वाणक्रीडाङ्गण ॥१॥

૩૨. અર્બુદાભિન્ન ગુરુસ્તુતિ

જયાં દરરોજ વાયુ ઠંડકપૂર્ણ વાય છે જેથી ગરમી પીડાકારી ન બને; જેને માટે વૃક્ષો આનંદથી સતત સુદિવ્ય સુગંધ બહેવડાવે છે; જેની તુષ્ટિ માટે પાણી-વાળાં વાદળાં હંમેશ તહેનાતમાં હાજર રહે છે તેવા દેવોના ક્રીડાંગણ હે ગિરિરાજ આબુ! તને નમસ્કાર હો! ૧

नमामि गुरुपादुके सुखकरे शुभे शान्तिदे
सदर्बुदगिरौ स्थिते मुनिजनैः सदा सेविते ।
समुच्छ्रितसुगह्वरे गगनचुम्बिसानौ वरे
विधीशहरिमूर्तिभे विमलदत्तपादाङ्किते ॥२॥

ઊંચા અને શ્રેષ્ઠ ગુફાઓવાળા ગગનચુંબી પર્વતના શ્રેષ્ઠ શિખર ઉપર વિધિ, હરિ અને હરની મૂર્તિ સમાન વિમલ દત્તાત્રેયના ચરણકમળથી અંકિત એવી સુખકારક, શુભ-કારી, શાંતિપ્રદ, સુંદર આબુ પર્વતના (ગુરુશિખર) ઉપર આવેલી, મુનિજનોથી સદા સેવાતી શ્રેષ્ઠ ગુરુપાદુકાને હું વંદન કરું છું. ૨

निकटविकटदुर्गे शोभते याऽत्रिजाया
त्रिभुवनसृतकीर्तिर्या वरेण्या विमाया ।
हरति भवगदाधिं या निजानां सतीशा
प्रणतिरतिविनम्रा मेऽस्तु तस्यै सुकम्रा ॥३॥

બાજુના વિકટ દુર્ગમાં જે અત્રિપત્ની અનસૂયા શોભી રહી છે, જેની કીર્તિ ત્રિભુવનમાં પ્રસરી છે અને જે વરેણ્ય અને માયારહિત છે અને સતીઓમાં શ્રેષ્ઠ એવી જે પોતાના ભક્તોના સંસારરૂપી દુ:ખોની આધિને હરે છે તેને મારા અતિ વિનમ્ર સુંદર પ્રણામ હો ! ૩

वशिष्ठाश्रमाद्यैश्च सन्मण्डितं तं
जिनेशालयैरङ्कितं तं सुरम्यैः ।
जनाधीशहर्म्यैर्झरैश्चापि वन्यै-
र्भजे भक्तिभावेन काम्यं सुरैस्तम् ॥४॥

વસિષ્ઠાશ્રમ વગેરેથી સુંદર રીતે શોભિત અને સુરમ્ય એવાં જૈન મંદિરોથી અંકિત, વળી રાજાઓના

મહેલોથી અને જંગલી ઝરણાંઓથી જે શોભિત છે, અને જે દેવો દ્વારા પણ ઇચ્છા કરાય છે તેવા આબુ પર્વતને હું ભક્તિભાવથી ભજું છું. ૪

गौराः श्यामा विविधविषया दर्शने यस्य नित्यं
 धावन्त्येते ह्यबुधविबुधा दूरतोऽदूरतोऽपि ।
कूजन्त्यन्तःप्रमुदिततराः प्रेक्ष्य राजीश्च वन्याः
 कीर्णाश्चित्राः खगमृगनगैस्तं प्रणौम्येव मूकः ॥५॥

આ ગોરા અને કાળા, વિબુધ અને અબુધ, દૂરથી અને નજીકથી જૂદા જૂદા દેશથી જેના દર્શને નિત્ય દોડી આવે છે અને પક્ષી, મૃગ અને હાથીઓથી યુક્ત ચિત્રે-વિચિત્ર જંગલી વનરાજી જોઈને તેઓ અત્યંત પ્રમુદિત અંતઃકરણવાળા થઈને પ્રશંસા કરે છે તે ગિરિરાજને હું મૂગો બનીને પ્રણામ કરું છું. ૫

श्रीरङ्गोऽयं वराकः प्रमुदितहृदयो नृत्यतीत्थं च वीक्ष्य
शैलानां ते सुपङ्क्तिं वनविटपिततिं स्वर्गसोपानमूर्तिम् ।
स्थाणुस्त्वं स्थावरान्तः सुसरलगतिदो भक्तिगम्यो विराट् कः
साक्षात् त्रीशेह कस्त्वां गुरुवरगिरिराड्भो नमेन्नो मनुष्यः ।६।

તારા શિખરોની સુંદર હાર અને સ્વર્ગની સીડી સમાન વનના વૃક્ષોની ડાળીઓની હાર જોઈને આનંદિત

હૃદયવાળો બનીને આ બિચારો શ્રીરંગ આ રીતે નાચી ઊઠે છે. તું શિવસ્વરૂપ, સ્થાવરમાં રહેલો, અત્યંત સરળને ગતિ આપનાર, ભક્તિથી ગમ્ય, વિરાટ, વિષ્ણુરૂપ છે. હે સાક્ષાત્ ત્રીશ, ગુરુવર ગિરિરાજ! તમને કયો મનુષ્ય ન નમન કરે? ૬

गुरुर्मे सर्वस्वं गुरुमिह भजे तेन गुरुणा
सदा सख्यं मे स्यात्परमपि नमो मेऽस्तु गुरवे ।
गुरोस्तत्त्वं नान्यद् भवभयहरं नाम च गुरो-
र्गुरौ चित्तं मे द्राग् विशतु ह्यभयं मे कुरु गुरो ॥७॥

ગુરુ મારૂં સર્વસ્વ છે, અહીં ગુરુને હું ભજું છું, તે ગુરુ સાથે મારૂં સદા પરમ સખ્ય થાઓ. તે ગુરુને મારા નમસ્કાર હો! ગુરુથી બીજું કોઇ તત્વ નથી ગુરુનું નામ ભવના ભયને હરનારૂં છે. મારૂં ચિત્ત ગુરુમાં એકદમ પ્રવેશો. હે ગુરો! મને અભય આપો. ૭

रङ्को * रङ्को गुरुशिखरगः स्तौति त्वामेकभक्त्या
एहि स्वान्तं शरणमिह नो किञ्चिदन्यद्विना त्वाम् ।
तिष्ठस्येवं जड इव बहिर्नित्यचैतन्यगर्भो
वन्दे वन्दे पुनरपि पुनर्व्यक्तमव्यक्तमत्र ॥८॥

ગુરુશિખર ઉપર ગએલ રંક રંગ તારી એક ભક્તિથી સ્તુતિ કરે છે. મારા અંતઃકરણમાં પધારો. તારા વિના મને બીજું અહીં શરણ નથી. જાણે બહારથી

*संवत् २००१ के गरमीके दिनोमें आबुके गुरुशिखर पर एक महिना रहे थे तब प्रसादरूपमें यह स्तोत्र लिख भेजा था.

જડ છતાં અંદર નિત્ય ચૈતન્યપૂર્ણ તું ખડો છે. વ્યક્ત અને અવ્યક્ત સ્વરૂપે રહેલા તને હું ફરી ફરી વંદન કરૂં છું ૮

यो वौ पठेत्स्तुतिमिमां दृढभावयुक्तो
मुच्येत जाड्यत इह प्रभुतामुपेयात् ।
ब्रह्मैव सर्वमिति [1]बोधमवाप्य सम्यग्
मुक्तश्चरन् भुवि भवेत्तनुभाग्घि ब्रह्म ॥९॥

જે દૃઢભાવથી યુક્ત આ સ્તુતિનો પાઠ કરશે તે જડતાથી મુક્ત થશે અને અહીં પ્રભુતાને પામશે. સર્વ બ્રહ્મ છે એવો સમ્યક્ અનુભવ પ્રાપ્ત કરીને મુક્ત બનીને પૃથ્વી ઉપર શરીરધારી સાક્ષાત્ બ્રહ્મરૂપ થશે. ९

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचिता अर्बुदाभिन्नगुरुस्तुतिः सम्पूर्णा ।

३३ अकारादिदत्ताष्टोत्तरशतनामावलिः ।

अत्रिवरदाय नमः । अनसूयानन्दवर्धनायनमः ।
अवधूताय नमः । आजीविने नमः । ४

33. અકારાદિદત્તાષ્ટોત્તરશતનામાવલિ

અત્રિને વરદાન આપનારને નમસ્કાર
અનસૂયાનો આનંદ વધારનારને નમસ્કાર
અવધૂતને નમસ્કાર (એવું જ બધે લેવું)
એક દંડધારીને. ४

---
१. अनुभव.

आडम्बरद्विषे नमः । आत्रेयाय नमः ।
आहितुण्डिकाय नमः । इज्याय नमः । ८

આડંબરના શત્રુને, આત્રેય (અત્રિના પુત્ર) ને,
મહાન જાદુગરને, પૂજનીયને ૮

इद्धाय नमः । इभारिमध्याय नमः ।
ईष्मान्तकाय नमः । उटजवासिने नमः । १२

અત્યંત તેજસ્વીને, સિંહ સમાન કેડવાળાને,
કામદેવ (કામના) નો નાશ કરનારને,
ઝૂંપડીમાં રહેનારને ૧૨

उत्कलितेक्षणाय नमः । उत्तानशायिने नमः ।
ऊर्जस्वलाय नमः । ऊर्ध्वरेतसे नमः । १६

ખીલતી કળી સમાન આંખોવાળાને,
(આકાશ તરફ નજર રાખી) ચત્તા સૂનારને,
મહાન શક્તિશાળીને, સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળનારને ૧૬

उष्मपाय नमः । ऋणमोचनाय नमः ।
ऋतंभराय नमः । ऋद्धाय नमः । २०

ગુસ્સાને પી જનારને (અથવા ઊષ્મપાયનું પિતૃસ્વરૂપ
ધારણ કરનારને), ઋણમાંથી છોડાવનારને
સત્યના ધારકને, ગતિ આપનારને ૨૦

ऋषवन्द्याय नमः । ऌस्थगीताय मः ।
एकवीराय नमः । एकाक्षरस्वरूपाय नमः । २४

દેવો અને દાનવોની માતા દ્વારા વન્દ્યને,
પૃથ્વી (અથવા પર્વત) ઉપર વસતા માનવો
(ઋષિઓ) થી ગવાતા (સ્તુતિ કરાતા)ને,
ખ્યાત નામ વીરને,
(દ્રાં રૂપી) એક અક્ષરના સ્વરૂપવાળાને ૨૪

एणाङ्कबन्धवे नमः । ऐकान्तिकसुखाय नमः ।
ऐणासनाय नमः । ओजस्विने नमः । २८

ચંદ્રના ભાઈને, કેવળ સુખસ્વરૂપને,
મૃગચર્મના આસન ઉપર બેસનારને, ઓજસવંતને ૨૮

ओदनप्रियाय नमः । औदुम्बराय नमः ।
औधस्यान्नाय नमः । औरूपिणे नमः । ३२

ઓદન (ભાત, પાયસ) જેને પ્રિય છે તેને,
ઔદુમ્બર સ્વરૂપીને,
દૂધ એજ જેનો ખોરાક છે તેવાને,
ઔ (બીજ, શેષનાગ, અનંત) સ્વરૂપીને ૩૨

कजेक्षणाय नमः । कद्रुकेशाय नमः ।
कन्थाधारिणे नमः । कपालपाणये नमः । ३६

કમળ સમાન આંખોવાળાને ભૂખરા વાળવાળાને,
કંથા ધારણ કરનારને,
હાથમાં ભિક્ષાપાત્રવાળાને (અથવા શિવ સ્વરૂપને) ૩૬

खटधराय नमः । खर्वटनिवासिने नमः ।
खलारातये नमः । गगनाध्वगाय नमः । ४०

પરશુ (હળ) ધારણ કરનારને (અથવા મિજાજ
ઠંડો રાખનારને) પર્વતની તળેટીમાં વસનારને,
દુષ્ટોના દુશ્મનને, આકાશ માર્ગે વિચરનારને, ૪૦

गणिकागतिदाय नमः । गह्वरगेहाय नमः ।
घनश्यामाय नमः । घर्मांशवे नमः । ४४

ગણિકાને ગતિ આપનારને,
ગુફા (કોઇ જઈ ન શકે તેવા) રૂપી ઘરવાળાને,
મેઘશ્યામને, સૂર્ય સ્વરૂપીને, ૪૪

ઙદેવાય नमः । चक्रधराय नमः ।
चराचरस्वरूपिणे नमः । छन्दोगीताय नमः । ४८

ઇચ્છાઓના સ્વામીને, ચક્ર ધારણ કરનારને,
ચર અને અચર સ્વરૂપીને, વેદો વડે ગવાએલાને, ૪૮

छमण्डनाथाय नमः । जगन्मित्राय नमः ।
जटिलाय नमः । जन्मातीताय नमः । ५२

અનાથના નાથને, જગતના મિત્રને,
જટાવાળાને, જન્મ (મરણ) થી પરને, ૫૨

झरस्नायिने नमः । झषाङ्कदाहिने नमः ।
अविवर्जिताय नमः । टजिताय नमः । ५३

ઝરણાંમાં સ્નાન કરનારને, કામદેવને ભસ્મ કરનારને,
વામગતિ (કુટિલતા) રહિતને, કામ જીતનારને, ૫૬

टङ्करीद्रुहे नमः । ठक्कुराय नमः ।
डमरुकराय नमः । डमाकदारिणे नमः । ६०

ઠઠ્ઠા મશ્કરીનો દ્રોહ કરનારને,
ઠાકોર (સ્વામી)ને, હાથમાં ડમરુ ધારણ કરનારને,
ચાંડાલના અક (દુઃખ)ને વિદારણ કરનારને, ૬૦

ढक्कवासिने नमः । ढक्कानादप्रियाय नमः ।
णयस्नायिने नमः । तटस्थाय नमः । ६४

નાદ બ્રહ્મમાં વસનારને,
ડમરુનો નાદ જેને પ્રિય છે તેને,
સત્ય લોકના તળાવમાં સ્નાન કરનારને,
નદી કિનારે રહેનારને (અથવા ઉદાસીન, તટસ્થને), ૬૪

तत्त्वज्ञाय नमः । तपोनिधये नमः ।
तमोनुदे नमः । थवासिने नमः । ६८

તત્વના જાણકારને, તપના ભંડારને,
(અજ્ઞાન) અધંકારના ભગાડનારને,
પર્વત ઉપર રહેનારને, ૬૮

दत्तात्रेयाय नमः । दयाघनाय नमः ।
दरवरार्चिताय नमः । दरीगेहाय नमः । ७२

દત્તાત્રેય ભગવાને, દયાપૂર્ણને,
શ્રેષ્ઠ શંખથી અર્ચિત થનારને,
ગુફા એજ જેનું ઘર છે તેને, ૭૨

धट्टीवस्त्राय नमः । धन्याय नमः ।
धर्माधर्मातिगाय नमः । नग्नाय नमः । ७६

લંગોટીનું વસ્ત્ર ધારણ કરનારને,
ધન્ય થએલને, ધર્મ અને અધર્મથી પરને,
નગ્ન (દિગંબર) ને (અથવા વાસનાવસ્ત્રથી રહિતને), ૭૬

नटवराय नमः । नग्नाङ्ग्यङ्काय नमः ।
पक्षापक्षरहिताय नमः । पंक्तिपावनाय नमः । ८०

નટવરને, નગ્ન સ્ત્રી જેના ખોળામાં છે તેને,
પક્ષ અને અપક્ષથી રહિતને,
પંક્તિને પાવન કરનાર (પવિત્ર, અગ્રભોજી) ને, ૮૦

पतितोद्धारकाय नमः । फटाछत्राय नमः ।
फलाशनाय नमः । बटुवेषाय नमः । ८४

પતિતનો ઉદ્ધાર કરનારને,
નાગની ફેણનું જેને છત્ર છે તેને,
ફળાહાર કરનારને, બટુકનો વેષ ધારણ કરનારને, ૮૪

बहूदकाय नमः । भगुरवे नमः ।
भट्टारकाय नमः । भस्मोद्धूलिताङ्गाय नमः । ८८

ભિક્ષા માગીને રહેનાર (બહૂદક સન્યાસી) ને,
ચોવીસ ગુરુઓ કરનારને (અથવા ભમરીને ગુરુ
માનનારને), પૂજનીય વિદ્વાનને (સંતને, દેવને.)
ભસ્મ ચોળેલા દેહવાળાને, ૮૮

मञ्जुभाषिणे नमः । मनीषिणे नमः ।
यतिवेषाय नमः । यदृच्छालाभसन्तुष्टाय नमः । ९२
પ્રિય બોલનારને, બુદ્ધિશાળીને,
યતિવેષધારીને. જે મળે તેથી સન્તુષ્ટ થનારને, ૯૨
'रङ्ग'—तारकाय नमः । रणशूराय नमः ।
रम्याय नमः । लघ्वाहाराय नमः । ९६
રંગને તારનારને, રણમાં શૂરવીરને,
રમ્ય સ્વરૂપને, ઓછો આહાર લેનારને, ૯૬
लब्धवर्णाय नमः । लम्बहस्ताय नमः ।
वज्रदेहाय नमः । वनाश्रमिणे नमः । १००
વિદ્વાન (પ્રસિદ્ધ) ને, (ઢીંચણ સુધી) લાંબા હાથવાળાને,
વજ્ર સમાન દેહવાળાને, વનમાં આશ્રમ બાંધનારને, ૧૦૦
शकुन्तक्रीडाय नमः । शरण्याय नमः ।
षड्बाहवे नमः । संयमिने नमः । १०४
પક્ષીઓ સાથે ગેલ કરનારને, શરણું લેવા યોગ્યને,
છ હાથવાળાને, સંયમીને, ૧૦૪
सत्ययज्ञाय नमः । सरसिजाक्षाय नमः ।
हठयोगविशारदाय नमः । हंसाय नमः । १०८
સત્યને યજ્ઞ માનનારને, કમળ સમાન આંખવાળાને,
હઠયોગમાં પારંગતને, (પરમ) હંસને, ૧૦૮

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-
विरचिता अकारादिदत्ताष्टोत्तरशतनामावलिः सम्पूर्णा ।

३४ श्रीदत्तरक्षास्तोत्रम् ।

श्रीदत्तरक्षास्तोत्रस्य ऋषिरव्यक्त ईरितः ।
छन्दोऽनुष्टुप् तथैवास्य देवता दत्तयोगिराट् ॥१॥

૩૪ શ્રીદત્તરક્ષાસ્તોત્રમ્

દત્તરક્ષાસ્તોત્રનો આ ઋષિ અવ્યક્ત છે સુધી,
અનુષ્ટુપ છંદ છે તેનો દેવતા દત્ત યોગીરાટ્ ॥૧॥

बीजमेकाक्षरं द्रां ह्रीं शक्तिः क्लीं कीलकं महत् ।
धर्मार्थकाममोक्षेभ्यो विनियोगस्तु पुण्यदः ॥२॥

બીજદ્રાં શકિત હ્રીં ક્લીં છે કીલક વજ્ર શું મહાન્,
ધર્મઅર્થકામ મોક્ષે વિનિયોગ કહયો તિહાં. ૨

अथ ध्यानम्

माला कमण्डलुरधःकरपद्मयुग्मे
मध्यस्थपाणियुगले डमरुत्रिशूले ।
यस्य स्त ऊर्ध्वकरयोः शुभशङ्खचक्रे
वन्दे विधीशहरिरूपममुं हि दत्तम् ॥३॥

ધ્યાન ।

માળા કમંડલુ [1]લસે કર નીચલામાં,
ડમરુ ત્રિશૂલ વચલા કરમાં બિરાજે,
ઊંચા દ્વિહસ્તકમલે શુભશંખ ચક્ર
એવા નમું વિધિહરીશસ્વરૂપ દત્ત. ૩

---

૧ શોભે.

ध्यात्वा ह्येवं सात्त्विकैश्च भावैर्नत्वा पुनःपुनः ।
मानसपूजया प्रीत्या गुरुदेवं भजाम्यहम् ॥४॥

એવું ધ્યાન ધરી પ્રીતે વંદી સાત્વિક ભાવથી,
માનસપૂજને હેતે રીઝવું ગુરુદેવને. ૪

पृथ्वीतत्त्वात्मकं गन्धं लंबीजेनार्पयाम्यहम् ।
व्योमात्मकानि पुष्पाणि हंबीजेन यथामति ॥५॥

પૃથ્વીતત્વે કરું ટીલું લં-બીજે હરખે તિહાં,
હં-બીજે વ્યોમતત્વે ત્યાં અર્પું પુષ્પો યથામતિ. ૫

धूपं यंवायुबीजेन दीपं रंतेजसा तथा ।
वंबीजेनामृतात्मा च नैवेद्यार्थेऽर्पितो मया ॥६॥

યં- બીજે ધૂમ વાતાત્મા અગ્ન્યાત્મા દીપ રં વળી
નૈવેદ્યાર્થે અમૃતાત્મા વં-બીજે સાદર કર્યો. ૬

नत्याद्यन्योपचाराश्च संबीजेनार्पिताश्च ते ।
सर्वार्पणबलिं दत्वा दास्ये देहं तु मर्दये ॥७॥

સર્વાત્મા સં થકી કલ્પ્યા રહ્યા અન્યોપચાર જે,
સર્વાર્પણ બલિ અર્પી દાસ્યે દેહ દમું મુદા. ૭

दत्तात्रेयः शिरो रक्षेद्भालमत्रिसुतर्षभः ।
नासिकां योगिराड् रक्षेद्रक्षेन्नेत्रे ह्यनन्तदृक् ॥८॥

રક્ષે દત્તાત્રેય માથું ભાલ અત્રિસુર્ષભ,[1]
નાસિકા યોગિરાટ્ રક્ષે રક્ષે નેત્ર અનંતદૃક્[2] ૮

---

૧ શ્રેષ્ઠ. ૨. જેની આંખોનો પાર નથી એવા

सर्वभक्षी मुखं रक्षेदोष्ठौ रक्षेज्जनार्दनः ।
शारदात्मा च जिह्वां मे रक्षेद्दन्तान्दयानिधिः ॥९॥

રક્ષે મોઢું સર્વભક્ષી હોઠ રક્ષે જનાર્દન,
રક્ષે જિહ્વા શારદાત્મા રક્ષે દંત દયાનિધિ. ૯

केशान् वनस्पतीनाथः कर्णौ वाताश्ववाहनः ।
रक्षेद्धनुं शूलपाणी रक्षेत्कण्ठं कलानिधिः ॥१०॥

વનસ્પતીશ કેશોને [1]વાતાશ્વારૂઢ કર્ણને, !
રક્ષે હડપચી શૂલી[2] રક્ષો કંઠ કલાનિધિ. ૧૦

स्कन्धौ खं ब्रह्मरूपात्मा मणिबन्धौ कृपाम्बुधिः ।
हस्तौ हारी ह्यङ्गुलीश्च रक्षेदारण्यवासकः ॥११॥

ખભા ખં બ્રહ્મરૂપી જે કાંડાં કૃપાંબુધિ તથા,
હાથ [3]હારી અંગુલીઓ રક્ષે આરણ્યવાસી જે. ૧૧

सोमभ्राता तथा वक्षः कर्मसाक्षी यकृत् पुनः ।
कुर्याद्धृदयरक्षां मे हृदयस्थो हरिः सदा ॥१२॥

રક્ષો છાતી સોમભ્રાતા[4] કલેજું કર્મસાક્ષી એ,
હરિ હૃદયરક્ષા એ હૃદયસ્થ કરો સદા. ૧૨

विश्वम्भरो विश्वरूपो जठरं च सनातनः ।
रक्षेत्कटी कामरूपो जङ्घे दीर्घकरः पुमान् ॥१३॥

---

૧. પવનરૂપી ઘોડા પર બેઠેલા ૨ જેના હાથમાં ત્રિશૂલ છે એવા. ૩ (કંઠમાં) હારવાળા. ૪ ચંદ્રના ભાઈ.

વિશ્વંભર વિશ્વરૂપી રક્ષે પેટ સનાતન,
રક્ષે કટિ કામરૂપી જંઘા આજાનુબાહુ એ. ૧૩

जानुनी अत्रिपुत्रो मे गुल्फौ च घनकान्तिधृक् ।
नखान्नानारूपधारी वामनात्मा तथा पदे ॥१४॥

ઢીંચણો અત્રિસૂનુ ને ઘુંટણો ઘનનીલ જે,
નખો નાનારૂપધારી વામનાત્મા તથા પદ. ૧૪

रक्षेद्गुह्यं यमः साक्षात्स्वयं लिङ्गं प्रजापतिः ।
कर्मेन्द्रियाण्यकर्मा च ज्ञानी ज्ञानेन्द्रियाण्यगः ॥१५॥

યમરૂપી ગુહ્ય રક્ષે રક્ષે લિંગ પ્રજાપતિ,
કર્મેન્દ્રિયો કર્મશૂન્ય જ્ઞાની જ્ઞાનેન્દ્રિયો વળી. ૧૫

रक्षेन्मज्जां महामायो मेदं त्रैलोक्यमोहनः ।
मांसं मेधानिधी रक्षेद्रक्तं लोहितलोचनः ॥१६॥

રક્ષે મજ્જા મહામાયી મેદ ત્રૈલોક્યમોહન,
માંસ મેધાનિધિ રક્ષે રક્ત લોહિતલોચન. ૧૬

अस्थीन्यानन्दमूर्तिश्च त्वचं तारुण्यमूर्तिमान् ।
चिरंजीवी च वीर्यं मे लालां लावण्यसागरः ॥१७॥

અસ્થિ આનંદમૂર્તિ એ ત્વચા તારુણ્યમૂર્તિમાન્,
રક્ષે વીર્ય ચિરંજીવી લાળ લાવણ્યનો નિધિ. ૧૭

---

૧ ઈચ્છા પ્રમાણે રુપ ધારણ કરનાર. ૨ અક્કલનો ભંડાર.
૩ (રકતકમળ જેવી) લાલ આંખોવાળા.

सहस्रारे वसन्रक्षेच्चक्राणि षड्भुजो महान् ।
आपादशीर्षमद्वैतो नाडयादीन्नररूपधृक् ॥१८॥

ષડ્ભુજ[1] ચક્રષટ્ રક્ષે[2] સહસ્રારનિવાસી એ
આપાદશીર્ષ[3] અદ્વૈત નાડયાદિ નરરૂપધૃક્ ૧૮

नटराजो नृसिंहश्च रक्षेत्कामादितः सदा ।
आधिव्याध्याद्युपाधिभ्यो वासुदेवो यतीट् तथा ॥१९॥

કામાદિ દુર્વિકારોથી રક્ષે નૃસિંહ નાટકી
આધિવ્યાધિઉપાધિથી વાસુદેવ યતીટ્[4] તથા ૧૯

भूतप्रेतादितो रक्षेच्छ्रीपादवल्लभः कृती ।
कालकालो दुर्ग्रहेभ्यो जन्ममृत्योः सदा हरः ॥२०॥

ભૂતપ્રેતાદિથી રક્ષે શ્રીપાદવલ્લભ બધે
કાલકાલ દુર્ગ્રહોથી જન્મમૃત્યુ થકી હર ૨૦

प्राच्याञ्च पवनाहारी प्रतीच्यां पावकोपमः ।
उत्तरस्यां व्योमकेशो दक्षिणस्यां च दैत्यहा ॥२१॥

પૂર્વ પવનભક્ષી એ પશ્ચિમે પાવકોપમ[5]
ઉત્તરે વ્યોમકેશી ને રક્ષે દૈત્યારિ દક્ષિણે ૨૧

---

૧ મૂલાધારાદિ છ ચક્રો. ૨ સહસ્ર કમળમાં વસનાર. ૩ પગથી માથા સુધી. ૯ સંન્યાસીઓના રાજા (શ્રેષ્ઠ) ૪ અગ્નિ જેવો તેજસ્વી. ૫ આકાશ જેવા વાળ છે એવા એટલે સર્વવ્યાપી

कामचारश्चोपदिक्षु ह्यूर्ध्वमव्यक्त आतिथिः ।
अधः सच्चित्सुखात्मा च शेषच्छत्रः स्थले स्थले २२

ચારે ખૂણે કામચારી[1] ઊંચે અવ્યક્ત આતિથિ
નીચે સચ્ચિત્સુખાત્મા જે શેષછત્ર સ્થળે સ્થળે ૨૨

मृत्युञ्जयः सर्वतश्च मृत्योर्मृत्युश्च मध्यतः ।
जने जात्यनवच्छिन्नः सह्यवासी वने तथा ॥२३॥

મધ્યે મૃત્યુતણો મૃત્યુ મૃત્યુંજય તથા બધે
જને જાત્યનવચ્છિન્ન[2] સહ્યવાસી વને તથા ૨૩

जलशायी जले रक्षेत् स्थाणुरूपः स्थले पुनः ।
अग्नितश्च ह्यनन्तात्मा रक्षेच्छस्त्रास्त्रतो बली ॥२४॥

જલશાયી જળે રક્ષે [3]સ્થાણુરૂપી સ્થળે વળી
અગ્નિમહીં અનંતાત્મા રક્ષો શસ્ત્રાસ્ત્રથી બળી[4] ૨૪

रक्षेद्दुष्टादितो दाता खेचरेभ्यः खलान्तकः ।
व्यालादिभ्यो जगन्नाथो भूचरेभ्यो भयान्तकः ॥२५॥

રક્ષો દુષ્ટોથકી દાતા [5]ખેચરોથી ખલાંતક[6]
વ્યાલાદિથી[7] જગન્નાથ [8]ભૂચરોથી ભયાંતક ૨૫

---

૧ સ્વેચ્છાએ ફરનાર. ૨ જાતિથી પર ૩ અચલ, શિવસ્વરૂપ. ૪ બળવાન. ૫ આકાશમાં ઊડનારાં પક્ષીઓ, ભૂતપ્રેતાદિ વગેરે ૬ દુષ્ટોનો નાશ કરનાર. ૭ સર્પ વ્યાઘ્રાદિથી ૮ જમીન પર વસનારાં.

जले जलचरादिभ्यो रक्षेत्पन्नगभूषणः ।
सङ्कटे विषमे रक्षेत्सर्वतश्च जटाधरः ॥२६॥

જલે જળચરાદિથી રક્ષે પન્નગભૂષણ[1]
જટાધારી બધે રક્ષે સંકટે વિષમે[2] તથા ૨૬

जागरे स्मर्तृगामी च स्वप्ने सूत्रात्मकस्तथा ।
मूर्च्छादौ च ह्यमेयात्मा निद्रायामनघाप्रियः ॥२७॥

જાગતાં સ્મર્તૃગામી એ સૂત્રાત્મા સ્વપ્નમાં વળી
મૂર્છાદિમાં અમેયાત્મા[3] ઊંઘમાં અનઘાપ્રિય[4] ૨૭

रक्षेद्रोगे ह्यरोगश्च भोगे भोगप्रदः सदा ।
शर्मदश्च तथा स्वास्थ्ये ब्रह्मात्मा केवलश्च यः ॥२८॥

રક્ષે રોગે રોગશૂન્ય ભોગે ભોગદ સર્વથા
સ્વાસ્થ્યે [5]શર્મદ શાન્તાત્મા સદા બ્રહ્મ દિગંબર ૨૮

दुर्भिक्षे ह्यन्नपूर्णेशः सुभिक्षे सकलार्तिहा ।
सूतके तु शरण्यश्च मङ्गले मोददायकः ॥२९॥

દુર્ભિક્ષે અન્નપૂર્ણેશ સુભિક્ષે સકલાર્તિહા[6]
સૂતકે શરણત્રાતા મંગલે મોદદાયક[7] ૨૯

सिद्धराजः सदा रक्षेत्सर्वथा सर्वतः पुमान् ।
विस्मृत्य सर्वदोषान्मां यथा माता स्तनन्धयम् ॥३०॥

---

૧ સર્પ એજ જેનું ઘરેણું છે એવા. ૨ આફતમાં. ૩ અમાપ સ્વરૂપ ૪ માયાપતિ. ૫ કલ્યાણ કરનાર ૬ બધાં દુઃખો હરનાર ૭. આનંદ આપનાર

રક્ષે સદા સિદ્ધરાજ સર્વત્ર સર્વથા સુધી
દોષો બધા કરી માફ યથા માતા સ્તનંધય[1] ૩૦

भोगापवर्गदं स्तोत्रं दत्तरक्षाभिधं त्विदम् ।
त्रिकाले ह्येककाले वा पठन्नो भयमाप्नुयात् ॥३१॥

દત્તરક્ષા પઢે જે કો સ્તોત્ર ભોગાપવર્ગદ[2]
ત્રિકાળે એક કાળે વા ભય તેને નહીં કહીં ૩૧

औदुम्बरतले नित्यं प्रातःकाले पठेन्नरः ।
सायं गृहाङ्गणे चैव ह्यथवा शयनस्थले ॥३२॥

ઓદુમ્બર તળે બેસી પ્રાતઃકાળે પઢે નર
સાંજે ગૃહાંગણે બેસી અથવા શયનસ્થળે ૩૨

मध्याह्ने देवतागारे शुचिर्भूतश्च सर्वतः ।
पठन्तं भावतो रक्षेदत्रिवरप्रदः सदा ॥३३॥

બપોરે દેવમંદિરે શુચિભૂત થઇ બધે
પઢંતાં ભાવથી રક્ષે અત્રિવરપ્રદ સદા ૩૩

श्रीदत्त दत्त कुलतारक दत्त दत्त
श्रीदत्त दत्त रिपुमारक दत्त दत्त ।
श्रीदत्त दत्त भयहारक दत्त दत्त
श्रीदत्त दत्त मुददायक दत्त दत्त ॥३४॥

---

૧ ધાવણું બાળક. ૨ ભુક્તિમુક્તિ આપનાર.

શ્રીદત્ત દત્ત કુલતારક દત્ત દત્ત
શ્રીદત્ત દત્ત રિપુમારક દત્ત દત્ત
શ્રીદત્ત દત્ત ભયહારક દત્ત દત્ત
શ્રીદત્ત દત્ત સુખદાયક દત્ત દત્ત

दत्त दत्त स्मरन्मेऽयं देहः पततु निर्जने ।
चरन्तु पक्षिणः सर्वे मिष्टान्नं देहजं मम ॥३५॥

દત્ત દત્ત સ્મરંતાં રે નિર્જને દેહ આ પડો
પામે તૃપ્તિ પશુપક્ષી મિષ્ટાન્ને દેહના યથા[1] ૩૫

यत्रैव यत्रैव मनो मदीयं
तत्रैव तत्रैव तव स्वरूपम् ।
यत्रैव यत्रैव शिरो मदीयं
तत्रैव तत्रैव पदं गुरो ते ॥३६॥

જે જે સ્થળે આ મન જાય મારૂં
તે તે સ્થળે સદ્ગુરુ રૂપ તારૂં
જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરો હે
ત્યાં ત્યાં પદદ્વન્દ્વ તારાં જ સોહે ૩૬

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-
विरचितं श्रीदत्तरक्षास्तोत्रं सम्पूर्णम् ।

---

૧ જેથી

३५ दत्तार्तिक्यम् ।

जय जय जय गुरुदेव ॥

वन्दे अत्रिकुमारं त्रिभुवनभर्तारम् ।
जनिमृतिसंसृतिकालं तापत्रयहारम्॥ जयजय० १॥
करुणापारावारं योगिजनाधारम् ।
कृतभवजलनिधिपारं षड्दर्शनसारम् ॥ जय जय० २॥
भोगापवर्गद्वारं कृतमोदासारम् ।
नतजनवरदातारं निगमागमसारम् ॥ जय जय० ३॥
धृतगलमौक्तिकहारं कीर्णजटाभारम् ।
धाम्ना निर्जितभारं षड्रिपुसंहारम् ॥ जय जय० ४॥
दुःशीलातिकरालं भस्माङ्कितभालम् ।
शङ्खत्रिशूलभाजनस्रग्वाद्यारिकरम् ॥ जय जय० ५॥
कलिकल्मषहन्तारं सुरनरमुनितारम् ।
वृतविजनैकविहारं ज्ञप्तिसुधाहारम् ॥ जय जय० ६॥
देवत्रयावतारं शान्तिसुधागारम् ।
दूरीकृतनतभारं रङ्गारङ्गकरम् ॥ जय जय० ७॥

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं दत्तार्तिक्यं सम्पूर्णम् ।

૩૫ દત્તાર્તિકયમ્ ।

હે ગુરુદેવ ! આપનો જયજયકાર હજો !

હું અત્રિના પુત્ર, ત્રણે ભુવનના સ્વામી, જન્મમરણ અને સંસારના કાળ, ત્રિવિધ તાપને હરનાર, કરુણાના સાગર, યોગીજનોના આધાર, સંસારસાગરની પાર જનાર, છ દર્શનોના સારસ્વરૂપ. ભુક્તિ અને મુક્તિના દ્વારરૂપ, આનંદની વૃષ્ટિ કરનાર, ભક્તજનોને વરદાન આપનાર, શાસ્ત્રો અને વેદોના સારરૂપ. ગળામાં મોતીનો હાર ધારણ કરનાર, માથા પર વીખરાએલ જટા ધારણ કરનાર. તેજથી કામદેવને જીતનાર, (કામાદિ) છ શત્રુઓના સંહારક, ખરાબ ચારિત્ર્યવાળા માટે અતિ ભયંકર, લલાટ પર ભસ્મ ધારણ કરનાર, હાથમાં શંખ, ત્રિશૂલ, કમંડલુ, માળા, ડમરુ અને ચક્ર ધારણ કરનાર, કલિના પાપોને હણનાર, દેવો, મનુષ્યો અને મુનિઓને તારનાર, એકાંતમાં જ એક માત્ર વિહાર કરનાર, જ્ઞાનરૂપી અમૃતનો આહાર કરનાર, ત્રણ દેવોના અવતાર, શાંતિરૂપી અમૃતના સાગર, ભક્તજનોના ભારને દૂર કરનાર અને રંગને અરંગી (સંસારરહિત) કરનાર (દત્તને) વન્દન કરું છું.

३६ कार्तिकादिमासक्रमेण ईशप्रणतिः ।

कार्तिके कमलनेत्रमाधवं सादरं प्रणम मन्मथनाथम् ।
तं मुकुन्दमरिशङ्खशोभितं सोत्तमं कमनदं दरनाथम् ॥१॥

૩૬ કાર્તિકાદિ માસક્રમેણ ઇશપ્રણતિઃ

કારતકમાં, કામદેવના નાથ (પ્રદ્યુમ્નના વડીલ) કમળ સમાન નેત્રવાળા, કમન (ઇચ્છિત વા સુંદર ફળ) આપનાર, ઉત્તમ ચક્ર અને શંખથી શોભતા મુકુન્દ (મોક્ષ આપનાર) ભયના નાથ એવા તે માધવને તું આદરપૂર્વક પ્રણામ કર. ૧

कार्तिकेयमजसूनुमरागं षण्मुखं षडसुहृन्मदमोचम् ।
तारकासुररिपुं सुरधूर्यं सारभाङ् मनुज मानय मैत्रम् ॥२॥

હે મનુષ્ય ! શંકરના પુત્ર, અરાગી, છ મુખવાળા, છ (કામાદિ શત્રુઓ)ના શત્રુ અને મદમાંથી મુક્ત કરનાર, તારકાસુરના શત્રુ, દેવોની ધૂરા વહન કરનાર સેનાની, સારવાળા, સર્વના મિત્ર એવા કાર્તિકેય સ્વરૂપીને તું માન આપ. ૨

मार्गशीर्ष इनकान्तमुखं तं स्रग्धरं डमरुशूलकराग्रम् ।
मार्ग्यमाणमनिशं हृदि सद्भिर्मार्गदं नमत त्रीशमदं कम् ॥३॥

માગસરમાં, તે ચંદ્ર સમાન મુખવાળા, માળાને ધારણ કરનાર, હાથમાં ડમરુ અને ત્રિશૂલ ધારણ કરનાર

સત્પુરુષો દ્વારા હરરોજ હૃદયમાં શોધ કરાતા, માર્ગદર્શન આપનાર, સુખસ્વરૂપ બ્રહ્મની પ્રાપ્તિ કરાવનાર દત્તાત્રેય સ્વરૂપીને નમન કરો. ૩

भास्करं हततमिस्रवरेण्यं भूसुरार्चितमुषा सुरधीरम् ।
वीरमेकमवनौ विषमाश्वं प्राणदं प्रणयिनं नम पौषे ॥४॥

પોષ માસમાં, જેણે અંધકાર (માયા, ક્રોધ) નો નાશ કર્યો છે તેવા, વરેણ્ય (ઉત્તમ, ઇચ્છવાયોગ્ય), બ્રાહ્મણો દ્વારા ઉષ:કાળે અર્ચિત થએલ, દેવોમાં ધીર, પૃથ્વી ઉપરના એક માત્ર વીર, વિષમ (સાત) અશ્વોવાળા, પ્રાણદ, સ્નેહાળ સૂર્યસ્વરૂપીને નમન કરો. ૪

माघे माधं गिरिवरसुतावन्दिताङ्घ्रिद्वयं कं
योगिध्येयं ह्युरगवलयं भूतिचर्चाङ्कितांगम् ।
नन्द्यारूढं सुरनरमुनिस्तूयमानं महान्तं
मायाहीनं मदनदहनं सन्ततं तं नतोऽस्मि ॥५॥

માઘ માસમાં, પાર્વતીથી જેના ચરણ દ્વન્દ્વ વંદિત કરાય છે તે, સુખસ્વરુપ, યોગીઓના ધ્યેય, સર્પનાં વલય ધારણ કરનાર, ભસ્મથી અંકિત શરીરવાળા, નન્દી ઉપર બેઠેલા, દેવો, મનુષ્યો અને મુનિઓથી સ્તુતિ કરાતા, મહાન, માયાહીન, કામદેવને ભસ્મીભૂત કરનાર, નિષ્પાપ તે શંકર સ્વરૂપીને હું સતત નમસ્કાર કરૂં છું. ૫

शङ्करं पुररिपुं धृतकेन्दुं जाह्नवीवलितमौलिमदारिम् ।
सर्पभूषिततनुं मदनारिं योगिराजमनिशं प्रणतोऽस्मि ।।६।।

(ત્રિ)પુરના શત્રુ, ચંદ્રને ધારણ કરનાર, ગંગા માથા ઉપર ધારણ કરનાર, અદ (નહીં આપનાર, કંજૂસ)ના શત્રુ, સર્પથી વિભૂષિત શરીરવાળા, કામદેવના શત્રુ, તે યોગિરાજ શંકર સ્વરૂપીને હરરોજ હું પ્રણામ કરું છું. ૬

शोचिष्केशं काञ्चनाभं हुताशं
शैत्याहारं सप्तहस्तं सुराग्रयम् ।
छन्दोगीतं बर्हिषं भूसुरेडचं
क्रत्वीशं तं फाल्गुने ह्यग्निमीडे ।।७।।

ફાગણ માસમાં, જવાળા જ જેના વાળ છે તેવા, સુવર્ણ સમાન કાંતિવાળા, હુતાશન, ઠંડી દૂર કરનાર (ખાઈ જનાર), સાત હાથવાળા, દેવોના અગ્રણી, વેદોથી સ્તુતિ કરાએલ, અગ્નિસ્વરૂપ, બ્રાહ્મણોથી પ્રશંસા કરવા યોગ્ય, યજ્ઞના સ્વામી તે અગ્નિસ્વરૂપીનું હું સ્તવન કરું છું. ૭

चैत्रमासि रघुनन्दनमीशं श्यामलं विकचपद्मसुनेत्रम् ।
एकबाणदयितावचनं तं राजराजमपरं प्रणतोऽस्मि ।।८।।

ચૈત્ર માસમાં ઈશ્વર, શ્યામસ્વરૂપ, ખીલેલા કમળ-સમાન સુંદર નેત્રોવાળા, એક બાણ, એક પત્ની અને

એક વચનવાળા તે રાજાઓના રાજા, પરાત્પર રઘુનંદન (રામ) સ્વરૂપીને હું પ્રણામ કરું છું. ૮

मारुतिं नमत राघवदूतं दानवान्तकहरिप्रमुखेड्यम् ।
गोष्पदीकृतमहोदधिमाद्यं कामवेगमतुलं तुलिताद्रिम् ॥९॥

દાનવોનો અંત કરનાર, વાનરશ્રેષ્ઠોથી સ્તુતિ કરવા યોગ્ય, સમુદ્રને ખાબોચિયા જેવો બનાવી દેનાર, આદિ પુરુષ, કામના પ્રમાણે વેગવાળા, તુલા (ઉપમા) રહિત, પહાડને ઊંચકનાર, રામના દૂત હનુમાનસ્વરૂપીને નમસ્કાર કરો. ૯

वैशाखे मलरात्रिमात्रमिहिरं वेदान्तपञ्चाननं
नानावादिकुतर्कमेरुकुलिशं कीर्तिध्वजं निर्मलम् ।
कारुण्यामृतवारिधिं वररुचिं वागीशमात्मस्थितिं
संसारार्णवकर्णधारमतुलं त्वाचार्यदेवं भजे ॥१०॥

વૈશાખમાં મળ(અજ્ઞાન) રૂપી રાત્રીને હરનાર સૂર્ય, વેદાન્તના સિંહ, નાના પ્રકારના વાદીઓના કુતર્કરૂપી મેરુ માટે વજ્ર સમાન, કીર્તિરૂપી ધજા ફરકાવનાર, મળરહિત, કરુણારૂપી અમૃતના સાગર, શ્રેષ્ઠ (બ્રહ્મ)માં રુચિ ધરાવનાર, વાણીના ઇશ, આત્મામાં સ્થિતિ કરનાર, સંસારરૂપી સાગરના કર્ણધાર (ખેવૈયા), ઉપમારહિત એવા આચાર્ય (શંકરાચાર્ય) સ્વરૂપીને હું ભજું છું. ૧૦

पाखण्डमार्गगिरिराजपविं वदान्यं
योगीन्द्रवन्द्यमचलं खलु धैर्यवृत्तेः ।

मोहासुरप्रमथनाय धृतावतारं
तं शङ्करं परमहंशरणं प्रपद्ये ॥११॥

પાખંડ માર્ગરૂપી પર્વત માટે વજ્ર સમાન, ઉદાર, યોગીન્દ્રો દ્વારા પણ વન્દનીય, ધૈર્યવૃત્તિના પર્વત, મોહ રૂપી અસુરને નાશ કરવા માટે જેણે અવતાર ધારણ કર્યો છે તેવા પરમહંસ (આદ્ય) શંકરાચાર્યને શરણે હું જાઉં છું. ૧૧

ज्येष्ठे ज्येष्ठाधरमहिवरप्रेष्ठभूषं सुरेशं
शान्तं कान्तं सुररिपुरिपुं शूलढक्कं दधानम् ।
नित्यानन्दं मुकुलितदृशं वक्रतुण्डं वरेण्यं
ज्ञानोन्मत्तं विषमनयनं नीलकण्ठं नमामि ॥१२॥

જેઠ માસમાં, ગંગાધર, વાસુકી સર્પનું જ શ્રેષ્ઠ આભૂષણ પ્રિય છે તેવા, દેવોના ઈશ, શાંત, કાંત, દેવોના શત્રુઓના શત્રુ, ત્રિશૂલ અને ડમરુ ધારણ કરનાર, નિત્ય વરેણ્ય, જ્ઞાનમાં ઉન્મત્ત, ત્રણ નેત્રોવાળા શંકર ભગવાન સ્વરૂપીને હું નમન કરૂં છું. ૧૨

करकञ्जे धृतसोत्पलकुम्भिका
सितदुकूलवृता मकरास्थिता ।
दशहरा शिवशङ्करवल्लभा
हरतु सा मम दुष्कृतमञ्जसा ॥१३॥

હાથરૂપી કમળમાં જે નીલકમળ સહિત કુંભ ધારણ કરનાર, સફેદ રેશમી વસ્ત્ર ધારણ કરેલ, મગર ઉપર બેઠેલ, કલ્યાણકારક, શિવની પ્રિયા, ગંગા (સ્વરૂપી) મારા દુષ્કૃતનો જલદીથી નાશ કરો. ૧૩

आषाढे ज्ञानसूर्यं सकलगुणनिधिं सच्चिदानन्दकन्दं
कारुण्यैकामृताब्धिं भवजलतरणे बाष्पनौकामनूनाम् ।
बोधश्रयुद्भासितास्यं सुखकरममलं शिष्यधीकुड्मलेष्मं
वन्दे देवाधिदेवं गुरुवरमगमं दर्शितार्थस्वरूपम् ॥१४॥

આષાઢ માસમાં, જ્ઞાનરૂપી સૂર્ય, સકલ ગુણનો ભંડાર, સચ્ચિદાનંદનું મૂળ, કારુણ્યરૂપી એકમાત્ર અમૃતના સાગર, મનુષ્યો માટે ભવજલ તરવાની અનુપમ આગબોટ, બોધરૂપી શ્રીથી જેનું મુખ પ્રકાશિત છે તેવા, સુખ આપનારા, નિર્મળ અને શિષ્યોની બુદ્ધિરૂપી કળીને વિકસિત કરનાર (વસંત), દેવાધિદેવ, અગમ્ય, અર્થના (મોક્ષના) સ્વરૂપને બતાવનાર ગુરુવર સ્વરૂપીને હું વંદન કરું છું. ૧૪

श्रावणे सफरनेत्रकन्यकाचित्तचौर्यकुशलं जलदाभम् ।
गोपवेषमखिलं खलान्तकं नौमि यादवकुलेशभवारिम् ॥१५॥

શ્રાવણ માસમાં, મત્સ્ય સમાન નેત્રોવાળી કન્યાઓના (ગોપીઓના) ચિત્તની ચોરી કરવામાં કુશળ, મેઘશ્યામ, ગોપવેષધારી, અખિલ (પૂર્ણાવતાર), ખલોના

નાશ કરનાર, યાદવ કુળના ઇશ અને ભવના શત્રુ કૃષ્ણ સ્વરૂપીની હું પ્રશંસા કરુ છું. ૧૫

कलिन्दतनयातटे तरुकदम्बशाखास्थितं
सुगोपगविनीवृतं मुरलिकाधरं माधवम् ।
तमालदलसुन्दरं शशिनिभाननं शातदं
नमामि नटनायकं व्रजमनोहरं कञ्जरम् ॥१६॥

કાલિન્દીના કિનારે, કદંબવૃક્ષની ડાળી નીચે ઊભેલ, સારા ગોવાળિયાઓ અને ગાયોનાં ટોળાંથી વીંટળાએલ, હોઠ ઉપર મુરલીવાળા, તમાલ વૃક્ષનાં પાંદડાં સમાન સુંદર, ચંદ્ર સમાન મુખવાળા, સુખઆનંદ આપનારા, નટવર શ્રેષ્ઠ, વ્રજજનોમાં સુંદર, ભક્તોના મુખકમળને આનંદ આપનાર, સૂર્ય સમાન કૃષ્ણસ્વરુપીને હું વંદન કરું છું. ૧૬

भाद्रमासि नगजासुतमीशं
मोदकप्रियगणेशगवीशम् ।
वारणास्यमिनकोटिसमाभं
रक्तवाससमहं प्रणतोऽस्मि ॥१७॥

ભાદરવા મહિનામાં, પાર્વતીના પુત્ર ઈશસ્વરુપ, મોદકપ્રિય, ગણોના ઇશ અને વાણીના ઇશ, હાથીના મુખવાળા, કરોડો સૂર્ય જેવી કાંતિવાળા, રાતાં વસ્ત્ર ધારણ કરનાર ગણપતિસ્વરુપીને હું પ્રણામ કરું છું. ૧૭

एकदन्तमघराशिहुताशं विघ्नराजधृतपाशपरेशम् ।
मूषकस्थितमरिन्दममूर्ध्वप्रापकं प्रणयिनां प्रणमामौ ॥१८॥

એક દાંતવાળા, પાપના ઢગલા માટે અગ્નિરૂપ, વિઘ્નને દૂર કરવામાં પાશ ધારણ કરનાર યમ જેવા, ઉંદર ઉપર સ્થિત, શત્રુને દમનાર, ભક્તોને ઊર્ધ્વગતિ આપનાર ગણપતિસ્વરૂપીને આરંભમાં તું વંદન કર. ૧૮

इषे रुरुविदारिणीं महिषमारिणीं मातरं
त्रिशूलतलधारिणीं भवविनाशिनीं शङ्करीम् ।
मृगान्तकविहारिणीं प्रणतपापसंहारिणीं
कलौ विमलदायिनीं नमत सन्ततं चण्डिकाम् ॥१९॥

આસો માસમાં, રો રો ને ટાળનારી, મહિષાસુર મારનારી, (હાથમાં) ત્રિશૂળ ધારણ કરનારી, ભવનો નાશ કરનારી કલ્યાણદાત્રી, સિંહ ઉપર વિહાર કરનારી, ભક્તોનાં પાપનો સંહાર કરનારી, કલિયુગમાં નિર્મળતા આપનારી, ચંડિકામાતા સ્વરૂપને હંમેશ નમસ્કાર કરો. ૧૯

ऊनविंशतिमिमां प्रतिमासं यः पठेत्सुनियतं प्रतिसायम् ।
'रङ्गराज'रचितां कलिकालं श्रद्धया न हि कलिः
प्रभुरस्य ॥२०॥

પ્રત્યેક મહિને જે દરરોજ સાંજે સંયમી થઈને (સંસાર) રંગના રાજા રંગ અવધૂતે રચેલા આ ઓગણીસ શ્લોકોનો શ્રદ્ધાપૂર્વક પાઠ કરે છે તેનો કલિના કાળમાં પણ કળિયુગ સ્વામી થતો નથી. (અર્થાત્ કળિયુગ તેને સતાવતો નથી.) ૨૦

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-
विरचिता कार्तिकादिमासक्रमेण ईशप्रणतिः सम्पूर्णा ।

३७ श्रीवासुदेवनामसुधा ।

वासुदेवयशः क्वेदं बुद्धेः क्वेयं ममाल्पता ।
मेरून्मूलनमङ्गुल्या ह्यारभे मोहतो ध्रुवम् ॥१॥

૩૭ શ્રીવાસુદેવનામસુધા

પ્રાણીમાત્રમાં નિવાસ કરી તેને પ્રકાશિત કરનાર વાસુદેવનો (નિર્મલ અને અનંત) આ યશ કયાં ? ને ક્યાં આ મારી બુદ્ધિની અલ્પતા ? સાચે જ, હું આ મેરુને મોહથી આંગળીથી ખોદી નાંખવાનો પ્રયત્ન કરી રહ્યો છું ૧

शेषोऽपि भग्नतां यायात्का कथा मर्त्यजन्मनः ।
तथापि वाक्तमोहत्यै कुर्वे साहसमीदृशम् ॥२॥

સાક્ષાત્ સહસ્રમુખ શેષ પણ (જેના ગુણ ગાતાં) થાકી જાય, ત્યાં (મારા જેવા) માટીના માનવીની શી કથા ? તો પણ વાણીની અંદર રહેલી જાડયતાનું હરણ કરવા માટે હું આવું (ભારે) સાહસ કરી રહ્યો છું. ૨

माणग्रामे जनिर्यस्य टेंबेनाम्नि सुवंशके ।
अत्रिगोत्र त्र्यधीशात्मन् वासुदेव नमोऽस्तु ते ॥३॥

(સાવંતવાડી સંસ્થાનના) માણગાંવમાં ટેંબે નામના સુવંશમાં જેણે અવતાર ધારણ કર્યો, એવા અત્રિગોત્રોત્પન્ન ત્રિદેવતાત્મક આત્મસ્વરૂપ હે વાસુદેવ ! તને નમસ્કાર હો ! ૩

गणेशो यत्पिता साधुर्माता साध्वी पतिव्रता ।
रमाबाईति विख्याता वासुदेव नमोऽस्तु ते ॥४॥

જેના પિતા સાધુ ચરિત ગણેશભટ્ટ હતા અને પતિવ્રતા સાધ્વી રમાબાઇ જેની માતા તરીકે પ્રખ્યાત છે, એવા હે વાસુદેવ તને નમસ્કાર હો ! ૪

छत्रोपानतिरस्काराद्बाल्येऽपि व्रतगौरवात् ।
तपःसिद्धिः स्वयं नेमे वासुदेव नमोऽस्तु ते ॥५॥

છત્રી અને જોડાનો બાળપણમાં જેણે વ્રતગૌરવને લીધે ત્યાગ કર્યો હતો અને તેને લીધે તપસિદ્ધિ સ્વયં જેને ત્યાં પાણી ભરતી હતી, એવા હે૦ ૫

वर्णाश्रमक्रमेणैव लीलाविग्रहवान्प्रभुः ।
धर्मसंस्थां चकारार्ये वासुदेव नमोऽस्तु ते ॥६॥

લીલાવતારી જે પ્રભુએ વર્ણાશ્રમક્રમથીજ આ આર્યદેશમાં ધર્મસ્થાપના કરી, એવા હે૦ ૬

आश्रमादाश्रमं गच्छँल्लोकशिक्षणकाङ्क्षया ।
पादचारेण बभ्राम वासुदेव नमोऽस्तु ते ॥७॥
पुनन्नाबालवृद्धं च आसेतुनगराजकम् ।
उपसन्नाननुगृह्णन् वासुदेव नमोऽस्तु ते ॥८॥

એક આશ્રમથી બીજો આશ્રમ (એમ ક્રમથી ચારે આશ્રમ) ધારણ કરી, લોકશિક્ષણના હેતુથી જેણે પગે ચાલી આસેતુહિમાચલ, આબાલવૃદ્ધોને પુનીત કરતા અને શરણે આવેલા ઉપર અનુગ્રહ કરતા પર્યટન કર્યું, એવા હે૦ ૭-૮

अनेके लेभिरे मुक्तिं भुक्तिं चान्ये तथैव च ।
दर्शनात्सेवया यस्य वासुदेव नमोऽस्तु ते ॥९॥

જેનાં દર્શન અને સેવા માત્રથી કેટલાએ મુકિત પામ્યા અને બીજા કેટલાય લોકોએ ઇહ લૌકિક સૌખ્ય પ્રાપ્ત કર્યું એવા હે૦ ૯

योगादिसिद्धिप्राकटयं बाल्यादेव चकार यः ।
दुर्गतानां ददौ मुक्तिं वासुदेव नमोऽस्तु ते ॥१०॥

જેણે પોતાની યોગાદિસિદ્ધિનો પ્રભાવ બાળપણથી જ બતાવવા માંડયો અને દુર્ગત થએલાઓને મુકત કર્યા, એવા હે૦ ૧૦

दुदोह दुष्टां गां शीघ्रं मन्त्रयोगेन शैशवे ।
उन्मत्तां विनतां चक्रे वासुदेव नमोऽस्तु ते ॥११॥

બચપણમાં જ જેણે (કોઇને પાસે ન આવવા દેનાર એવી એક) મારકણી ગાયનું પોતાના મંત્રપ્રભાવથી દૂધ કાઢી બતાવ્યું અને એની મસ્તી ઊતારી એને તદ્દન નરમ બનાવી, એવા હે૦ ૧૧

यत्पादकञ्जतीर्थेन कुष्ठाद्यार्तिः क्षतिं गता ।
स्त्रीपुंसानामनेकेषां वासुदेव नमोऽस्तु ते ॥१२॥

જેના ચરણકમળના તીર્થોદકથી અનેક સ્રીપુરુષોના કુષ્ઠાદિ (ભયંકર) વ્યાધિઓ નાશ પામ્યા, એવા હે૦ ૧૨

वृक्षे देवत्वमानाय्य दिवाकरमशिक्षयत् ।
कुलधर्मादरणं ज्ञो वासुदेव नमोऽस्तु ते ॥१३॥

જે જ્ઞાનીએ (ફણસના) વૃક્ષમાં દેવત્વ પ્રગટ કરીને દિવાકર દ્વિજને (પરંપરાથી ચાલતા આવેલા) કુલધર્મને માન આપવાનું શિક્ષણ આપ્યું, એવા હે૦ ૧૩

अनेकान्नास्तिकानाशु श्रद्धायुक्तांश्चकार यः ।
कौतुकं विविधं कुर्वन् वासुदेव नमोऽस्तु ते ॥१४॥

વિવિધ ચમત્કાર કરીને જેણે અનેક નાસ્તિક લોકોને એકદમ શ્રદ્ધાળુ બનાવ્યા એવા હે૦ ૧૪

मूर्तिदं स्वर्णकारं योऽमोचयद्‌ राजरोषतः ।
सद्धर्मे प्रेरयामास वासुदेव नमोऽस्तु ते ॥१५॥

મૂર્તિ આપનાર સુવર્ણકારને જેણે રાજાના રોષમાંથી મુક્ત કરી સદ્ધર્મ વિશે પ્રેર્યો, એવા હે૦ ૧૫

शूद्रं विठ्ठलनामानं कुष्ठमुक्तं चकार यः ।
स्नानपूजादियोगेन वासुदेव नमोऽस्तु ते ॥१६॥

વિઠ્ઠલ નામના શૂદ્રને (નિર્મલા નદીમાં) સ્નાન તથા (દૂરથી દેવની) પૂજા વગેરેથી જેણે કુષ્ઠરોગથી મુક્ત કર્યો, એવા હે૦ ૧૬

प्रेतं मातुलपक्षस्य सार्धाब्दवयसं सुतम् ।
दृङ्मात्रेणाजीवयद्यो वासुदेव नमोऽस्तु ते ॥१७॥

માતુલપક્ષના દોઢ વરસના મરણ પામેલા બાળક-પુત્રને જેણે દૃષ્ટિમાત્રથી સજીવન કર્યો, એવા હે૦ ૧૭

सिद्धोपासनयोगेन भक्तिमार्गे प्रयत्नतः ।
अनेकान्प्रेरयामास वासुदेव नमोऽस्तु ते ॥१८॥

જેની ઉપાસના સિદ્ધ હોવાથી જેણે પ્રયત્નથી અનેક જણને (શુષ્ક વેદાંતીઓ મટાડી) ભક્તિમાર્ગે દોર્યા, એવા હે૦ ૧૮

तत्त्वज्ञानमुपादिश्य पत्नीं मातरमेव च ।
उद्धार त्वनेकान्यान् वासुदेव नमोऽस्तु ते ॥१९॥

પોતાની પત્ની તથા માતાને તેમજ બીજા અનેક જણને જેણે તત્વજ્ઞાનનો ઉપદેશ કરી તેમનો ઉદ્ધાર કર્યો, એવા હે૦ ૧૯

गोदातीरे दधारादौ यतिदीक्षां सुमङ्गलाम् ।
दण्डमुज्जयिनीक्षेत्रे वासुदेव नमोऽस्तु ते ॥२०॥

अनिरुद्धसुशिष्याद्यो नारायणमुनेः स्वयम् ।
दत्तदेवाज्ञया प्राज्ञो वासुदेव नमोऽस्तु ॥२१॥

ગોદાતીરે પ્રથમ સુમંગલ યતિદીક્ષા ધારણ કરી (પશ્ચાત્) અવંતિકા ક્ષેત્ર વિષે જે જ્ઞાનીએ સ્વયં દત્ત ભગવાનની આજ્ઞાથી અનિરુદ્ધ સ્વામીના સુશિષ્ય નારાયણ સ્વામી પાસેથી દંડ ગ્રહણ કર્યો, એવા હે૦ ૨૦–૨૧

माधूकरं समाहृत्य क्षुद्रोगस्य निवारणम् ।
यश्चकाराज्ञशिक्षार्थं वासुदेव नमोऽस्तु ते ॥२२॥

અજ્ઞાની લોકોને શિક્ષણ આપવા માટે મધુકરી ભિક્ષા લાવીને જે પોતાની ક્ષુધારૂપી રોગનું નિવારણ કરતા, એવા હે૦ ૨૨

केशवं धार्मिकं चक्रे षट्कर्मपरिशिक्षणात् ।
तदैवान्नं जहारास्माद् वासुदेव नमोऽस्तु ते ॥२३॥

કેશવરામ નામના (નાસ્તિક) બ્રાહ્મણને ખટ્કર્મ શીખવાડી ધર્મને રસ્તે ચઢાવ્યો અને ત્યારપછી જ જેણે એને ત્યાંથી ભિક્ષાન્નનો સ્વીકાર કર્યો, એવા હે૦ ૨૩

अपस्माराकुलं विप्रं पिछोरास्थं च भास्करम् ।
चक्रे पिशाचतो मुक्तं वासुदेव नमोऽस्तु ते ॥२४॥

અપસ્માર (વઇ) રોગથી વ્યાકુળ થએલા પિછોરા ગામના ભાસ્કર વિપ્રને (એ રોગના કારણીભૂત) પિશાચથી જેણે મુકત કર્યો, એવા હે૦ ૨૪

बालवेषं प्रभुं स्वाङ्के धृत्वा क्रीडां चकार यः ।
नर्सीग्रामे नदीतीरे वासुदेव नमोऽस्तु ते ॥२५॥

નરસી ગામમાં (કયાધૂ) નદીને તીરે બાળસ્વરૂપ દત્ત ભગવાનને પોતાના ખોળામાં બેસાડી જેઓ ગંમત કરતા, એવા હે૦ ૨૫

भाष्यादि श्रावयामास भाविकाञ्जाल्वणे च यः ।
दासबोधरहस्यं च वासुदेव नमोऽस्तु ते ॥२६॥

જાલવણમાં ભાવિક લોકોને ભાષ્યાદિ શ્રવણ કરાવી જેણે (શાસ્ત્રીઓનું સંસ્કૃતનું અભિમાન દૂર કરવા માટે) દાસબોધનું રહસ્ય પણ કહી સંભળાવ્યું, એવા હે૦ ૨૬

बलवन्तं सिषेवे यः सेवाभक्तिं च दर्शयन् ।
लघुत्वं साधुतामूलं वासुदेव नमोऽस्तु ते ॥२७॥

(દીન અને દુઃખીની) સેવા એજ (સાચી) ભકિત છે અને લઘુતા એજ સાધુતાનું મૂળ છે એવું બતાવતાં જેણે (બદરી નારાયણ જેવી વિકટ યાત્રા પ્રસંગે રોગથી જર્જરિત એવા ભાલોદના વિપ્ર) બળવંતરાયની (ઝાડાથી બગડેલાં કપડાં ધોવા સુધીની) શુશ્રૂષા કરી, એવા હે૦ ૨૭

ब्रह्मावर्तं परित्यज्य नर्मदामाजगाम यः ।
माहात्म्यं वर्धयंस्तिष्ये वासुदेव नमोऽस्तु ते ॥२८॥

બ્રહ્માવર્તનો પરિત્યાગ કરી, જેણે કલિમાં એનું માહાત્મ્ય વૃદ્ધિગત કરવા નર્મદા વિષે આગમન કર્યું, એવા હે૦ ૨૮

पादपीडां समुत्प्रेक्ष्य नर्मदा स्वयमेव यम् ।
दुःखमुक्तं चकाराशु वासुदेव नमोऽस्तु ते ॥२९॥

જેના પગમાં (ચસકને લીધે) પીડા થાય છે એમ જોઈને નર્મદાએ જાતે જ જેને (સમંત્ર ભભૂતિ ચોળી) દુઃખમુકત કર્યા, એવા હે૦ ૨૦

पञ्चमीव्रतयोगेन तीर्थे च तिलकेश्वरे ।
मणिविप्रे ददौ पुत्रं वासुदेव नमोऽस्तु ते ॥३०॥

તિલકવાડા ક્ષેત્ર વિશે (પૂર્વ જન્મ વિશે કરેલા સર્પવધના દોષમાંથી મુકત થવા માટે) નાગપંચમીનું વ્રત કરાવી, જેણે મણિશંકર નામના બ્રાહ્મણને પુત્રપ્રદાન કર્યું, એવા હે૦ ૩૦

अज्ञगांडाद्विजायादाद्योगसिद्धिं त्वनेकशः ।
सेवया परमं तुष्टो वासुदेव नमोऽस्तु ते ॥३१॥

ગાંડા નામના અજ્ઞાની બ્રાહ્મણને એની સેવાથી પરમ સંતુષ્ટ થઇ જેણે અનેક જાતની યોગસિદ્ધિ આપી, એવા હે૦ ૩૧

विष्णुं श्मशानवैराग्ययुक्तं बोधेन यः स्थिरम् ।
चकार निमिषार्धेन वासुदेव नमोऽस्तु ते ॥३२॥

વિષ્ણુબુવા નામના સ્મશાનવૈરાગ્યયુકત બ્રાહ્મણને બોધ કરીને જેણે અલ્પ વારમાં જ સ્થિર કર્યો, એવા હે૦ ૩૨

सीतारामाय स्वभ्रात्रे गायत्रीव्रततो ददौ ।
ब्रह्मावर्ते परां सिद्धिं वासुदेव नमोऽस्तु ते ॥३३॥

(પૂર્વાશ્રમના) પોતાના ભાઇ સીતારામ બુવાને બ્રહ્માવર્તમાં ગાયત્રી પુરશ્ચરણ કરાવી જેણે પરમ સિદ્ધિ અર્પણ કરી, એવા હે૦ ૩૩

नारायणाय यो दण्डं वाडीस्थाय ददौ परः ।
दत्ताज्ञया नृसिंहाय वासुदेव नमोऽस्तु ते ॥३४॥
कवित्वादि परां सिद्धिं दत्त्वा चक्रे तमग्रगम् ।
योगानन्दं परं चापि वासुदेव नमोऽस्तु ते ॥३५॥

વાડીસ્થ નારાયણ દીક્ષિતને–નરસિંહ સરસ્વતીને જે પરમ પુરુષે દત્તાજ્ઞાથી દંડદીક્ષા આપી, અને કવિત્વ વગેરે ઉત્કૃષ્ટ સિદ્ધિ આપી એમને તથા બીજા યોગાનંદ-સરસ્વતી (ગાંડા મહારાજ)ને બધા (શિષ્યોમાં) અગ્ર-ગામી કર્યા, એવા હે૦ ૩૪–૩૫

बहूनामग्रगावेतौ शीतार्कावुडुपङ्क्तिले ।
भवाकाशे सुभास्वन्तौ वासुदेव नमोऽस्तु ते ॥३६॥

જેણે અનેક (શિષ્ય મંડળી)માં આ બંનેને અગ્રગામી અને (અન્ય શિષ્યરૂપી) નક્ષત્રાંકિત આ સંસારરૂપી આકાશમાં ચંદ્રના જેવા દેદીપ્યમાન કર્યા, એવા હે૦ ૩૬

कौठागुलंदग्रामस्थे वन्ध्याभार्ये सुतं ददौ ।
कन्यां तात्यह्वयो चान्त्ये वासुदेव नमोऽस्तु ते ॥३७॥

કૌઠાગુલંદ ગામના નિવાસી વંધ્યા સ્ત્રીવાળા તાત્યા નામના શુદ્ર (જાગીરદાર) ને જેણે (પીસતાળીસમે વર્ષે કન્યાપુત્ર આપ્યાં, એવા હે૦ ૩૭

श्रीपादं नरसिंहं च वासुदेवाख्यमव्ययम् ।
तिष्ये तारकमालोक्य वासुदेव नमोऽस्तु ते ॥३८॥

અવિનાશી એવા (પરબ્રહ્મ સ્વરૂપ) શ્રીપાદવલ્લભ અને નૃસિંહસરસ્વતી જ કલિમાં લોકોને તારવા માટે વાસુદેવાનંદસરસ્વતી નામ ધારણ કરીને આવેલા જોઇ હે વાસુદેવ૦ ૩૮

करुणात्रिपदेनैव ह्युग्रं दत्तं च सान्त्वयन् ।
वाडीस्थान्मोचयामास वासुदेव नमोऽस्तु ते ॥३९॥

(પૂજારીઓના ભ્રષ્ટાચારથી) ઉગ્ર થએલા દત્તાત્રેયને કરુણાત્રિપદીથી જ શાંત કરી જેણે વાડીસ્થોને ભયમુક્ત કર્યો, એવા હે૦ ૩૯

ब्रह्मावर्ते कुशोबाख्यं पूर्वप्रारब्धयोगतः ।
रोगान्मुक्तं चकाराशु वासुदेव नमोऽस्तु ते ॥४०॥

બ્રહ્માવર્તમાં કુશોબા નામના બ્રાહ્મણને પૂર્વ પ્રારબ્ધના યોગથી પ્રાપ્ત થએલા (દુર્ધર) વ્યાધિમાંથી જેણે તત્કાળ મુક્ત કર્યો, એવા હે૦ ૪૦

तारकामठमापन्नः स्वयं स्वामिसुपूजितः ।
दत्ताज्ञयाऽगमद् दूरं वासुदेव नमोऽस्तु ते ॥४१॥
नर्मदातीरमागत्य बडवायासुक्षेत्रके ।
चातुर्मास्यं चकारारं वासुदेव नमोऽस्तु ते ॥४२॥

(કાશીમાં) તારકમઠમાં આવી પહોંચતાં સ્વયંપ્રકાશાશ્રમ (જેવા વૃદ્ધ) સંન્યાસીએ (પણ) જેમનું અત્યંત આદરપૂર્વક પૂજન કર્યું (અને તેમ છતાં પણ ત્યાંના

માનપાનમાં લપટાઈ ન રહેતાં) દત્તની આજ્ઞાથી જે (અધ-વચ જાત્રામાંથી જ) દૂર ચાલ્યા ગયા, અને નર્મદાતીર વિષે આવી બડવાયા ક્ષેત્રમાં ચાતુર્માસ્ય કર્યું એવા હે૦ ૪૧-૪૨

नानाशास्त्रिणमालोक्य महामारीपरिप्लुतम् ।
दर्शनात्स्वस्थतां निन्ये वासुदेव नमोऽस्तु ते ॥४३॥

નાનાશાસ્ત્રીને મહામારીથી સપડાએલો જોઇ દર્શન-માત્રથી જેમણે સાજો કર્યો, એવા હે૦ ૪૩

पर्जन्यं वारयामास पादपांसुप्रभावतः ।
दुःस्थस्त्रीभावमालोक्य वासुदेव नमोऽस्तु ते ॥४४॥

(પતિની ત્યજાએલી) દુઃખી સ્ત્રીનો ભાવ જોઇ (ખળાની આસપાસ નાંખેલી) પદરજના પ્રભાવથી જેણે પર્જન્યનું નિવારણ કર્યું (અને એ દુઃખી અબળાના ધાન્યનું રક્ષણ કર્યું) એવા હે૦ ૪૪

रूपत्रयं समाधृत्य भिक्षादिकार्यकृन्महान् ।
सर्वं ब्रह्मेति यो वेद वासुदेव नमोऽस्तु ते ॥४५॥

(એકી વખતે) ત્રણ રૂપ ધારણ કરી જે મહાપુરુષે (વાડીમાં) ભિક્ષાદિ કાર્ય કર્યું, એવા સર્વને બ્રહ્મરૂપ જાણનાર હે૦ ૪૫

स्त्रीवैंश्यांश्च तथा शूद्रान् महाशूद्रानपि क्वचित् ।
तारयामास वै प्राज्ञो वासुदेव नमोऽस्तु ते ॥४६॥

જે જ્ઞાની પુરુષે, સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો અને ક્વચિત્ મહાશૂદ્રોનો પણ ઉદ્ધાર કર્યો છે, એવા હે૦ ૪૬

दुर्वृत्तान्पूजकान्दृष्ट्वा अज्ञबोधाय वै मुदा ।
सिषेवे दत्तशिक्षां यो वासुदेव नमोऽस्तु ते ॥४७॥

(વાડીના) પૂજારીઓને ખરાબ માર્ગે ચઢી ગએલા જોઈને, અજ્ઞજનના બોધ માટે જે જાતે દત્તશિક્ષા સહન કરતા, એવા હે૦ ૪૭

प्राकृते प्रीतिमुत्पाद्य देवभाषामदापहृत् ।
ब्रह्मरक्षो मुमोचाशु वासुदेव नमोऽस्तु ते ॥४८॥

પ્રાકૃત ભાષા પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરી (જાલવણમાં એક શાસ્ત્રીના) સંસ્કૃતના અભિમાનને દૂર કરી, (એની પાસે પ્રાકૃત ગુરુચરિત્રની સપ્તાહ કરાવી એના ઘરમાં લાંબા વખતથી રહેલા) બ્રહ્મરાક્ષસને જેણે મુક્ત કર્યો, એવા હે૦ ૪૮

बोधाद् दण्डेन वा भ्रष्टांस्त्यक्तधर्मान्मुनीश्वरः ।
सन्मार्गगामिनश्चक्रे वासुदेव नमोऽस्तु ते ॥४९॥

જે મુનીશ્વરે સનાતન ધર્મનો ત્યાગ કરી ભ્રષ્ટ થએલાઓને બોધથી-અને ક્વચિત્ શિક્ષાથી પણ સન્માર્ગે ચઢાવ્યા, એવા હે૦ ૪૯

योऽधिकारभिदा ग्रन्थान् रचयित्वा सुबोधकान् ।
उद्धार भवे मग्नान् वासुदेव नमोऽस्तु ते ॥५०॥

જેણે અધિકારભેદ પ્રમાણે સુબોધગ્રંથો રચી સંસાર-મગ્ન લોકોનો ઉદ્ધાર કર્યો, એવા હે૦ ૫૦

अष्टरूपकसामग्र्या त्रिसहस्रं त्वभोजयत् ।
वैजनाथनिमित्तेन वासुदेव नमोऽस्तु ते ॥५१॥

વૈજનાથનું નિમિત્ત કરી જેણે આઠ રૂપિઆની સામગ્રીમાં ત્રણ હજાર માણસોને જમાડયા, એવા હે૦ ૫૧

हेमराजवणिक्श्रेष्ठजननीं दुःसहार्तिगाम् ।
स्वङ्गां चकार दृष्ट्यैव वासुदेव नमोऽस्तु ते ॥५२॥

દુઃસહ દુઃખથી પીડાતી હેમરાજ નામના વણિક-શ્રેષ્ઠની માતાને જેણે દૃષ્ટિમાત્રથી સ્વસ્થ કરી, એવા હે– ૫૨

चिखल्दाक्षेत्रके रम्ये त्वभ्यङ्गस्नानकारणात् ।
प्रादर्शयन्परां लीलां वासुदेव नमोऽस्तु ते ॥५३॥
सगुणागुणयोर्भेदस्तात्त्विको न कथंचन ।
इतीव बोधयन् धीमन् वासुदेव नमोऽस्तु ते ॥५४॥

રમ્ય એવા ચિખલદા ક્ષેત્રમાં, કેમ જાણે સગુણ અને નિર્ગુણનો ભેદ તાત્વિક નથી (પરંતુ કાલ્પનિક છે) એવું ઠસાવવા માટે જ ન હોય તેમ, (મૂર્તિને માટે) અભ્યંગ સ્નાનનું નિમિત્ત કરી જે બુદ્ધિમાને અલૌકિક લીલા કરી બતાવી, એવા હે૦ ૫૩–૫૪

ताटके वैद्यराजस्य पादपीडां सुदुर्धराम् ।
मन्त्रयोगाज्जहाराशु वासुदेव नमोऽस्तु ते ॥५५॥

જેણે (ગુણાછાવણીના) વિશ્વનાથ નારાયણ તાટકે નામના શસ્ત્રવૈદ્યનું પગનું જીવલેણ દરદ મંત્રપ્રયોગથી તત્કાળ દૂર કર્યું એવા હે૦ ૫૫

भृगुक्षेत्रस्थकल्याणद्विजपुत्ररुजं पराम् ।
यन्त्रयोगाल्लयं निन्ये वासुदेव नमोऽस्तु ते ॥५६॥

ભૃગુક્ષેત્રનિવાસી કલ્યાણજી નામના બ્રાહ્મણના પુત્રનો મહાન રોગ જેણે કેવળ મંત્રયોગથી નાશ પમાડયો, એવા હે૦ ૫૬

गोठसग्रामवास्तव्यो भागिनेयो जनार्दनः ।
पिशाचत्रासतस्त्रातो वासुदेव नमोऽस्तु ते ॥५७॥

ગોઠસ ગ્રામમાં રહેનાર ભગિનીપુત્ર જનાર્દનને જેણે પિશાચના ત્રાસમાંથી મુક્ત કર્યો, એવા હે૦ ૫૭

शिरोळवसतिस्तात्या परीक्षादोषदूषितः ।
यन्निन्दयाऽभवत्कुष्ठी वासुदेव नमोऽस्तु ते ॥५८॥

પરીક્ષા લેવાના હેતુથી આવેલો અત એવ તદ્દોષથી દુષિત શિરોળ ગામનો રહેવાસી તાત્યા નામનો બ્રાહ્મણ જેની નિંદાથી કુષ્ઠી થયો, એવા હે૦ ૫૮

जीर्णकासव्यथाक्लिष्टां ब्राह्मणीं पादतीर्थतः ।
तंजावरेऽकरोत्स्वस्थां वासुदेव नमोऽस्तु ते ॥५९॥

તંજાવરમા જીર્ણશ્વાસકાસની વ્યથાથી (૨૧ બરસ સુધી) પીડાતી બ્રાહ્મણીને પગના ચરણામૃતમાત્રથી જેણે નીરોગી કરી, એવા હે૦ ૫૯

आचार्यैरात्मरूपेण पूजितायात्मरूपिणे ।
दीनोद्धर्त्रे मेशकेश वासुदेव नमोऽस्तु ते ॥६०॥

(શૃંગેરી વગેરે પીઠાદિના) આચાર્યોએ આત્મરૂપથી પૂજીત, દીનોનો ઉદ્ધાર કરનાર આત્મરૂપ એવા તને, હે બ્રહ્મા વિષ્ણુ મહેશસ્વરૂપ વાસુદેવ૦ ૬૦

मिषात्क्षौरस्य यो लीलां चक्रे कृष्णातटे पराम्
चामरत्यां महेशात्मा वासुदेव नमोऽस्तु ते ॥६१॥

કૃષ્ણાતટે ચામરતી ગામમાં મહેશસ્વરૂપે જેણે ક્ષૌરનું નિમિત્ત કરી દિવ્ય લીલા કરી, એવા હે૦ ૬૧

वैनगङ्गातटे रम्ये पवन्यां यश्चकार कः ।
लीलां स्वर्ग्यां लोकहेतोर्वासुदेव नमोऽस्तु ते ॥६२॥

વૈનગંગાના રમ્ય તટે પવની ગામમાં બ્રહ્મસ્વરૂપ એવા જેણે લોકસંગ્રહને માટે સ્વર્ગીય લીલા કરી બતાવી એવા હે૦ ૬૨

वटोदरस्थमानन्दं जीर्णातिसारजर्जरम् ।
गांडाद्वाराकरोत्स्वस्थं वासुदेव नमोऽस्तु ते ॥६३॥

જીર્ણ અતિસારથી જર્જર થએલા વડોદરાનિવાસી આનંદરાવ શિંદેને ગાંડા મહારાજ દ્વારા (અનુષ્ઠાનાદિ બતાવી) જેણે ઉપાધિમાંથી મુક્ત કર્યો, એવા હે૦ ૬૩

हावनूरे गलत्कुष्ठपीडित्तं शिक्षकं मुदा ।
निन्ये स्वास्थ्यं ह्यनुष्ठानाद्द वासुदेव नमोऽस्तु ते ॥६४॥

હાવનૂરમાં ગલત્કુષ્ઠથી પીડાતા શાળા માસ્તરને આનંદથી અનુષ્ઠાન બતાવી જેણે રોગમુક્ત કર્યો, એવા હે૦ ૬૪

जैनापुरेऽकरोन्मुक्तां लिङ्गायतनरीं प्रभुः
उन्मादरोगतः शीघ्रं वासुदेव नमोऽस्तु ते ॥६५॥

જૈનાપુરમાં જે પ્રભુએ લિંગાયત સ્ત્રીને ઉન્માદ રોગમાંથી શીઘ્ર મુક્ત કરી, એવા હે૦ ૬૫

पुरे कुर्वपुरे वन्ये पूर्वं वृत्तमनुस्मरन् ।
चकार लीलां देवेर्ष्यां वासुदेव नमोऽस्तु ते । ॥६६॥

જંગલમાં આવેલા કુરવપુરમાં પૂર્વાવતારના વૃત્તાં-તનું (શ્રીપાદશ્રીવલ્લભરૂપે કરેલી લીલાનું) સ્મરણ કરી જેણે દેવોને પણ ઈર્ષ્યા આવે લીલા કરી, એવા હે૦ ૬૨

विप्रसंतर्पणं प्रेम्णा स्वाहाकारं तथैव च ।
चकार बहुशो यो वै वासुदेव नमोऽस्तु ते ॥६७॥

જેણે પ્રેમથી કેટલાએ વિપ્રસંતર્પણ ને સ્વાનાકાર કર્યા, એવા હે૦ ૬૭

सनावदे श्राद्धकाले पर्जन्यो वारितो यतः ।
त्वमेवेन्द्रश्च सूर्यश्च वासुदेव नमोऽस्तु ते ॥६८॥

સનાવદમાં (સીતારામ બુવાએ કરેલા) પિતૃશ્રાદ્ધ-પ્રસંગે પર્જન્યનું નિવારણ કર્યું (અને અનેક માણસો

માટે રાંધેલી રસોઇનું વરસાદથી રક્ષણ કર્યું'), તેથી તું જ ઇન્દ્ર છું, અને તું જ સૂર્ય છું, માટે હે૦ ૬૮

मणिद्विजस्य संभ्रान्त सुतो गणपतिश्च सः ।
स्वस्थतां प्रापितः शीघ्रं वासुदेव नमोऽस्तु ते ॥६९॥

મણિશંકરના ભ્રમિષ્ઠ પુત્ર ગણપતને જેણે જોતજોતામાં ઠેકાણે આણ્યો, એવા હે૦ ૬૯

गोदापूरे गतप्राणमाबाविप्रं त्वजीवयत् ।
कमण्डलुजलेनैव वासुदेव नमोऽस्तु ते ॥७०॥

ગોદાવરીના પ્રવાહમાં (સ્નાન કરતાં ડૂબીને) મરણ પામેલ આબા નામના બ્રાહ્મણને જેણે માત્ર કમંડલુનું જળ છાંટીને સજીવન કર્યો, એવા હે૦ ૭૦

मध्वविप्रेऽप्यदाच्छिक्षां द्वैतदंशं निवारयन् ।
विषशान्त्या वृश्चिकस्य वासुदेव नमोऽस्तु ते ॥७१॥

મધ્વસંપ્રદાયના વિપ્રને (શિવ શિવ નામોચ્ચાર કરાવી દ્વૈતરૂપી દંશનું નિવારણ કરી વીંછીના ઝેરની શાંતિ કરી જેણે શિક્ષણ આપ્યું એવા હે૦ ૭૧

वटोदरस्थविप्रस्य सुतं नष्टं स्वदोषतः ।
क्षमापनाद्ददौ तूर्णं वासुदेव नमोऽस्तु ते ॥७२॥

સ્વદોષથી ખોવાઇ ગએલા વડોદરાના બ્રાહ્મણપુત્રને ક્ષમા માગવાથી જેણે તુરત આણી આપ્યો, એવા હે૦ ૭૨

माणवं पाण्डुरङ्गाख्यं स्वप्नदर्शनमात्रतः ।
चकारार्यं त्वनार्याद्यो वासुदेव नमोऽस्तु ते ॥७३॥

બ્રહ્મચારી પાંડુરંગને જેણે સ્વપ્નમાં દર્શન આપીને જ અનાર્યમાંથી આર્ય બનાવ્યો, એવા હે૦ ૭૩

यत्पादपांसुना जातं गरुडेश्वरमीतिहृत्
भूवैकुण्ठं समाख्यातं वासुदेव नमोऽस्तु ते ॥७४॥

જેના પદરજથી ગરુડેશ્વર અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વગેરે અરિષ્ટોનું હરણ કરવાને સમર્થ અને પૃથ્વી પર પ્રખ્યાત વૈકુંઠ સમાન થયું, એવા હે૦ ૭૪

कृत्वैवं बहुधा लीलां लोकदृष्ट्या दिवं ययौ ।
भक्तानां तु सदा व्यक्तो वासुदेव नमोऽस्तु ते ॥७५॥

આવી રીતે અનેક લીલા કરી લોકદષ્ટિએ જે સ્વર્ગવાસી થયા પરંતુ ભકતોને માટે જે સદા પ્રત્યક્ષ જ છે એવા હે૦ ૭૫

यो यो यस्यां तनौ रक्तस्तामेव विदधात्यसौ ।
भावरूपं फलं दत्ते वासुदेव नमोऽस्तु ते ॥७६॥

જે જે ભકત જે જે સ્વરૂપ વિષે અનુરકત હોય છે તે તે જ સ્વરૂપ જે ધારણ કરે છે અને ભાવ પ્રમાણે ફળ આપે છે, એવા હે૦ ૭૬

देहधारी भुवि प्राप्तो यतिरूपेण चात्रिजः ।
कलौ भक्तान्समुद्धर्तुं वासुदेव नमोऽस्तु ते ॥७७॥

કલિમાં ભક્તોનો ઉદ્ધાર કરવા માટે સાક્ષાત્ અત્રિ પુત્ર દત્તાત્રેય જ દેહ ધારણ કરી યતિરૂપે પૃથ્વી વિષે પ્રાપ્ત થયા, એવા હે૦ ૭૭

यत्सांनिध्ये निजं वैरं त्यक्त्वा वर्तन्त आदरात् ।
व्यालव्याघ्रादिर्हिंस्राश्च वासुदेव नमोऽस्तु ते ॥७८॥

સર્પ વ્યાઘ્રાદિ હિંસક પ્રાણીઓ પણ જેના સાંનિધ્યમાં પોતાના (પરસ્પર) વેરનો ત્યાગ કરી (એક બીજા જોડે) ભાવથી વર્તે છે, એવા હે૦ ૭૮

शान्तौ चन्द्रः स्वयं श्रीमान् बुद्धौ धीमान्बृहस्पतिः ।
क्षमायां पृथिवी माता वासुदेव नमोऽस्तु ते ॥७९॥

શાંતિમાં કાંતિમાન્ સ્વયં ચંદ્ર, બુદ્ધિમાં ધીમાન્ બૃહસ્પતિ, ક્ષમામાં માતા પૃથ્વી, એવા હે૦ ૭૯

आञ्जनेयो गतौ दाता दाने कल्पकपादपः ।
तपे भास्वांश्चोग्ररश्मिर्वासुदेव नमोऽस्तु ते ॥८०॥

ગતિમાં અંજનીપુત્ર હનુમાન, દાનમાં ઉદાર કલ્પતરુ તપમાં દેદીપ્યમાન સૂર્ય, એવા હે૦ ૮૦

ज्ञाने शिवः स्वयं योगी गाम्भीर्ये यादसां पतिः ।
पर्जन्यश्च दयायां यो वासुदेव नमोऽस्तु ते ॥८१॥

જ્ઞાનમાં સાક્ષાત્ શિવ યોગી, ગાંભીર્યમાં જલપતિ મહાસાગર, દયામાં મેઘરાજા, એવા હે૦ ૮૧

धैर्ये मेरुर्महानद्रिस्त्यागे दत्तश्च नापरः ।
वीतरागभयक्रोध वासुदेव नमोऽस्तु ते   ॥८२॥

ધૈર્યમાં મહા પર્વત મેરુ, ત્યાગમાં સાક્ષાત્ દત્ત, એવા હે રાગ, ભીતિ અને ક્રોધથી રહિત વાસુ૦ ૮૨

दीनदेवो महान्साधुः कलौ कल्मषहारकः ।
गुणातीतो गुणाध्यक्षो वासुदेव नमोऽस्तु ते ॥८३॥

દીનોના દેવ, મહા સાધુ, કલિમાં પાપનો નાશ કરનાર, ગુણાતીત અને ગુણોના અધ્યક્ષ, એવા હે૦ ૮૩

वासनाबीजनाशाय वाणींजाड्यनिवारिणे ।
अन्तस्तमोऽपहन्त्रे च वासुदेव नमोऽस्तु ते ॥८४॥

હે વાસુદેવ ! વાસનાના બીજનો નાશ કરનાર, વાણીમાં રહેલી જડતાનું હરણ કરનાર, અને અંતઃકરણમાં રહેલા અજ્ઞાનને દૂર કરનાર તને નમસ્કાર હો૦ ૮૪

वेदान्तवनसिंहाय कामनामृगदारिणे ।
मुक्तनक्षत्रचन्द्राय वासुदेव नमोऽस्तु ते ॥८५॥

હે વાસુદેવ ! વેદાંત રૂપી વનમાં સિંહની માફક નિર્ભયપણે ફરનાર, કામનારૂપી મૃગનો નાશ કરનાર, અને મુક્ત પુરૂષોરૂપી નક્ષત્રોમાં ચંદ્રની માફક શોભનાર તને૦ ૮૫

सद्गुणक्षेत्रपालाय पापकण्टकदाहिने ।
रोगानलार्द्रमेघाय वासुदेव नमोऽस्तु ते ॥८६॥

હે વાસુદેવ ! સદ્‌ગુણરૂપી ખેતરની રખેવાળી કરનાર, પાપરૂપી કાંટાઓને બાળી નાંખનાર, રોગરૂપી દાવાનળને સજલ મેઘ સમાન શાંત કરનાર તને૦ ૮૬

बालोन्मत्तसुवेषाय मुक्तमालासुरोचिषे ।
संसारकञ्जसाराय वासुदेव नमोऽस्तु ते ॥८७॥

હે વાસુદેવ ! બાળ, ઉન્મત્ત, (અને પિશાચ)સમ સુંદર વેષવાળા, મુકત પુરુષોની માલિકામાં કમળની માફક શોભનાર, અને સંસારરૂપી કમળના મકરંદરૂપ તને૦ ૮૭

दरघ्नायात्तदेहाय लोकसंग्रहकारणा–
त्तापसाच्यीय वन्द्याय वासुदेव नमोऽस्तु ते ॥८८॥

હે વાસુદેવ ! (જન્મમરણના) ભયનો નાશ કરનાર, લોકસંગ્રહને (લોકોને સન્માર્ગે દોરવા તે) માટે જેણે મનુષ્યદેહ ધારણ કર્યો છે એવા, તપસ્વીઓને પણ પૂજનીય અને (દેવતાઓને) વંદ્ય તને૦ ૮૮

त्रेधादुःखदवायात्मन् यातायातनिवारिणे ।
यामीराभवराङ्गाय वासुदेव नमोऽस्तु ते ॥८९॥

હે આત્મસ્વરૂપ વાસુદેવ ! ત્રિવિધ દુઃખને દગ્ધ કરનાર દાવાનળરૂપ, જન્મમરણનો ફેરો મટાડનાર, કર્પૂરગૌર સુંદર અંગવાળા તને૦ ૮૯

यज्ञयागादितुष्टाय योगिध्येयाय योगिराट् ।
त्रिदविदूराप्रमेयात्मन् वासुदेव नमोऽस्तु ते ॥९०॥

હે અમેયાત્મન્ ! (જેના સ્વરૂપનો થાગ કોઇ કાઢી શકતું નથી એવા) પાંડિત્યથી દૂર એવા હે યોગીરાજ વાસુદેવ ! યજ્ઞયાગાદિથી સંતુષ્ટ, અને યોગીઓના ધ્યેય સ્વરૂપ તને૦ ૯૦

महादेवाय गेयाय सिद्धगन्धर्वकोटिभिः ।
हेमशङ्खाय शंस्याय वासुदेव नमोऽस्तु ते ॥९१॥

હે વાસુદેવ ! સમષ્ટિ બુદ્ધિરૂપી મહત્તત્વને પણ પ્રકાશિત કરનાર, કરોડો સિદ્ધો અને ગંધર્વો પણ જેનાં ગાન કરે છે એવા, દિવ્ય શંખ ધારણ કરનાર વિષ્ણુ સ્વરૂપ, સ્તુતિ કરવાને યોગ્ય તને૦ ૯૧

अचिन्त्याय त्वरूपाय अक्षयायादिदर्शिने ।
वरावरादिरूपाय वासुदेव नमोऽस्तु ते ॥९२॥

હે વાસુદેવ ! અચિંત્ય, અરૂપ, અક્ષય, આદિદૃષ્ટા, ઉચ્ચનીચાદિ સર્વમાં પ્રકાશનાર તને૦ ૯૨

धूतचित्ताय धर्म्याय धर्माधर्मपराय च ।
तारतम्यव्यतीताय वासुदेव नमोस्तु ते ॥९३॥

હે વાસુદેવ ! નિર્મળ ચિત્તવાળા, ધર્મપ્રિય, ધર્મ અને અધર્મથી પર, ઉચ્ચનીચના ભેદભાવ રહિત તને૦ ૯૩

यदायाजाय यष्टव्य तापदात्राय भास्वते ।
धीमतां धीकृते ब्रह्मन् वासुदेव नमोस्तु ते ॥९४॥

હે ભજન કરવા યોગ્ય વાસુદેવ ! (ભક્તોની) આબરૂ રાખનાર, અજન્મા, ત્રિવિધ તાપને બાળી નાખનાર, જ્ઞાનીઓની બુદ્ધિના પ્રકાશક, તેજઃપુંજ તને૦ ૯૪

म केशान्मस्वरूपाय मदाय मकरीदृशे ।
हि मांशुकान्तवक्त्राय वासुदेव नमोऽस्तु ते ॥९५॥

હે વાસુદેવ ! બ્રહ્માવિષ્ણુમહેશસ્વરૂપ, કલ્યાણના દાતા, માછલાંના જેવી પાણીદાર આંખોવાળા, ચંદ્રના જેવા સુંદર મુખવાળા તને૦ ૯૫

त न्मात्रादिसुदूराय तेजसेऽव्यक्तरूपिणे ।
नो पस्थात्रेऽप्यन्तिकाय वासुदेव नमोऽस्तु ते ॥९६॥

હે વાસુદેવ ! (ઇન્દ્રિય અને) વિષયાદિથી અત્યંત દૂર, તેજોરૂપ, અદૃશ્ય, પાસે છતાં પણ દૂર એવા તને૦૯૬

दत्तः स्वात्माऽत्रये येन किमदेयं महात्मनः ।
प्रत्युत्पन्नमते प्रेयन् वासुदेव नमोऽस्तु ते ॥९७॥

જેણે પોતાની જાતને અત્રિઋષિને અર્પણ કરી તે મહાત્મા શું ન આપે ? માટે હે પ્રેમાત્મન્ વાસુદેવ ! હાજરબુદ્ધિવાળા તને૦ ૯૭

चोरचाण्डालरूपाय चौर्यद्वेष्ट्रे त्वकोपिने ।
दयादानादिशिक्षाय वासुदेव नमोऽस्तु ते ॥९८॥

હે વાસુદેવ ! ચોર અને ચંડાળમાં પણ સત્યસ્વરૂપે પ્રકાશનાર, ચૌર્યને ધિક્કારનાર અને ક્રોધથી રહિત, દયા-દાનાદિ એ જ જેનું શિક્ષણ છે એવા તને૦ ૯૮

यात् प्राप्याय च यत्नेन याम्यपीडानिवारिणे ।
रङ्गानन्दप्रदायात्मन् वासुदेव नमोऽस्तु ते ॥९९॥

હે આત્મસ્વરૂપ વાસુદેવ ! યત્નથી કરેલી યોગ-સાધનાથી જે પ્રાપ્ત થાય છે એવા, યમલોકનાં દુઃખોનું નિવારણ કરનાર, સંસારરૂપી રંગભૂમિમાં આનંદ આપનાર તને ૯૯

वासुदेवं परित्यज्य येऽन्यं हीनमुपासते ।
गङ्गाम्बु निर्मलं त्यक्त्वा मृगाम्बु परियन्ति ते ॥१००॥

વાસુદેવનો પરિત્યાગ કરી જે કોઇ અન્ય હીનની ઉપાસના કરે છે, તે (હતભાગી) નિર્મળ ગંગાજળનો ત્યાગ કરી મૃગજળની પાછળ દોડી મરે છે ! ૧૦૦

जहि वा शाधि वा चाम्ब स्वीकुरु दूरमुत्सृज ।
तवैवाहं तवैवाहं तवैवाहं पुनः पुनः ॥१०१॥

હે માતા ! (આ હીન બાળકને) મારી નાંખ વા શાસન કર, ખોળે લે વા દૂર ઠેલી મૂક; પરંતુ હું તારો જ છું, તારો જ છું, ફરી ફરીથી પણ હું તારો જ છું ! ! ૧૦૧

त्वं चेज्जहासि हे मातः कोऽन्यस्त्राताऽस्ति मामकः ।
चेष्टेताबालवद्बालो माता मातैव सा पुनः ॥१०२॥

હે માતા ! તું જ જો મારો ત્યાગ કરીશ તો પછી મારૂં રક્ષણ કરનાર બીજો કોણ છે ? બાળક કદાચ

બાળકને ન છાજે એવું વર્તન કરે, પરંતુ માતા તે તો માતા જ છે ! ૧૦૨

नो विद्या नो तपः क्वापि वर्तते मयि निश्चितम् ।
तवास्मीत्येव मे तोषो यन्नाशे मरणं ध्रुवम् ॥१०३॥

ખરે જ, મારામાં નથી જરાએ વિદ્યા કે નથી તપ, હું તારો છું એટલો એક જ મારે માટે સંતોષ છે. એનો નાશ થતાં (હે માતા ! મારું) જરૂર મોત છે. ૧૦૩

माऽस्त्वन्नं भक्षितुं माऽस्तु वस्त्रं वा धारणाय वै ।
मा घोषः किं पुनर्गेहम् अस्त्वेकं स्मरणं परम् ॥१०४॥

(હે માતા !) ખાવાને ભલે અન્ન ન હો, પહેરવાને વસ્ત્ર ન હો; રહેવાને છાપરું ન હો તો ઘરની ક્યાં વાત ? પરંતુ મને તારું એક (નિરંતર) શ્રેષ્ઠ સ્મરણ રહેવા દે૦ ૧૦૪

नो काङ्क्षे काव्यव्युत्पत्तिं नो वित्तं नो पुनर्यशः ।
प्राज्यं राज्यं तृणं मन्ये त्वद्विना किं सुखं ध्रुवम् ।१०५॥

નથી મને કાવ્યવ્યુત્પત્તિની ઇચ્છા કે નથી ધનની લાલચ કે નથી કીર્તિની આકાંક્ષા. મોટું રાજ્ય પણ મારે મન તણખલાને તોલે છે ! તારા વિના શાશ્વત સુખ બીજું શું છે ? ૧૦૫

एहि मातर्गृहाणार्भं देहि बोधस्तनं परम् ।
धेनोर्विनाकृतं वत्सं धिक् कथं सुखमाप्नुयात् ॥१०६॥

હે માતર્ ! આવ, બાળકને ખોળામાં લે, અને જ્ઞાન રૂપી ઉત્કૃષ્ટ સ્તનપાન કરાવ. અહા ! ધિક્કાર છે ! ગાયથી વિખૂટું પડેલું વત્સ તે શી રીતે સુખ પામે ! ૧૦૬

मृषाऽपि बाधते बन्धोऽयं शीघ्रं जहि तं प्रभो ।
पाहि मग्नं भवे भीम मामेवं शरणागतम् ॥१०७

હે પ્રભો ! મિથ્યા છતાં પણ આ સંસારરૂપી બંધન અત્યંત ત્રાસ આપે છે માટે તેનો શીઘ્ર નાશ કર; અને હે શિવ ! આવી રીતે શરણ આવેલા અને સંસારસાગરમાં ડૂબેલા મને તાર. ૧૦૭

इतीदं नामपीयूषं 'रङ्ग'स्वान्तविनिर्गतम् ।
यः पिबेदनिशं भक्त्या वासुदेवमियाद् ध्रुवम् ॥१०८॥

રંગ–અંતકરણમાંથી નીકળેલા આવી રીતના નામામૃતનું જે અહોનિશ ભક્તિપૂર્વક પ્રાશન કરશે તે નિશ્ચયપૂર્વક સર્વાંતરયામી વાસુદેવને પ્રાપ્ત થશે. ૧૦૮

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचिता श्रीवासुदेवनामसुधा सम्पूर्णा ।

३८ नारेश्वरस्तोत्रम् ।

जगत्त्रस्तं दृष्ट्वा त्रिपुरपतिना पूर्वमखिलं
स्तुतः स्तोत्रैर्दिव्यैर्विबुधनिवहैस्तत्प्रहणने ।
विधायालं रौद्रं वपुरनलदीप्त्या तमदहन्–
नराणामीशं तं प्रणमत नरा जन्मक्षतये ॥१॥

નારેશ્વરસ્તોત્રમ્

મનુજો ! જન્મમરણુમાંથી છુટવું છે તમારે ? પગે લાગો લાંબા થઇ તે મનુષ્યોના ઇશ નારેશ્વરને; અત્યંત રૌદ્ર રૂપ ધારણ કરી બાળી નાંખ્યો જેણે પોતાની (તૃતીય-નેત્રની) અગ્નિજવાળાથી તે (દુષ્ટ દાનવ) ત્રિપુરાસુરને-એના ત્રાસથી જગત બધું ત્રાસેલું જોઇ પૂર્વે દેવવૃંદોએ તેને મારી નાંખવા માટે મહાદેવની પ્રાર્થના કરેલી. ૧

गणानां योऽधीशः सकलशुभदाताऽवनितले
तपस्तेपे घोरं घनजलकणाशी बहुसमम् ।
पुरा सिद्धिं प्राप्तो यदनुग्रहमात्रेण ह्यतुलां
तमीशं नारेशं प्रणमत नरा जन्मक्षतये ॥२॥

મનુષ્યો ! મુક્ત થવું છે તમારે જન્મ મરણુના ફેરામાંથી ? ભજો તે અંતર્યામી નારેશ્વરને જેના અનુગ્રહ માત્રથી ગણુરાજ, દુનિયામાં સકળ શુભદાતા ગણુપતિજી પૂર્વે સકળ સિદ્ધિને પામ્યા, મેઘજલના કણનું ભક્ષણ કરી અનેક વર્ષ તીવ્ર તપ આચરી ! ૨

कालेशं कालेशं धनपतिसखं ध्यानसुलभं
त्रिनेत्रं त्रातारं भवजलधितस्तं तनुजुषाम् ।
शिवं सोमं शान्तं शरणगतकामेष्टफलदं
विभुं तं नारेशं प्रणमत नरा जन्मक्षतये ॥३॥

જન્મને નાશ કરવો છે તમારે મનુષ્યો ? પ્રણામ કરો ભક્તિભાવથી તે સર્વવ્યાપી કાળના ઇશ, કામપર સત્તા ચલાવનાર, કુબેરના મિત્ર, ધ્યાનથી સુલભ, ત્રિનયન, પ્રાણીમાત્રને સંસાર સાગરમાંથી ઉદ્ધાર કરનાર. જગતનું કલ્યાણ કરનાર, પાર્વતીજી સાથે બિરાજમાન, શાંત અને શરણાગતની કામનાઓ પૂર્ણ કરનાર નારેશ્વરને. ૩

कपर्दीशं धीशं सुरनरतिरश्चां गतिप्रदं
नटं नानाकारं कलिमलहरं कामदहनम् ।
गुरुं गीर्वाणेशं विषयिजनदूरं विषधरं
विषघ्नं नारेशं प्रणमत नरा जन्मक्षतये ॥४॥

જન્મખંડન કરવું છે તમારે માનવીઓ ? પાયે લાગો પ્રેમથી તે કપર્દીશ્વર, બુદ્ધિના પ્રેરક, દેવ, મનુષ્ય ને પશુપક્ષ્યાદિને સદ્દગતિ આપનાર, નૃત્યકુશળ, બહુરૂપી કલિના પાપનું ખંડન કરનાર, કામદેવને ભસ્મ કરનાર અજ્ઞાનાંધકારમાંથી તારનાર, દેવોના ઇશ, વિષયી જનથી દૂર ભાગનાર, કાલકૂટ વિષ ધારણ કરનાર, અને સંસારના ઝેરને નાબૂદ કરનાર નારેશ્વરને. ૪

वसन्तं रेवायाः पुलिनगहने पावनतमे
तमेकं दन्तीशं त्रिभुवनपतिं तारकगतिम् ।
सुराराध्यं ह्याद्यं पशुपतिमजं पूर्णविभवं
भवघ्नं नारेशं प्रणमत नरो जन्मक्षतये ॥५॥

માણસો ! જન્મથી કંટાળ્યા છો તમે ? પૂર્ણશ્રદ્ધાથી ચરણે માથું મૂકો તે નારેશ્વરના, રેવાતીરે વસે છે જે ભાઠાની (એકાંત) પવિત્ર ઝાડીમાં ! ભજો તે એક ગણપતિના સ્વામી, ત્રિલોકના નાથ, પ્રણવમંત્ર છે પામવાનું સાધન જેને અને આત્મપ્રવણથી સુકર છે આરાધના જેની તે આદિપુરુષ, પશુપતિ, અજ (જન્મરહિત) પૂર્ણવિભવ, ભવનો બેડો પાર કરનાર નારેશ્વરને ! ૫

नतार्तिघ्नं देवं प्रणतसुखदं भूतिकलितं
गिरीशं गोविन्दं गिरिवरसुतासेवितपदम् ।
खलारार्तिं रातिं विबुधशिवतातिं फणिपतिं
दधानं नारेशं प्रणमत नरो जन्मक्षतये ॥६॥

મનુપુત્રો ! જન્મમરણમાંથી છૂટવું છે તમારે ? કરો સાષ્ટાંગ દંડવત્ પ્રણામ તે શરણાગતના દુઃખ દૂર કરનાર, સ્વયંપ્રકાશ, પ્રણામ કરનારને સુખ દેનાર, ભસ્મથી શોભાયમાન, પર્વતોના ઇશ, જીતેન્દ્રિય, ખલશત્રુ, દાની, જગન્મિત્ર, જ્ઞાનીઓનું કલ્યાણ કરનાર, શેષનાગ ધારણ કરનાર અને પર્વતોના રાજા હિમાલયની પુત્રી જેના પગ તળાંસે છે એવા નારેશ્વરને. ૬

सुरनरमुनिवृन्दैर्वन्दनीयो वनेशो
दनुजकुलनिहन्ता भीतिहर्ता नराणाम् ।
सपदि शिवविधाता मोक्षदाता नतानां
स वसतु मम हार्दे कामहन्ता नियन्ता ॥७॥

દેવ, મનુષ્યો અને ઋષિવૃન્દો પણ જેને વંદન કરે છે તે પશુપતિ, વનરાજ, રાક્ષસકુળનો નાશ કરનાર, મનુષ્યોનો ભય દૂર કરનાર, ક્ષણમાત્રમાં કલ્યાણ કરનાર, શરણાગતને મુક્તિ આપનાર, કામને બાળનાર, અને સર્વનું નિયમન કરનાર નારપતિ નારેશ્વર મારા હૈયામાં વસો ! ! ૭

यः श्लोकसप्तकमिदं पठतीह मर्त्यो
'रङ्गो'द्गतं सकलरङ्गनिहन्तृ नृणाम् ।
भक्त्या प्रभातसमये नियतः शुचिः सन्
भुक्त्वेह सौख्यमखिलं शिवलोकमीयात् ॥८॥

જે મનુષ્ય, સર્વસંસારિક આસક્તિ દૂર કરનાર, 'રંગ'કૃત આ સાત શ્લોક, પ્રાતઃકાળે જીતેન્દ્રિય અને પવિત્ર થઈ ભક્તિભાવથી પઢે છે તે આ લોકમાં (જીવતાં) સર્વ સુખ ભોગવી (અંતે) શિવલોકમાં જાય છે. ૮

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-
विरचितं नारेश्वरस्तोत्रं सम्पूर्णम् ।

३९ भूतनाथस्तवः ।

भूतनाथ नमस्तुभ्यं स्वात्मदं भूरि वैभवम् ।
भवं वै भवहन्तारं नौमि नाथार्पयात्र कम् ॥१॥

૩૯ ભૂતનાથસ્તવઃ

હે ભૂતનાથ મહાદેવ તમને હું નમસ્કાર કરૂં છું. તમો સ્વસ્વરૂપનું જ્ઞાન કરાવનાર અને અખૂટ વૈભવ આપનાર છો. સંસારવાસનાને દૂર કરનાર હે મહાદેવ! તમને હું પ્રણામ કરૂં છું. હે જગન્નાથ, આ જગતમાં મને (પરમ) સુખ અર્પણ કરો. ૧

दक्षे क्रीडति बालवक्रवदनो वामेऽगजा सुन्दरी
पार्श्वे बालषडाननो विजयते नन्दी पुरस्ताद् वृषः ।
शीर्षे शीतलवाहिनी सुरनदी [1]दत्तानुजो भासुरः
सोऽयं नोऽवतु सन्ततं हृदि सतां क्रीडन्नतार्ति हरन् ।२।

જેની જમણી બાજુ બાળસ્વરૂપે વક્રતુંડ ગણપતિ છે, ડાબી બાજુ પર્વતપુત્રી પાર્વતી બિરાજે છે, પડખામાં બાલ કાર્તિકેય શોભે છે, આગળ નંદી વૃષભ રહેલો છે તથા શિર પર શિતલ જળ વહન કરતી ગંગા નદી અને દત્ત ભગવાનના નાના ભાઇ ચંદ્ર શોભે છે એવા સંતપુરુષોના હૃદયમાં રમણ કરનાર અને નતજનને દુઃખમાંથી તારનાર ભગવાન શંકર હમેશાં અમારૂં રક્ષણ કરો. ૨

पशुपतिपरमेशः पाशदः पार्श्वदानां
   जनिमृतिकृतित्रीशः पार्श्वनाथो जिनानाम् ।
[२]अलिरपि यवनानां ब्रह्म वेदान्तगानां
   स जयतु पुरुनामा पारदोऽम्भोनिधीनाम् ॥३॥

(જે) ગણોને પાશથી સજ્જ કરનાર પશુપતિ પરમેશ્વર છે અને (જે) જૈનોના ઉત્પતિ સ્થિતિ અને લય કરનાર પાર્શ્વનાથ છે અને (જે) મુસલમાનોના અલ્લા પણ છે તથા વેદાન્તિઓના બ્રહ્મ છે તે અનેક રૂપે વિરાજેલા, સંસારસુદ્રમાં પડેલાઓને પાર ઉતારનાર ભગવાન (ભૂતનાથ) નો જયજયકાર હો ! ૩

भवारे भीतिं नो हर सुरपते शीघ्रमखिलां
   खिलान्नो स्वीकुर्वन् कुरु खलमनः खिद्ररहितम् ।
खिलस्त्वं त्वं खेलिर्न हि खल ऋते त्वां तृणमिह
   हरन्द्वैतं दीनानव नयपते पाहि पततः ॥४॥

હે સંસારશત્રુ ! દેવાધિદેવ ! અમારી સઘળી ભીતિનો જલદીથી નાશ કરો, અમારી આ અલ્પ સ્તુતિને સ્વીકારીને તુચ્છ વસ્તુઓના ભંડાર સમા મનને એની પામરતામાંથી ઉગારો. તમો જ સ્તુતિ છો અને (સ્તુતિ યોગ્ય લીલા) ખેલનાર છો; તમારા અસ્તિત્વ વિના તણખલું પણ બાકી નથી, તો હે સદ્વર્તનપ્રેરક ! અમ ગરીબનો દ્વૈતભાવ હરી રક્ષણ આપો અને અમ પતિતોનો ઉદ્ધાર કરો ૪

न प्रभवं नो विभवं काङ्क्षेऽहं त्वभयं तु मेऽस्तु सद्भावम् ।
भावाभावविरूपं दर्शय शान्तिदमेकमेव ते रूपम् ॥५॥

હું પ્રભાવ કે વિભવની ઇચ્છા રાખતો નથી. મારામાં નિર્ભયતા અને સદ્‌ભાવ હો ! અને ભાવાભાવથી પર એવા તમારા એકમેવ શાંતિદાયક સ્વરૂપનાં દર્શન કરાવો. ૫

दोषाकरं च क्षयिणं च कलङ्किनं च
मौलौ बिभर्षि तनुषे खलु कालकूटम् ।
कृत्तिं वसान इह नो नर लज्जसे धिङ्
मां किं जहासि भवकानन ईतिहारिन् ॥६॥

દોષના ભંડાર, ક્ષયને પામનાર, તથા કલંકિત એવા (ચંદ્ર)ને માથા ઉપર ધારણ કરો છો; કાલકૂટ ઝેરને પણ રક્ષણ આપો છો, અરે ! ચર્મને ધારણ કરતાં તમને લાજ નથી આવતી, તો પછી હે સુખ દેનાર, અને કષ્ટ કાપનાર, તમે મને કેમ ત્યજી દો છો ? ૬

[3]चिकुरनिकरैर्भ्राजिष्णुं त्वां नमामि महेश्वरं
त्रिनयनमरं पञ्चास्यं शं स्मरामि सुरेश्वरम् ।
हर हर दरं मा संहारं शिशोः कुरु सागस–
श्चरणपतितं स्वाङ्के धृत्वा कुरुष्व विनोदनम् ॥७॥

જટાજૂટથી શોભતા ભગવાન મહેશ્વરને હું નમસ્કાર કરું છું. ત્રણ નેત્રવાળા, પાંચ મુખવાળા, દેવાધિદેવ

શંકરનું હું સ્મરણ કરૂં છું. હે હર ! મારા ભયને દૂર કરો. આ નિરપરાધી બાળકનો સંહાર મા કરો. એ ચરણમાં પડેલાને તમારા ખોળામાં બેસાડી આનંદ ગોષ્ઠી કરો ! ૭

त्रिविधतापदवाग्निसुतोयदं
 यदमजं दमकं च सुतेजसम् ।
वरनुतं नतमुक्तिदमव्ययं
 शरणमेम्यनिशं शिवशङ्करम् ॥८॥

આધિ, વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધ તાપથી બળતા દવના અગ્નિને જળ આપનાર (શાંત કરનાર), વિગ્રહને આપનાર સાક્ષાત્ નિગ્રહ સ્વરૂપ, અવિનાશી, તેજસ્વી, ઉત્તમ પુરુષોથી પ્રશંસા પામેલા, નતજનને મુકિતદાયક અને અનન્ય એવા શિવશંકર ભગવાનને શરણે હું જાઉં છું. ૮

भूतनाथ हे अस्तु तुष्टिदस्त्वत्स्तवोऽप्ययं सर्वकामदः ।
कामनाथ भो घातय प्रभो दुर्ग्रहार्तिमाशु प्रसीद मे ॥९॥

હે ભગવાન ભૂતનાથ, તમારૂં આ સ્તોત્ર સંતોષ આપનારૂં અને વળી સર્વ કામના પૂર્ણ કરનારૂં હજો ! હે ઇચ્છાઓના અધિપતિ કામનાથ પ્રભુ ! જીતવાં મુશ્કેલ એવાં મારાં દુઃખોનો હણી મારી ઉપર જલદીથી પ્રસન્ન થાઓ. ૯

वारंवारं तव वरतनुं नौमि भक्त्यात्र्यधीश
स्मारं स्मारं तव गुणगणं स्तौमि त्वां भो वनेश ।
पायं पायं तव च यरसं रङ्गभानं विहाय
त्वद्रङ्गेऽयं विशति विपुले त्वात्मभावेन 'रङ्गः' ॥१०॥

હે ત્રણ લોકના ઈશ, તમારા શ્રેષ્ઠ સ્વરૂપને વારંવાર નમસ્કાર કરૂં છુ. હે વનવાસી પ્રભો ! તમારા અનંત ગુણોનું વારંવાર સ્મરણ કરીને તમારી સ્તુતિ કરૂં છું. તમારા જયોતીર્મય બ્રહ્મરસાસ્વાદનું પાન કરતાં કરતાં સંસારના રંગને ભૂલી જઇ તમારા અખૂટ અને આનંદદાયક રંગમાં આત્મભાવે આ રંગ લીન થાય છે. ૧૦

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज–विरचितो भूतनाथस्तवः सम्पूर्णः ।

४० सिद्धनाथदशकम् ।

एकं तत्त्वं नो द्वितीयं कदाचिद्
यद् ब्रह्मेति प्राञ्च आहुर्वरेण्यम् ।
तत् त्वां शैवाः शक्तितः साम्बमेव
ख्यान्तः स्वान्तः सिद्धिकामा नुवन्ति ॥१॥

૪૦. સિદ્ધનાથદશકમ્

એક જ તત્ત્વ છે, કદાપિ બીજું નથી અને જેને બ્રહ્મ એમ કહીને પહેલાંના લોકો વરેણ્યરૂપે વર્ણવે છે,

એવા તને સિદ્ધિની કામનાવાળા શૈવો શકિત અનુસાર સાંબ સદાશિવરૂપે તને ઓળખાવતા પોતાના અંતઃકરણમાં પ્રશંસા કરે છે. ૧

शिव एव पर शिवमेव भजे सदृशं न शिवेन शिवाय नमः ।
न शिवादधिकोऽस्ति शिवस्य शिशु र्मन एतु सदैव–
शिवेऽव शिव ॥२॥

શિવ એજ પરાત્મા છે, શિવને જ હું ભજું છું, શવિ સમાન કોઇ નથી, શિવને નમસ્કાર હો શિવથી અધિક કોઇ નથી, શિવનું હું બાળક છું. શિવમાં જ મન સદા જાઓ, હે શિવ, તું મારૂં રક્ષણ કર. ૨

रहसि विजने सिद्धौघैस्त्वं स्थितः परिवेष्टितो
विकिरसि शिवं स्वेभ्यः स्वान्तःस्तुतैः परितोषितः ।
हर दरमरं मे मारं भो भवान्तक भासुर
वितर तरणे भद्रं भद्रं भवाब्ध्यशुभं जहि ॥३॥

એકાંતમાં તમે સિદ્ધોના સમૂહથી વીંટળાએલા રહ્યા છો, પોતાના અંતઃકરણમાંથી કરાએલ સ્તુતિથી સંતુષ્ટ થએલા આપ ભકતો ઉપર કલ્યાણ વેરો છો. હે ભવનો અંત કરનાર, પ્રકાશમાન દેવ, મારા કામરૂપી મોટા ભયને દૂર કર. તરવાને માટે ફરી ફરીથી કલ્યાણનું વિતરણ કર. સંસારસાગરરૂપી અશુભને હણી નાખ. ૩

पयःस्नातं धेन्वाः सपदि च विलोक्यैव सहसा
परानन्दं प्राप्ताः सरसभुवि वन्याः स्थितममुम् ।

मुदा पूजां चक्रुर्यहरहरनाद्यन्तमनघाः
सुरेर्ष्यं प्रासादं तदनु रचयामास नृपतिः ॥४॥

સરસ ગામમાં રહેલા આ શિવને એક દિવસ ઓચિંતા ગાયના દૂધથી સ્નાન કરાએલ જોઇને ગોવાળિયાઓ પરમ આનંદને પ્રાપ્ત થયા. અને આદિ અને અંત રહિત શિવની તે નિષ્પાપે (ગોવળિયાઓએ) આનંદપૂર્વક પૂજા કરી. ત્યાર પછી રાજાએ ત્યાં દેવોને ઇર્ષ્યા આવે એવું મંદિર બાંધ્યું. ૪

म्लेच्छसैन्यखण्डयमानलिङ्गरन्ध्रतः पुनर्
निःसृताग्रभृङ्गवृन्दद्रावितान्धम्लेच्छकम् ।
सिद्धनाथनामतः श्रुतं भजन्ति भावुकाः
प्राप्नुवन्ति भावनानुरूपमेव तद्विदः ॥५॥

મ્લેચ્છના સૈન્યથી ખંડિત કરવાની ઇચ્છા રખાતા તે લિંગના બાકોરાંમાંથી એકદમ ભમરાઓનાં ઝૂંડ નીકળ્યા અને અંધ મ્લેચ્છોને નસાડી મૂકયા. સિદ્ધનાથ નામથી ઓળખાતા તેમને ભાવિક લોકો ભજે છે અને તે તેના જાણકારો ભાવનાને અનુરૂપ ફળ મેળવી લે છે. ૫

गङ्गाम्बुमौलिं कृतचन्द्रभूषं
नन्दीशढुण्ढीशपुरस्कृतं शम् ।
सर्पोपवीतं वरभूतिलिप्तं
वन्दे विभुं ह्यानतसूत्तमाङ्गम् ॥६॥

ગંગાને મસ્તક પર ધારણ કરનાર, ચંદ્રને આભૂષણ બનાવનાર, નન્દીશ અને, ઢુંઢીશ (ગણપતિ) જેની આગળ છે એવા, કલ્યાણરૂપ સર્પનું ઉપવીત ધારણ કરનાર, શ્રેષ્ઠ ભસ્મથી લેપાએલ તે વિભુને મસ્તક નમાવીને હું વંદન કરૂં છું. ૬

नानार्थिनो यान्ति निकृष्टचित्ता-
स्त्वामाशुतोषत्वमवेत्य शंभो ।
याचे न किञ्चिन्तु कृपां विना ते
तुष्टे त्वयि स्यात्किमु दुर्लभं मे ॥७॥

હે શંભુ ! નાના પ્રકારની કામનાવાળા ઉતરતી કોટીના ચિત્તવાળા અને જલદી ખુશ થનાર જાણીને તારી પાસે આવે છે, પરંતુ હું તારી કૃપા વિના કંઇ જ યાચના કરતો નથી (કારણ કે) તું જ્યારે સંતુષ્ટ થાય ત્યારે મારે માટે શું દુર્લભ હશે ? ૭

ओङ्कारतत्त्वार्थसुनिश्चितार्थं
नमः शिवायेति जपात्सुतुष्टम् ।
प्रपन्नकल्पद्रुममार्तबन्धुं
नौमीह कारुण्यसुधार्द्रसिन्धुम् ॥८॥

ૐકારના તત્ત્વના અર્થથી જેનો અર્થ નિશ્ચિત થયો છે એવા (અર્થાત્ ૐકાર સ્વરૂપ), નમઃ શિવાય એ મંત્રના જાપથી સારી રીતે પ્રસન્ન થનાર ભક્તોના કલ્પદ્રુમ, દુઃખી

એના બંધુ કારુણ્યરૂપી અમૃતના સાગર અહીં (આ ગામમાં) આપની હું સ્તુતિ કરૂં છું. ૮

त्र्यक्षं विपक्षं धृतभक्तपक्षं
स्वात्मैकलक्ष्यं कृतकामरक्षम् ।
ब्रह्माण्डभक्ष्यं गजकृत्तिकक्षं
वन्दे विपन्नार्तिवधैकदक्षम्   ॥९॥

ત્રણ આંખોવાળા, પક્ષપાતરહિત, છતાં ભક્તોનો પક્ષ લેનાર, એક માત્ર સ્વાત્મામાં જ જેમનું લક્ષ છે એવા, કામનું જેમણે રક્ષણ કર્યું છે એવા, બ્રહ્માંડ છે ભક્ષ્ય જેનું એવા. હાથીનું ચામડું ધારણ કરનાર, આપત્તિમા પડેલાના દુઃખનો વધ કરવામાં એક માત્ર ચતુર એવા શંકરને હું વંદું છું. ૯

सिद्धनाथ–सिद्धतात–सिद्धजात ह्रौं–हर
सिद्धनाम–सिद्धकाम–सिद्धधाम जूँ–भव ।
सिद्धकर्म–सिद्धधर्म सिद्धशर्म–सः–शिव
सिद्धवर्त्म–नामरूपधर्ममुक्त ते नमः   ॥१०॥

સિદ્ધનાથ, સિદ્ધતાત, સિદ્ધજાત, હ્રૌં બીજરૂપ, હર, સિદ્ધનામ, સિદ્ધકામ, સિદ્ધધામ, જું બીજરૂપ, ભવ (શંકર), સિદ્ધકર્મ, સિદ્ધધર્મ, સિદ્ધશર્મ; સઃ બીજરૂપ, શિવ અને સિદ્ધવર્ત્મ (માર્ગ), નામ અને રૂપના ધર્મથી મુક્ત હે શંકર તમને નમસ્કાર હો ! ૧૦

सिद्धनाथदशकं प्रतिसायं यः पठेद्बुधि निरुद्धमनाः सन् ।
प्राप्तप्राप्यमिह मुक्तिसुखाशी लीयतेऽन्तत इतः शिवरङ्गे ।११।

મનને હૃદયમાં સ્થિર કરીને જે માણસ સિદ્ધનાથ દશકને રોજ સાંજે પાઠ કરશે તે પ્રાપ્ત કરવા જેવું અહીં પ્રાપ્ત કરીને મુક્તિરૂપ સુખની આશાવાળો થઈ અંતે મૃત્યુ પછી શિવના રંગમાં લીન થશે. ૧૧

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचित सिद्धनाथदशकं सम्पूर्णम् । *

४१ सिद्धनाथदशकम् ।

आदौ ब्रह्म निरामयं च तु पुनर्यो वीक्षणान्दोलनात्
पुंस्त्रीभेदत एक एव हि बभूवानेकवल्लीलया ।
भातं स्थावरजङ्गमात्मकमिदं यस्मिंस्ततोऽम्बूर्मिवद्
वन्देऽहं कलिकालमेकमपरं तं नीलकण्ठं विभुम् ॥१॥

૪૧ શ્રીનીલકંઠેશ્વરસ્તોત્રમ્*

મૂળે જે નિષ્કલંક બ્રહ્મ હતું તેજ પછીથી પોતાના સંકલ્પરૂપી આંદોલનથી સ્ત્રી પુરુષભેદથી એક હોવા છતાં

---

* પૂ. શ્રી એ આ સ્તોત્રની છેલ્લી લીટી ભક્તાની ઈચ્છાને વશ થઈ બદલી આપી कपिलेश्वरस्तोत्रना નામે ફેરવી આપી હતી : वन्दे तं कपिलेश्वरं कलिमलाहारं परं शङ्करम् તે પ્રાણિમાત્રનું કલ્યાણ કરનાર કલિમલહારક શ્રેષ્ઠ કપિલેશ્વરને હું વંદન કરું છું.

પોતાની લીલાથી અનેકવત થયું. અને તેથી જલતરંગની માફક સ્થાવરજંગમાત્મક આ બધું જેની અંદર દેખાવા લાગ્યું તે કળિના કાળસ્વરૂપ, એક (અદ્વિતીય) અને સર્વ-શ્રેષ્ઠ નીલકંઠ વિભુને હું વંદન કરૂં છું. ૧

यद्वामे नगजात्मवित्पुरत उक्षा धर्मलिङ्गं महन्–
मध्ये संयमकूर्म एष रमते मूकात्मघोषं गृणन् ।
अग्नीं रुद्र इतीव भाष्यमखिलं यस्य त्वभाष्यस्य वै
वन्देऽहं कलिकालमेकमपरं तं नीलकण्ठं विभुम् ॥२॥

જેના વામભાગે પાર્વતી–બ્રહ્મવિદ્યા, આગળ ધર્મ-રૂપ વૃષભ અને મધ્યમાં મૂક આત્મગાણું ગાતો આ સંયમ કૂર્મ (કાચબો) રમે છે; જેને વાણી પહોંચી શકતી નથી તેનું 'અગ્નિ રુદ્ર છે;' એ શ્રુતિ જાણે કે ભાષ્ય છે, તે કળિના કાળસ્વરૂપ, એક (અદ્વિતીય) સર્વશ્રેષ્ઠ નીલકંઠ વિભુને હું વંદન કરૂં છું. ૨

एकोऽनेक इतीह वादिनिवहा यं तर्कयन्तीन्द्रिय–
ज्ञानातीतमहेशमादिविभवं सर्वान्तरस्थं विभुम् ।
जीवेशादिभिदा य एष पुरुनामान्तर्बही राजते
वन्देऽहं कलिकालमेकमपरं तं नीलकण्ठं विभुम् ॥३॥

ઇન્દ્રિય જ્ઞાનાતીત, મહત્ત્વના પણ પ્રેરક, મૂળૈશ્વર્ય, સર્વના અંતરમાં નિવાસ કરનાર વિભુ એવા, જેને વિષે એહીં વાદીઓ એક અનેક એવા તર્કવિતર્ક કરે છે અને અનેકનામી જે જીવ ઇશ્વર વગેરે ભેદથી અંદર બહાર

પ્રકાશે છે તે કળિના કાળસ્વરૂપ એક (અદ્વિતીય) અને સર્વશ્રેષ્ઠ નીલકંઠ વિભુને હું વંદન કરૂં છું. ૩

ब्रह्माऽसौ हरिरप्यसौ स च मरुच्छक्त्यादिरूपोऽप्यसौ
यद् यद् दृश्यमिहास्ति तत्तदधिकं रूपं त्वरूपस्य शम् ।
वाचा यो न विभासते तु वदते वाण्येव येनाखिला
वन्देऽहं कलिकालमेकमपरं तं नीलकण्ठं विभुम् ॥४॥

એ જ બ્રહ્મા છે, વિષ્ણુ પણ એ જ છે; મરુત્, શક્તિ વગેરે સ્વરૂપ પણ એ જ છે; અહીં જે જે દેખાય છે તે બધું એ જ અરૂપીનું કલ્યાણમયસ્વરૂપ છે; વાણીથી જે દેખાતો નથી (જેનું ભાન થતું નથી) પણ સર્વ વાણી જ જેના વડે બોલે છે તે કળિના કાળસ્વરૂપ એક (અદ્વિતીય) અને સર્વ શ્રેષ્ઠ નીલકંઠ વિભુને હું વંદન કરૂં છું. ૪

यः पञ्चार्णविवेकवेत्तृमुनिभिर्ध्यातः सदा मानसे
यो रुद्रादिसुसूक्ततः श्रुतिशिरोभिर्वर्णितः संज्ञया ।
सच्चित्सौख्यनिधिः श्मशानविपिने यो गूढ आस्ते शिवो
वन्देऽहं कलिकालमेकमपरं तं नीलकण्ठं विभुम् ॥५॥

પંચાક્ષરનો (नमः शिवाय) વિવેક જાણનાર મુનિઓ જેનું નિરંતર પોતાના અંતઃકરણમાં ધ્યાન ધરે છે, રુદ્રાદિ નિર્દોષ સૂકતો વડે જેનું ઉપનિષદોએ સંકેતથી વર્ણન કર્યું છે, સચ્ચિદાનંદનો સાગર, જે મંગલમય (કામ-ક્રોધાદિ બાળવાના સ્થાનરૂપ–પ્રાણિમાત્રના અંતઃકરણરૂપ)

સ્મશાનારણ્યમાં ગુપ્તરૂપે રહેલા છે તે કળિના કાળ-સ્વરૂપ, એક (અદ્વિતીય) અને સર્વશ્રેષ્ઠ નીલકંઠ વિભુને હું વંદન કરૂં છું. ૫

आकाशलिङ्गं सगुणागुणं यत्
पुरत्रयान्तं तु ह्यनाद्यनन्तम् ।
वन्दे गिरीशं च गवीशपत्रं
रङ्गादिमूलं तमु नीलकन्ठम् ॥६॥

સર્વવ્યાપી પ્રકાશરૂપ સગુણનિર્ગુણ રૂપે રહેનાર, સ્થૂલ, સૂક્ષ્મ ને કારણ શરીરરૂપ ત્રિપુરાંતક, આદિ અંતથી રહિત, ગિરીશ, વૃષભવાહન, જગતનું આદિ મૂલ તે નીલકંઠને હું વંદન કરું છું. ૬ *

श्लोकषट्कमिदं सौम्यं यः पठेद् भक्तितोऽनिशम् ।
चतुर्वर्गफलं भुक्त्वा शिवसायुज्यमाप्नुयात् ॥७॥

જે માણસ ભક્તિપુરઃસર આ સાત્ત્વિક શ્લોકષટ્કનું નિરંતર પઠન કરશે તે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચતુર્વિધ પુરુષાર્થનું ફળ ભોગવી અન્તે શિવસાયુજ્યને પ્રાપ્ત થશે. ૭

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचाग्पिाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचितं श्रीनीलकण्ठेश्वरस्तोत्रं सम्पूर्णम् ।

---

* આ શ્લોકની છેલ્લી લીટી કપિલેશ્વર સ્તોત્ર' માં નીચે મુજબ रङ्गादिमूलं कपिलेश्वरं तम्=જગતનું આદિમૂળ તે કપિલેશ્વરને હું વંદન કરું છું.

४२ अरण्येश्वरस्तोत्रम् ।

विभो वन्यवासप्रियानन्तरूप
स्मरारेऽल्पतुष्ट स्वकं पाहि मां भोः ।
हराधिं हरानन्दमूर्ते प्रसीद
जगत्स्यावरात्मन्नखण्डैकरूप ॥१॥

૪૨. અરણ્યેશ્વરસ્તોત્ર

હે વનવાસપ્રિય, અનંતરૂપ, કામદેવના શત્રુ, અલ્પ (સામગ્રી) થી સંતુષ્ટ થનાર, વિભો આપના એવા મને રક્ષો ! હે હર, આનંદમૂર્તિ, સ્થાવર જંગમના આત્મરૂપ અખંડ એકરૂપ પ્રસન્ન થાઓ, અને આધિ(વ્યાધિ, ઉપાધિ) હરો. ૧

श्रुतं मे यदा ते प्रभो नाम दूरात्
तदैवाभवन्मे मनो दर्शने ते ।
यदा दृष्टमेतत्तु प्रत्येक्षलिङ्गं
निमग्नं मनो मे परानन्दसिन्धौ ॥२॥

હે પ્રભુ, આપનું નામ મેં જ્યારે દૂર રહે સાંભળ્યું હતું ત્યારે જ તારાં દર્શન કરવા મને મન થયું હતું. જ્યારે આ લિંગને પ્રત્યક્ષ જોયું ત્યારે મારૂં મન પરમ આનંદના સિન્ધુમાં મગ્ન થયું. ૨

पुरा नाचिकेतः परामाप सिद्धिं
ह्यनेके ततस्त्वां तु सिद्धेश्वरं ते ।
जगुः सिद्धदं त्वां प्रभोऽरण्यवासाद्
अरण्येश्वरं प्राहुरन्येऽपि शंभो ॥३॥

પહેલાં નચિકેતાના પુત્રે અને તે પછી અનેકે પરા સિદ્ધિને પ્રાપ્ત કરી હતી. તેથી હે પ્રભો ! તને સિદ્ધેશ્વર તરીકે પુકારતા હતા. પરંતુ પછી સિદ્ધિ આપનાર તમને અરણ્યવાસના કારણે હે શંભો ! બીજાઓ અરણ્યેશ્વર નામથી પણ પુકારે છે. ૩

स्थिता वामभागेऽगराजात्मजा सा
परो नन्द्यसौ शोभतेऽलं पुरस्तात् ।
इदं भक्तवृन्दं प्रणौति प्रहर्षात्
सनृत्यं पुरन्ध्रीजनश्चाङ्गणे ते ॥४॥

ડાબી બાજુએ તે હિમાલયની પુત્રી પાર્વતી બિરાજે છે, આ નંદી અત્યંત શોભા આપે છે, આ ભક્તવૃન્દ હર્ષથી અને ભીલડીઓ તારા આંગણામાં નૃત્ય સહિત તમારી સ્તુતિ કરે છે. ૪

प्रमत्ता मयूराश्च कुर्वन्ति केकां
शिवोऽहं शिवोऽहं गृणन्तः समन्तात् ।
प्रधावन्त एते मृगास्त्वां नुवन्ति
किरातेश कारुण्यसिन्धो प्रसीद ॥५॥

મત્ત બનેલા મયૂરો 'હું શિવ છું, હું શિવ છું' એમ કહેતા ચારે તરફથી કેકા કરે છે, દોડતાં આ હરણાંઓ તમારી સ્તુતિ કરે છે. હે કરુણાસિન્ધુ, કિરાતોના ઇશ પ્રસન્ન થા. ૫

दयालुस्त्वमेकः शरण्यः सखा मे
गुरुर्मित्रमाप्तः पिताम्बा च बन्धुः ।
विहाय क्व भूमिं गतिर्भूचराणां
वदान्यत्र भक्तार्त्यरे नीलकण्ठ ॥६॥

તું જ દયાળુ છો, એકમાત્ર આશરો છો; સખા છો, ગુરુ, મિત્ર, આપ્તજન, પિતા, માતા અને બન્ધુ છો. હે નીલકંઠ, ભક્તોનાં દુઃખોના હે દુશ્મન કહે, પૃથ્વી પર ફરનારા માટે ભૂમિના સિવાય બીજી કઇ ગતિ છે ? ૬

पुरारे प्रसीदेति किं त्वां ब्रवीमि
विना ते दयां को नु प्राण्यादिनात्मन् ।
अतः साञ्जलिस्त्वां सदान्तः स्मरामि
यथायोग्यमेवं कुरुष्वाशुतोष ॥७॥

હે ત્રિપુરારે ! પ્રસન્ન થા એમ તને શું કહું ? હે આત્મસ્વરૂપ, તારી દયા વિના આ જગતમાં કોઇ શ્વાસ લઇ શકે ? એથી હે આશુતોષ (શીઘ્ર સંતુષ્ટ થનાર), આપને હાથ જોડીને અંતઃકરણમાં હમેશાં સ્મરૂં છું. આપ જે યોગ્ય હોય તે પ્રમાણે કરો. ૭

'रङ्गा'नुभूतिकलिका स्तुतिरेषा मलापहा ।
धर्मार्थकामदा चान्ते शिवसायुज्यदा मता ॥८॥

રંગના અનુભવરૂપી પુષ્પકળી સમાન, મલને દૂર કરનારી આ સ્તુતિ ધર્મ, અર્થ અને કામદાયક છે અને અંતે શિવ સાથે સાયુજ્ય આપનારી મનાય છે. ૮

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज–विरचितं अरण्येश्वरस्तोत्रं सम्पूर्णम् ।

४३ मन्त्रगर्भ मृत्युञ्जयस्तोत्रम् ।

ॐयंघोहरः [१]शलंगात्मा दत्तेष्टो मृत्तिकावृतः ।
बलेड्‌ भीमो रीतिकर्ता तापसो युंजनप्रियः ॥१॥

कंदाशनो [२]रेफहर्ता त्रेधाभूतो जनार्दनः ।
यन्ता मायाजनिःसाक्षी यज्ञेशो यज्ञभावनः ॥२॥

जात्यो निर्जरसां त्राता हठयोगी महाबलः ।
महानन्दो रीतिभाक्चोर्ध्व–रेता हानिसूदनः ॥३॥

हेमाङ्गश्चाविभूतिघ्नो कृष्टदैन्यश्च देवराट् ।
सुखदुःखसमस्तेजोदो णडागार– वत्सलः ॥४॥

गंगास्नायी व्याधिहर्ता उन्निद्रस्त्रासवर्जितः ।
धिंधिनादं धियन्धूर्तो मत्स्यशिष्यो हिरण्मयः॥५॥

पुष्कराक्षो ग्रस्तसर्वक्ष तापनो मांसलःस्वराट् ।
टिप्पणीकृच्च तेजस्वी नंददः शत्रुजित्पुमान् ६
वर्णज्येष्ठः ककुब्वासा दर्शनीयो रजस्वलः ।
धनधान्यादि– लेखश्च दानशूरश्च णाटकः ॥७॥
नंदनः पावनः शान्तो यजमानो गणेश्वरः ।
उर्वीधवो रेचकज्ञः कर्मकारश्च तंद्रिहा ॥८॥
वाग्दण्डी च क औदार्य – दिनेशो जन्मकर्मवित् ।
रुग्णमित्रं [1]षदः सारो गंभीरो मतिमानृषिः ९
कर्माध्यक्षश्च [2]धं कुर्वन् बलभीमश्च मृत्युराट् ।
मिताहारी जागरूको रणशूरो युगान्तकः १०
वप्ता मध्याह्नभिक्षुश्च मुनीशश्च जनाधिपः ।
ब्रंधूरो [3]वीकयानश्च नेदिष्ठो राजसारसः ११
धनुर्विद्याकृ– तोत्साहो बालरूपः सुदुःसहः ।
*नात्यागेन यं गच्छेद्ब लघ्वाशी खरमर्दनः १२
मृत्योर्मृत्युर् वैदूयराजः पिनाकी संहतिप्रियः ।
योर्कप्रभावो योगी च शाकाहारी च सारदः १३
मुकुन्दो नयनारामश् चन्द्राकाक्षो रणाजितः ।
क्षीणाप्तो राजराजेन्द्रो ज्ञाताज्ञातो भसूचकः १४
यक्षाधिपो यक्षमहन्ता नर्मदो यतमानसः ।
मालाधरो णोदधर्मा सागरो नागरःशुचिः १५

मृगाङ्कितो हरःसाक्षाद् गलनीलः शशाङ्कभृत् ।
तात् काद्ध– रिःसदा पायाद् 'रङ्ग'नाथो नराकृतिः १६
मृत्युञ्जयस्तोत्रमिदं समन्त्रं यो वै पठेन्नित्यमतन्द्रितः सन् ।
भक्त्या भवेदाशु स वज्र देही फलानुप्राप्तिः खलु निश्चयेन १७
भग्नेऽसुतन्तौ प्रभवेन्न वैद्यो रसायनं यच्छिवभक्तिशून्यम् ।
त्रीशाच्छिवान्नान्य इहास्ति त्राता
नानाकृतेमृत्युखात्प्रभोक्ता ॥१८॥

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग 'रङ्ग अवधूत) महाराज-विरचितं मन्त्रगर्भं मृत्युञ्जयस्तोत्रं सम्पूर्णम्

૪૩. મંત્રગર્ભ મૃત્યુંજગ સ્તોત્ર

ત્રણ પ્રકારના પાપનો નાશ કરનાર, રાજાઓના પ્રાણ, ઇષ્ટ આપનાર, માટી (ભસ્મ) થી ખરડાએલ, બળવાનોથી સ્તુતિ કરાતો, ભીમ, રીતરિવાજને ઉત્પન્ન કરનાર, તપસ્વી, ધ્યાનપ્રિય, કંદ ખાનાર, વિષયવાસના હરણ કરનાર, ત્રણ સ્વરૂપવાળો જનાર્દન સ્વરૂપ, સંયમી માયાને ઉત્પન્ન કરનાર, સાક્ષી સ્વરૂપ, યજ્ઞનો ઇશ, યજ્ઞનો ઉત્પત્તિ કર્તા, અભિજાતવાન (સારા કુટુમ્બમાં જન્મેલા), દેવોના રક્ષણહાર, હઠયોગી, મહાબળવાન, મહાનટસ્વરૂપ, રીતિ (વિવેક) વાળા, ઊર્ધ્વરેતસ્ (યોગી), હાનિ હણનાર, સુવર્ણ સમાન અંગવાળા, અનૈશ્વર્યનો નાશ કરનાર, દૈન્યને ખેંચી લેનાર, દેવોના રાજા, સુખ અને દુઃખ સમાન ગણનાર, તેજ અર્પનાર, કરાંઠાંની ઝૂંપડીમાં રહેનારને

પ્રિય, ગંગામાં સ્નાન કરનાર, વ્યાધિને હરનાર, નિદ્રા-રહિત, ત્રાસરહિત, ધિંધિંનાદથી ખુશ થતા, ધૂર્ત, મત્સ્યેન્દ્ર-નાથ જેનો શિષ્ય છે તે, હિરણ્મય, કમળ સમાન આંખ-વાળા; સર્વને ગ્રસી લેનાર. સૂર્યની માફક તપાવનાર, માંસલ, સાર્વભૌમ રાજા, ટિપ્પણી (જ્ઞાનચર્ચા) કરનાર, તેજસ્વી, આનંદ આપનાર, શત્રુને જીતનાર, પુરુષરૂપ, વર્ણોમાં શ્રેષ્ઠ, દિશાઓનું વસ્ત્ર ધારણ કરનાર (દિગંબર), દર્શનીય, ધૂળથી ખરડાયેલ (રજોગુણી), ધનધાન્યનો દેવ, દાનશૂર, નચાવનાર, નંદન (આનંદ આપનાર), પાવન કારી, શાન્ત, યજમાન (યજ્ઞ કરનાર, આશ્રયદાતા), ગણોના ઇશ, પૃથ્વીપતિ, રેચક (પ્રાણાયામ)ના જ્ઞાતા, કર્મ કરનાર, તંદ્રાને હરી લેનાર, વાણીને નિયમનમાં રાખનાર, સુખ-સ્વરૂપ, ઉદારતામાં સૂર્ય સમાન, જન્મ અને કર્મને જાણનાર, રોગીના મિત્ર, મોક્ષદાતા, સારસ્વરૂપ, ગંભીર, મતિમાન્, ઋષિ, કર્મના અધ્યક્ષ, ધન ઉત્પન્ન કરનાર, બળ વડે પ્રચંડ, મૃત્યુના રાજા, મિતાહારી, જાગૃત, રણમાં શૂરવીર, યુગોનો અંત કરનાર, વપ્તા (જગતનાં બીજ વાવનાર,) મધ્યાહ્નને ભિક્ષા માગનાર, મુનિઓના ઇશ, લોકોના ઇશ, બંધુર (સુંદર, હંસસ્વરૂપ, કર્મરૂપ) વાયુ જેનું વાહન છે તે, અત્યંત નીકટવર્તી, ઉત્તમ સારસરૂપ, ધનુર્વિદ્યામાં ઉત્સાહ દાખવનાર, બાલરૂપ, અત્યંત અસહ્ય, ત્યાગથી નિશ્ચયપૂર્વક માણસથી પમાતા (અત્યાગથી ન પમાતા), લઘુ આહારી, ખર (કઠોર) ને મારેનાર, મૃત્યુના પણ મૃત્યુ, વૈદ્યોના રાજા, પિનાક

ધનુષને ધારણ કરનાર, સંપ (ઐકય) જેને પ્રિય છે તે, જેનો સૂર્ય જેવો પ્રભાવ છે, યોગી, શાકાહારી, સાર આપનાર, મુકુન્દ (મોક્ષ આપનાર), નયનનો આરામ, ચંદ્ર અને સૂર્ય જેની આંખો છે, રણમાં અજીત, ગરીબોનો આપ્તજન, કુબેરોમાં પણ શ્રેષ્ઠ, જ્ઞાત અને અજ્ઞાત રૂપ, મહાજયોતિષી, યક્ષોનો રાજા, ક્ષય રોગ (રોગ) ને હણનાર, નર્મ (આનંદ) આપનાર, સંયમી મનવાળા, માળા ધારણ કરનાર, ગણેશસ્વરૂપ, દાન દયા અને દમનરૂપ, સાગરસ્વરૂપ, નાગર, પવિત્ર, પશુઓથી વીંટળાએલો, સાક્ષાત્ હર, નીલકંઠ, ચંદ્રમાને ધારણ કરનાર, રંગનો નાથ, નર આકૃતિવાળો, હરિ હમેશાં વિષયવાસનાથી અને યમથી મારૂં રક્ષણ કરો. (૧-૧૬)

મંત્રગર્ભિત આ મૃત્યુંજય સ્તોત્રનો જે નિત્ય તંદ્રારહિત થઈ ભક્તિપૂર્વક પાઠ કરશે તે જલદીથી વજ્રદેહી બનશે અને ફળની પ્રાપ્તિ પણ નિશ્ચયપૂર્વક થશે. ૧૭.

જયારે પ્રાણરૂપી તંતુ કપાઇ જાય ત્યારે કોઈ પણ વૈદ્ય સમર્થ થતો નથી; શિવભક્તિ સિવાય બીજૂં કોઇ રસાયણ નથી; જાતજાતના મૃત્યુના મુખમાંથી બચાવનાર ત્રણે લોકના ઇશ્વર શિવથી અન્ય અહીં કોઇ તારણહાર નથી. ૧૮ *

---

* આ ૪૩મા સ્તોત્રમાં ત્ર્યંબકં જજામહે. શરીરે જર્જરી. દત્તાત્રેય હરે કૃષ્ણ. અને મૃત્યુંજય મહાદેવ. એમ ચાર મંત્રો પહેલો. ૪-૫, ૯, ૧૩-૧૪મા અક્ષરો વાંચતાં સાધેલા માલમ પડશે.

४४ मन्त्रगर्भं जैनजनाथस्तोत्रम् ।

वैजात्यघ्नो दिशावासा एकराड् वारणापहः ।
जगन्वक्षो गंगिकेशः कलेश- सुमशेखरः १
नागसूत्रो बलिश्रेष्ठो दंडपो देशिकाधिपः ।
थाघिवासो राक्षसघ्नस्तु तारको वाशितप्रियः २
यक्षमित्रो यतिश्रेष्ठो यमीशो यतमानसः ।
विद्विनिद्रो विधेयज्ञो विज्ञेशो विजनालयः ३
महार्हस— ज्ञदो हृत्पद्मवासच्छ ज्ञनाशकृत् ।
हेतिकेशो हेमपुष्प हेडजो हेडिताखिलः ४
मदाक्लिष्टो अजोऽनन्तो वरेण्यो नटभास्करः ।
हालाहल- वर्णकण्ठः क्रमज्ञो रणमूर्धगः ५
देवदेवो धूर्जटिश्च तुंदिलः सिंहवाहनः ।
वागराच्र्यस्तु तारमन्त्रो डामरो हार्दविद्धरः ६
यज्ञहन्ता यशस्कायो यतात्मा यत्नविद्धरः ।
धीरोदात्तो धीरवन्द्यो धीदीपो धीविवर्धनः ७
मक्षद्वेषी मदारघ्नो मर्मज्ञो मल्लकप्रियः ।
हिमानाभो हितो हारी हितैषी हितकृद्धरः ८
तन्तुकारस्तु तन्त्रवेद्यस्तु तन्त्रज्ञस्तु तन्त्रकारकः ।
नोदिताद्यो नोदनज्ञो नोदनाऽ नोदनातिगः ९

रुण्डारामो दरीवासी द ंशघ्नो दर्पकान्तकः ।
द्रः स्वन्तोदा न्तःस्वतन्त्रस्र तीक्ष्णोऽम न्तः सुरार्थितः १०
प्रकाशात्मा प्रतीहारः प्रत्नो वि- प्रविपूजितः ।
चोक्षस्वान्तश्च चोलकाङ्गश्च चोरेड्यश्च चोरितान्तरः ११
दग्व'रङ्गो' दशातीतो दक्षो म- दविमर्दनः ।
यात् स्थाणुःपा-यात् तमाल- यात् स दे- यात्सुखंशिवः १२

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज–
विरचितं मंत्रगर्भं वैजनाथस्तोत्रं सम्पूर्णम् ।

૪૪ મંત્રગર્ભં વૈજનાથ સ્તોત્રમ્

ભેદને દૂર કરનાર, દિગંબર, એકમાત્ર રાજા, હાથી (ગજાસુર) ને મારનાર, અગ્નિ જેનું ત્રીજું નેત્ર છે તે, ગંગાના ઇશ, કલાના ઈશ, પુષ્પને માથા ઉપર ધારણ કર્યું છે તે, નાગરૂપી યજ્ઞોપવીત ધારણ કરનાર, બલવાનોમાં શ્રેષ્ઠ, રાજા (દંડ દ્વારા રક્ષણ કરનાર), ગુરુઓના ગુરુ, (કૈલાસ) પર્વત ઉપર રહેનાર, રાક્ષસોને મારનાર, તારક, જેને અવાજ પ્રિય છે તે, યક્ષ (કુબેર) ના મિત્ર, યતિઓમાં શ્રેષ્ઠ, સંયમીઓના ઇશ, મનને વશ કરનાર, જ્ઞાની, નિદ્રાવિહીન, વિધેય (વિધિ વિધાનો કરવા યોગ્ય)-ને જાણનાર, વિજ્ઞોનો ઇશ, નિર્જન (એકાંત)માં રહેનાર, અત્યંત કિંમતી નિવાસ આપનાર, હૃદય કમળમાં બિરાજમાન, પાખંડનો નાશ કરનાર, (અગ્નિની જ્વાળા જેવા)

દેદીપ્યમાન વાળવાળા, સુવર્ણપુષ્પ (સોનચંપો) નો તિરસ્કાર કરનાર, અખિલ (બ્રહ્માંડ) માં વ્યાપક, મદથી દુઃખ ન પામતા (મદરહિત), અજ, અનંત, વરેણ્ય, નટોમાં સૂર્ય સમાન (શ્રેષ્ઠ નટ), હળાહળના જેવા નીલ કંઠવાળા, ક્રમ (નર્તનનો ક્રમ, વૈદિક ક્રમપાઠ) ને જાણનાર, રણમાં અગ્રેસર, દેવોના દેવ, ધૂર્જટી (શંકર), દુંદાળા, સિંહના વાહનવાળા, ઋષિઓથી પૂજાએલા, ૐકારરૂપી મંત્રવાળા, ભયંકર, હાર્દને જાણનાર, હરસ્વરૂપ, (દક્ષના) યજ્ઞનો નાશ કરનાર, યશરૂપ કાયાવાળા, સંયત આત્મા-વાળા, યત્નને જાણનાર, શ્રેષ્ઠ, ધીરોદત્ત, ધીરદ્વારા વન્દનીય બુદ્ધિના દીપ, બુદ્ધિને વધારનાર, ઢોંગનો દ્વેષ કરનાર, હરામી-વિષયીને મારનાર, મર્મને જાણનાર, મલ્લક (ખપ્પર) જેને પ્રિય છે તે, હિમાનાભ (હિમાલયના નજીકના સગા-જમાઇ; હિમાલયના ઇશ), હિત સ્વરૂપ હાર-વાળા, હિત ઇચ્છનાર, હિત કરનાર, શ્રેષ્ઠ, પરબ્રહ્મ સ્વરૂપ (જગતરૂપી તંતુનો કરનાર), તંત્ર દ્વારા જાણી શકાય તેવા, તંત્રને જાણનારા, તંત્રને રચનારા આદ્ય (બ્રહ્મા ના પ્રેરક, વેદના વિધાનોને જાણનાર, (શાસ્ત્રના) વિધિનિષેધથી પર, રૂંડમાળા ધારણ કરનાર, ગુફાનિવાસી, દંશને મટાડ-નાર, દર્પ (અભિમાન) કરનાર (કામદેવ) નો અંતક, દ્રઃ બીજરૂપ, સારા અંતવાળા, ઉદાત્ત, સ્વતંત્ર, તીક્ષ્ણ (કડક), મદરહિત, દેવોથી પ્રાર્થિત, પ્રકાશસ્વરૂપ, જાદુગર (રક્ષક), પુરાણ પુરુષ, વિપ્રથી સારી રીતે પૂજાતા, શુદ્ધ અંતઃકરણવાળા અંગ પર વલ્કલ ધારણ કરેલા, ચોરથી

પ્રશંસિત, અંતઃકરણને ચોરનાર, રંગ (સંસાર)ને બાળનાર, (જન્મ મરણ વગેરે) દશાથી પર, ચતુર, મદનું સંપૂર્ણ મર્દન કરનાર, સ્થાણુરૂપ શંકર, (અજ્ઞાન) અંધકારની ખાણુરૂપ (જન્મમરણ)ના ફેરામાંથી રક્ષણ કરો અને તે શિવ સુખ આપો.*

४५ शिवभजनम् ।

शिशुशरणागततारक साम्ब वन्दे विजयावर हर साम्ब।
वनवासिन् वनचरनुत साम्ब कृपयोद्धर मां दरहर साम्ब १

૪૫ શિવ ભજનમ્

હે બાળક (માર્કંડેય) અને શરણે આવેલાને તારનાર, વિજયાપતિ હર સાંબ સદાશિવ હું આપને વંદન કરૂં છું; હે વનમાં વસનાર, વનચરોથી પ્રશંસિત, હે ભય (દર)ને હરનાર હે સાંબ સદાશિવ કૃપા કરીને મારો ઉદ્ધાર કર. ૧

हतत्रिपुरासुर सुरवर साम्ब सुमनोर्चित मङ्गलकर साम्ब।
रविचन्द्रानललोचन साम्ब मदनान्तक मदनाशक साम्ब २

હે ત્રિપુરાસુરને મારનાર સુરશ્રેષ્ઠ સાંબ, હે સુ–મન (દેવો, પુષ્પો)થી અર્ચિત, મંગલકારી સાંબ સદાશિવ (હું આપને વંદ કરૂં છું); હે રવિ, ચંદ્ર અને અગ્નિરૂપ

* આ ૪૪મા સ્તોત્રમાં વૈજનાથની, દત્તની, ગણપતિની અને દત્તાવતારોની ગાયત્રીઓ ૧ લા, ૪ થા, ૯, ૧૩–૧૪ અક્ષરોમાં વણાએલી માલમ પડશે.

આંખવાળા, કામદેવનો અંત લાવનાર; મદનો નાશ કરનાર હે સાંબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર). ૨

शंखस्वन शमथप्रद साम्ब शटाशीर्ष शशिभूषण साम्ब।
कर्पूराभ क्षणकर साम्ब कमलसुकोमल कमनद साम्ब ३

શંખના નાદરૂપ; (ચિત્તની) શાંતિ આપનાર, માથા ઉપર જટા ધારણ કરનાર, ચંદ્રનું આભૂષણ (ધારણ કરનાર), હે સાંબ સદાશિવ (હું આપને વંદન કરૂં છું); કપૂર સમાન (વર્ણવાળા), ક્ષણ (આનંદ) કરનાર; કમળ થીય કોમળ; કમનીય વસ્તુઓ આપનાર હે સાંબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર.) ૩

रसनातिग रसवर्धक साम्ब दक्षयज्ञविध्वंसक साम्ब।
गौरीहर गङ्गाधर साम्ब गणवन्दित मर्दितगज साम्ब ४

જીભ (વાણી) થી પર; રસને વધારનાર, દક્ષના યજ્ઞનો નાશ કરનાર; સાંબ સદાશિવ (હું આપને વંદન કરૂં છું); ગૌરીના હર; ગંગાને ધારણ કરનાર, ગણોથી વંદિત; ગજાસુરનું મર્દન કરનાર, હે સાબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર). ૪

रीढारीढावर्जित साम्ब रेवातात स्वर्चित साम्ब।
शंबमित्र शयुलाञ्छित साम्ब शितिकण्ठ स्थिरवाञ्छित साम्ब५

માનઅપમાન રહિત; રેવાના તાતઃ સારી રીતે પૂજિત સાંબ સદાશિવ (હું આપને વંદન કરૂં છું.); ગરીબોના મિત્ર; સર્પ વિભૂષિતઃ નીલકંઠ; સ્થિર (મક્કમ)

દ્વારા ઇચ્છિત હે સાંબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર). ૫

वंदावन्दित वनिहर साम्ब वन्यवधूटीवञ्चित साम्ब।
देशिकवर खलदूषित साम्ब दिव्यविभूतिविभूडित साम्ब ६

ભિખારણ દ્વારા વંદિત; કામનાનો નાશક; જંગલી સ્ત્રી (ભીલડીનું રૂપ ધારણ કરનાર પાર્વતી) થી છેતરાઇ જનાર સાંબ સદાશિવ (હું આપને વંદન કરું છું); ગુરુશ્રેષ્ઠ દુર્જનોથી નિન્દિત, દિવ્ય વિભૂતિ (ભભૂતિ, વૈભવ)-થી શોભિત હે સાંબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર.) ૬

गंगास्थित गणनायक साम्ब जय गरलपगतिदायक साम्ब।
गायत्रानन्दित नट साम्ब दण्डितलट पिङ्गटजट साम्ब ७

ઝૂંપડીમાં વસેલા; ગણોના નાયક; ઝેર પીનાર; ગતિ આપનાર સાંબ સદાશિવનો જય હો; વેદના ગાનથી આનંદિત થનાર; નટ, ચોરને દંડનાર, પિંગળી જટાવાળા હે સાંબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર.) ૭

धनपतिहित धनदुर्लभ साम्ब धनकविदूर ध्रुव मुद साम्ब।
रजसानुप्रियमन्दिर साम्ब 'रङ्ग'हृष्टमुखचन्दिर साम्ब ८

કુબેરના મિત્ર, ધનથી અપ્રાપ્ય, લોભથી દૂર રહેનાર ધ્રુવ, મુક્તિ આપનાર, સાંબ સદાશિવ (હું આપને વંદન કરું છું) હૃદય (અથવા વાદળ) રૂપી મંદિર જેને પ્રિય

છે તે, 'રંગ'ને આનંદિત કરે તેવા મુખરૂપ ચંદ્ર ધારણ કરનાર, હે સાંબ સદાશિવ (કૃપા કરીને મારો ઉદ્ધાર કર). ૮

मीमांसक वरचेष्टित सम्ब जय योगीश्वरवेष्टित साम्ब ।
शंकशून्य सनातन साम्ब पाहि कृपाघन शर्मद साम्ब ९

મીમાંસક, શ્રેષ્ઠ ચેષ્ટા કરનાર, યોગીશ્વરોથી વીંટળાએલા સાંબ સદાશિવનો જય હો; અને શંકારહિત, સનાતન, કૃપાઘન, શાંતિદાયક હે સાંબ સદાશિવ અમારૂં રક્ષણ કરો ૯

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचित श्रीनीलकण्ठेश्वरस्तोत्रं सम्पूर्णम् ।

४६ मन्त्रगर्भं श्रीरामनवकम् ।

श्रीराम याचे तव पाददास्यं पापाद्रिमुन्मूल्य कुरुप्रसादम् ।
रात्रिंदिवं विस्मरणं न ते स्या वने जने जागरणे च सुप्तौ १

૪૬. મન્ત્રગર્ભં શ્રીરામનવકમ્

હે રામ તમારા ચરણનું દાસત્વ યાચું છું. પાપોના પર્વતને ઊખેડી નાખી કૃપા કર. વનમાં જનમાં, જાગૃદવસ્થામાં કે સુષુપ્તિમાં રાતદિવસ તારૂં વિસ્મરણ ન હો. ૧

महोत्सवो मे तव दर्शनं हि नान्येन चक्षुःक्षुदुपैति शान्तिम् ।
जगद्धि वैकुण्ठसमं तदा स्याद् दम्भादिरक्षोविनिबर्हणेन २

તારૂં દર્શન (એ મારે મન) મારો મહોત્સવ છે; બીજી અન્ય કોઇ ચીજથી દર્શનની ભૂખ ભાંગશે નહિ. દંભ વગેરે રાક્ષસોના વિનાશથી ત્યારે જગત વૈકુંઠસમું બનશે. ૨

यज्ञेश्वराप्तेह तव प्रभावा त्तापत्रयं मे नहि दृष्टिमेति ।
राजीवदग् राजपदे विभासि पवेःकठोरोऽपि मुदुश्चपुष्पात् ३

હે યજ્ઞેશ્વર. હે આપ્ત અહીં આલોકમાં તારા પ્રભાવે કરી તાપત્રય મારી નજરે પડતા નથી; હે કમળ સમાન લોચનવાળા રામ, તું રાજપદે શોભે છે અને (તે વખતે) તું વજ્રથીએ કઠોર છતાં પુષ્પથી પણ કોમળ છે. ૩

मतिप्रकाशं कुरु मे मदघ्न तिग्मांशुवंशस्य हकेतुभूत
जयं सुकर्मण्यवितथ्य देहि तपः स्वधर्माचरणं यतः स्यात् ४

હે મદનો નાશ કરનાર; મારી મતિમાં પ્રકાશ કરો. સૂર્યવંશના કેતુરૂપ હે રામ, હે સત્યસ્વરૂપ, સારા કર્મમાં વિજય આપ કે જેથી તપ અને સ્વધર્મનું આચરણ થઈ શકે. ૪

यताक्ष वन्द्य स्खलनं क्षमस्व पातः स्वभावो यत उर्ध्वगानाम् ।
जवेन नाशस्त्वयि चेदुपेक्षा वत्सस्य धेनाविव धाव तस्मात् ५

હે સંયમિત ઇન્દ્રિયવાળા, વંદનીય, મારી ભૂલોને ક્ષમા આપ; કારણ કે ઊંચે જનારને માટે પતન એ સ્વાભાવિક છે. જો તું ઉપેક્ષા કરીશ તો મારો નાશ

જલદી જ છે, તેથી વાછરડા તરફ ગાયની માફક તું જલદીથી દોડ. ૫

यथेष्टमेवं कुरु दैवदष्टे नारायणानन्त शरण्य साधो ।
रामस्त्र्यधीशो हि परं न जाने
दयेत निःसीम ततोऽस्मि मूकः ॥६॥

હે નારાયણ, હે અનંત, હે સાધો, હે અસીમ, હે શરણે આવનારના રક્ષક, રૂઠેલા દૈવવાળા (કમનસીબ) (મારે) માટે તને ફાવે તેમ કર. રામ એજ ત્ર્યધીશ (ત્રણ ગુણોના ઇશ) છે એથી બીજું હું કંઈ જાણતો નથી. તે દયા કરવાનો છે, તેથી જ હું મૂગો છું. ૬

मधुस्वनं तन्मधुदर्शनं तत्ता स्त्वङ्गचेष्टा मधुराक्षनासम् ।
वद्धासनं तत् करकार्मुकं तत् स्मृत्वैव स्मृत्वैव नमामि नित्यम् ७

(તમારો) તે સુંદર અવાજ, તે મધુર દર્શન, તે અંગચેષ્ટાઓ, તે મધુર આંખ અને નાસિકા, તે આસન જમાવીને બેઠેલો, તે હાથમાં ધનુષ્યવાળા તમારૂં વારંવાર સ્મરણ કરીને હંમેશાં તમને નમન કરૂં છું. ૭

प्रलापोऽयं भवेत्स्तोत्रं स्वमातुर्बालवाक्यवत् ।
न्यूनो रसार्थच्छन्दोभी रामप्रेमार्द्रशब्दभृत् ॥८॥

રસ, અર્થ અને છંદોથી ન્યૂન છતાં પણ રામના પ્રેમથી આર્દ્ર શબ્દોને ધારણ કરનારો આ પ્રલાપ (મારો બડબડાટ), પોતાની માને માટે બાળકના વાકયની માફક, સ્તોત્ર થાવ. ૮

तत्त्वं त्वमेतत् खलु रामभद्र सीतात्मविद्यैव तवात्मशक्तिः ।
विवेकसंज्ञेन हनूमताऽऽप्ति र्नमस्त्रिधा 'रङ्ग'ततोऽस्तु तेभ्यः ९

હે રામચંદ્ર ભગવાન, તમે તત્ત્વ છો. આપની આત્મશક્તિ સીતા આત્મવિદ્યા જ છે. વિવેકસંજ્ઞાઃરૂપી હનુમાનથી આપની પ્રાપ્તિ થાય છે. હે રંગ (પરમાત્મા) આપ સર્વને ત્રિવિધ નમસ્કાર હો ! ૯

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग 'रङ्ग अवधूत) महाराज-
विरचितं मन्त्रगर्भं श्रीरामनवकं सम्पूर्णम्

४७ मन्त्रगर्भ रामस्तोत्रम् ।

श्री राघवेन्द्राहतराक्षसेन्द्र ॐ पूर्वमास्तां नम ईतिहंस्ते ।
रा केन्दुवक्त्रापनयानयं न आं पाशनाशं कुरु कर्महन्तः १

હે રઘુકુલશ્રેષ્ઠ, રાક્ષસોમાં શ્રેષ્ઠ (રાવણ)ને મારનાર સપ્ત ઇતિઓને નાશ કરનાર, પહેલાં ૐ અને પછી નમઃ પદવાળા (ૐ રામાય નમઃ) તમને નમસ્કાર ! હે પૂર્ણિમાના ચંદ્ર સમાન મુખવાળા, અમારા અવિનયને દૂર કરો; હે કર્મને નાશ કરનાર, આં બીજ વડે પાપને નાશ કર. ૧

म हामबाऽध्युत्तरणैकनौकाह्रीं बीजवत्ते चरणैकसेवा ।
ज टायवेऽदाः क्रममुक्तिमद्धाक्रौं त्वङ्कशं मे भव चित्तवृत्तेः २

તારા ચરણની સેવાજ મહાન સંસારસાગરને તરવાની એક માત્ર નૌકા છે, હે હ્રીં બીજવાળા, તેં જટાયુને ખરેખર કેમ મુક્તિ આપી. તું મારી ચિત્તવૃત્તિનો ક્રોં બીજ વડે અંકુશ થા. ૨

यतोऽस्य जन्माद्यज सर्वसाक्षिन् एघि स्वभर्ताऽर्भकमातृवद्धि ।
रामेश्वरात्त्वत्त उ रामभद्र हि तं कमन्यं शरणं प्रपद्ये ॥३॥

જેમાંથી આ (જગત)નો જન્મ વગેરે છે, તેવા હે અજ, હે સર્વ સાક્ષીરૂપ, માતા જેમ બાળકનું ભરણ-પોષણ કરે છે તેમ તુ તારાનું ભરણપોષણ કરનારો થા. હે રામભદ્ર, રામ ભગવાન કરતાં બીજા કયા હિતકર્તાનું શરણું ગ્રહણ કરૂં ? ૩

मलादिदोषान् परिहृत्य साधो दयादिकं दर्शय ते स्वरूपम् ।
जगन्न जातं च कदाचिदेत त्तात्त्वस्य मिथ्यापि ह बाधते माम् ४

મલ (વિક્ષેપ) વગેરે દોષોને દૂર કરી હે સાધુપુરુષ, દયા વગેરેવાળું આપનું સ્વરૂપ બતાવો. કોઈકાળે પણ આ જગત જન્મ્યું નથી. તત્ત્વનું આ મિથ્યાપણું મને પીડા કરે છે. ૪

यतोऽभयं ज्ञापय सत्तदेकं त्रेधात्मभूतं त्वदभिन्नरूपम् ।
जयाजयौ त्वच्चरणे समर्प्य याचे न चान्यत्त्वयि भक्तिरेका ५

કારણ કે તું અભય છે તેથી ત્રિવિધરૂપ થએલું અને તારાથી અભિન્ન નહિ એવું તે એક પરમ તત્ત્વનું તું મને ભાન કરાવ. જય અને પરાજય તારા ચરણોમાં

જ સમર્પિત કરીને હું તારામાં એક ભકિત વિના બીજું કંઇ માગતો નથી. ૫

यज्ञप्रियः कर्मसुज्ञकर्ता यन्तात्वमाद्यो हृदये निगूढः ।
राजाधिराजः खलु सार्वभौमः स्वाधीनतन्त्रः परसाम्यदृष्टिः ६
महादयालुर्नयनाभिरामो हारी हरानन्दकरः ससीतः ।
क्षान्त्वाऽपराधान् पठते ददाति ज्ञस्यापि दुष्प्रापमिह स्वधाम ७

યજ્ઞપ્રિય, કર્મરૂપી સુંદર યજ્ઞ કરનાર, નિયમન કરનાર, હૃદયમાં ગૂઢ રીતે વસેલા એવા આદિપુરુષ, રાજાધિરાજ, સાર્વભૌમ, સ્વાધીન તંત્રવાળા અને ઉત્તમ સમત્વ દષ્ટિવાળા, (૬) અત્યંત દયાવાન, આંખને આનંદ આપનાર, હારયુકત. શંકરને આનંદ આપનાર, સીતા સહિત આપ, જે આપનો પાઠ કરે છે તેના અપરાધોને માફી આપી જ્ઞાનીઓને પણ દુષ્પ્રાપ્ય એવું સ્વધામ આપો છો. ૬-૭

रामो रामायणं रामभक्तिः स्याद् रङ्गपावनी ।
यावत्सृष्टिः प्रवर्तेत रां रामाय नमोऽस्तु तत् ॥८॥

જયાં સુધી સૃષ્ટિ પ્રવર્તે છે ત્યાં સુધી રામ, રામાયણ અને રંગ (સંસાર)ને પાવન કરનારી રામભક્તિ ચાલુ રહેશે; તેથી રાં બીજવાળા રામને નમસ્કાર હુજો ! ૮ *

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-
विरचितं मंत्रगर्भं रामस्तोत्रं सम्पूर्णम् ।

---

* સ્તોત્ર ૪૫માં શિવધૂન, ૪૬માં રામધૂન (૧લા અક્ષરો) અને દત્તધૂન (૧૨મા અક્ષરે) અને ૪૭માં રામધૂન તથા પ્રત્યેક ૧૨ મા અક્ષરોમાં મંત્રો સાધેલા માલમ પડશે.

४८ रामभजनम्

रविकुलभूषण तारक राम पाहि विभो करुणाकर राम।
धुम्-धुम्-धुम्-धुम्-पदख राम देहि पदाब्जे पदमविराम १

૪૮ રામભજનમ્

રવિકુલના આભૂષણ, તારનારા એવા હે રામ વિભુ, કરુણા કરનારા, રામ (અમારૂં) રક્ષણ કરો. પગલાંનો ધુમ્ ધુમ્ અવાજ કરનાર અવિરામ રામ ! આપના ચરણકમળમાં સ્થાન આપો ! ૧

पतितोद्धारक जय वर राम दाहि भयं भयमोचन राम।
तिर्यग्गतिप्रद मदहर राम जय सच्चित्सुख जनविश्राम २

હે પતિતોદ્ધારક શ્રેષ્ઠ રામ તારો જય હો ! હે ભય મોચન રામ, ભયને કાપી નાખ. પશુપક્ષીઓને પણ સદ્-ગતિ આપનાર મદ હરનાર રામ, સચ્ચિદાનંદ સ્વરૂપ, જનોના વિશ્રામસ્થાન હે રામ આપનો જય હો ! ૨

राक्षसदलसंमर्दक राम देहि मतिं गतिमाहर राम।
घननीलोत्पलश्यामल राम कुरु करुणां कविकीर्तित राम ३

રાક્ષસોના લશ્કરનું મર્દન કરનાર હે રામ, સદ્બુદ્ધિ આપ. હે રામ સદ્ગતિ આપ. હે મેઘ ને નીલકમલ સમાન શ્યામ રામ હે કવિઓથી પ્રશંસિત હે રામ (અમારા) પર કરુણા કર. ૩

वनचरवृन्दविराजित राम जय रजनीचरभीषण राम ।
राजाराजसमप्रिय राम भिल्लपुरन्ध्यभ्यागत राम ४

વનચરોના વૃંદથી શોભિત રામ, રાક્ષસોને ભીષણ રામ, તારો જય હો ! રાજા અને રંક જેને સરખા પ્રિય છે એવા હે રામ, હે ભિલ્લસ્ત્રી (શબરી)ની મહેમાનગતિ માણનાર રામ (તમારો જય હો). ૪

जाताजात परात्पर राम जय भवभञ्जन मेघश्याम ।
रागद्वेषविवर्जित राम प्रेमोदधिसंप्लावित राम ५

જાત (જન્મેલા) છતાં અજાત એવા પરાત્પર રામ, ભવને ભાંગનાર, મેઘશ્યામ એવા હે રામ ! (તમારો) જય હો, રાગદ્વેષથી રહિત, પ્રેમના સાગરમાં ડૂબાડનાર રામ (તમારો જય હો). ૫

मदनसमोहर मनआराम जय असुरारे अघहर राम ।
पवनसुतानन्दप्रद राम हर 'रङ्गा'गमनं वरधाम ६

મદન (કામદેવ) સમ મનોહર, મનના આરામ, અસુરોના શત્રુ, પાપનાશક એવા હે રામ તારો જય હો હનુમાનજીને આનંદ આપનાર, શ્રેષ્ઠધામવાળા, હે રામ તુ રંગના જન્મમરણના ફેરાને ટાળ. ૬

तिग्मार्कप्रतिबिम्बित राम जय निगमान्तविपिनविश्राम ।
तरलकुचित्ततिरोहित राम दह भवबन्धनमज अभिराम ७

પ્રચંડ સૂર્ય જેનું પ્રતિબિંબ છે એવા હે રામ-વેદાન્તરૂપી જંગલમાં વિશ્રામ કરનાર, તરલ અને ખરાબ ચિત્તવાળાથી દૂર, એવા હે અજ, રામ, હે અભિરામ સુંદર સ્વરૂપવાળા), (મારા) ભવનાં બંધનને કાપી નાખ. ૭

पाखण्डप्रविघातक राम जय दुःशीलान्तक हर राम ।
वनशिशुवन्दित वनविश्राम दर्शय ते वदनं नतराम ८

પાખંડનો વિનાશ કરનાર, ખરાબ ચારિત્ર્યવાળાના અંતક, હર સ્વરૂપ રામનો જય હો. વનના બાળકો દ્વારા વંદિત, વનમાં વિશ્રામ કરનારા, હે ભક્તોને આનંદ દેનાર રામ, આપના વદનનું દર્શન કરાવો. ૮

नयनचन्द्र नयकोविद राम विनयमणे जय दुःखविराम ।
सीमासीमनियामक राम सत्यसन्ध परिव्राजक राम ९

નયનને ચંદ્ર સમાન (આનંદ આપનાર), વિધિમાં કુશળ, વિનયમાં (મણિ સમાન) ઉત્તમ, દુઃખના વિરામરૂપ હે રામ, સીમ અને અસીમના નિયામક, સત્યપ્રતિજ્ઞાવાળા હે પરિવ્રાજક રામ ! તારો જય હો ! ૯

ताताज्ञापरिपालक राम जय साकेताधीश्वर राम ।
रावणगर्वविनाशक राम शान्तिसौख्यसंस्थापक राम १०

પિતાની આજ્ઞા પાળનાર હે રામ ! અયોધ્યાપતિ હે રામ, તારો જય હો. રાવણના ગર્વનો નાશ કરનાર હે રામ, શાંતિ અને સુખના સંસ્થાપક હે રામ, (આપનો જય હો !) ૧૦

मनईप्सितपरिपूरक राम वद जिह्वे जय जय श्रीराम ।
'रङ्ग'हृदयकौस्तुभ हे राम कुरु करुणामखिलेश्वर राम ११

મનની (સર્વ) ઇચ્છાઓ પૂરી કરનાર હે રામ, તમારો જય થાવ. માટે હે જિભ તું શ્રીરામ જય રામ જય જય રામ બોલ. હે રંગહૃદયના કૌસ્તુભમણિ રામ ! અખિલ જગના ઇશ્વર એવા હે રામ (અમારા ઉપર) કરુણાકર. ૧૧

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज–विरचितं रामभजनं सम्पूर्णम् । *

४९ मन्त्रगर्भो हनुमत्स्तव

ॐकारतत्त्वदेहस्त्वं जूं बीजजपतोषितः ।
सः शंकरः प्रवातात्मा नमस्ते मारुतेऽनघ ॥१॥
नमस्ते रुद्ररूपाय रामदूताय ते नमः ।
मोहाप्तदैत्यनाशाय मनोवेगाय भास्वते ॥२॥
भक्तत्राणकदीक्षाय लक्ष्मणप्राणदायिने ।
गवेषणैकवीराय छिन्नदैधाय यामिने ॥३॥
वनगह्वरवासाय मनःसंतापहारिणे ।
तेजोजितवरेण्याय नक्तंचरविदारिणे ॥४॥
आंजनाय कपीड्याय जानकीजानिमानिने ।
जलध्युत्पातधीराय नभोमार्गविहारिणे ॥५॥

* શરૂના અક્ષરોમાં રામધૂન સાધેલી માલમ પડશે.

ने त्रोत्सवाय वीराणां कीनाशपतिमन्त्रिणे ।
या म्याभिमुखवक्त्राय जयिने जापकारिणे ॥६॥
य क्षग्रहमुचे ज्ञाय यमपाशनिकर्तिने ।
म दोद्धताक्षकालाय बोधितात्मस्वरूपिणे ॥७॥
हा टकश्रुतिभूषाय लोकाधिपस्तुताय च ।
व लभीमाय बीज्याय हस्तान्दोलितसुस्नवे ॥८॥
ला ङ्गूलदग्धलङ्काय नुतितुष्टाय नर्मिणे ।
य तेन्द्रियाय वश्याय मारणमारकाय च ॥९॥
स्वा मिभक्ताय शान्ताय नखदन्तायुधाय च ।
हा र्दाक्लिष्टहरीन्द्राय कीशकीर्तितकीर्तये ॥१०॥
पा पौघप्रों छनायारं मोक्षैकश्रींदुकोटये ।
न त्वा शठः समाप्नोति साधुत्वं यं नमोऽस्तु ते ।११।
'रङ्ग' हृत्तुष्टभीमेन स्वयं हृद्वासिनेरितः ।
रुद्रश्लोकात्मकः सोऽयं कुर्याच्छं मन्त्रयुक्तस्तवः ॥१२॥

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-
विरचितं मन्त्रगर्भो हनुमत्स्तवः सम्पूर्णम्।*

---

* પહેલા શ્લોકમાં ત્ર્યક્ષર મૃત્યુંજન મંત્ર (ૐ જૂં સઃ) અગિયારમા શ્લોકમાં વિષહર નીલકંઠ મંત્ર પ્રોં. શ્રી શઠઃ, યં અને બીજા શ્લોકથી દશમા શ્લોક સુધીમાં હનુમન્મન્ત્ર (સંસ્કૃત અને પ્રાકૃત) મૂકવામાં આવ્યો છે.

૪૯ મંત્રગર્ભો હનુમત્સ્તવઃ

હે પાપરહિત મારુતિ, કલ્યાણ કરનાર વાયુના આત્મ (પુત્ર) રૂપ, સઃ બીજરૂપ, આપ ૐકારના તત્વરૂપી દેહવાળા છો અને જૂં બીજના જપથી સંતોષિત થનાર છો. આપને નમસ્કાર હો ! ૧

રુદ્રસ્વરૂપ, રામના દૂત, મોહરૂપી પ્રાપ્ત દૈત્યના નાશક, મનના જેવા વેગવાળા, તેજસ્વી આપને નમસ્કાર હો ! ૨

ભકતોનું રક્ષણ કરવાની એક માત્ર દીક્ષાવાળા, લક્ષ્મણને પ્રાણ આપનાર, શોધ કરવામાં એક માત્ર વીર, દ્વૈતને કાપનાર, સંયમી, વનની ગુફામાં વાસ કરનાર, મનના સંતાપ હરનાર, તેજથી વરેણ્ય (સૂર્ય) ને જીતનાર, રાત્રીચરો (રાક્ષસો) ને નષ્ટ કરનાર, અંજનીપુત્ર, કપીઓથી પ્રશંસિત, જાનકીના પતિ (રામ) ને માન આપનાર, સમુદ્રને એક કૂદકે કૂદનાર, ધીર, આકાશમાર્ગમા વિહાર કરનાર, વીરોના નેત્રોનો ઉત્સવ, વાનરરાજ સુગ્રીવના મંત્રી, દક્ષિણ તરફ મોઢું રાખનાર (याम्य=વિષ્ણુ–વિષ્ણુ અવતાર રામની સામે મોઢું કરનાર), જય પામનાર, જપ કરનાર, યક્ષોની પકડમાંથી છોડાવનાર, જ્ઞાની, યમપાશને કાપનાર, મદથી ઉન્મત્ત ઇન્દ્રિયોવાળાને કાળરૂપ, આત્મસ્વરૂપનો બોધ કરાવનાર, કાનમાં સોનાનાં આભૂષણ (કુંડળ) વાળા, રાજાઓ દ્વારા સ્તુતિ કરાએલ, બલમાં ભયંકર, કુલીન, હાથથી પૂંછડું હલાવનાર, પૂંછડાથી

લંકાને બાળનાર, નમસ્કારથી સંતુષ્ટ, નર્મ (સુખ)વાળા, ઈન્દ્રિયોને સંયમિત રાખનાર, વશમાં રાખનાર, મારણના મારક, સ્વામીના ભક્ત, શાન્ત, નખ અને દાંતરૂપી આયુધ-વાળા, ભક્તિભાવથી રામને આકર્ષિત કરનાર, વાનરો દ્વારા ગવાએલ કીર્તિવાળા, પાપના ઓઘને જલદીથી લુછનાર, મોક્ષરૂપી એક માત્ર લક્ષ્મીની ચંદ્રરેખા રૂપ, જેને નમન કરીને શઠ પણ સાધુતાને પામે છે તે હનુમાનજીને નમસ્કાર હો ! (૩-૧૧)

રંગના હૃદયથી તુષ્ટ થએલ પરાક્રમી તે સ્વયં હનુ-માનજીએ હૃદયમાં રહીને પ્રેરેલ આ રુદ્રશ્લોકાત્મક મંત્રયુક્ત તે આ સ્તવન કલ્યાણ કરો. ૧૨

५० श्रीकृष्णस्तोत्रम् ।

श्री यादवाधीश हरे कृपालो पाहि स्वकं मां शरणागतं भोः ।
कृष्णातटे यः किल दत्तनामा स एव कृष्णस्त्वमिहैकरूपः १

૫૦ શ્રીકૃષ્ણસ્તોત્રમ્

હે યાદવોના અધિપતિ, હરિસ્વરૂપ, કૃપાળુ, શરણે આવેલા આપના એવા મને રક્ષો; જે કૃષ્ણાને કિનારે દત્ત નામથી પહેલાં હતો તે જ અહીં તું કૃષ્ણ સ્વરૂપે એકરૂપધારી છો. ૧

ण तार्तिनाशाय धृतावतारो युगे युगे यो विविधाभिधानः ।
गोवर्धनोद्धारकमीशमेकं कूर्मादिरूपं तु नतोऽस्म्यभेदात् २

શરણે આવેલાનાં દુઃખના નાશ માટે જેણે જુદા જુદા નામથી યુગે યુગે અવતાર ધારણ કર્યો ને ગોવર્ધનને ઊંચે ધારણ કરનાર, કુર્મ વગેરે રૂપોને ધારણ કરનાર, એક માત્ર ઈશ્વરને હું અભેદભાવે નમન કરૂં છું. ૨

विंदन्ति योगादिसुगूढमार्गैर्यं धूतपापाः खलु विश्ववन्द्यम् ।
दकप्रदाभं तु दुरासदं तं वेणुस्वनं बल्लवखेदहारम् ३

વિશ્વવંદ્ય, ઘનશ્યામ, દુઃખથી પ્રાપ્ત કરાય એવા વેણુ વગાડનાર, બલ્લવ (ગોવાળિયા)ના ખેદને હરનાર, નિષ્પાપ લોકો યોગ વગેરે ગૂઢ માર્ગોથી જેને મેળવે છે તેને (હું વંદન કરૂં છું.) ૩

हरिध्वजं वीक्ष्य विषादमग्नं गीतामृतं यः खलु पाययित्वा
रेजे समुत्तार्य जगद्गुरुः स्वं ह्यनाद्यनन्तं तमुपैमि चाद्यम् ४

અર્જુનને વિષાદમગ્ન જોઇને, ગીતામૃત પાઈને જે જગદ્ગુરુ તેને તારીને શોભવા લાગ્યા તેવા સ્વસ્વરૂપ, અનાદિ, અનંત, તે આદ્યને (શરણે) હું જાઉં છું. ૪

मुखं समीक्ष्यास्य न कालभीतिर्यः कालकृत् कालनियामकश्च ।
राकेन्दुवक्त्रं तु न को लषेत राधादुकूलाप्तकरं कवीशम् ५

જે કાળને બનાવનાર છે, જે કાળનો નિયામક છે અને જેનું મુખ જોઇને કાળની ભીતિ રહેતી નથી પુર્ણિમાના ચંન્દ્ર સમાન મુખવાળા, રાધાના રેશમી વસ્ત્રમાં હાથ નાખનાર, કવિઓમાં શ્રેષ્ઠ એવા (કૃષ્ણ)ને માટે કોણ અભિલાષા ન કરે? ૫

रेमे ह्यरत्वा य इहैकवर्णी ह्येकोऽप्यनेकाभिरहो नु चित्रम् ।
हेलां क्षमः कोऽपि न ज्ञातुमस्य विना कृपां तस्य नटेश्वरस्य ६

જે અહીં એકવર્ણી (એક માત્ર બ્રહ્મચારી), એક હોવા છતાં અનેક (ગોપીઓ) સાથે અસંગ થઇને રમમાણ થયો તે ખરેખર આશ્ચર્યકારક છે! તે નટેશ્વરની કૃપા વિના એની એ લીલાને જાણી શકવાને કોઇ પણ સમર્થ નથી ૬

नानात्मवादैश्च कथानकैश्च यो वर्ण्यमानोऽपि न वर्णितोऽलम् ।
थघ्नं तमासेचनकं पुराणं क्षणे क्षणे नूतनमेकराजम् ७

नागेशतल्पं तु च [3]नागदन्तीनाकप्रदं [4]नाव्यमतर्क्यलीलम् ।
रामानुजं [5]राभधरं सुरम्यं रामावृतं रासकरं रसेशम् ८
यज्ञप्रियं याज्यमनन्तयोगं योगेश्वरं यातुहरं यताक्षम् ।
णनस्यमैकान्तिकसौख्यसिन्धुं सेवे सदेकं तु स्खलत्सुमित्रम् ९

નાના પ્રકારના આત્મવાદોથી અને કથાનકોથી જેનું વર્ણન કરાય છે છતાં પૂર્ણ રીતે વર્ણવી શકાતો નથી તે ભય (થ)નો નાશ કરનાર; આસેચનક (જોતાં ન ધરાય તેવા રૂપવાળો), પુરાણ છતાં ક્ષણે ક્ષણે નૂતન એવો એક માત્ર રાજાધિરાજ, નાગશય્યા પર સૂઇ જનાર, વેશ્યાને મોક્ષ આપનાર, સ્તુત્ય, અતકર્ય લીલાવાળા, બલરામના નાના ભાઈ, દંડધર, સુરમ્ય, સ્ત્રીઓથી (ગોપીઓથી) વીંટળાએલા, રાસ રચનાર, રસેશ્વર, યજ્ઞપ્રિય, યજ્ઞથી રાજી કરતા, અનંત યોગવાળા, યોગના ઇશ્વર, રાક્ષસોને

હરનાર, આંખ (ઇન્દ્રિયો)ને વશ રાખનાર, નમસ્કારયોગ્ય, એકાંતિક (મોક્ષ)રૂપ સુખના સાગર, સ્ખલન પામનારના સન્મિત્ર, સત્સ્વરૂપ એક તેને હું સદા સેવું છું. (૭-૯)

वार्ष्णेयमापन्नविपद्धरं तं वन्देऽवधूतं तु सदा वयस्यम्
सुदामसिद्धिप्रदमार्तसारं सेशं सहेलं च समाहितं कम् १०

વૃષ્ણીઓમાં શ્રેષ્ઠ, આપત્તિમાં પડેલાની વિપત્તિને હરનાર, તે અવધૂત, સદાના મિત્ર, સુદામાને સિદ્ધિ પ્રદાન કરનાર, દુ:ખીઓ માટે સારરૂપ, લક્ષ્મી સાથે રહેનાર લીલા સહિત અને સમાધિમાં રહેલા સુખસ્વરૂપ તેને હું વંદું છું. ૧૦

देवाधिदेवं तु न देववेद्यं देवर्षिगेयं च गवाग्रचारम् ।
वर्यं वनस्थाक्षमृगाङ्कवक्त्रं 'रङ्गा'नले शान्तिदमात्मदेवम् ११

દેવાધિદેવ છતાં દેવોથી ન જાણી શકાય તેવા, દેવર્ષિ (નારદ) વડે સ્તુતિ કરાએલ ગાયોની આગળ ચાલનાર, કામદેવસ્વરૂપ, હરણ જેવાં નેત્રોવાળા, સંસારરંગના અગ્નિમાં શાંતિ આપનાર તે આત્મદેવને હું નમું છું. ૧૧

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचितं मन्त्रगर्भं श्रीकृष्णस्तोत्रं सम्पूर्णम् ।

५१ देवीस्तोत्रम् ।

नवं नवं सदा भाति रूपं ते सुन्दरं शुभे ।
मोहास्रपे महादेवि डिम्भोक्तं तुष्टयेऽस्तु ते १

૫૦મા સ્તોત્રમાં શ્રીકૃષ્ણધૂન અને ૫૧માંમાં દેવીમંત્ર આદ્યાક્ષરોમાં છે.

૫૧ દેવીસ્તોત્રમ્

હે શુભકારિણી, આપનું સુન્દર રૂપ રોજેરોજ નવું નવું દેખાય છે. મોહ માટે જળો સમાન (अस्त्रप)હે મહાદેવી ! બાળકની આ ઉક્તિ આપની તુષ્ટિ અર્થે થાવ. ૧

देवर्षिभिर्दुष्टनिबर्हणाय त्वमेव चाद्येऽम्ब नुता वरेण्ये ।
विध्वस्तभक्तार्तिनगेऽनघे के त्वं यस्य किं तस्य भयं कुतो वा २

દેવો અને ઋષિઓ દ્વારા દુષ્ટોના નિકંદન અર્થે હે વરેણ્ય, આદિ મા ! તું જ પ્રશંસિત છે. ભક્તોના દુઃખના ડુંગર તોડનારી, હે નિષ્પાપ, સુખસ્વરૂપ તું જેની છું તેને કેવો ભય અને ક્યાંથી ભય હોય ? ૨

मन्दं स्मितं ते विधुकोटिकान्तं विलोक्य मातर्विबुधा विमूढाः
हा वक्रदृष्टिं क उ ते सहेत शुम्भादयः किं मशकीकृता न ३

આપનું કરોડો ચંદ્ર સમાન કમનીય મન્દસ્મિત જોઇને હે માતા, વિબુધો (દેવો) પણ વિમૂઢ થઇ જાય છે તારી વક્રદૃષ્ટિ કોણ સહન કરી શકે તેમ છે ? (તે વક્રદૃષ્ટિ વડે) શું શુંભ વગેરે (રાક્ષસો) મગતરા સમાન તેં નથી કર્યા શું ? ૩

मा तेऽस्तु रोषो विपथे यदि स्यां गच्छन्पतेयं यदि धाव शीघ्रम् ।
येनामृतः स्यां तदु निश्चितं मे ब्रूहि क्रुधं संहर चार्तपेऽम्ब ४

જો હું વિપથગામી (અવળે રસ્તે ચાલનારો) થાઉં તો તારો રોષ ન થાઓ. ચાલતાં ચાલતાં જો હું પડું તો (હે મા !) તું શીઘ્ર દોડજે. મને એવું કંઈક નિશ્ચિત કહે જેથી હું અમૃતમય બનું. દુઃખીનું રક્ષણ કરનાર હે મા, (તારો) ક્રોધ પાછો ખેંચી લે. ૪

जगत्स्थावरान्तं सदेकं त्वमेव
गतिः प्राणिनां शुद्धचैतन्यमत्र ।
मुदादिस्वरूपे त्वदंशप्रभावा-
ज्जडोऽपीह लङ्घेन्मृतिं कोटिशोऽरम् ॥५॥

જંગમ અને સ્થાવર સુધી તું જ એક માત્ર સત્ તત્ત્વ છું. અહીં પ્રાણીઓની ગતિ, શુદ્ધ ચૈતન્યમયી તું છો. હે આનંદ વગેરે સ્વરૂપવાળી ! તારા અંશના પ્રભાવે કરીને જડ પણ અહીં કરોડો (જન્મ અને) મરણને તરત જ ઓળંગી જાય છે. ૫

त्वमेका शरण्या त्वमेका वरेण्या
त्वमेकेह धन्या सदा सत्सु मान्या ।
त्वमेका वदान्या न त्वत्तोऽस्ति चान्या
त्वमेकाग्रगण्यासि मातस्त्वनन्या ॥६॥

તું જ એક શરણ માટે યોગ્ય છો, તું જ એક વરેણ્ય (વરવા યોગ્ય) છો. તું જ એક ધન્ય છો અને સદાયે સત્પુરુષોથી માન્ય છો. તું જ એક ઉદારદિલ છો.

તારા વિના બીજું કોઈ નથી. તું જ હે માતા ! એક માત્ર અગ્રગણ્ય અને અનન્ય છો. ૬

जगत्कारणं यद्विरिञ्चिस्त्वमेव
हरिः पालकोऽसौ त्वमेवासि चाम्ब ।
शिवः शाम्भवीहास्ति त्वत्तस्तु कोऽन्यो
वृथा नामभेदं विमूढा गृणन्ति ॥७॥

જગતના કારણરૂપ જે બ્રહ્મા તે તુંજ છો અને હે માતા, આ પાલક વિષ્ણુ પણ તું જ છો. આ લોકમાં કેશવ અને શાંભવી પણ તું જ છું. તારા વિના કોણ બીજું છે ? વિમૂઢ લોકો નકામા નામના ભેદોનું ગાન કરે છે. ૭

जयतु मदनिहन्त्री स्वेष्टकर्त्रीह भर्त्री
नतमलविनिहर्त्री योगहृद्रङ्गगोप्त्री ।
अनुपमपददात्री कल्पनातीतगात्री
भवतु भवविधात्री सा सदा मेऽत्र पात्री ॥८॥

મદને હણનારી, પોતાના (ભકત) નું ઇષ્ટ કરનારી, સ્વામિની ભકતોના મળને હણનારી, યોગીઓના હૃદયના રંગનું રક્ષણ કરનારી, અનુપમ પદને આપનારી, કલ્પનાથી અતીત ગાત્રોવાળી, ભવવિધાત્રી (સંસારને ઉત્પન્ન કરનારી) સદા સર્વદા મારૂં રક્ષણ કરનારી થા. ૮

अम्बा सा वरदा सदा भवतु मे ह्यम्बां प्रपद्ये मुदा
*दैत्याश्चाम्बिकया हताः खलु ययाऽम्बायै च तस्यै नमः।
अम्बायास्तु परं न तारकमिहाम्बाया विधेयोऽस्म्यहम्
अम्बायां विलयं सदैतु च मनो भो 'रङ्ग'मम्बोद्धर ॥९॥

તે અંબા સદા મારે માટે વરદ બનો, હું આનંદ પૂર્વક અંબાને શરણે જાઉં છું. જે અંબિકાએ દૈત્યોને માર્યા તે અંબિકાને નમસ્કાર હો ! અંબા સિવાય અહીં કોઇ બીજું તારક નથી. હું અંબાનો જ સેવક છું. અંબામાં જ મારૂં મન સદા વિલય પામો હે અંબા ! તું રંગનો ઉદ્ધાર કર ૯

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज–विरचितं देवीस्तोत्रं सम्पूर्णम् ।

५२ नर्मदाष्टकम् ।

मातः शम्भुसुते सतामभिमते देवादिभिर्वन्दिते
भीमे भीतिहरे सुरारिभयदे भ्रान्तिच्छिदे भासुरे ।
त्वत्तीरे विपुले सुवीचितरले फेनोज्ज्वले क्रीडतः
कामं मे नु कदेयमम्ब पतिता जीर्णा तनुर्निश्चला ॥१॥

૫૨ નર્મદાષ્ટકમ્

હે માતા, શંકરપુત્રી, સજ્જનોને વહાલી, દેવો વગેરેથી વંદન કરાએલ, ભયંકર, ભય હરનાર, દાનવોને ભય આપનાર, ભ્રાન્તિનું છેદન કરનાર, ઉજ્જવળ એવી હે માતા !

---

* दैत्याश्चाम्बिकया यया विनिहतास्तस्याम्बिकायै नमः, अम्बायास्तु परं न तारकमिह ह्यम्बाविधेयोऽस्मयहंम्' पाठान्तरम्

ઘણાં મોજાંઓથી તરલ અને ફીણથી ઉજ્જવળ એવા તારા વિપુલ કિનારે ખેલતા એવા મારૂં આ જીર્ણ શરીર નિશ્ચળ બનીને ભલે પડો. ૧

तिर्यञ्चोऽपि भजन्ति मुक्तिममलां त्वन्नीरमात्राशनात्
त्वत्तीरस्थ[२]द्रवोऽपि यान्ति विबुधैरप्राप्यभूमिं पराम् ।
मर्त्यास्ते न कथं तथापि यदि ते श्रद्धाजडा दुर्जना-
स्तेऽपि स्युः खलु मुक्तिगास्तव कृपादृङ्मात्रपूताः सुराः २

તારા નીરના પ્રાશન માત્રથી પક્ષીઓ પણ નિર્મળ મુક્તિને પામે છે. તારા કિનારા ઉપર રહેલાં વૃક્ષો પણ દેવોને પણ અપ્રાપ્ય એવી ઉત્તમ ભૂમિ (મોક્ષ) ને પ્રાપ્ત કરે છે તો મર્ત્ય માનવી કેમ નહિ ? જો તે શ્રદ્ધાજડ એવા દુર્જનો પણ હોય તો પણ તારી કૃપાદૃષ્ટિ માત્રથી પવિત્ર થએલા તે દેવો બનીને મુક્તિ પ્રાપ્ત કરે છે. ૨

स्नातं येन तवाम्भसि ह्यहरहर्ध्यातं च रूपं हृदा
गीतं नामसहस्रकं रसनया पीतं च पाथो मुदा ।
किं तस्यान्यतपोजपादिनियमैस्तीर्थाटनैर्वा वृथा
नो व्याधिः प्रभवेदुपाधिरथवा ह्याधेस्तु दूरं कथा ॥३॥

જેણે તારા જળમાં સ્નાન કર્યું છે, હરરોજ તારા રૂપનું હૃદયમાં ધ્યાન કર્યું છે, જીભ વડે તારાં હજારો નામ ગાયાં છે અને આનંદથી તારૂં પાણી પીધું છે તેને બીજા તપ જપ વગેરે નિયમોની શી જરૂર ? તેને માટે

તીર્થાટનો નકામાં છે. વ્યાધિ અથવા ઉપાધિ ઉદ્ભવે જ નહિ તો આધિની તો વાત શી ? ૩

गोपो वेणुमुखो वरं तव शुभे गाश्चारयन्सैकते
नूनं धीवरपोतकोऽपि च वरं हस्ते ह्यरित्रं दधत् ।
नो मातः पृथिवीपतिर्गजवरारूढातपत्रावृत–
स्त्वन्यत्राम्ब न राजदण्डकलितश्चन्द्राननावीजितः ॥४॥

હે માતા ! અન્ય સ્થળે શ્રેષ્ઠ હાથી ઉપર આરૂઢ થયેલ, છત્રથી ઢંકાયેલો, રાજદંડ ધારણ કરતો અને ચંદ્રમુખીથી વીંઝણો નખાયેલ રાજા થવા કરતાં તારા પવિત્ર ભાઠામાં મુખમાં વેણુવાળો, ગાયો ચારતો ગોવાળિયો થવું વધારે સારૂં છે અથવા હાથમાં હલેસું ધારણ કરતો માછીમારનો દીકરો થવું એ પણ વધારે સારૂં છે. ૪

कामः क्वापि गतो भयं विगलितं मोहः प्रणष्टो महान्
आलस्यं विपिने गतं परमहो चित्तं चकोरैर्हृतम् ।
पापं क्वापि पलायितं तव भिया मृत्युर्मृतो मारकः
कः स्तोतुं प्रभवेदनङ्गरिपुजे शेषोऽपि मूकीकृतः ॥५॥

હે શંકરપુત્રી (નર્મદા મા) ! તારી ભીતિથી કાળ ક્યાંય ગયો, ભય ગળી ગયો, મહાન મોહ નષ્ટ થયો, પરમ આળસ જંગલમાં ગયું, ચિત્ત ચકોરોએ હરી લીધું, પાપ ક્યાંય પલાયન થયું અને (સર્વનું) મારક મૃત્યુ પણ મરી ગયું. તારી સ્તુતિ કરવાને કોણ શક્તિમાન છે ? શેષ પર મૂગો બનાવી દેવાયો છે ૫

धन्या ये निवसन्ति ध्याननिरताश्छायातरौ त्वत्तटे
गायन्तो गणराजतातसुयशो निःस्वाः सदा निर्मलाः ।
दिग्वस्त्रा निगमान्तवीथिषु मुदा धावन्त उन्मत्तवत्
क्रीडन्तः शिशुवत्सुरम्यपुलिने स्वज्ञैः सदा धिक्कृताः ॥६॥

શંકરના સુયશને ગાનારા, અકિંચન, સદા નિર્મળ, દિગંબર, વેદાન્તની શેરીઓમાં આનંદથી ઉન્મત્તની માફક દોડતા, બાળકની માફક સુરમ્ય કિનારા પર ખેલતા અને અત્યંત અજ્ઞાનીઓથી સદા ધિક્કારતા એવા જે લોકો તારા તટ પર છાયાવાળાં વૃક્ષોની નીચે ધ્યાનમાં મગ્ન થઇને રહે છે તેઓ ધન્ય છે. ૬

एकं वारि गतं त्रिधा क्षितितले गाङ्गं च सारस्वतं
शम्भूत्थं तु तथापि नार्मदमिदं दृङ्मात्रमुक्तिप्रदम् ।
सेवध्वं ह्यनिशं दरारि मनुजास्तिष्ये परं तारकं
जुष्टं सिद्धसुरर्षिसूरिप्रमुखैरासर्गमाह्लादकम् ॥७॥

એકજ પાણી પૃથ્વી પર ત્રણ પ્રકારે વહ્યું ગંગાનું, સરસ્વતીનું અને શંભુમાંથી ઉત્પન્ન થયેલું નર્મદાનું, છતાં પણ (નર્મદાનું) આ પાણી દૃષ્ટિ માત્રથી જ મુક્તિપ્રદ, બને છે. હે મનુષ્યો ! કલિયુગમાં પરમ તારક, પાપનાશક, અને સૃષ્ટિના આરંભથી માંડીને (આજ દિન સુધી) સિદ્ધ, સુર ઋષિ, જ્ઞાની વગેરેથી સેવાતાં, આનંદ આપનારા આ નર્મદા જળનું તમે હંમેશાં સેવન કરો. ૭

जयतु जयतु देवी नर्मदा शर्मदेयं
दुरितचयनिहन्त्री ज्ञानवापी नराणाम् ।
शरणमशरणानामालयो मङ्गलानां
विहरतु मम मौलौ ज्ञानगङ्गा शुभाङ्गा ॥८॥

શાંતિ આપનારી નર્મદા દેવીનો જય થાવ, જય થાવ. અસુરોના સમૂહને હણનારી, મનુષ્યો માટે જ્ઞાનની વાપી, અશરણોની શરણ, મંગલોનું નિવાસસ્થાન એવી શુભ અંગવાળી જ્ઞાન ગંગા મારા મસ્તક ઉપર વિહાર કરો (અર્થાત્ હું એવી નર્મદામાં સ્નાન કરું). ૮

'रङ्ग'-मानसमलापहरं किं नर्मदाष्टकमिदं न मलारिः ।
श्रद्धयाविजितमानसमेतत्पठ्यमानमनिशं तु भवारिः ॥९॥

'રંગ'ના માનસના મળને હરનાર આ નર્મદાષ્ટક શું મલારિ (મળનો દુશ્મન) નથી ? મનને કાબુમાં રાખી શ્રદ્ધાથી આનો પાઠ અહર્નિશ કરાય તો તે ભવારિ (સંસારનો નાશ કરનાર) બને છે. ૯

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज-विरचितं नर्मदाष्टकम् सम्पूर्णम् ।

५२ नर्मदापरिष्टुतिः ।

त्रिकूटगिरिवासिनी नतजनाघसंहारिणी
सुरासुरनुतारिणीं दुरितदुर्गसंदाहिनी ।
भवाब्धिभयहारिणी भवलतासमुन्मूलिनी
भवाम्ब मम तारिणीं विभवदुःखपाथोनिधेः ॥१॥

૫૩. નર્મદા પરિષ્ટુતિ

હે ત્રિકૂટ (અમરકંટક) પર્વતમાં વસનારી, હે ભક્તજનોનાં પાપોનો સંહાર કરનારી, હે સુર, અસુર અને મનુષ્યોને તારનારી, હે પાપના કિલ્લાને બાળનારી, હે સંસારસાગરના ભયને હરનારી, હે સંસારલતાને ઉખેડી નાખનારી મા ! તું મને સંસારના દુઃખરૂપી સમુદ્રમાંથી તારનારી થા. ૧

तरङ्गततिमण्डिते सुरनरादिभिर्वन्दिते
विहङ्गशतकूजिते कविजनैः सदा सेविते ।
सुरङ्गमकराङ्किते खगमृगादिदिव्यप्रदे
नमो मनसिजारिजे सततमस्तु ते नर्मदे ॥२॥

હે તરંગની હારથી શોભિત, હે દેવો અને મનુષ્ય વગેરેથી નમન કરાતી, હે સેંકડો પક્ષીઓથી કૂજન કરાતી, હે કવિજનોથી હંમેશાં સેવાતી, હે સુંદર મગર ઉપર બેઠેલી, હે પશુપક્ષીઓ વગેરેને દિવ્ય સ્થાન આપનારી, હે શંકરમાંથી જન્મેલી નર્મદા ! તને સતત નમસ્કાર હો ! ૨

सुरासुरविमोहिनी विपिनवाहिनी नर्मदा
सदानवनशोभिनी पतितपावनी शर्मदा ।
कलौ कलुषभञ्जिनी नतकदायिनी धर्मदा
सदा भवतु मे कदा हुरगगामिनी नर्मदा ॥३॥

સુર અને અસુરને મોહ પમાડનારી, જંગલમાંથી વહેનારી, નર્મ (આનંદ) આપનારી, હાથીના મદથી યુક્ત જળ વડે શોભતી, પતિતોને પાવન કરનારી, આશ્રય આપનારી, કલિયુગમાં પાપોનો ભંગ કરનારી, ભક્તને સુખ આપનારી, ધર્મ આપનારી, સર્પાકારે વહેનારી નર્મદા મને સદા આનંદ (क-दा) આપનારી બનો. ૩

न मेऽस्ति विषयस्पृहा न च मनागु कीर्तिक्षुधा
न जीवनपिशाचिका न च कुलर्द्धिकाङ्क्षा क्वचित् ।
वसाम्ब मम संनिधावभयदा सदा शर्मदा
कदापि न विदूरगा भव रुषा रदा शङ्करी ॥४॥

મને વિષયની સ્પૃહા નથી અને સહેજ પણ કીર્તિની ભૂખ નથી, જીવનની લોલુપતા નથી તથા કુલઋદ્ધિની ક્યારેય આકાંક્ષા નથી. અભય દેનારી, સદા શાંતિ દેનારી હે મા ! મારી સમીપ જ વસો. અને હે (र दा) વાત્સલ્ય આપનારી, કલ્યાણ કરનારી તું ગુસ્સે થઇને મારાથી કદાપિ દૂર જઇશ નહિ. ૪

अये शरणवत्सले शरणमागतं मां शुभे
जहासि यदि वा कदा मरणमेव नूनं तदा ।
पतेन्नु सुरमन्दिरं प्रणयिपूजकस्योपरि
व्रजेत्क्व स वदाम्ब भो गरलदा प्रसूर्वा यदि ॥५॥

હે શરણાગતવત્સલ, શુભકારિણી, શરણે આવેલા મને જો તું ક્યારેક તરછોડીશ ત્યારે ખરેખર (મારૂં)

મરણ જ થશે. ખરેખર દેવનું મંદિર પ્રેમપૂર્ણ પૂજારી ઉપર પડે અને જો જનેતા જ ઝેર આપનારી બને તો હે મા! તું જ કહે કે તે ક્યાં જાય? ૫

कदा नु तव तीरगो विमलवारिणान्दोलितः
कुलीरकुलवीजितो मकरमीनसंवाहितः ।
तरङ्गरवतालतो विहगकूजनोल्लापितः
शयिष्य इह चाङ्कगो मुकुलिताक्ष ईशे मुदा ॥६॥

તારા તીર પર રહેલો, નિર્મળ પાણીથી ઝૂલાવતો; કાચબાના કૂળથી પંખો નખાતો, મગર અને માછલાં દ્વારા પગચંપી કરાતો, મોજાંઓના અવાજના તાલ વડે અને પક્ષીઓનાં કૂજન વડે બોલાવતો (હું) હે ઇશ્વરી! તારા ખોળામાં આનંદ વડે આંખો મીંચીને ક્યારે સૂઈશ? ૬

त्वदम्बु मदनाशनं भवहरं निपीतं यदा
तदैव भवरोगजं गलितमम्ब दुःखं मम ।
भयं व्यपगतं परं विषयपुष्पतृष्णा हता
निकाममुखसागराप्लुतमहो मदीयं मनः ॥७॥

જ્યારે મેં તારૂં રોગનાશક, ભવને હરનારૂં પાણી પીધું ત્યારે જ હે મા! સંસાર રૂપી રોગમાંથી ઉત્પન્ન થતું મારૂં દુઃખ ગળી ગયું, પરમ ભય દૂર થયો, વિષય રૂપી મૃગતૃષ્ણા મરી ગઈ અને અહો! મારૂં મન અત્યંત સુખસાગરમાં ડૂબી ગયું. ૭

नृत्यत्येतद्रोदिति धावति जल्पति किमपि कलं कुशलं
गायति हास्यं वितनुत एतत्तव महिमानमघारिसुते ।
'रङ्ग'-दरारिपरिष्टुतिरेषा किं न ददाति सुखं ह्यतुलं
भवदरभीताः क्वेतान्यत्र ह्यत्रेत त्वरितं तप्ताः ॥८॥

હે પાપનો નાશ કરનાર શંકરની પુત્રી! એ (મન) નાચે છે, રડે છે, દોડે છે, કંઇક બબડે છે, કુશલ કલરવ કરતું ગાય છે, હાસ્ય ફેલાવે છે અને તારો મહિમા ફેલાવે. છે. 'રંગ'ના પાપની શત્રુ એવી આ સ્તુતિ શું અતુલિત સુખ નહિ આપે? ભવરોગથી ભયભીત અને તપ્ત થએલા બીજે કયાં જાઓ છો? જલદી અહીં આવો. ૮

तापत्रयदावामृतमेषा शान्तिसुखाब्धिरहो जगति
ज्ञानाम्भोधिः करुणागङ्गा दिव्यधुनी मदनारिसुता ।
सन्मानसहंसी खलु एषा मुक्तसरोजसखी सरला
रागातीता प्रेमगभीरा पावनतीर्था मे ह्यम्बा ॥९॥

અહો! આ જગતમાં શંકરપુત્રી (નર્મદા) ત્રિવિધ તાપરૂપી દાવાનળને માટે અમૃત છે, શાંતિ અને સુખનો સાગર છે, જ્ઞાનનો સમુદ્ર છે, કારુણ્યની ગંગા છે, દિવ્ય નદી છે, મુક્ત પુરુષોરૂપી કમળોને ખિલવનારી છે, મારા માનસ સરોવરની હંસી છે. રાગથી અતીત, પ્રેમગભીર અને પાવન તીર્થવાળી (નર્મદા) માતા છે. ૯

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत, महाराजविरचिता नर्मदापरिष्टुतिः सम्पूर्णा ।

५४ नर्मदागीतम् ।

वन्दे नर्मदाम् ।
सुखदां सुमदां सुरनरवन्दितां सर्वकामदां शर्मदाम्
॥ वन्दे० ॥ध्रु०॥

उज्ज्वलाङ्गीं नतजनतारिणीं
तूर्णगामिनीं जनवनवारिणीम् ।
तरङ्गिणीं तततटशोभिनीं
सुमदां वरदां कर्मदाम् ॥वन्दे० ॥२॥

૫૪ નર્મદાગીતમ્

નર્મદાને હું વંદન કરું છું.

સુખ આપનારી, પુણ્ય આપનારી, સુર અને નરથી વંદિત, સર્વકામપ્રદ, આનંદ આપનારી એવી નર્મદાને હું વંદન કરું છું. ધ્રુવ.

ઉજ્વળ અંગવાળી, પ્રણત જનોને તારનારી, જલદીથી વહેનારી, જન અને વનને પાણી આપનારી, તરંગવાળી, વિસ્તૃત તટથી શોભતી અત્યંત મદવાળી વરદાન આપનારી, કર્મના બંધનને તોડનારી એવી નર્મદાને હું વંદન કરું છું. ૧

कोटिकन्दर्पमदवारिणीं वारुणीम्
उच्चकल्लोलकलभाषिणीं भामिनीम् ।
मत्स्यकच्छादिगतिदायिनीं दामिनीं

सुहासिनीं शिवहरनन्दिनीं ।
मतिदां गतिदां भर्मदाम् ॥वन्दे० ॥२॥

કરોડો કામદેવના મદનું વારણ કરનારી, પશ્ચિમ દિશામાં વહેનારી, મોટાં મોજાં વડે મધુર અવાજ કરનારી, સ્રીસ્વરૂપ, માછલાં (વિષય લોલુપતા) અને કાચબા (સંયમી) વગેરેને ગતિ આપનારી, વીજળી જેવી શોભતી, સુંદર હાસ્ય કરનારી, કલ્યાણપ્રદ હરની પુત્રી, મતિ આપનારી, ગતિ આપનારી, આશ્રય આપનારી એવી નર્મદાને હું વંદન કરૂં છું. ૨

भुक्तिमुक्तिप्रदां 'रङ्ग'मोदप्रदां
दुष्टजनदुःखदां भक्तजनसौख्यदाम् ।
कलिमलौघापहां त्रिविधतापापहां
शिवात्मजां जनिमृतिभञ्जिकां
परदां फलदां हर्म्यदाम् ॥वन्दे० ॥३॥

ભુકિત અને મુકિત આપનારી, 'રંગ'ને આનંદ આપનારી, દુષ્ટ જનોને દુઃખ દેનારી, ભકતજનોને સુખ આપનારી, કળિના મળના સમૂહને દૂર કરનારી, ત્રિવિધ તાપનો નાશ કરનારી, શિવની પુત્રી, જન્મમરણને તોડનારી, પર (બ્રહ્મ)ને આપનારી, ફળ દેનારી, નિવાસ દેનારી એવી નર્મદાને હું વંદન કરૂં છું. ૩

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं नर्मदागीतं सम्पूर्णम् ।

५५ श्रीदत्तस्तोत्रम् ।

गिरनारगिरौ रम्ये पादुकारूपिणं विभुम् ।
दत्तात्रेयमहं वन्दे भुक्तिमुक्तिप्रदायकम् ॥१॥

गोरक्षगर्वहन्तारं नवनाथपरिष्टुतम् ।
योगिध्येयं योगगम्यं योगैश्वर्यविभूषितम् ॥२॥

जटाधरं जागरूकं कालकालं महानलम् ।
भवरोगहरं शर्वं सिद्धवृन्दैः सुसेवितम् ॥३॥

भक्तकामैककल्पद्रुं भक्तचिन्तैकवान्दैकम् ।
भक्तभावैकभोक्तारं भक्तलज्जैकरक्षकम् ॥४॥

हर्तारं सर्वदुःखानां दातारं सर्वसम्पदाम् ।
भर्तारं स्वात्मभक्तानां गोप्तारं सर्वसङ्कटात् ॥५॥

विश्वात्मानं विश्वरूपं नीरूपं दिव्यरूपकम् ।
अनिकेतं विश्वकेतं सच्चिदानन्दविग्रहम ॥६॥

द्वैताद्वैतविनिर्मुक्तं निर्द्वन्द्वं निष्परिग्रहम् ।
नानारूपधरं वेद्यं वेद्यावेद्यपरं हरम् ॥७॥

कारुण्याब्धि कलासारं शिवं सत्यैकसुन्दरम् ।
कल्याणैकपरं देवं स्थाणुरूपं सुनिर्मलम् ॥८॥

भवरोगनिहन्तारम् अवधूतं दिगम्बरम् ।
सर्वदेवमयं शान्तं रङ्गं रङ्गनिवर्तकम् ॥९॥

दत्तस्तोत्रमिदं दत्त-दत्तचित्तेन यः पठेत् ।
दत्तः स्वात्मैव तस्मै स्यादत्रये विभुना यथा ॥१०॥

૫૫ શ્રી દત્તસ્તોત્રમ્

રમ્ય ગીરનાર પર્વત ઉપર પાદુકા સ્વરૂપ પરમાત્મા, ભુકિતમુકિત આપનાર, ગોરખના ગર્વનો નાશ કરનાર, નવનાથથી સ્તુતિ કરાતા, યોગીઓના ધ્યેય, યોગથી જ ગમ્ય, યોગના ઐશ્વર્યથી વિભૂષિત, જટા ધારણ કરનાર, જાગરૂક, કાળના કાળ, મહા અગ્નિસ્વરૂપ, ભગરોગને હરનારા, શંભુરૂપ, સિદ્ધોની ટોળીથી સારી રીતે સેવાએલ, ભકતની કામનાના એક માત્ર કલ્પવૃક્ષ, ભકતોની ચિન્તાના એક માત્ર વાહક, ભકતના ભાવને જ આરોગનાર, ભકતોની લજ્જાના એક માત્ર રક્ષણહાર, સર્વ દુઃખોને હરનાર, સર્વ સંપત્તિને આપનાર, પોતાના ભકતોનું પોષણ કરનાર, સર્વ સંકટમાંથી રક્ષણ કરનાર, વિશ્વાત્મા, વિશ્વરૂપ, અરૂપ, દિવ્યરૂપ, અનિકેત, વિશ્વકેત, સચ્ચિદાનંદસ્વરૂપ, દ્વૈતઅદ્વૈતથી નિર્મુકત, દ્વન્દ્વરહિત, પરિગ્રહરહિત, વિવિધ રૂપ ધારણ કરનાર, જાણવા યોગ્ય, વેદ્ય અને અવેદ્યથી પર, હરસ્વરૂપ, કરુણાના સાગર, કલાના સારરૂપ, સત્ય શિવ અને સુંદર, એક માત્ર કલ્યાણ કરનાર, દેવ, શિવરૂપ, સુનિર્મળ, સંસાર રોગને હણનાર, અવધૂત, દિગંબર, સર્વદેવમય, શાન્ત અને 'રંગ'ના સંસારના નિવર્તક (અંત લાવનાર) એવા દત્તાત્રેયને હું વંદન કરૂં છું. (૧–૯)

આ દત્તસ્તોત્રનો જે પાઠ કરશે તેને જેમ પરમાત્માએ અત્રિને પોતાનો આત્મા આપ્યો તેમ તેને પણ પોતાનો આત્મા જ આપશે.

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं दत्तस्तोत्रं सम्पूर्णम ।

५६ गुप्तेश्वरचतुष्कम्

गुप्तोऽसि त्वं प्राणिमात्रे निगूढो
अन्तर्यामी नादतो नादरूपः ।
औरङ्गाया दण्डके वामभागे
गुप्तेश ! त्वां तं नमामि प्रसीद ॥न॥

૫૬ ગુપ્તેશ્વરચતુષ્કમ્

પ્રાણિમાત્રમાં (હે પ્રભુ !) તું ગુપ્તરૂપે છૂપાએલો છે અને નાદ થનો હોવાથી નાદરૂપે અંતર્યામી તું જ છે. દંડકારણ્યમાં ઔરંગા નદીના વામ ભાગમાં આવેલા હે ગુપ્તેશ્વર મહાદેવ ! તમને નમસ્કાર કરૂં છું. આપ મારા પર પ્રસન્ન થાઓ. (૧. ન)

आयान्त्येते ग्रामिणो वन्यवासा
लब्ध्वा साङ्गं दर्शनं यान्ति हृष्टाः ।
नादं श्रृण्वन्तोऽप्यतुष्टाः सतर्का
गुप्तेश ! त्वां तं नमामि प्रसीद ॥मः॥

વનમાં રહેનારા આ ગામડિયા લોકો તમારી પાસે આવે છે. અને તમારાં સાંગ દર્શન કરીને રાજી થઇને જાય છે. નાદ સાંભળતા છતાં પણ અસંતુષ્ટ રહે છે અને જાતજાતના તર્કો કરે છે. એવા હે ગુપ્તેશ્વર મહાદેવને હું વંદન કરૂં છું. આપ મારા ઉપર પ્રસન્ન થાઓ. (૨ મઃ)

को जानीयात्तेऽमुमगयं सुभेदं
 नो स्याद् योऽत्र त्वत्कृपालेशभागी
त्यक्त्वाऽतोऽन्यद्ध्यक्षयं यामि धाम
 गुप्तेश ! त्वां तं नमामि प्रसीद ॥शि॥

તારી કૃપાનો લેશ માત્ર ભાગી ન હોય તો કોણ એવો છે કે જે આ ઉત્તમ ભેદને જાણી શકે ? માટે બીજું બધું છોડી દઇને હું અક્ષય એવા તારા ધામ તરફ જાઉં છું. હે ગુપ્તેશ્વર મહાદેવ ! મારા ઉપર પ્રસન્ન થાઓ. હું તમને પ્રણામ કરૂં છું. (૩ શિ.)

मा मे वैरं मा भयं मा विषादो
 भूयाद् भूमन् मा च ते विप्रयोगः ।
सन्धानं ते सन्ततं स्यात्प्रकर्षं
 गुप्तेश ! त्वां तं नमामि प्रसीद ॥वा॥

મને કોઈ પ્રકારનું વેર, ભય કે વિષાદ થાઓ નહિ. વળી હે ભૂમન્ ! આપનો કદાપિ વિયોગ ન થાઓ. હર-હંમેશ તારું ખૂબ અનુસંધાન રહ્યા કરો. હે ગુપ્તેશ્વર

મહાદેવ! આપને હું નમસ્કાર કરું છું. આપ પ્રસન્ન થાઓ. (૪ વા)

गुप्तेश्वरचतुष्कं यः प्रपठेन्नियतस्त्विदम् ।
रङ्गातिगं भवेत्तस्य लीनं नादे मनः सदा ॥३॥

ગુપ્તેશ્વર મહાદેવની સ્તુતિના આ ચાર શ્લોકોનો જે નિયમિત પાઠ કરશે તેનું મન સંસારના પેલે પાર જઈ હમેશ નાદબ્રહ્મમાં લીન થશે. (૫ ય)

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं गुप्तेश्वरचतुष्कम सम्पूर्णम ।

५७ एकलिङ्गचतुष्कम् ।

नमस्त्वेकलिङ्गाय विश्वम्भराय
नमस्ते सते शर्व सर्वेश्वराय ।
सदा सन्मतिर्मेऽस्तु सद्धर्महेतो-
रमोघायुरानन्दमग्नो यथा स्याम् ॥१॥

૫૭ એકલિંગ ચતુષ્ક

વિશ્વંભર એકલિંગજીને નમસ્કાર. હે શંભો સર્વના ઈશ્વર, સત્સ્વરૂપ તને નમસ્કાર, સદ્ધર્મને માટે મારી મતિ હંમેશાં સારી હજો. જેથી હું સફળ આયુષ્યવાળો થાઉં અને આનંદમગ્ન રહી શકું. ૧

तुङ्गाद्रिशृङ्गे स्थितमार्तबन्धुं
बापेष्टराज्यप्रभवं भवघ्नम् ।
मेवाडकल्पद्रुमसिद्धलिङ्गं
हारीतसिद्धिप्रदमानतोऽस्मि ॥२॥

ઊંચા પર્વતના શિખર ઉપર રહેલા, દુઃખીના બન્ધુ બાપા રાવળના રાજ્યમાં ઉદ્ભવેલા, સંસારનો નાશ કરનાર, હારિત મુનિને સિદ્ધિ પ્રદાન કરનાર અને મેવાડમાં કલ્પવૃક્ષ જેવા સિદ્ધ લિંગને હું નમસ્કાર કરું છું. ૨

ध्यायन्ति यं ॐ च नमः शिवाय
मन्त्रेण गायन्ति सदैकचित्तम् ।
योगीन्द्रभोगीन्द्रदिवौकसोऽपि
प्रेयश्च ते श्रेय इहाप्नुवन्ति ॥३॥

યોગીઓ, ભોગીઓ અને દેવો પણ સદા એકચિત્ત બનીને જેનું 'ॐ નમઃ શિવાય' મન્ત્રથી ધ્યાન ધરે છે અને ગાન કરે છે અને શ્રેય અને પ્રેય બંને આ લોકમાં પ્રાપ્ત કરે છે (તેને હું વંદન કરું છું) ૩

चतुर्दिगाण्डादिसुचारुवक्त्रं
नागेन्द्रहारं वरदं त्रिनेत्रम् ।
गोस्वामिभिः पूजितमात्मतोषाद्
भक्त्यात्मलिङ्गं हृदि भावयामि ॥४॥

નાગના હારવાળા, વરદ, ત્રણ નેત્રવાળા, ચારે દિશાઓમાં બ્રહ્માની માફક ચાર સુંદર મુખવાળા આત્મસંતોષને માટે ગોસ્વામીઓ વડે પૂજાએલ તે આત્મલિંગની ભક્તિપૂર્વક હું હૃદયમાં ભાવના કરૂં છું.

पठेच्चतुःश्लोकमिदं सुभद्रं
स्तोत्रं चतुर्वर्गदमत्र यः सः ।
प्रदोषकाले मनसाऽचलेन
रङ्गैकलिङ्गे लयमेति शीघ्रम् ॥५॥

ચતુર્વર્ગ (ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ)ને આપનાર આ અત્યંત કલ્યાણકારી ચાર શ્લોકના સ્તોત્રને જે આ લોકમાં અચળ મનથી પ્રદોષ (સાયંકાળે; આપત્તિના) સમયે પાઠ કરશે તે હે 'રંગ'! એકલિંગજીમાં જલદી લય પામશે. ૫

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं एकलिङ्गचतुष्कम् सम्पूर्णम् ।

५८ प्रपातरूपशिवस्तुतिः ।

नमः शान्ताय सत्याय सुन्दराय ते शिवाय ।
जलप्रपातरूपाय डमरूद्घोषकारिणे ॥१॥

૫૮ પ્રતાપરૂપ શિવસ્તુતિ

ડમરુનો ઉદ્ઘોષ કરનાર, જળધોધ સ્વરૂપ તે શાંત સત્ય અને સુંદર શિવને નમસ્કાર. ૧

प्रज्ञानं ब्रह्म जानीयादहं ब्रह्मास्मि केवलम् ।
तत्त्वमसीह चात्मायं ब्रह्म तत्केवलाद्वयम् ॥२॥
गायन्तमेवं सततं समुच्चै-
रानन्दकल्लोलपरिप्लुतं तम् ।
द्रष्टुँस्तुषारैर्हृदि नन्दयन्तं
भक्तादिनेत्राणि सुतर्पयन्तम् ॥३॥

માણસે प्रज्ञानं ब्रह्म (પ્રજ્ઞાન જ બ્રહ્મ છે) अहं ब्रह्माऽस्मि (હું કેવળ બ્રહ્મ છું) तत्त्वमसि (તું તે છું) अयम आत्मा ब्रह्म (આ આત્મા બ્રહ્મ છે) આ ચાર મહાવાકયો જાણવાં જોઈએ. તે બ્રહ્મ કેવળ અદ્વૈત જ છે. એ પ્રમાણે સતત ખૂબ ઊંચે સ્વરે ગાતા ને આનંદ કલ્લોલથી કૂદતા, ભકત વગેરેનાં નેત્રોને સારી રીતે તૃપ્તિ આપતા, જોનારાઓને તુષારકણોથી હૃદયમાં આનંદ આપતા (તે પ્રપાતરૂપ શિવને નમસ્કાર). ૨-૩

किं किं निगूढं च तव प्रपाते
गाने न जाने किमकथ्यशास्त्रम् ।
धाराशतैः किं नु जटाभ्य एवं
कारुण्यगङ्गा भुवि तेऽवतीर्णा ॥४॥

તારા ધોધમાં શું શું (રહસ્ય) છૂપાયેલું છે તથા તારા ગાનમાં શું અકથ્ય શાસ્ત્ર છે તે હું જાણતો નથી. સેંકડો ધારાઓ વડે જટામાંથી આ રીતે પૃથ્વી ઉપર તારી કારુણ્યગંગા જાણે કે અવતરી રહી છે. ૪

नृत्यन्तमेवं च दीवानिशं त्वां गायन्तमुन्मत्तमनाहतं च ।
स्तुवे सुमौनेन च लम्बकायो विनम्रभावः श्रुतभक्तिरेवम् ॥५॥

રાત્રિદિવસ આ રીતે નાચતા અને ઉન્મત્ત બનીને અનાહત (નાદ) નું ગાન કરતા એવા તને લાંબી કાયાવાળો, વિનમ્રભાવવાળો, અને જેની ભક્તિ વિખ્યાત છે એવો હું મૌન વડે તારી સ્તુતિ કરૂં છું. ૫

शिलोच्चयः स्थाणुरूपो जलं विष्णुः सनातनः ।
बोधयन्नुभयोरैक्यं स्थितोऽस्त्यत्र सदाशिवः ॥६॥

પર્વત શિવસ્વરૂપ છે અને જળ સનાતન વિષ્ણુ છે. એ બંનેના ઐક્યનો બોધ કરતો તે સદાશિવ અહીં ખડો છે. ૬

रञ्जयन्तं स्वरङ्गेन विश्वं त्वां प्रणतोऽस्म्यहम् ।
शिवरङ्गान्यरङ्गान्मां कुरु मुक्तं कृपाततः ॥७॥

પોતાના રંગથી વિશ્વને રંગતા તને હું પ્રણામ કરૂં છું. શિવના રંગથી જૂદા રંગમાંથી, અધઃપતનથી મને મુક્ત કરો. ૭

द्विधाभूतोऽपि चैकस्त्वमर्धनारीनटेश्वर ।
कथं वर्णयितुं शक्यः केवलास्तु नतिर्मम ॥८॥

બે ભાગમાં વિભક્ત થયો હોવા છતાં હે અર્ધનારી નટેશ્વર તું એક જ છે. (તેથી) વર્ણન કરવાનું કેવી રીતે શક્ય છે ? કેવળ તમને મારા નમસ્કાર છે. ૮

एकार्णमन्त्रमनिशं शिवमुच्चरत्तद्
धावत्कमब्धिमिलनाय समीक्ष्य चैतद् ।
चित्तं विहाय विषयाँश्चितिमाविशद्धि
सच्चित्सुखार्णवजलं नु निमज्जतीह ॥९॥

રાતદિવસ કલ્યાણકારક ॐ એ પ્રમાણેનો એકાક્ષરી મંત્ર ઉચ્ચારતા અને સમુદ્રને મળવા માટે દોડતા આ જળને જોઈને વિષયોને છોડીને ચૈતન્ય(ચિતિ)માં પ્રવેશતું મારૂં ચિત્ત અહીં સચ્ચિદાનંદ રૂપી મહાસાગરના જળમાં ડૂબકી મારે છે. ૯

स्तुतिरेषा शिवशम्भोः प्रपातरूपस्य झाम्बियादेशे ।
हतमतिरङ्गोद्गीता तनोतु शं गायतां नृणाम् ॥१०॥

ઝામ્બિયા દેશમાં આવેલા (વિકટોરિયા નામના) ધોધસ્વરૂપ સદાશિવ શંભુની હતબુદ્ધિવાળા 'રંગ' વડે ગવાયેલી આ સ્તુતિ (તેના) ગાનાર માણસોનું કલ્યાણ કરો. ૧૦

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत)
महाराजविरचिता प्रपातरूपशिवस्तुतिः सम्पूर्णाम् ।

આ ધોધ ઝામ્બિયા અને રહોડેશિયાના રાજ્યોમાં વહેંચાયેલો છે આફ્રિકાના ઝામ્બિયા દેશના લિવિંગ્સ્ટન શહેરથી સાતેક માઈલ દૂર આવેલ વિકટોરિયા ફોલ્સ (ધોધ) પાસે ઝૂંપડામાં રહેવાનું થયેલું તે પ્રસંગે ધોધના દર્શને સ્ફૂરેલું સ્તોત્ર.

५९ श्रीद्वारकेशस्तवः ।

स्थितं पश्चिमाब्धेस्तटे द्वारिकायां
स्वभक्तैकरक्षाविधाने सुदक्षम् ।
जगन्मन्दिरे सच्छिवं सुन्दरं तं
परब्रह्मकेतं भजे द्वारकेशम् ॥१॥

૫૯ શ્રીદ્વારકેશસ્તવ

પશ્ચિમ સાગરના કિનારે દ્વારકામાં રહેલા, પોતાના ભક્તોની રક્ષા કરવાની વિધિમાં અત્યંત ચતુર, જગન્મંદિરમાં સત્યમ્ શિવમ્ સુન્દરમ્ રૂપ તે પરબ્રહ્મસ્વરૂપ દ્વારકેશ ભગવાનને હું ભજું છું. ૧

करेष्वब्जशङ्खारिकौमोदकीतं
स्फुरत्कीरिटं कुण्डलादिप्रशोभम् ।
प्रपन्नार्द्रकल्पद्रुमं पार्थसूतं
परब्रह्मकेतं भजे द्वारकेशम् ॥२॥

હાથમાં પદ્મ, શંખ, ચક્ર અને ગદા ધારણ કરનાર પ્રકાશિત મુગટવાળા, કુંડળ વગેરેથી અત્યંત શોભતા, ભક્તો તરફ (દયા) ભીના કલ્પવૃક્ષ સ્વરૂપ અને પાર્થ (અર્જુન)ના સારથી એવા પરબ્રહ્મસ્વરૂપ૦ ૨

क्वचिच्छ्वासवंशीनिनादे सुमग्नं
शरच्चन्द्रवक्त्रं तडित्पीतवस्त्रम् ।
घनश्यामलाङ्गं सुदामाद्युपेतं
परब्रह्मकेतं भजे द्वारकेशम् ॥३॥

કવચિત્ શ્વાસરૂપી બંસીના નાદમાં અત્યંત મગ્ન, શરદ ઋતુના ચંદ્ર સમાન મુખવાળા, વીજળી સમાન પીળા વસ્ત્રવાળા, વાદળ સમાન શ્યામ અંગવાળા, સુંદર માળાવાળા (અથવા સુદામા વગેરેથી યુક્ત) એવા પરબ્રહ્મસ્વરૂપ ૦ ૩

जगन्नाट्यमञ्चेऽष्टदिक्स्वामिनीभिर्
हसन्तं निगूढं भवाभावचक्रम् ।
चरन्तं व्रजेऽलौकिकं बालभावे
परब्रह्मकेतं भजे द्वारकेशम् ॥४॥

જગતરૂપી નાટયમંચ ઉપર અષ્ટ દિશાઓરૂપી સ્વામિનીઓ સાથે હસતા, નિગૂઢ સંસારના અભાવને માટે ચક્ર સ્વરૂપ, બાળભાવે વ્રજભૂમિમાં ફરનાર, અલૌકિક એવા પરબ્રહ્મસ્વરૂપ૦ ૪

महासागरे गोमतीसङ्गमे तं
वदन्तं विशालोर्मिकल्लोलयोगात् ।
सदा मूकभावेन जीवेश्वरैक्यं
परब्रह्मकेतं भजे द्वारकेशम् ॥५॥

મહાસાગરમાં ગોમતીના સંગમમાં મોટાં મોટાં મોજાઓના કલ્લોલના બહાનાથી જીવ અને ઈશ્વરની એકતા મૂકભાવ વડે હંમેશા કહેનાર એવા પરબ્રહ્મ૦ ૫

गता द्वारका सा गता यादवास्ते
गतापूर्वसमृद्धिरस्तं तथैवम् ।

समं साक्षिभावेन पश्यन्तमेनं
परब्रह्मकेतं भजे द्वारकेशम् ॥६॥

તે દ્વારકા ગઈ, તે યાદવો ગયા અને તેજ રીતે તે અપૂર્વ સમૃદ્ધિ પણ અસ્ત પામી ગઈ તે સર્વને સાક્ષી ભાવથી સમાનપણે જોતા પરબ્રહ્મસ્વરૂપ૦ ૬

तमेकं शरण्यं तमेकं वरेण्यं
तमेकं त्वपेक्षादिशून्यं वदान्यम् ।
विहायान्यमन्तः कमत्र प्रपत्स्ये
परब्रह्मकेतं भजे द्वारकेशम् ॥७॥

તે એક માત્ર શરણ લેવા યોગ્ય, તે એક માત્ર વરેણ્ય, તે અપેક્ષા વગેરેથી શૂન્ય, એક માત્ર ઉદારને છોડીને અંતઃકરણમાં અહીં બીજા કોને આશરે જાઉં ? પરબ્રહ્મ૦ ૭

चिदानन्दमूर्तिं भजत्कामपूर्तिं
परास्तेष्टजूर्तिं ज्वलत्पुण्यकीर्तिम् ।
जगज्जन्महेतुं भवाम्भोब्धिसेतुं
परब्रह्मकेतं भजे द्वारकेशम् ॥८॥

ચિદાનંદ સ્વરૂપ, ભજનારની કામનાની પૂર્તિ કરનાર, ઈષ્ટ (ભક્ત)ના (સંસાર) તાપને (દૂર) કરનાર, પુણ્ય-કીર્તિથી ઝળહળતા, જગતના જન્મનું કારણ, સંસાર-સમુદ્રના સેતુ એવા પરબ્રહ્મ સ્વરૂપ૦ ૮

स्तवं द्वारकेशस्य सन्निष्ठभक्त्या
पठन्तीह ये सर्वपापप्रमुक्त्या ।
व्रजन्त्यूर्ध्वमूर्ध्वं च गोलोकमन्ते
पुनर्नो भवन्तीह कल्पेऽपि रङ्ग ॥९॥

જે લોકો આ દ્વારકેશના સ્તવનનો સન્નિષ્ઠ ભક્તિથી પાઠ કરે છે તે તમામ પાપોથી મુક્તિ દ્વારા ઉપર ને ઉપર ગોલોકમાં જાય છે. અને હે 'રંગ'! બીજા કલ્પમાં પણ ફરીથી ઉત્પન્ન થતા નથી. ૯

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितः श्रीद्वारकेशस्तवः सम्पूर्णः ।

६० अभ्यर्थना ।

ललिताम्बा भूयादसुखदा ललिता मे भूयात् ॥ध्रु०॥
घृता मनोऽरेर्नेमिः शीर्णा (२)
ययाऽत्र सा भूयादसुखदा० ॥१॥

૬૦ અભ્યર્થના

લલિતામ્બા અસુખદા (૧. અસુખને દૂર કરનારી ૨. જેના કરતાં વધારે સારૂં બીજૂં સુખ નથી એવા સુખને આપનારી. ૩. અસુ (પ્રાણ) અથવા ઇન્દ્રિયો આપનારી) બનો. ધ્રુ૦

જેણે અહીં (નૈમિષારણ્યમાં) માનસચક્રની છિન્ન-ભિન્ન થયેલી ધરીને ધારણ કરી છે તે (લલિતામ્બા) અસુખદા હજો ૧

चक्रस्था सा भक्तार्तिहरा (२)
क्व च मे दृशमीयादसुखदा० ॥२॥

ભક્તોનાં દુઃખ હરનારી ને ચક્ર ઉપર બેઠેલી તે અસુખદા મારી નજરે ક્યારે પડશે ? ૨

मातृवदुत्सङ्गेऽहं रंस्ये (२)
स्वप्नः सफलः स्यादसुखदा० ॥३॥

માતાની માફક એના ખોળામાં બેસીને હું રમું એ (પ્રકારનું મારૂં) સ્વપ્ન સફળ થશે. લલિતામ્બા૦ ૩

अहितं किं मे किं च हितं मे (२)
स्पष्टं मे ब्रूयादसुखदा० ॥४॥

મારૂં અહિત શું અને હિત શું તે મને સ્પષ્ટ કહેશે. લલિતામ્બા૦ ૪

धावत दीना धावत सुखिनः (२)
मा शङ्का वः स्यादसुखदा० ॥५॥

હે દીન લોકો, હે સુખિયાઓ ! દોડો દોડો. તમને શંકા ન થાઓ. લલિતામ્બા૦ ૫

चित्सुखदा सा मे रङ्गाम्बा (२)
दूरं नो यायादसुखदा० ॥६॥

ચિત્ (સચ્ચિદાનંદ) સુખ આપનારી **'રંગ'**ની તે મા દૂર ન થાઓ. લલિતામ્બા૦ ૬

श्रुत्वेव प्रादुर्भूयैवं (२) वरदा मे भूयादसुखदा० ॥७॥

એ પ્રમાણેની (સ્તુતિ) સાંભળીને પ્રગટ થઇને તે મને વરદાન આપનારી થાઓ. લલિતામ્બા० ૭

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज विरचिता ललिताभ्यर्थना सम्पूर्णा ।

६१ श्रीललितास्तोत्रम् ।

नमामि ललितां देवीं सर्वपापप्रणाशिनीम् ।
वसन्तीं नैमिषारण्ये भक्तवैभवकारिणीम् ॥१॥
धृत्वैकहस्तके चक्रं शिवलिङ्गं द्वितीयके ।
प्रतीक्षते स्वभक्तान् या महाशक्तिः सनातनी ॥२॥
पराम्बिका परानन्दा सर्वमङ्गलमङ्गला ।
सर्वात्मिका सर्वरूपा ह्यासेचनमूर्तिका ॥३॥
नवार्णतुष्टा चामुण्डा दुर्गा दुर्घटघाटिनी ।
तारा तारस्वरा चाद्या भण्डासुरविनाशिनी ॥४॥
चण्डमुण्डाद्युग्ररूपा काली महिषकण्टका ।
मदोत्कटा महामाया बाला त्रिपुरसुन्दरी ॥५॥
कम्बुकण्ठी कामरूपा कामातीता सुहासिनी ।
कमलोत्फुल्लनयना वराभयकरा कला ॥६॥
दामिनी दकदाभासा श्रीचक्रस्था वरासना ।
षोडशाक्षरसंप्रोता त्रीश्वरी शङ्करप्रिया ॥७॥

तनोतु मङ्गलं मे सा साक्षाद् विश्वंभरी च या ।
शक्तिर्भागवती भव्या करुणावरुणालया ॥८॥

प्रपन्नार्तिहरा हंसा रङ्गमङ्गलकारिका ।
एकाऽपि बहुधा भाति भक्तभाववशाच्च सा ॥९॥

स्तुतिरेषा ललिताया निमिषारण्ये विनिःसृता दैवात् ।
कं दत्त्वाऽकं छिन्द्यात् सच्चित्सुखदा न कस्य स्यात् ॥१०॥

૬૧ શ્રીલલિતાસ્તોત્ર

નૈમિષારણ્યમાં વસનારી, સર્વ પાપાનો સંપૂર્ણ નાશ કરનારી, ભક્તોને વૈભવ આપનારી લલિતાદેવીને હું નમું છું. ૧

એક હાથમાં ચક્ર અને બીજા હાથમાં શિવલિંગ ધારણ કરીને જે મહાશક્તિ સનાતન છે તે પોતાના ભક્તોની રાહ જુએ છે. ૨

પરા અમ્બિકા, પરાનંદા, સર્વમંગલોની પણ મંગલ, સર્વાત્મિકા, સર્વરૂપિણી, ગમે તેટલું જોવા છતાં ધરાઈએ નહિ એવી મૂર્તિવાળી, નવાર્ણમંત્રથી સંતુષ્ટ થનાર, ચામુંડા, દુર્ગા, અશક્યને શક્ય બનાવનારી, તારા, (પ્રણવોચ્ચાર કરવામાં આવે તેવા) ઊંચા સ્વરવાળી, આદ્યા, ભંડાસુરનો વિનાશ કરનારી, ચંડ, મુંડ વગેરેને માટે ઉગ્ર રૂપવાળી, કાલી, મહિષાસુરની દુશ્મન, ઉત્કટ મદવાળી, મહામાયા, બાલા, ત્રિપુરસુન્દરી, શંખ સમાન

કંઠવાળી, કામ (ઇચ્છા પ્રમાણે) રૂપ ધારણ કરનારી, કામથી અતીત, સુંદર હાસ્યવાળી, ખીલેલા કમળસમાન નેત્રવાળી, હાથમાં વર અને અભય ધારણ કરનારી, કલારૂપિણી, પાશવાળી, વાદળ સમાન વર્ણવાળી, શ્રી ચક્ર ઉપર બેઠેલી, સુંદર આસનવાળી, ષોડશાક્ષર મંત્રના જપથી ખુશ થનારી, ત્રણ ભુવનોની ઈશ્વરી, શંકરની પ્રિયા, વિશ્વંભરી, ભાગવતી શક્તિ, ભવ્ય અને જે કરુણાનો સાગર છે તે સાક્ષાત્ મારું મંગલ કરો. ૩-૮

શરણાગતનું દુઃખ હરનાર હંસસ્વરૂપિણી અને રંગનું મંગલ કરનાર ભક્તભાવને વશ થવાથી તે એક હોવા છતાં અનેક રૂપે દેખાય છે. ૯

નૈમિષારણ્યમાં દૈવવશાત્ લલિતાની આ સ્તુતિ રચાઈ ગઈ (સરી પડી) તે સુખ આપીને દુઃખને કાપો અને કોને તે સચ્ચિદાનંદ આપનારી નહીં થાય? (અર્થાત્ થશે.) ૧૦

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं श्रीललितास्तोत्रं सम्पूर्णम ।

६२ शक्त्यावादनम् ।

मातश्चाम्बे जागृहि जागृहि नाशयितुं भारतमेतद् ।
धावन्त्यसुरा उन्मत्तास्ते किं शेपे नो पश्यति किम् ॥हौं॥
शुम्भनिशुम्भौ महिषश्चाऊ रक्तपिपासव आः सर्वे ।
निर्दोषान् बालांस्ते घ्नन्ति गर्जन्त्युच्चैर्नो शृणुषे ॥जूँ॥
क्व गतं चक्रं शूलममोघं निस्तेजा ह्यसिधारा किम् ?
प्रेरय सद्बुद्धिं रिपुपक्षे भ्रष्टविवेके दुर्वृत्ते ॥सः॥

साम्ना नो चेद् दण्डेनैतान् घातय घातय चामुण्डे ।
मुण्ड मुण्ड मुण्डानेतेषां प्रज्वालय दुर्गांस्तेषाम् ॥मृ॥
किं शस्त्रास्त्रैरेकोऽलं ते दृष्टिक्षेपो दग्धुं तान् ।
उत्तिष्ठाद्ये योगसमाधिं त्यक्त्वोन्मीलय नेत्रं द्राक् ॥त्यौर्॥
त्वरय त्वरय विलम्बोऽयुक्तो धाव धाव मातः शीघ्रम् ।
दर्शय ते वदनं नततारिणि कुरु करुणामकभीतिहरे ॥मु॥
दुर्गे दुष्टनिबर्हिणि सज्जनपालिनि दुर्घटघाटिनि भोः ।
विजयविदायिनि वैभवकारिणि संकटनाशिनि
जयविजये ॥क्षी॥
स्वस्थं स्यान्निष्कण्टकमेतद् भारतमीशे ते दृष्टया ।
देहि पदं शाश्वतमन्तः शं पाहि जगद्धे जगदम्ब ॥य॥
भिक्षत एतद् वारंवारं भवरुग्णोऽयं रङ्गार्भः ।
पूर्वैश्वर्ययुतं निर्भीकं दृष्ट्वा देशमितो यायात् ॥माऽ॥
ऐं ह्रीं क्लीं चामुण्डायै विच्चे विच्चे चामुण्डायै ।
श्रुत्वेव प्रादुरभवदम्बा स्मितवदना गुञ्जत्येवम् ॥मृ॥
का चिन्ता ते पार्श्वस्थाऽहं नित्यसहाया वीराणाम् ।
विजयोऽस्माकं निश्चिनु निश्चिनु जय भारत
जय हिन्द सदा ॥तात्॥

૬૨ શક્ત્યાવાહન

હે મા, હે અંબે, જાગ જાગ !
તારી આ ભારતભૂને ખેદાનમેદાન કરી નાંખવા કેવળ

ભૌતિકતામાં રાચનાર એ ઉન્મત્ત અસુરોનાં ટોળાં ધસી રહ્યાં છે.

હે મા, તું કેમ ઊંઘે છે ?

તું આ બધું નથી જોતી શું ?

પેલા મહિસાસુર ચાઉ અને એના સાગરિતો શુંભનિશુંભ અરેરે બધાજ લોહી તરસ્યા થયા છે—

તારાં વહાલુડાંનું લોહી પીવા ઊંચાનીચા થઇ રહ્યા છે;

તારાં નિર્દોષ બાલુડાંને (તારી નજર આગળજ) હણી રહ્યા છે !

એમની 'અહં' 'અહં' ની મોટી ગર્જનાઓ તારે કાને નથી અથડાતી શું ?

હે મા, (અસુરોનું નિકંદન કાઢનાર) તારું ચક્ર ક્યાં ચાલ્યું ગયું ?

ક્યાં ગયું તારૂં અમોઘ ત્રિશૂળ ?

તારી તલવારની ધાર બુઠ્ઠી થઇ ગઈ છે શું ?

વિવેકભ્રષ્ટ થઈ દુષ્ટાચારમાં (અહં અહંમિકાથી) ધસી રહેલા એ શત્રુપક્ષને હે મા !

તું સદ્બુદ્ધિ પ્રેર.

જો તેઓ સામથી સમજે તો ઠીક છે,

નહિ તો એ ચામુંડે !

એમને કડકમાં કડક શાસન કર.

દંડથી તેમનો નાશ કર.

હણી નાખ તે સર્વને ! !

(કેમ કે, દામ ને ભેદ આપણી સંસ્કૃતિને શોભે તેમ નથી.)
ઉડાવ, ઉડાવ તેમનાં મસ્તકો !
જલાવી દે પૂર્ણ રીતે તેમના કોટકિલ્લાઓ !!
પણ અરે! કામ શું છે તને શસ્ત્રોનું અને અસ્ત્રનું ?
તેમને જીવતા સળગાવી મૂકવા
તારો એક દૃષ્ટિક્ષેપ માત્ર બસ છે.
(માટે) યોગસમાધિ છોડી
હે આદિમાયા, આદ્યશક્તિ !
તું ઊઠ,
ઊઘાડ તારાં નેત્રને ત્વરાથી,
શરણાગતનું રક્ષણ કરનાર !
ઓ મા !
ત્વરા કર, ત્વરા કર.
વિલંબ યોગ્ય નથી.
માતા, દોડ, જલદી દોડી આવ.
હે ભક્તજનતારિણિ, દર્શન દે તારા મુખનાં !
હે દુઃખ અને ભીતિનું હરણ કરનાર!
કરુણા વર્ષાવ.
હે દુષ્ટવિનાશિની, સજ્જનપાલિની,
દુર્ઘટઘાટિની (અશકયને શકય બનાવનાર) દુર્ગે !
હે વિજય વિદાયિની,વૈભવકારિણી, સંકટનાશિની, વિજયે !
તારો જયજયકાર હો.
હે ઈશ્વરિ !
તારી દૃષ્ટિથી ભારત સ્વસ્થ અને નિષ્કંટક બનો.

જે જગદમ્બે !
ઉગારી લે આ જગતને.
સંસારના દુઃખોથી દુઃખિત
તારો બાળ આ રંગ
વારંવાર આજ યાચે છે.
મા ભોમ ભારતને
પૂર્ણ ઐશ્વર્યથી યુક્ત
અને
સંપૂર્ણ નિર્ભય થયેલો જોઇનેજ અહીંથી જાઉં, પ્રાણ છોડું'
ऐं ह्रीं क्लीं चामुण्डायै विच्चे विच्चे चामुण्डायै ।
એ સાંભળીને જ જાણે કે
મા અમ્બા પ્રગટ થયાં.
આછું હાસ્ય વેરતાં વેરતાં
ગુંજી-ગાજી રહ્યાં એ :-
તારે શી ચિંતા છે ?
ખડી છું હું પાછળ
વીરોને નિત્ય સહાય કરતી.
નિશ્ચતપણે માન કે
વિજય આપણો છે
નિઃશંક વિજય આપણો જ છે.
ભારતનો સદા જયજયકાર હો. જયહિન્દ.

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं शक्त्यावाहनं सम्पूर्णम् ।

६३ श्रीभद्राष्टकम् ।

भ्रमति भ्रामयत्यन्यानुच्च निम्नं च चक्रवत् ।
भद्रकालीति संप्रोक्ता भद्रं कुर्वती सा यतः ॥१॥

૬૩ શ્રી ભદ્રાષ્ટકમ્

ચક્રની માફક ઊંચે અને નીચે પોતે ભ્રમણ કરે છે. અને અન્યને ભમાવે છે. (ભક્તોનું) કલ્યાણ કરનારી એ કારણે 'ભદ્રકાલી' (નામથી) સમ્યક્ સંબોધાય છે. ર

भद्रे भद्रेऽपि यो ब्रूयाच्छ्वासे श्वासे सुसंयतः ।
भद्रं भूयात्सदा तस्य नात्र कार्या विचारणा ॥२॥

સંયમિત થઈને જે માણસ હે ભદ્રે ભદ્રે એમ શ્વાસે શ્વાસે બોલે છે તેનું સદા ભદ્ર (કલ્યાણ) થાય છે. એમાં કોઇ વિચારને અવકાશ નથી. ૨

भद्रकाल्यै महाकाल्यै शिवायै सततं नमः ।
नमः प्रगतभद्रायै नियतः प्रणतोऽस्मि ताम् ॥३॥

ભદ્રકાળીને, મહાકાળીને અને કલ્યાણ કરનારીને સતત નમસ્કાર ! નમસ્કાર કરતા (ભક્ત) નું કલ્યાણ કરનારીને નમસ્કાર. હું તે (દેવી) ને નિત્ય પ્રણામ કરૂં છું. ૩

तस्या एव जगज्जातं तस्यामेव प्रतिष्ठितम् ।
तस्यामेव लयं याति त्रिमूर्तिः सा मता ततः ॥४॥

તે (દેવી)માંથી જગત જન્મ્યું છે તેમાં જ પ્રતિષ્ઠિત છે અને તેમાં જ લય પામે છે તેથી તે ત્રિમૂર્તિસ્વરૂપ માનવામાં આવી છે. ૪

स्त्रीपुंभेदविहीनेयं जगन्माङ्गल्यभाविनी ।
एकाऽनेका सर्वरूपाऽरूपा ब्रह्मपराम्बिका ॥५॥

એ સ્ત્રીપુરુષના ભેદ રહિત, એ જગતનું મંગલ કરનારી, એક હોવા છતાં અનેક અને સર્વરૂપ હોવા છતાં અરૂપ બ્રહ્મ સ્વરૂપ પરામ્બિકા છે.

स्तुता त्रिबीजपूर्वं या तापत्रयनिवारिणी ।
भुक्तिदा मुक्तिदा सोम्या तारिणी भवसागरात् ॥६॥
प्रपन्नार्तिहरा बाला पञ्चप्रलयसाक्षिणी ।
पञ्चवक्त्राऽमलाऽवक्त्रा पञ्चविग्रहधारिणी ॥७॥
नानारङ्गधराऽरङ्गा रङ्गारङ्गकरा रदा ।
नित्मरम्या नित्यगम्या कुर्याच्छं नित्यशङ्करी ॥८॥

ત્રણ તાપનું નિવારણ કરનારી, ત્રિબીજપૂર્વક સ્તુતિ કરાએલ, ભુકિત આપનારી, મુકિત આપનારી, મા ઉમા સ્વરૂપિણી, ભવસાગરમાંથી તારનારી, ભકતોનાં દુઃખ હરનારી, બાલા, પાંચ પ્રલયની સાક્ષી, પાંચ મુખવાળી, નિર્મળ, મુખરહિત, પાંચ શરીર ધારણ કરનરી, વિવિધ રંગ ધારણ કરનારી, છતાં રંગરહિત 'રંગ' ને અરંગ (સંસારમાંથી મુકત) કરનારી, તાપનાશિની, નિત્યરમ્ય, નિત્યગમ્ય, નિત્યકલ્યાણી એવી તે (સર્વનું) કલ્યાણ કરે.

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं भद्राष्टकं सम्पूर्णम ।

६४ रेवागीतम् ।

गायति रेवा रवमधुरम् ।।ध्रु।।
हर हर ॐ ॐ हर हर ॐ ॐ
हर हर ॐ ॐ हर हर ॐ ॐ
सायं प्रातः प्रातः सायं
हर हर ॐ ॐ सततमिति ।।गायति० ।।१।।

૬૪ રેવાગીતમ

નર્મદા મધુર અવાજથી ગાય છે.

હર હર ૐ ૐ હર હર ૐ ૐ હર હર ૐ ૐ હર હર ૐ એમ સાંજે સવારે, સવારે સાંજે સતત હર હર ૐ ૐના મધુર અવાજથી નર્મદા ગાય છે. ૧

मेकलजाता मनसि विभाता, रौति कलं किमपीह चिरम् ।
त्वमहमहं त्वं त्वमहमहं त्व, त्वमहमहं त्वं
त्वमहमिति ।।गायति०।।२।।

મેકલ (પર્વત) માંથી જન્મેલી (નર્મદા) મનમાં પ્રકાશે છે, અહીં લાંબા સમયથી કંઈક મધુર અવાજ કરે છે. ત્વમ્ (તું) હું છું, હું તું છું, તું હું છું, હું તું છું, તું હું છું, હું તું છું, તું હું છું એમ મધુર અવાજથી નર્મદા ગાય છે. ૨

तडिदुज्ज्वलजलमुखतः स्तौति, नीरङ्गं नानारङ्गम् ।
ब्रह्माहं त्वं ब्रह्मैवेदं, जलशीकरवदभिन्नमिति ।।गायति।।० ३।।

વીજળી જેવા પ્રકાશતા જળ દ્વારા રંગ (સંસાર) વગરના છતાં જાતજાતના રંગવાળા (પરમાત્મા) ની નર્મદા સ્તુતિ કરે છે……હું બ્રહ્મ છું, તું બ્રહ્મ છું અને આ બધું પાણી અને એનાં ટીપાંની માફક એકબીજાથી અભિન્ન છે.

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजः विरचितं रेवागीतं सम्पूर्णम ।

६५ सर्वे पूज्यन्ताम् ।

मा याहि स्वप्नेऽपीह त्वं त्यक्त्वाऽनाथं माम् ।
भगवन् ! त्यक्त्वाऽनाथं माम् ।
यादृक् तादृक् तेऽहं तेऽहं मा याहीतस्त्वम् ॥ध्रुव॥

૬૫ સર્વે પૂજ્યતામ્

હે ભગવન્ ! તું અનાથ એવા મને છોડીને સ્વપ્ને પણ (ક્યાંય) જઇશ નહિ; જેવો તેવો પણ હું તારો જ છું, તું અહીંથી જઈશ નહિ.

दुःशीलः शीली वा भगवन् प्रापन्नोऽहं त्वाम् ।
भगवन् प्रासन्नोऽहं त्वाम् ।
पश्येयं नो त्वत्तोऽन्यद् यत् कल्पद्रुस्वाराट् ॥१॥मा०॥

દુશ્ચરિત કે સુચરિત હે ભગવન્ હું ચરણે પડ્યો છું હે ભગવન્ હું શરણે આવ્યો છું. તારા વિના બીજું કોઇ શ્રેષ્ઠ કલ્પવૃક્ષ હું જોતો નથી. ૧

भेदो न स्यात् खेदो न स्यात् तृष्णमोहो न स्यात् ।
भगवन् ! तृष्णमोहो न स्यात् ।
लीनं मे चित्तं ते चरणे भूयाद् भूमन् द्राक् ॥२॥मा०

હે ભગવન્, મને ભેદ ન હો, ખેદ ન હો. તૃષ્ણા અને મોહ ન હો ! હે ભગવન્ ! મારૂં ચિત્ત જલદીથી તારા ચરણોમાં લીન થાઓ. ૨

दृष्टिर्यत्र क्वापि ब्रह्मन् भ्रान्तेयं भ्रम्यात् ।
भगवन् ! भ्रान्तेयं भ्रम्यात् ।
पश्येयं ते रूपं ह्येकं माङ्गल्यं साक्षात् ॥३॥मा०

હે બ્રહ્મન્, હે ભગવન્ ભ્રાન્તિવાળી આ મારી દૃષ્ટિ જ્યાં ક્યાંય પણ ભમે તો પણ હું તારૂં સાક્ષાત્ માંગલ્યકારી એક સ્વરૂપ (જ) જોઉં. ૩

मा मे वैरं स्नेहासक्तिः केनापीह स्यात् ।
भगवन् ! केनापीह स्यात् ।
कोऽहं सोऽहं विस्मृत्यायं रङ्गोऽरङ्गः स्यात् ॥४॥मा०

હે ભગવન્, મને અહીં કોઇની સાથે વેર કે સ્નેહની આસક્તિ ન હો. કોહં અને સોહં ભૂલીને આ રંગ એવો હું અરંગી થાઉં. ૪

शान्तिं पुष्टिं तुष्टिं सर्वे लब्ध्वा मोदन्ताम् ।
भगवन् ! लब्ध्वा मोदन्ताम् ।
अन्योऽयं देवं मत्वैवं सर्वे पूज्यन्ताम् ॥५॥मा०

હે ભગવન્! સર્વે શાંતિ, પુષ્ટિ અને તુષ્ટિ મેળવીને આનંદ પામો, અન્યોન્યને દેવ માનીને પરસ્પર (એક બીજાને) પૂજો.

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं सर्वे पूज्यताम्-गीतं सम्पूर्णम् ।

६६ श्री जगाजी-अष्टकम् ।*

जगाजिं सद्गुरुं वन्दे सौख्यदारण्यमण्डनम् ।
गाधिपुत्रतपःशोभां बिभ्राणं चिरपूजितम् ॥ज॥

जीवन्मुक्तं जगद्वन्द्यमवधूतं भक्तमुक्तिदम् ।
मनोमत्स्यकर्षणार्थं करात्तप्रेमजालकम् ॥मो॥

हार्दतमोपहन्तारमादिहान्तपरं स्वरम्[1] ।
राद्धं योगश्रिया सन्तं रामानन्दं रसार्णवम् ॥ना॥

जन्ममृत्युहरं [2]देवक्षेत्रपस्य [3]विभूतिदम् ।
कीर्तनं प्रणवस्यैव साधनं यस्य संमतम् ॥रा॥

जगत्कल्याणभर्तारं यन्तारं दुष्टचेतसाम् ।
यशोमार्तण्डगन्तारं 'रङ्ग'तारं सुमङ्गलम् ॥य॥

---

१. स्वस्मिन् रमत इति । સ્વાત્મામાં રમમાણ થનાર. ૨. દેવજી પટેલને. ૩. પુત્રપૌત્રાદિ ઐશ્વર્ય આપનાર. * આમાં શરૂના અક્ષરો વાંચવાથી—જગાજી મહારાજકી જય—નીકળશે.

तमेकं वं विजानीयाद् द्वैताद्वैतपरं समम् ।
दर्शनादर्शनातीतं निजानन्दं विभुं ह्यजम् ॥ण॥
सिद्धार्थं च सिद्धशून्यं जगद्रूपं विलक्षणम् ।
त्वंपदार्थतत्पदार्थ-लक्ष्यालक्ष्यविवर्जितम् ॥य॥
श्लोकाष्टकमिदं पुण्यं सर्वारिष्टविनाशकम् ।
प्रपठेन्नियतो भक्त्या जगन्मित्रत्वमाप्नुयात् ॥ॐ॥

૬૬ શ્રી જગાજી અષ્ટક

લાંબા કાળથી (૯૦૦ વર્ષથી) પૂજાતા, ગાધિપુત્રના તપની શોભાને ધારણ કરતા સોખડા પાસેના વેલિયા કોતરના આભૂષણસ્વરૂપ સદ્દગુરુ જગાજીને હું વંદન કરૂં છું. ૧ ન)

જીવનમુકત, જગદ્દવન્દ્ય, અવધૂત, ભકતોને મુકિત આપનાર, મનરૂપી મત્સ્યનું આકર્ષણ કરવા માટે પ્રેમરૂપ જાળને હાથમાં ધારણ કરનાર સદ્દગુરુ જગાજીને વંદન કરૂં છું ૨ (મો)

હૃદયના અંધકારને હરનાર, અ થી હ સુધીના (એટલે સર્વ) અક્ષરેથી પર, સ્વાત્મામાં રમમાણ થનાર યોગ ઐશ્વર્યથી પૂર્ણ, સન્ત, રામમાં આનંદવાળા, રસના સમુદ્ર (સદ્દગુરુ જગાજીને હું વંદન કરૂ છું.) ૩ (ના)

જન્મ મૃત્યુને હરનાર, દેવજી પટેલને પુત્રપૌત્રાદિ ઐશ્વર્ય આપનાર અને જેને ૐકારનું કીર્તન એજ સાધન સંમત છે તેવા (સદ્ગુરુ જગાજીને હું વંદન કરૂં છું.) ૪ (ર)

જગતનું કલ્યાણ કરનાર, દુષ્ટ અંતઃકરણવાળાનું નિયંત્રણ કરનાર, યશરૂપી સૂર્યને પ્રાપ્ત કરનાર, રંગને તારનાર, અત્યંત મંગલકારી (સદ્ગુરુ જગાજીને હું વંદુ છું.) ૫ (ય)

દ્વૈત અદ્વૈતથી પર, સમત્વરૂપ, એક, દર્શન અદર્શનથી અતીત, નિજાનન્દસ્વરૂપ, વિભુ, અજ એવા તેને જાણવા જોઈએ ૬ (ણા)

અર્થને સિદ્ધ કરનાર (મોક્ષ પ્રાપ્ત કરનાર); સિદ્ધ શૂન્ય, જગતસ્વરૂપ, વિલક્ષણ, ત્વં પદાર્થ, અને તત્પદાર્થના લક્ષ્યાર્થ અને અલક્ષ્યાર્થથી રહિત (એવા એને જાણવા જોઇએ, ૭ (ય)

સર્વ અરિષ્ટ (દુઃખ) નો નાશ કરનાર, પુણ્યકારક આ આઠ શ્લોકનો ભકિતપૂર્વક નિયમિત રીતે પાઠ કરશે તે જગતની મૈત્રી પ્રાપ્ત કરશે. ૮ ૐ

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं श्री जगाजी-अष्टकं सम्पूर्णम् ।

६७ योगानन्दपञ्चकम् ।

सच्चित्कदं सौख्यसिन्धुं विशालं
कारुण्याब्धिं लोककल्याणसेतुम् ।
टेम्बेस्वामिप्राप्तयोगादिदीक्षं
योगानन्दं तं सुधन्यं नमामि ॥यु॥

૬૭ યોગાનન્દપંચકમ્

સચ્ચિદાનંદસ્વરૂપ, સુખના સાગર, વિશાળ કરુણાના સાગર, લોકકલ્યાણના સેતુ, જેમણે સ્વામી પાસેથી યોગ વગેરે દીક્ષા પ્રાપ્ત કરનાર તે સુધન્ય યોગાનંદ સરસ્વતીને હું નમન કરું છું. ૧ (ગુ)

ग्रामेऽरण्ये प्रव्रजन्तं महान्तं
गुञ्जग्रामे ब्रह्मलीनं सुलीलम् ।
कुण्डीदण्डौ धारयन्त यतीन्द्रं
योगानन्दं ज्ञगण्यं गृणामि ॥रु॥

ગામડે ગામડે ને જંગલે જંગલે ફરતા તે મહાન ગુંજ ગ્રામમાં સુંદર લીલાઓ કરી બ્રહ્મલીન થયેલા કમંડળ અને દંડ ધારણ કરતા યતીન્દ્ર, જ્ઞાનીઓમાં ગણનાપાત્ર તે યોગાનંદ સરસ્વતીની હું સ્તુતિ કરું છું. ૨ (રુ)

अज्ञानान्ध्यं ज्ञानदृष्ट्या निवार्य
स्वानन्दाद्रिं तून्नयन् भक्तवृंदान् ।
श्रेयः प्रेयश्चोभयं यो विधत्ते
योगानन्दं तं वरेण्यं व्रजामि ॥दे॥

જ્ઞાનદૃષ્ટિથી અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરીને ભક્તોના સમૂહને સ્વાનંદરૂપી પર્વત ઉપર ઊંચે લઈ જતાં જે શ્રેય અને પ્રેય ઉભયને આપે છે તે વરેણ્ય યોગાનંદ સરસ્વતીને શરણે હું જાઉં છું, ૩ (દે)

ब्रह्मीभूतो लोकदृष्ट्याऽपि योऽत्र
श्रद्धावद्भिर्दृश्यते जाग्रदेव ।
कामांस्तेषां पूरयन् स्मर्तृगामी
योगानन्दं तं शताब्दं स्मरामि ॥४॥

જે અહીં લોકદૃષ્ટિથી બ્રહ્મીભૂત છે છતાં શ્રદ્ધાવંતો દ્વારા જાગતો જ દેખાય છે અને તેમની કામનાઓને પૂરતા સ્મર્તૃગામી તે સો વરસના યોગાનંદ સરસ્વતીનું હું સ્મરણ કરું છું. ૪ (૧)

बाले बालो यो जडे जाड्यपूर्णो
मत्ते मत्तो यः पिशाचे पिशाचः ।
बुद्धे बुद्धो योऽवधूतेऽवधूतो
योगानन्दं तं प्रशान्तं प्रपद्ये ॥५॥

જે બાળક સાથે બાળક, જડની સાથે જડ, મત્ત સાથે મત્ત, પિશાચ સાથે પિશાચ, જ્ઞાની સાથે જ્ઞાની, અને અવધૂત સાથે અવધૂત છે તે પ્રશાંત યોગાનંદ સરસ્વતીનું શરણ ગ્રહણ કરું છું. (૫)

श्लोकपञ्चकमेतद्धि रङ्गमानसनिर्गतम् ।
यः पठेद् भक्तितो नित्यं योगानन्दं स संव्रजेत् ॥६॥

રંગ માનસમાંથી નીકળેલા આ પાંચ શ્લોકોનો જે નિત્ય ભક્તિપૂર્વક પાઠ કરશે તે યોગાનંદને સંપ્રાપ્ત કરશે.

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं योगानन्दपञ्चकं सम्पूर्णम् ।

६८ अथ दकारादि-दत्तसहस्रनामावलिः ॥

ॐ दत्तात्रेयाय नमः

१	दकतुष्टाय	नमः	१०	दकशीतलाय	नमः
२	दकदाय	नमः	११	दकस्वरूपाय	नमः
३	दकदुर्गाय	नमः	१२	दकाच्छाय	नमः
४	दकदेवताभिगीताय	नमः	१३	दकाभिषिक्ताय	नमः
५	दकदेवाय	नमः	१४	दकारादये	नमः
६	दकनिग्रहिणे	नमः	१५	दकारादितकारान्ताय	नमः
७	दकपूजिताय	नमः	१६	दकारिष्टनिवारकाय	नमः
८	दकवासिने	नमः	१७	दकार्गलज्ञाय	नमः
९	दकविहारिणे	नमः	१८	दकोज्ज्वलाय	नमः

६८ દકારાદિ-દત્તસહસ્રનામાવલિઃ ।

ૐ દત્તાત્રેયને વંદન*

૧ દક (પાણી) થી તુષ્ટ થનારને વંદન૦ ૨ પાણી આપનારને૦ ૩ પાણી રૂપી કિલ્લાવાળાને૦ ૪ પાણીના દેવતા (વરુણ) દ્વારા સ્તુતિ કરાએલાને૦ ૫ પાણીના દેવને૦ ૬ પાણીને રોકનારને૦ ૭ પાણીથી પૂજતાને૦ ૮ પાણીમાં રહેનારને૦ ૯ પાણીમાં વિહાર કરનારને૦ ૧૦ પાણી જેવા શીતલને૦ ૧૧ જલસ્વરૂપને૦ ૧૨ પાણી જેવા સ્વચ્છને૦ ૧૩ પાણીથી અભિષિકતને૦ ૧૪ જેના આદિમાં ‘દ’ છે તેને૦ ૧૫ ‘દ’કાર આદિમાં અને ‘ત’ કાર અંતમાં છે તે (દત્ત) ને૦ ૧૬ જલના અરિષ્ટનુ નિવારણ કરનારને૦ ૧૭ પાણીના અવરોધ જાણનારને૦ ૧૮ પાણી સમાન ઉજ્જવળને૦

* પ્રત્યેક નામ ને નમઃ નો ગુજરાતી અર્થ વંદન જોડી લેવો.

१९ दकोदरनिवारिणे नमः
२० दक्षध्वजाय नमः
२१ दक्षमखध्वंसिने नमः
२२ दक्षरक्षकाय नमः
२३ दक्षसुताराधिताय नमः
२४ दक्षाय नमः
२५ दक्षिणाग्निस्वरूपाय नमः
२६ दक्षिणाचलजलिप्त-देहाय नमः
२७ दक्षिणाप्रियाय नमः
२८ दक्षिणामूर्तये नमः
२९ दक्षिणाय नमः
३० दक्षिणारण्यपरि-व्राजकाय नमः
३१ दक्षिणावर्तार्चिताय नमः
३२ दक्षिण्याय नमः
३३ दक्षोपदिष्टाय नमः
३४ दग्धकलिमलाय नमः
३५ दग्धतापत्रयाय नमः
३६ दग्धदग्धाय नमः
३७ दग्धदाहनिवारकाय नमः
३८ दग्धदीप्तये नमः

૧૯ જલોદર નિવારણ કરનારને૦ ૨૦ દક્ષધ્વજ (વિષ્ણુ) સ્વરૂપને૦ ૨૧ દક્ષના યજ્ઞને ભાંગનારને૦ ૨૨ દક્ષના રક્ષકને૦ ૨૩ દક્ષસુતા (દાક્ષાયિણી–અદિતિ)થી આરાધિતને૦ ૨૪ દક્ષચતુર–ને૦ ૨૫ દક્ષિણાગ્નિ સ્વરૂપને૦ ૨૬ દક્ષિણ (મલય) અચલમાંથી જન્મેલ (ચંદન)થી લિપ્ત દેહવાળાને૦ ૨૭ દક્ષિણાપ્રિય (અપ્રિય) ને૦ ૨૮ દક્ષિણામૂર્તિ સ્વરૂપને૦ ૨૯ દક્ષિણ (દાક્ષિણ્ય યુકત) નાગરિકને૦ ૩૦ દક્ષિણ અરણ્ય (દંડકારણ્ય) માં ફરનારને૦ ૩૧ પ્રદક્ષિણા (પરિક્રમા) થી પૂજાતાને૦ ૩૨ દક્ષિણ તરફનાને૦ ૩૩ દક્ષ (ચતુર)ને ૩૪ ગુરુ વડે ઉપદેશ કરાએલાને૦ ૩૪ કળિના મળ બળી ગયા છે જેમના તેને૦ ૩૫ તાપત્રયને બાળી મૂકયા છે જેમણે તેને૦ ૩૬ દગ્ધ (શોક, અશુભ, લુચ્ચા)ને બાળનારને ૩૭ દાઝેલાના દાહનું નિવારણ કરનારને૦ ૩૮ દગ્ધ (અગ્નિ) જેવી દીપ્તિવાળાને૦

३९ दग्धदोषाय	नमः	४८ दण्डधारिणे	नमः
४० दग्धयोगविनाशकाय	नमः	४९ दण्डनायकाय	नमः
४१ दग्धादग्धाय	नमः	५० दण्डनीतिज्ञाय	नमः
४२ दग्धोच्छिष्टकेशाय	नमः	५१ दण्डपाणये	नमः
४३ दच्छदोल्लासिने	नमः	५२ दण्डपाय	नमः
४४ दण्डग्रहणप्रवर्तकाय	नमः	५३ दण्डपारुष्यविद्वेषिणे	नमः
४५ दण्डग्रहणाचार्याय	नमः	५४ दण्डपाशिकाय	नमः
४६ दण्डढक्कानिनादितकीर्तये	नमः	५५ दण्डपांशुलाय	नमः
		५६ दण्डपेन्द्राय	नमः
४७ दण्डदण्डाय	नमः	५७ दण्डप्रणामप्राप्याय	नमः

૩૯ બાળી નાખ્યા છે દોષો જેમણે તેને૦ ૪૦ અશુભ યોગોનો નાશ કરનારને૦ ૪૧ દગ્ધ છતાં અદગ્ધને૦ ૪૨ અગ્નિની જ્વાળા જેવા કેશવાળાને૦ ૪૩ અધર વડે શોભતા (સુંદર અધરવાળા)ને૦ ૪૪ સંન્યાસના પ્રવર્તકને ૪૫ સંન્યાસના આચાર્યને૦ ૪૬ દાંડી ને ડમરુના નાદથી કીર્તિ ફેલાવનારને૦ ૪૭ શિક્ષા કરનાર એવાને શિક્ષા કરનાર તેને૦ ૪૮ દંડધારણ કરનારને૦ ૪૯ દંડનાયક (ન્યાયાધીશ) ને૦ ૫૦ દંડ નીતિના જાણનારને૦ ૫૧ હાથમાં દંડવાળાને ૫૨ દંડ (રાજાનું શાસન)નું રક્ષણ કરનારને૦ ૫૩ કડક સજાનો વિદ્વેષ કરનારને૦ ૫૪ ખોટી સજા કરનારને પકડનારને૦ ૫૫ દંડ વડે ચોકી કરનારને ૫૬ સજા કરનારાઓ (રાજા) ના રાજાને૦ ૫૮ દંડવત્ પ્રણામ વડે મેળવી શકાય એવાને૦

५८ दण्डभृते	नमः	६८ दण्डाधिपाय	नमः
५९ दण्डमाणवाय	नमः	६९ दण्डानीकनेत्रे	नमः
६० दण्डयात्राग्रगामिने	नमः	७० दण्डाय	नमः
६१ दण्डवाहिने	नमः	७१ दण्डारदर्पहराय	नमः
६२ दण्डविधये	नमः	७२ दण्डालसिकाहराय	नमः
६३ दण्डव्यूहप्रवीणाय	नमः	७३ दण्डाहतप्रियाय	नमः
६४ दण्डशास्त्रनिपुणाय	नमः	७४ दण्डितदण्ड्याय	नमः
६५ दण्डाजिनद्वेषिणे	नमः	७५ दण्डितदुःशीलाय	नमः
६६ दण्डादण्डविवर्जिताय	नमः	७६ दण्डिने	नमः
६७ दण्डाधिपदर्पनाशिने	नमः	७७ दत्तचैतन्याय	नमः

૫૮ દંડધારણ કરનારને૦ ૫૯ દંડધારણ કરનાર બાળક (નૃસિંહસરસ્વતી)ને૦ ૬૦ લશ્કરની આગળ ચાલનારને૦ ૬૧ દંડ વહન (ધારણ) કરનારને૦ ૬૨ દંડ વિધિ સ્વરૂપને૦ ૬૩ લશ્કરના વ્યૂહને ગોઠવતાં પ્રવીણ ૬૪ દંડશાસ્ત્રમાં નિપુણને ૬૫ દંડ અને અજીનના દ્વેષી (એનાથી પર)ને૦ ૬૬ દંડ અને અદંડનો ત્યાગ કરનારને૦ ૬૭ રાજાના અભિમાનનો નાશ કરનારને૦ ૬૮ દંડના સ્વામીને૦ ૬૯ લશ્કરના નેતાને૦ ૭૦ દંડ સ્વરૂપ ૭૧ દંડાર (કુંભારનું ચક્ર)–બ્રહ્માના ગર્વને હરનારને૦ ૭૨ કોલેરા હરી લેનારને (અથવા દંડ વડે આળસુને ભાન કરાવનારને) ૭૩ દંડ વડે વહાલને પણ મારનારને ૭૪ દંડાર્હને દંડ દેનારને૦ ૭૫ દુઃશીલને દંડ દેનારને ૭૬ દંડી સંન્યાસી સ્વરૂપને૦ ૭૭ ચૈતન્ય આપનારને૦

७८ दत्तज्ञानाय	नमः	९० दत्तारिमोक्षाय	नमः
७९ दत्तदत्ताय	नमः	९१ दत्रिप्रियाय	नमः
८० दत्तदुःखाय	नमः	९२ दत्तेष्टाय	नमः
८१ दत्तभुक्तये	नमः	९३ ददनदर्पासहाय	नमः
८२ दत्तमुक्तये	नमः	९४ ददनदाय	नमः
८३ दत्तसर्वस्वाय	नमः	९५ ददनप्रीणिताय	नमः
८४ दत्तसौख्याय	नमः	९६ ददनरुपाय	नमः
८५ दत्तस्वर्गाय	नमः	९७ ददनसुलभाय	नमः
८६ दत्तात्रेयाय	नमः	९८ दद्याय	नमः
८७ दत्तानन्दाय	नमः	९९ दद्रुघ्नभुजे	नमः
८८ दत्तानपकर्मणे	नमः	१०० ददुघ्नाय	नमः
८९ दत्तापवर्गाय	नमः	१०१ दद्रूणदुःखनिवारिणे	नमः

૭૮ જ્ઞાન આપનારને૦ ૭૯ દાન કરનારને (ધન) આપનારને૦ ૮૦ દુઃખ આપનારને૦ ૮૧ ભુક્તિ આપનારને ૮૨ મુક્તિ આપનારને૦ ૮૩ સર્વસ્વ દેનારને૦ ૮૪ સુખ આપનારને૦ ૮૫ સ્વર્ગ આપનારને૦ ૮૬ દત્તાત્રેયને ૮૭ આનંદ આપનારને૦ ૮૮ અપકારીને આપનારને ૮૯ મોક્ષ દેનારને૦ ૯૦ અરિ (શત્રુ) ને મોક્ષ દેનારને ૯૧ દ-ત્રિ (દાન, દયા, દમન) પ્રિયને૦ ૯૨ ઈષ્ટ આપનારને૦ ૯૩ દાનથી ખુશ થનારને૦ ૯૬ દાનસ્વરૂપને૦ ૯૭ દાન સુલભને૦ ૯૮ આપવા યોગ્ય (સુપાત્ર) ને૦ ૯૯ દરાજનો મલમ બનાવનારને૦ ૧૦૦ દરાજ (કોઢ) ને મટાડનારને૦ ૧૦૧ દરાજ (કોઢ) થી પીડાતા (કોઢીયા)નું દુઃખ નિવારણ કરનારને૦

१०२ दधिचारकर्षिणे	नमः	११२ दनुजारिमित्राय	नमः
१०३ दधिजचोराय	नमः	११३ दन्तकारकर्मणे	नमः
१०४ दधिफलेष्टाय	नमः	११४ दन्तकाराय	नमः
" " परमोहन " " ॥३॥

વ્રજના મોહનને૦ શ્રુતિ (વેદ) ના દોહનને૦
વૃક્ષ ઉપર આરોહણ કરનારને૦ અત્યંત મોહ
પમાડનારને૦ ૩

श्रीकृष्ण कृष्ण दधितस्कर कृष्ण कृष्ण
" " सुपयस्कर " "
" " द्युपिभास्कर " "
" " वनिभास्कर " " ॥४॥

દહીં ચોરનારને૦ સારૂં દૂધ ઉત્પન્ન કરનારને૦
શાસ્ત્રના સૂર્યને૦ ઇચ્છાપૂર્તિ કરવામાં સૂર્ય
વાનપ્રસ્થીઓમાં સૂર્ય (ઉત્તમ) ને૦ ૪

श्रीकृष्ण कृष्ण दृषदासन कृष्ण कृष्ण
" " मधुपस्वन " "
" " विततस्वन " "
" " परमस्वन " " ॥५॥

પથ્થરના આસન ઉપર બેસનારને૦ ભ્રમર સમાન ગુંજનવાળાને૦ વીણા જેવા અવાજવાળાને૦ મોટા અવાજવાળાને૦

श्रीकृष्ण कृष्ण खलदण्डन कृष्ण कृष्ण
" " मुनिमण्डन " "
" " परखण्डन " "
" " ऋतमण्डन कृष्ण कृष्ण ॥६॥

લુચ્ચાને દંડ દેનારને૦ મુનિઓના અલંકારરૂપને૦
શત્રુનું ખંડન કરનારને૦ ઋતુનું મંડન કરનારને૦ ૬

श्रीकृष्ण कृष्ण धृतचन्दन कृष्ण कृष्ण
" " कृतवन्दन " "
" " हृतबन्धन " "
" " कृतरन्धन " " ॥७॥

ચંદન ધારણ કરનારને૦ વંદન કરનારને૦
બંધન તોડનારને૦ (દુષ્ટોનો) નાશ કરનારને૦

श्रीकृष्ण	कृष्ण	नवनीरदचित्र	कृष्ण	कृष्ण
,,	,,	सुरगेयचरित्र	,,	,,
,,	,,	सितफाल्गुनमित्र	,,	,,
,,	,,	सुरसिन्धुपवित्र	,,	,, ॥८॥

આષાઢી મેઘ સમાન સુંદરને૦ દેવોથી ગવાવા યોગ્ય ચરિત્રવાળાને૦ અર્જુનના જાણીતા મિત્રને૦ ગંગા સમાન પવિત્રને૦ ૮

श्रीकृष्ण	कृष्ण	सुभटेश्वर	कृष्ण	कृष्ण
,,	,,	सुनटेश्वर	,,	,,
,,	,,	सुजटेश्वर	,,	,,
,,	,,	सुफटेश्वर	,,	,, ॥९॥

વીરોના ઇશ્વરને૦ સારા નટોના ઈશ્વરને૦ સાધુઓ (સારી જટાવાળા) ના ઈશ્વરને૦ વાસુકીના ઇશ્વરને૦ ૯

श्रीकृष्ण	कृष्ण	वनवल्लवगीत	कृष्ण	कृष्ण
,,	,,	सुमबर्हकिरीट	,,	,,
,,	,,	हृत्तमातुलकीट	,,	,,
,,	,,	हृतदानवभीट	,,	,, ॥१०॥

વનના ગોવાળિયાઓથી (સ્તુતિ) ગવાએલને૦ પુષ્પ અને મોરપિચ્છના મુગટવાળાને૦ દુષ્ટ મામા રૂપી કીડાને મારનારને૦ દાનવની ભીતિને મારનારને૦ ૧૦

श्रीकृष्ण	कृष्ण	करजोद्धृतशैल	कृष्ण	कृष्ण
,,	,,	धृतपीतसुचैल	,,	,,
,,	,,	कृतवृक्षजदोल	,,	,,
,,	,,	शिशुकेलिसुलोल	,,	,, ॥११॥

આંગળીથી પર્વતને ઉપાડનારને૦ પીળું પીતાંબર ધારણ કરનારને૦ ઝાડની ડાળીનો ઝુલો કરનારને૦ બાળક્રીડાથી સુંદરને૦ ૧૧

श्रीकृष्ण कृष्ण धनदोपम कृष्ण कृष्ण
" " जलदोपम " "
" " दहनोपम " "
" " पवनोपम " " ॥१२॥

કુબેરની ઉપમા અપાય તેવાને૦ વાદળની ઉપમા અપાય તેવાને૦ અગ્નિની ઉપમા અપાય તેવાને૦ પવનની ઉપમા અપાય તેવાને૦ ૧૨

श्रीकृष्ण कृष्ण पुरुषोत्तम कृष्ण कृष्ण
" " गतिदोत्तम " "
" " ददनोत्तम " "
" " भुवनोत्तम " " ॥१३॥

પુરુષોમાં ઉત્તમને૦ ગતિ આપનારાઓમાં ઉત્તમને૦ આપનારાઓમાં ઉત્તમને૦ (ચૌદ) ભુવનોમાં ઉત્તમને૦ ૧૩

श्रीकृष्ण कृष्ण रमणोत्तम कृष्ण कृष्ण
" " शमनोत्तम " "
" " कवनोत्तम " "
" " मननोत्तम " " ॥१४॥

પ્રેમીઓમાં ઉત્તમને૦ શમન (શાંતિ) માં ઉત્તમને૦ કવનોમાં ઉત્તમને૦ મનનમાં ઉત્તમને૦ ૧૪

श्रीकृष्ण कृष्ण सकलाश्रय कृष्ण कृष्ण
" " विकलाश्रय " "

श्रीकृष्ण कृष्ण परमाश्रय कृष्ण कृष्ण
" " चरमाश्रय " " ॥१५॥

બધાંના આશ્રયને૦ વિકલ (ખોડખાંપણ વાળા)ના આશ્રયને૦ શ્રેષ્ઠ આશ્રયને૦ અંતિમ આશ્રયને૦ ૧૫

श्रीकृष्ण कृष्ण अजिताजित कृष्ण कृष्ण
" " अमितामित " "
" " अरतारत " "
" " अमतामत " " ॥१६॥

અજિતોમાં અજિતને૦ અમિતોમાં અમિતને૦ રાગ વગરનાઓમાં પણ રાગ રહિતને૦ અરતમાં અરતને૦ અચિંત્યના અચિંત્યને૦ ૧૬

श्रीकृष्ण कृष्ण कथितागम कृष्ण कृष्ण
" " विगितागम " "
" " परमागम " "
" " स्वयमागम " " ॥१७॥

શાસ્ત્ર કથનારને૦ શાસ્ત્ર જાણકારને૦ પરમ આગમ (સ્વરૂપ)ને૦ સ્વયં આગમ (સ્વરૂપ)ને૦ ૧૭

श्रीकृष्ण कृष्ण अणिमास्पद कृष्ण कृष्ण
" " महिमास्पद " "
" " गरिमास्पद " "
" " सुषमास्पद " " ॥१८॥

અણિમાના સ્થાનને૦ મહિમાના સ્થાનને૦
ગરિમાના સ્થાનને૦ શ્રેષ્ઠ સૌન્દર્યના ધામને૦ ૧૮

श्रीकृष्ण कृष्ण मधुराधिप कृष्ण कृष्ण
,, ,, वसुधाधिप ,, ,,
,, ,, जनपाधिप ,, ,,
,, ,, वनपाधिप ,, ,, ॥१९॥

મથુરાના રાજાને૦ પૃથ્વીના રાજાને૦
રાજાઓના રાજાને૦ ગોવાળિયાના રાજાને૦ ૧૯

श्रीकृष्ण कृष्ण विजयाश्रित कृष्ण कृष्ण
,, ,, विमताजित ,, ,,
,, ,, असितासित ,, ,,
,, ,, अहिताहित ,, ,, ॥२०॥

વિજયના અથવા વિજય (અર્જુન)ના આશ્રિતને૦
વિજયાજિત પાઠ લઈએ તો ? વિજય (મૃત્યુ)થી અજિતને૦
દુશ્મનથી ન પમાનારને૦ અસિત (શ્યામ)માં અસિત
(શ્યામ)ને૦ અહિતો (દુશ્મન)ના અહિતને૦ ૨૦

श्रीकृष्ण कृष्ण करुणाकर कृष्ण कृष्ण
,, ,, हितसागर ,, ,,
,, ,, नटनागर ,, ,,
,, ,, अजरामर ,, ,, ॥२१॥

કરુણા કરનારને૦ હિતના સાગરને૦ નટનાગરને૦
અજર અમરને૦ ૨૧

श्रीकृष्ण कृष्ण कलगर्जन कृष्ण कृष्ण
,, ,, खलतर्जन ,, ,,
,, ,, मलवर्जन ,, ,,
,, ,, मधुसर्जन ,, ,, ॥२२॥

મધુર ગર્જન કરનારને૦ ખલના મારણને૦
પાપરહિતને૦ મધુર ગીતોના સર્જકને૦ ૨૨

श्रीकृष्ण कृष्ण अचलेश्वर कृष्ण कृष्ण
" " सुचरेश्वर " "
" " खगणेश्वर " "
" " परमेश्वर " " ॥२३॥

અચલ (પર્વત) ના ઇશ્વરને૰ સારા જાસુસોના ઇશ્વરને૰ ખ-ગણુ (આકાશીસમૂહ) ના ઈશ્વરને૰ પરમેશ્વરને૰ ૨૩

श्रीकृष्ण कृष्ण सुजनेश्वर कृष्ण कृष्ण
" " कुजनेश्वर " "
" " समलेश्वर " "
" " विमलेश्वर कृष्ण कृष्ण ॥२४॥

સજ્જનોના ઈશને૰ દુર્જનોના ઇશને૰ પાપીઓના ઈશને૰ પુણ્યશાળીઓના ઈશને૰ ૨૪

श्रीकृष्ण कृष्ण मणिमण्डित कृष्ण कृष्ण
" " छलपण्डित " "
" " खलखण्डित " "
" " जलकुण्ठित " " ॥२५॥

મણિથી શોભતાને૰ કપટના પંડિતને૰ ખલનું ખંડન કરનારને૰ જલમાં આળોટનાર (સ્નાન કરનાર)ને૰ ૨૫

श्रीकृष्ण कृष्ण मधुराकल कृष्ण कृष्ण
" " अरिसायक " "
" " खलदारक " "
" " वसुधारक " " ॥२६॥

સુંદર વાળવાળાને૦ દુશ્મનને બાણરૂપ (મારનાર)ને૦ ખલનું વિદારણ કરનારને૦ પૃથ્વીને ધારણ કરનારને૦ ૨૬

श्रीकृष्ण	कृष्ण	अविदूरग	कृष्ण	कृष्ण	
,,	,,	सुविदूरग	,,	,,	
,,	,,	अनुजानुग	,,	,,	
,,	,,	दयिताशुग	,,	,,	॥२७॥

ખૂબ દૂર ન ફેલાતાને૦ ખૂબ દૂર ફેલાતાને૦ પછીથી જન્મેલાઓ વડે અનુસરાતાને૦ દયિતા (સ્ત્રી) ની મદદે જલદી જનારને૦ ૨૭

श्रीकृष्ण	कृष्ण	निखिलाण्डकुलाल	कृष्ण	
,,	,,	मधुरोज्ज्वलभाल	,,	
,,	,,	असुराभ्रकराल	,,	
,,	,,	वसुदेवसुबाल	,,	॥२८॥

અખિલ બ્રહ્માંડના સર્જકને૦ મધુર અને ઉજ્જવળ કપાળવાળાને૦ અસુરરૂપી વાદળાઓ માટે ભયંકરને૦ વસુદેવના શ્રેષ્ઠ બાળકને૦ ૨૮

श्रीकृष्ण	कृष्ण	कलिधर्मविनाश	कृष्ण	
,,	,,	कलिधर्मविकाश	,,	
,,	,,	कुलधर्मप्रकाश	,,	
,,	,,	युगधर्मविकाश	,,	॥२९॥

કલિના ધર્મનો વિનાશ કરનારને૦ કલિયુગમાં ધર્મને વિકસાવનારને૦ કુળધર્મના ફેલાવનારાને૦ યુગધર્મના ફેલાવનારાને૦ ૨૯

श्रीकृष्ण कृष्ण गणराजसुभाष कृष्ण
" " गतिखण्डितपाश "
" " परिपूर्णसदाश "
" " हतदुष्टदुराश " ॥३०॥

ગણરાજ વડે સારી રીતે સ્તુતિ કરાયેલા૦ સદ્‌બુદ્ધિ આપીને પાસને દૂર કરનારને૦ સારી આશા પરિપૂર્ણ કરનારને૦ દુષ્ટ વાસનાઓના હણનારને૦ ૩૦

श्रीकृष्ण कृष्ण अतिमानव कृष्ण कृष्ण
" " कृतिमानव "
" " हतदानव "
" " मृततानव " ॥३१॥

શ્રેષ્ઠ માનવને૦ કાર્યો વડે માનવ (જેવું વર્તન કરનાર)ને૦ દાનવોને હણનારને૦ હલકટતાને મારનારને૦ ૩૧

श्रीकृष्ण कृष्ण मुनिपत्न्युपजुष्ट कृष्ण
" " कलगोरसपुष्ट "
" " शिशुकैतवहृष्ट "
" " वनबालसुतुष्ट " ॥३२॥

મુનિ પત્નીઓ દ્વારા સેવાએલને૦ મીઠા ગોરસથી પુષ્ટને૦ બાળકની કપટક્રીડાથી આનંદ પામનારને૦ વનના બાળકોથી અત્યંત સંતુષ્ટને૦ ૩૨

श्रीकृष्ण कृष्ण सुमनोहरचित्र कृष्ण
" " सुदरोचितचित्र "
" " सुफलोऽञ्चितचित्र "
" " सुपयोऽञ्चितचित्र " ॥३३॥

અત્યંત મનોહર ચિત્રવાળાને૦ સુંદર અને યોગ્ય ચિત્ર-વાળાને૦ સારા ફળ આપવાથી પૂજાએલા ચિત્રવાળાને૦ શ્રેષ્ઠ જળ (ગંગાજળ)થી પૂજાએલા ચિત્રવાળાને૦ ૩૩

श्रीकृष्ण कृष्ण जनिमृत्युसुतार कृष्ण
" " भवशोभितहार "
" " कलिदुष्कृतकाल "
" " वसनाञ्चितशाल " ॥३४॥

જન્મમૃત્યુથી સારી રીતે તારનારને૦ સંસારમા શોભિત હારવાળાને૦ કલિમાં દુષ્કૃતના કાળને૦ (સુંદર) વસ્ત્રથી શોભતા દેહવાળાને૦ ૩૪

श्रीकृष्ण कृष्ण अवरोद्धृतनार कृष्ण
" " उरगोपविहार "
" " भवसागरपार "
" " जितमन्मथसार " ॥३५॥

અવર (કનિષ્ઠ) સ્ત્રીના ઉદ્ધાર કરનારને૦ મોટા નેસમાં વિહાર કરનારને૦ સંસારસાગરને પાર કરાવનારને૦ કામદેવના સૌંદર્યને જીતનારને૦ ૩૫

श्रीकृष्ण कृष्ण हृतसर्जनभार कृष्ण
" " धृतरक्षणभार "
" " धृतभूधरभार "
" " यमुनैकविहार " ॥३६॥

સંસારના ભારને હરનારને૦ રક્ષણની જવાબદારી ઉપા-ડનારને૦ ભૂધર (ગોવર્ધન)ના ભારને ધારણ કરનારને૦ યમુનામાં એક માત્ર વિહાર કરનારને૦ ૩૬

श्रीकृष्ण कृष्ण शरणानुग कृष्ण कृष्ण
” ” मननानुग ” ”
” ” कवनानुग ” ”
” नमनानुग ” ” ॥३७॥

શરણાગતને અનુસરનારને૦ મનન કરનારને અનુસરનારને૦ કવન કરનારને અનુસરનારને૦ નમન કરનારને અનુસરનારને૦ ૩૭

श्रीकृष्ण कृष्ण कविकाव्यरहस्य कृष्ण
” ” मुनिशास्त्ररहस्य ”
” ” रणवीरवयस्य ”
” ” नटधीवरिवस्य ” ॥३८॥

કવિના કાવ્યના રહસ્યરૂપને૦ મુનિના શાસ્ત્રના રહસ્યરૂપને૦ રણમાં વીરના મિત્રને૦ નટોની બુદ્ધિ દ્વારા પૂજાએલાને૦ ૩૮

श्रीकृष्ण कृष्ण करणातिग कृष्ण कृष्ण
” ” पवनातिग ” ”
” ” किरणातिग ” ”
” ” सुमतातिग ” ” ॥३९॥

ઇન્દ્રિયોથી પરને૦ પવનથી પરને૦ કિરણોથી પરને૦ શ્રેષ્ઠ બુદ્ધિથી પરને૦ ૩૯

श्रीकृष्ण कृष्ण तुलसीदलतुष्ट कृष्ण
” ” दधिगोरसपुष्ट ”
” ” बदरीफलमिष्ट ”
” ” नवनीतसुहृष्ट ” ॥४०॥

તુલસીના દલથી સંતુષ્ટને૦ દહીં ગોરસથી પુષ્ટને૦ બોરના ફળ કરતાં મિષ્ટને૦ માખણથી ખૂબ રાજી થનારાને૦ ૪૦

श्रीकृष्ण कृष्ण जलदुर्गनिवास कृष्ण
" " कृतगह्वरवास "
" " जिखिलेष्टनिवास "
" " कृतहृत्कजवास " ॥४१॥

જળરૂપ કિલ્લામાં (દ્વારકામાં) નિવાસ કરનારને૦ ગુફામાં વાસ કરનારને૦ (જગતના) તમામ (પદાર્થમાં) નિવાસ જેમને ઈષ્ટ છે એવાને૦ હૃદયકમળમાં વાસ કરનારને૦ ૪૧

श्रीकृष्ण कृष्ण मुनिमानहंस कृष्ण
" " हतमातुलकंस "
" " जगतामवतंश "
" " विपदुद्धृतवंश " ॥४२॥

મુનિના મનરૂપી માનસના હંસને૦ મામા કંસને માર-નારને૦ જગતના મુકુટમણિરૂપને૦ વિપત્તિથી વંશનો ઉદ્ધાર કરનારને૦ ૪૨

रङ्गहृदये ज्ञानहृदयम्

रङ्गोऽवधूतः

१ तत्त्वचिन्तनम् ।

राग आसा मांड-झपताल (प्रभातियुं)

ध्याय ह्यत्रिजमरं जीव करुणाकरं
तं विना कोऽपि नो तारकस्ते ।
ब्रह्म सत्यं जगद्विद्धि मिथ्या परं
चिन्तयाहर्निशं तत्त्वमन्ते ॥ध्रु०॥

૧ તત્ત્વચિન્તનમ્

હે જીવ! તું કરુણાનિધાન અત્રિકુમાર ભગવાન દત્તાત્રેયનું વિના વિલંબે ધ્યાન કર; એના વગર તારો કોઈ બેલી નથી. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એ પરમ તત્ત્વનું તારા અંતઃકરણમાં અહોનિશ ચિંતન કર. ધ્રુ૦

मोहरात्रिर्गता ज्ञानदीप्तिस्तताऽज्ञानतल्पे वृथा किं नु शेषे ।
बुध्य कस्त्वं कुतो देशिकं व्रज ततो
दान्तिवैराग्यतः शून्यदेशे ॥१॥

મોહરાત્રી ચાલી ગઈ છે, બધે જ્ઞાનપ્રકાશ ફેલાઈ રહ્યો છે; તો પણ હજીયે તું અજ્ઞાનરૂપી પથારીમાં નકામો કેમ આળોટયા કરે છે ? તું કોણ છે ? ક્યાંથી આવ્યો છે ? એનો વિચાર કર. એ માટે શમદમાદિ સાધન સાથે વૈરાગ્યપૂર્વક એકાંતમાં સદ્‌ગુરુનું શરણ લે. ૧

स्थूलमेतद्‌वृथा सूक्ष्ममन्तर्वृथा
कारणे का कथा तत्परं तत् ।
द्वैतमुल्लङ्घ्य यत्तद्धि रूपं तु सत्
ते न नानाऽस्ति त्वत्तस्तु चान्यत् ॥२॥

આ સ્થૂળ દેહ મિથ્યા છે, સૂક્ષ્મ દેહ પણ મિથ્યા છે, તો (અજ્ઞાનમૂલક) કારણ દેહની તો વાત જ શી? એ (પરમાત્મસ્વરૂપ) એ (ત્રણે દેહ) થી પર છે. જે 'હું' 'તું' વગેરે દ્વૈતથી પર છે તે જ તારું સત્ સ્વરૂપ છે. તારા વગર બીજૂં કાંઇ અનેક જેવું નથી. ૨

नामरूपे न ते जातिगोत्रे न ते
किन्त्वहं मन्यते मूढ कस्मात् ।
न त्वहं नापि त्वं सर्वमेतत्क्षरं
विद्धि विद्युच्चलं विरम तस्मात् ॥३॥

નથી તારે નામ કે રૂપ ! ન તારે જાતિ કે ગોત્ર ! તો પણ હે મૂઢ ! તું આ બધાને 'હું' એમ કેમ માને છે ? નથી 'હું' કે નથી 'તું', આ બધું વિનાશી છે, વીજળીના જેવું ક્ષણભંગુર છે એમ જાણ. ત્યાંથી પાછો વળ અને તારા મૂળ સ્વરૂપ તરફ પાછો જા. ૩

शुक्तिरज्जतं यथा सर्वमेतत्तथा
भासमात्रं वृथा स्वप्नकल्पम् ।
भूपतिस्त्वं वृथा भिक्षसे किं पथा
भुङ्क्ष्व राज्यं ततानन्तकल्पम् ॥४॥

આ બધું છીપમાં રૂપાના જેવું છે, સ્વપ્ન જેવું મિથ્યા આભાસ માત્ર છે. તું તો આલમ દુનિયાના બાદશાહ છે; રસ્તે નકામો ભીખ શી માગે છે? હે તાત! અનંત કલ્પો સુધી તું તો સ્વાત્મ સ્વારાજ્યનું ઐશ્વર્ય ભોગવ્યા કર. ૪

तीर्थभ्रमणं वृथा शास्त्रश्रवणं तथा
नो श्रुता 'रङ्ग' यदि मौनगाथा ।
सा श्रुतेस्त्यागतस्तत्त्वमस्यत्र ते
जन्म व्यर्थं गतं कोऽन्यत्राता ॥५॥

(પૂ. શ્રી અવધૂત મહારાજ કહે છે કે) હે રંગ! (વાસના માત્રનો) ત્યાગ કરીને એ સુપ્રસિદ્ધ શ્રુતિ ભગવતી तत्त्वमसि-તે તું છે-નો મૂક ઉપદેશ જો ન સાંભળ્યો (એટલે કે જીવનમાં એનો સાક્ષાત્ અનુભવ ન આવ્યો) તો તારું તીર્થભ્રમણ પણ નકામું છે; તો તારા શાસ્ત્રના શ્રવણમાં પણ કંઈ માલ નથી. (જાણ કે) તારો જન્મ આ દુનિયામાં મનુષ્ય તરીકે એળે ગયો છે. એના વગર તારું રક્ષણ અન્ય કોણ કરનાર છે? માટે એ ત્રિગુણ અને ત્રણે અવસ્થાથી પર પરબ્રહ્મ સ્વરૂપ શ્રીદત્તનું ચિંતન કર. ૫

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं तत्त्वचिन्तनं सम्पूर्णम ।

२ प्रश्नोत्तरमाला ।

कः साधुः साधनवान्मालामुद्रादिशोभितो नैव ।
किं साधनं विवेको वैराग्याद्यं शमादिषट्कं च ॥१॥

૨ પ્રશ્નોત્તરમાલા

સાધુ કોણ છે? જે (અંતરથી) સાધના કરતો હોય તે; નહિ કે માલા, મુદ્રા વગેરે (બાહ્ય) સાધનોથી શોભતો. સાધન શું છે? વિવેક વૈરાગ્ય વગેરે; અને શમ (દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન) એ ષટ્સંપત્તિ. ૧

किं ध्येयं हरिरूपं नो हरिणाक्षी कदापि कस्यापि ।
किं देयं सद्विद्या का सा जन्तुर्विमुच्यते यस्याः ॥२॥

ધ્યાન ધરવા જેવું શું છે? હરિનું સ્વરૂપ; નહિ કે કોઇ પણ સમયે કોઈપણ સ્ત્રીનું. શું આપવા યોગ્ય છે? સદ્વિદ્યા. તે કઈ છે? જેનાથી પ્રાણીને મુકિત મળે ૨

का भूषा चारित्रं किं तत्सन्मार्गगामिता लोके ।
कः सन्मार्गः प्रोक्तः सन्तो यं नो त्यजन्ति विषमेऽपि ॥३॥

આભૂષણ કયું છે? ચારિત્ર્ય. તે શું? લોકમાં સન્માર્ગે જવું તે. સન્માર્ગ કયો કહ્યો છે? વિષમ કાળ હોય તો પણ જેને સંતો છોડતા નથી. ૩

जिह्वाभरणं सत्यं मूर्धाभरणं तथा च नम्रत्वम् ।
किं हस्तस्याभरणं काले वासोन्नदानमर्थिभ्यः ॥४॥

જીભનું આભૂષણ (શું)? સત્ય તથા મસ્તકનું? મસ્તકનું આભૂષણ નમ્રતા છે. હાથનું આભૂષણ શું છે? યોગ્ય સમયે યાચકને વસ્ત્ર, અન્ન (વગેરે) નું દાન આપવું તે. ૪

किं नरकस्य द्वारं कामः क्रोधस्तथा च लोभश्च ।
स्वर्गद्वारं किं वा दानं दीने दया दमश्चैव ।।५।।

નરકનું દ્વાર કયું? કામ, ક્રોધ અને લોભ. સ્વર્ગનું દ્વાર કયું? દીન જનોને દાન, તેના પ્રત્યે દયા, અને (સ્વેન્દ્રિય) દમન. ૫

किं हेयं परनिन्दा ह्यात्मश्लाघा गवाऽनृता वाणी ।
गेयं श्रीपतिचरितं पेयं सद्यः सदुक्तिपीयूषम् ।।६।।

ત્યાગ કરવા લાયક શું છે? પરનિન્દા, વાણીથી (ખુલ્લે આમ) આત્મશ્લાઘા (સ્વપ્રશંસા) અને જૂઠી વાણી. ગાવા યોગ્ય શું છે? શ્રીપતિ ભગવાન વિષ્ણુનું ચરિત્ર અને પીવા યોગ્ય? સદુક્તિરૂપ અમૃતનું પાન વિના વિલંબે કરવું જોઈએ. ૬

को धन्यो हरिभक्तः कोऽसौ यो नो विभक्तिमासहते ।
का भक्तिः प्रेममयी तस्मिन्नीशे परानुरक्तिर्या ।।७।।

કોણ ધન્ય છે? હરિનો ભક્ત. તે કોણ છે? જે વિભક્તિ (હરિનો વિયોગ) સહન કરતો નથી તે. ભક્તિ કયી છે? જે પ્રેમમયી, પરમાત્માના પરમ અનુરાગવાળી (પરા ભક્તિ) હોય તે. ૭

का गुरुता निःस्पृहता लोके लघुता च हीनतो याच्ञा ।
किं गोप्यं पररन्ध्रं ख्येयं किं त्रा परस्य सौजन्यम् ।।८।।

મોટાઇ શી છે? નિઃસ્પૃહતા. અને લઘુતા? લોકમાં હીન પાસે યાચના કરવી તે લઘુતા છે. શું છુપાવવા યોગ્ય છે? પારકાનું છિદ્ર, (પ્રગટમાં) માણસે કહેવા જેવું શું? બીજાએ બતાવેલું સૌજન્ય. ૮

आमरणं किं सेव्यं सच्छास्त्रं सद्गुरुस्तथा त्रीशः ।
प्रथमं ज्ञानप्राप्त्यै निवृत्त्यर्थं तु कृतघ्नतायाश्च ।।९।।

મરણ પર્યંત શાનું સેવન કરવું? સત્ શાસ્ત્ર, સદ્ગુરુ અને દત્તભગવાનનું. પ્રથમ (શાસ્ત્ર) જ્ઞાનપ્રાપ્તિ માટે, અને (ગુરુ તથા દત્ત) પછી કૃતઘ્નતામાંથી બચવા માટે. ૯

किं दुर्लभं नृजननं पुंस्त्वं तत्रापि मुमुक्षुता तत्र ।
सत्यप्येवं त्रितये सद्गुरुलाभस्तु दुर्लभो लोके ।।१०।।

દુર્લભ શું છે? મનુષ્ય જન્મ, પુંસ્ત્વ (પુરુષદેહ) અને તેમાં પણ મોક્ષની ઈચ્છા, આ ત્રણેય હોય તો પણ સદ્ગુરુની પ્રાપ્તિ આ લોકમાં અત્યંત દુર્લભ છે. ૧૦

को गुरुरागमवेत्ता ब्रह्मानन्दे निमग्न उपदेष्टा ।
शिष्यः को गुरुवाक्ये रक्तो भक्तस्त्वनन्यशरणो यः ।।११।।

ગુરુ કોણ છે? જે (આગમ) વેદ (અને શાસ્ત્ર)ને જાણકાર છે, બ્રહ્માનંદમાં નિમગ્ન અને ઉપદેશક છે. શિષ્ય કોણ? જે ગુરુવાકયમાં અનુરાગવાળો, ભક્ત અને અનન્ય શરણાગતિવાળો છે. ૧૧

किं रूपं भो ब्रह्म सत्यं यत्सर्वकाल एकं च ।
माया मृगाम्बुकल्पा निस्तत्त्वा दृष्टनष्टरूपा या ॥१२॥

હે ભાઇ બ્રહ્મ કેવા સ્વરૂપનું છે ? (બ્રહ્મનું સ્વરૂપ કેવું છે ?) જે સર્વકાળે (ત્રણે કાળમાં) એક (કૂટસ્થ) જ અને સત્ય છે. (માયા કેવા પ્રકારની છે) માયા એ મૃગજળ જેવી તત્ત્વહીન અને ઘડીકમાં દેખાય, ઘડીકમાં નાશ પામે એવા સ્વરૂપની છે. ૧૨

कः शूरो यो दान्तो मुक्तः को वा न कामदासो यः ।
किं पापं त्वालस्य पुण्यं किं वा सदा सदुद्योगः ॥१३॥

શૂરવીર કોણ છે ? જે દાન્ત (ઈન્દ્રિય ઉપર કાબુ વાળો) હોય. મુક્ત કોણ છે ? જે કામનાનો દાસ ન હોય તે પાપ શું છે ? આળસ. પુણ્ય શું છે ? હમેશ સદુદ્યોગ (સારાં કાર્યો કરવાં તે). ૧૩

जीवन्नपि नष्टः को यः खलु ना दुर्यशोङ्कितो लोके ।
को नष्टोऽप्यमृतात्मा यन्निर्मलकीर्तिकीर्तनं लोके ॥१४॥

જીવતો છતાં મરેલો કોણ છે ? જે મનુષ્ય અપકીર્તિથી લોકમાં અંકેત હોય તે. કોણ મરેલો છતાં અમર છે ? લોકમાં જેની કીર્તિ ગવાય છે તે. ૧૪

कोऽन्धो यः खलु रागी बधिरो नो यः शृणोति सद्वाक्यम् ।
पङ्गुस्तीर्थं नेयान्कः को वा न यो हरिं गायेत् ॥१५॥

આંધળો કોણ છે ? જે રાગયુક્ત છે. બહેરો કોણ છે ? જે સદ્વાકયનું શ્રવણકરતો નથી. અને પાંગળો ? જે તીર્થમાં જતો નથી (તે પાંગળો છે). મૂંગો કોણ ? જે હરિને ગાતો નથી (અર્થાત્ હરિનું ભજન કરતો નથી) તે. ૧૫

किं राज्यं संतोषो दारिद्र्यं दुःखदं दुराशा या ।
का कारा याऽऽसक्तिर्निःसङ्गो मुक्तिमण्डपः शीतः ॥१६॥

રાજ્ય શું છે ? સંતોષ, દુઃખ આપનાર ગરીબાઇ (શું છે ?) દુરાશા-ખરાબ ઈચ્છા અથવા નિષ્ફળ આશા. જેલ કયી છે ? આસક્તિ. મુક્તિનો શીતળ મંડપ કયો ? નિઃસંગતા. ૧૬

का वन्द्या गृहलक्ष्मीर्दक्षा धन्या पतिव्रता नारी ।
को गृहभानुः प्रोक्तं पुत्रश्चिन्ताहरः पितुर्लोके ॥१७॥

વંદનીય કોણ છે ? ચતુર, ધન્ય અને પતિવ્રતા ગૃહની લક્ષ્મી એવી પત્ની. ઘરનો સૂર્ય કોણ કહેવાય ? પુત્ર કે જે લોકમાં પિતાની ચિંતા દૂર કરે તે. ૧૭

किं तीर्थं स्वस्वान्तं शुद्धं देवोऽत्र निर्मलो ह्यात्मा ।
को मन्त्रः श्वासकृतो हंसः सोऽहं विमुक्तिदो लोके ॥१८॥

તીર્થ શું છે ? પોતાનું શુદ્ધ અંતઃકરણ. દેવ કોણ ? નિર્મળ આત્મા જ મંત્ર કયો છે ? જે શ્વાસઉચ્છ્વાસમાં ચાલે છે તે 'હંસઃ સોહં' કે જે લોકમાં મુક્તિ આપનાર છે. ૧૮

किं शास्त्रं ज्ञानुभवः शस्त्रं साधूचितं मतं क्षान्तिः ।
का स्वर्गदा दया को धर्मश्चाहिं सनं मतः शुद्धम् ॥१९॥

શાસ્ત્ર શું છે? જ્ઞ (આત્મા) નો અનુભવ. સાધુ-પુરુષોને ઉચિત શસ્ત્ર શું માનેલું છે? ક્ષમા. સ્વર્ગપ્રદ શું છે? દયા. ધર્મ કયો મનાયો છે? શુદ્ધ અહિંસા એ જ ધર્મ મનાએલો છે. ૧૯

को यक्ष्मा प्राणभूतां चिन्ता, किं तस्य भेषजं ब्रूहि ।
श्रीहरिपदारविन्दे भक्त्या स्वात्मार्पणं सदा त्वेकम् ॥२०॥

પ્રાણીઓને ક્ષય રોગ કયો છે? ચિંતા. તેનું ઔષધ શું છે તે કહે. શ્રીહરિના ચરણકમળમાં ભક્તિપૂર્વક સદા સ્વાત્માર્પણ એ જ એક તેનું ઔષધ છે. ૨૦

को रङ्कस्तृष्णाढ्यः राजा को यस्तु निःस्पृहो लोके ।
दासः कस्त्वाशार्तः स्वामी, दासी च यस्य सा ह्याशा ॥२१॥

કોણ ગરીબ છે? તૃષ્ણાવાળો. રાજા કોણ છે? જે લોકમાં નિઃસ્પૃહ છે તે. દાસ કોણ છે? જે આશાથી પીડાતો હોય તે. અને શેઠ કોણ છે? તે જ આશા જેની દાસી હોય તે. ૨૧

किं शीतं त्वज्ञानं, ज्ञानं वह्निश्च तन्निवृत्त्यर्थम् ।
भक्तिर्वायुः प्रोक्तो वह्निसखः कर्म चेन्धनं विद्धि ॥२२॥

ટાઢ કઈ છે. અજ્ઞાન. તેની નિવૃત્તિ અર્થે અગ્નિ કયો છે? જ્ઞાન. અગ્નિનો મિત્ર એવો વાયુ કયો? ભક્તિ (એને બળતણ?) કર્મ એ બળતણ છે એમ તું જાણ. ૨૨

कोऽस्पृश्यश्चण्डालः कोऽसौ क्रोधी न चान्त्यजातो यः ।
को वन्द्यो हरिभक्तो ज्ञानी नैवात्र ब्रह्मबन्धुर्यः ॥२३॥

અસ્પૃશ્ય અને ચંડાળ કોણ? ક્રોધી; નહિ કે અંત્યજ જાતિનો. વન્દનીય કોણ છે? હરિનો જ્ઞાની ભક્ત, નહિ કે જે અહીં કેવળ નામધારી બ્રાહ્મણ હોય. ૨૩

को निन्द्यो दुर्नीतिर्नीतिः का सज्जनैर्धृता याऽत्र ।
के सज्जना न सत्यं प्राणत्यागेऽपि ये त्यजन्त्यत्र ॥२४॥

કોણ નિન્દ્ય છે? ખરાબ નીતિવાળો નીતિ કઈ છે? જે સજ્જનોએ અહીં ધારણ કરી હોય. સજ્જનો કોણ છે? જે અહીં પ્રાણના ભોગે પણ સત્યને છોડતા નથી ૨૪

सत्यं याथातथ्यं हितकृन्मधुरं न चाटुयुक्तं यत् ।
कः पूज्यः परमात्मा नो धनिकात्मा कदापि कस्यापि ॥२५॥

સત્ય (શું છે)? સત્ય એ છે કે જે જેવું હોય તેવું કહેવું તે, હિતકર, અને મધુર. નહિ કે ખુશામત વાળું વચન. પૂજ્ય કોણ છે? પરમાત્મા, ધનિકાત્મા કદાપિ નહીં. ૨૫

किं लोलं तारुण्यं वित्तं चित्तं जनस्य जिह्मस्य ।
कः स्थैर्यात्मा लोकेऽचलवद्योगी वशीकृताक्षोऽत्र ॥२६॥

ચંચળ શું છે? તારુણ્ય, વિત્ત અને કુટિલ માણસનું ચિત્ત, લોકમાં પર્વત સમાન સ્થિર આત્મા કોણ છે? ઇન્દ્રિયોને અહીં વશમાં રાખનાર યોગી. ૨૬

का वासार्हा नगरी सुजला स्वधिपा सुधान्ययुक्ता या ।
विद्याप्रकाशकलिता त्याज्या न्राऽन्यासुखेप्सुना लोके।।२७।।

રહેવા યોગ્ય નગરી કયી ? જલયુકત, સારા રાજા વાળી સારા ધાન્યથી યુકત, વિદ્યાના પ્રકાશવાળી એ સિવાયની બીજી નગરી સુખ ઈચ્છનાર મનુષ્ય માટે આ લોકમાં ત્યાજ્ય ગણાય. ૨૭

का प्रेयसी विधेया सज्जनमैत्री न राजसेवाऽत्र ।
को नैवात्र त्याज्यः प्राणत्यागेऽप्यनन्यशरणार्थी ।।२८।।

પ્રેયસી કોને બનાવવી ? સજ્જનોની મૈત્રીને, નહિ કે રાજસેવાને. પ્રાણત્યાગના પ્રસંગે પણ કોને ત્યાજ્ય ન ગણવો ? અનન્ય શરણ માગનારને. ૨૮

को नित्यातिथिरुक्तश्छात्रः संन्यासिनस्त्ववीरा स्त्री ।
किं देयं चान्नं कं वासोयुग्मं च पुस्तकं साधु ।।२९।।

કાયમનો અતિથિ કોને કહ્યો છે ? વિદ્યાર્થી, સંન્યાસીઓ અને પતિપુત્ર રહિત (અનાથ) સ્ત્રીને શું આપવા યોગ્ય છે ? અન્ન, પાણી, વસ્ત્રની જોડી અને સારૂં પુસ્તક. ૨૯

कः संन्यासी प्रोक्तो यस्येच्छास्तं गता न काषायी ।
का योगी नो सहते त्रीशायोगं न किञ्चिदभ्यासी ।।३०।।

સંન્યાસી કોને કહ્યો છે ? જેની ઈચ્છા અસ્ત થઇ ગઇ છે તે; નહીં કે ભગવાં વસ્ત્રધારી. યોગી કોણ છે ?

જે દત્ત (ભગવાન)નો વિયોગ સહન કરી શકતો નથી. થોડો અભ્યાસી (સુંઠને ગાંગડે ગાંધી થએલો) હોય તે નહીં. ૩૦

प्रश्नोत्तरमालेयं 'रङ्ग' ग्रथिता मुमुक्षुभूषा यै ।
तोषायास्तां विदुषां दुर्जनदोषापहा सदा लोके ॥३१॥

આ પ્રશ્નોત્તરમાલા મુમુક્ષુઓને વિભૂષિત કરવા માટે વિદ્વજ્જનોના સંતોષ માટે રંગે (રંગ અવધૂત મહારાજે) ગ્રથિત કરી છે અને તે લોકમાં સદા દુર્જનના દોષને દૂર કરનારી થાઓ. ૩૧

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचिता प्रश्नोत्तरमाला सम्पूर्णा ।

३ अक्षरगीता ।

अहिंसा परमो धर्मस्त्वकारेण निरूपितः ।
मनसा कर्मणा वाचा न हन्यादल्पमप्यतः ॥१॥

૩ અક્ષરગીતા

કાર કહે છે કે અહિંસા એ જ પરમ ધર્મ છે. માટે મન વચન કે કર્મથી અલ્પમાં અલ્પ પણ પ્રાણીને દુભવવું નહિ. ૧

आशादासो जगद्दासो निराशीरवनीपतिः ।
तस्माद्ध्याशां समुच्छिद्य स्वानन्दे रमते बुधः ॥२॥

જે આશાનો દાસ છે તે જગતનો દાસ છે, જે આશારહિત છે તે જગતનો બાદશાહ છે અને તેથી જ એ આશાનો સમૂળ નાશ કરીને જ્ઞાની પુરુષ નિજાનંદમાં મસ્ત રહે છે. ૨

इडा कामदुघा प्रोक्ता सत्यवत्सा बलप्रदा ।
सेवध्वं मुनयः सर्वे सर्वभावेन तामतः ॥३॥

ઈડા એટલે વાણીરૂપી ગાય. એ કામધેનું છે. એનું વત્સ સત્ય છે, એ બલપ્રદા છે. તેથી હે મુનિઓ, સર્વ-ભાવે તેનું સેવન કરો. ૩*

ईशानः सर्वभूतानामीड्यो नान्यः कथञ्चन ।
यदीक्षणाज्जगज्जातं यस्मिन्नेव प्रतिष्ठितम् ॥४॥

ઈશાન એટલે પ્રાણીમાત્રનો નિયંતા પરમાત્મા જ સ્તવન કરવા યોગ્ય છે કારણ કે એના વગર કોઈ પણ રીતે બીજો કોઇ છે જ નહીં (અને તેથી જ સ્તવનીય કે

---

*અહિંસા શ્રેષ્ઠ છે ધર્મ, ૐકાર એહવું કથે;
મન-કર્મે ન વાણીથી, હણે અલ્પેય તેથી કો. ૧
આશાદાસ જગદ્દાસ, નિરાશી પૃથિવીપતિ;
રમે જ્ઞાની નિજાનંદે, છેદી તેથી જ આશને. ૨
ઈડા કામદુધા કીધી, સત્યવત્સા બલપ્રદ;
સેવો તથા સર્વભાવે, મુનિઓ સર્વ એહને. ૩

---

*અક્ષર ગીતાના પ્રથમ ત્રણ શ્લોકનું પૂ. શ્રી. એ કરેલું સમશ્લોકી ભાષાંતર.

ઉપાસનીય પણ એ એક જ છે.) એના ઇક્ષણથી જ-સંકલ્પ માત્રથી જ જગત ઉત્પન્ન થયું છે અને એને આધારે જ સ્થિત છે. ૪

उच्चलं निर्मलं यस्य किं तीर्थैस्तस्य भूतले ।
उच्चलं नामलं यस्य किं तीर्थैस्तस्य भूतले ।।५।।

જેનું મન (ઉચ્ચલ) નિર્મળ છે તેને આ ભૂતલ પરના તીર્થોથી શું પ્રયોજન છે? અને તીર્થોમાં રખડવા છતાં ય જેનું મન નિર્મળ નથી બન્યું તેને પણ એ નિરર્થક છે. ૫

उच्चावचेषु भूतेषु समदृष्टिर्विशिष्यते ।
उत्कृष्टं हि समं ब्रह्म तस्माद् ब्रह्मणि स स्थितः ।।६।।

ઊંચનીચ સર્વ પ્રાણીઓ તરફ જે સમાન દૃષ્ટિ રાખે છે તે શ્રેષ્ઠ છે કારણ કે સર્વત્ર સમાન રહેલું બ્રહ્મ એ જ ઉ એટલે સર્વ શ્રેષ્ઠ છે અને તેથી જ આવી સર્વત્ર સમાન દૃષ્ટિ રાખનાર બ્રહ્મમાં સ્થિર છે. ૬

ऊर्ध्वमूलमधःशाखं संसारद्रुममुन्नतम् ।
छित्वाऽसङ्गासिना तूर्णं तत्पदं याहि मुक्तिदम् ।।७।।

સંસાર એ એક ઉન્નત વૃક્ષ છે. તેના મૂળ ઉપર છે અને શાખા નીચે છે. અસંગ રૂપી અસિથી તેનું છેદન કરીને મુકિતદાતા પરમ પદની પ્રાપ્તિ કરો–એવો આ શ્લોકમાં ઊ ને નિમિત્ત કરીને બોધ આપ્યો છે. ૭

ऋजुगाय ऋषिः प्रोक्तो वक्रो वञ्चक उच्यते ।
ऋजुरेव लभेन्मुक्तिं वक्रः स्वार्थात्प्रमुच्यते ॥८॥

જે સરળ (એટલે નિર્વાણ બ્રહ્મનું ગાન કરનાર) છે તેને ઋષિ કહે છે. જે વક્ર (વાંકો છળકપટથી ભરેલો, મનનો મેલો) છે તેને વંચક (ઠગ, સ્વાત્મા સાથે છેતરપીંડી કરનાર) કહે છે; કારણ કે જે ઋજુ (સરળ, નિષ્કલંક અને) છે તેજ મુક્તિ પામે છે. વાંકો ચાલનાર આત્મપ્રાપ્તિથી; સ્વાત્મધનથી ચ્યુત થાય છે. ૮

ऋक्थेच्छादित्रयं त्यक्त्वा तत्पदं याहि सुव्रत ।
नामृतत्वस्य ह्याशाऽस्ति वित्तेनेति श्रुतिर्जगौ ॥९॥

ધન (ઋક્થ) આદિ ત્રણ ઈચ્છાઓનો ત્યાગ કરીને હે સુવ્રત ! પરમ પદની પ્રાપ્તિને પંથે પ્રયાણ કર. ધનથી અમૃતત્વની પ્રાપ્તિની આશા વ્યર્થ છે એવું શ્રુતિએ ગાયું છે. ૯

एकमेवाद्वितीयं तन्नान्यत्किञ्चित्ततः परम् ।
एकधा बहुधा भाति नामरूपादिभेदतः ॥१०॥

તે બ્રહ્મ એકજ છે, અદ્વિતીય છે તેનાથી પર બીજું કશું જ નથી. નામરૂપ આદિ ઉપાધિભેદને કારણે તે એક હોવા છતાં અનેકવિધ ભાસે છે. ૧૦

चित्तैकाग्रयक्रुपाणेन धृत्या परमया वृतः ।
जहि शीघ्रं महाबाहो एकागारिकपग्रक्रमम् ॥११॥

પરમ ધીરજયુક્ત બનીને ચિત્તની એકાગ્રતા રૂપ (ઐકાગ્ર્ય) કૃપાણુધારણ કરીને પાંચ વિષયો રૂપી ચોરોનો હે મહાબાહો ! સત્વર સંહાર કર ૧૧

ओङ्कारधनुरादाय ह्यात्मेषुं ब्रह्मणि क्षिपेत् ।
अप्रमत्तं सदा साध्वो बाणवत्तन्मयो भवेत् ॥१२

ઓંકારરૂપી ધનુષ લઇને તેમાં આત્મ (ચિત્તવૃત્તિ) રૂપી બાણ ચઢાવીને શરસંધાન કરીને બ્રહ્મરૂપી લક્ષ્યનું, પ્રમાદનો ત્યાગ કરી, વેધન કરવું અને જેમ બાણ લક્ષ્યમાં તન્મય બને-ચોંટી જાય તેમ આત્મામાં તન્મય થવું. ૧૨

औषधं भगवन्नाम वैद्यः कारुणिको गुरुः ।
संसाररोगनाशाय पथ्यं साधुसमागमः ॥१३॥

(જેને સંસારનો રોગ લાગુ પડયો છે તેને માટે) ભગવાનનું નામ એ ઔષધ છે. (એ ઔષધ દેનાર) વૈદ્ય તે કરુણાભર્યો ગુરુ છે અને (તે ઔષધની) પરેજી ચરી સંતસમાગમ છે. ૧૩

कर्मैव कारणं विद्धि जीवानां सुखदुःखयोः ।
सार्थं बन्धाय निष्कामं मुक्तये समुदाहृतम् ॥१४॥

જીવના સુખદુઃખનું કારણ કર્મ છે. સકામ કર્મ બંધનનું કારણ છે અને નિષ્કામ કર્મ મુક્તિપ્રદ છે એમ કહ્યું છે. ૧૪

एकं खं बहुधा भातमुपाधिगुणतो यथा ।
एवं चिन्निर्मला प्रोक्ता बहुधोपाधियोगतः ॥१५॥

આકાશ (खं) એક જ છે પણ ઉપાધિ અને ગુણને કારણે અનેકવિધ ભાસે છે. ચિત્ એક છે, નિર્મળ છે, પણ ઉપાધિ-યોગથી અનેકવિધ ભાસે છે ૧૫

गुणमूलो हि संसारो गुणातीतं तदुच्यते ।
निर्गुणत्वमियात्तस्माद् गकारगर्जनं त्विदम् ॥१६॥

સંસાર ગુણમૂલક છે. પરમ તત્ત્વ ગુણાતીત છે. તેથી નિર્ગુણત્વ પ્રાપ્ત કરો, એવો ગકારનો ગર્જનયુક્ત બોધ છે. ૧૬

घटे भिन्ने घटकाशं लीयते च महाम्बरे ।
देहे नष्टे तथा देही लीयते परमात्मनि ॥१७॥

ઘટ જ્યારે ભાંગી જાય ત્યારે તેમાંનું ઘટાકાશ મહાકાશમાં ભળી જાય છે તેમ દેહ નષ્ટ થાય છે ત્યારે દેહી-આત્મા પરમાત્મામાં લીન થઈ જાય છે. ૧૭

चकोरस्य यथा प्रीतिश्चन्द्रेऽस्मिन्निर्मला तथा ।
परे चेत्को न मुच्येत जन्मसंसारबन्धनात् ॥१८॥

ચંદ્રમાં ચકોરની જેની એકનિષ્ઠ નિર્મળ પ્રીતિ છે તેવો નિર્મળ પ્રેમ જો પરમાત્મામાં હોય તો જન્મ-સંસારના બંધનમાંથી કોણ મુક્ત ન થાય ? (અર્થાત્ બધા જ મુક્ત થાય. ૧૮

छागीमेकां त्रिस्तनीं दृश्यवत्सां
　　चित्रस्वाङ्गां दुःखदुग्धामवृद्धाम् ।
प्रज्वाल्याग्निं यो हुनेद्धृत्सुकुण्डे
　　स्वर्गे लोके तिष्ठतेऽनन्तकालम्　　　　॥१९॥

જેને ત્રણ આંચળ છે, પ્રાપંચિક દૃશ્ય જેનું વાછરડું છે, જેના અવયવો ચિત્રવિચિત્ર છે, દુઃખ એજ જેનું દૂધ છે, જે નિત્ય જુવાન છે એવી એક બકરી (छागी) છે; તેને જે હૃદયરૂપી કુંડમાં અગ્નિ પ્રજ્વલિત કરીને હોમે છે તે અનન્તકાળ સુધી સ્વર્ગલોકમાં નિવાસ કરે છે. ૧૯

जकारेण जपः प्रोक्तः पायते जन्मतो यतः ।
　　मखश्रेष्ठः सतां श्लाघ्यस्त्रिक्रमो मुक्तिदायकः ॥२०॥

જકાર દ્વારા જપ કહેવામાં આવ્યો છે કારણ કે તે જન્મમરણના ભયમાંથી રક્ષણ કરે છે. સંતો પણ જેની પ્રશંસા કરે છે એવો એ સર્વશ્રેષ્ઠ યજ્ઞ છે. એ ત્રણ પ્રકારે-ઉપાંસુ, માનસિક અને જોરથી-કરવાથી મુક્તિદાયક બને છે. ૨૦

झम्पारुसौहृदं त्यक्त्वा झर्झरीशसखो भव ।
　　यत्तेजोबिन्दुमात्रेण त्रैलोक्यं झगझगायितम् ॥२१॥

મનરૂપી બંદર (झंपारु) ની મૈત્રીનો ત્યાગ કરીને જેના તેજના બિન્દુ માત્રથી આ ત્રણે લોક ઝગઝગતો પ્રકાશ પામે છે તે શંકરની મૈત્રી સાધ ૨૧

टङ्कप्रहारसहनेन सुरत्वमेति
ह्यश्मा जडोऽपि किमु नेह मनुष्यजन्मा ।
मा म्लानतावशमुपेहि विधौ प्रतीपे
सर्वंसहेव वह दुःखसुखादि लोके । ॥२२॥

પાષાણુ જેવો જડ પદાર્થ પણ ટાંકણા (टंक) ના પ્રહાર સહન કરીને દેવત્વ પ્રાપ્ત કરે છે તો મનુષ્ય શું ન પામી શકે ? વિધિ પ્રતિકૂળ હોય તો પણ જીવનપથમાં ખેદ મા કરીશ જગતમાં-સંસારમાં દૈવયોગે જે કાંઈ સુખ-દુઃખાદિ આવી મળે તે, સર્વ સહન કરનાર મા ભોમની માફક, સહન કર ૨૨

ठक्कुरश्वापि पूज्यः स्यान्नीचाश्वो न कदाचन ।
ठक्कुरं शरणं याहि त्रीशमेकं जगत्पतिम् ॥२३॥

કોઈ ઠાકોર (ठक्कुर) કે મોટા માણસનો કૂતરો પણ આદર પામે છે હલકા માણસના ઘોડાને પણ કોઈ તેટલું પૂછતું નથી જગત્પતિ ત્રિલોકનો નાથ એ એક જ સાચો ઠાકોર છે માટે એને જ શરણ જા. ૨૩

ओङ्कारडमरुद्घोषाद् द्रावयाशुभडाकिनीम् ।
डिम्भो भूत्वा डयस्वार्यं मा डोमरत्वं समाचार ॥२४॥

ઓંકારરૂપ ડમરુના ઘોષથી એટલે પ્રણવનો ઉચ્ચાર કરી પ્રણવના નાદથી અશુભ વાસનારૂપી ડાકિણીને ભગાડો અને પ્રણવરૂપી ડમરુના નાદથી ભડાકિની એટલે ભ્રાંતિ-

રૂપી ડાકિનીને 'આશુ' એટલે સત્વર ભગાડી દો. બાળક બનીને હે આર્ય ! અંતરિક્ષમાં ઊડ. હલકટપણું મા કર. ૨૪

क्षमा ढालयुतो यस्तु सत्यखड्गसमन्वितः ।
शीलवर्मसमायुक्तः स केन परिभूयते ॥२५॥

જે ક્ષમારૂપી ઢાલયુક્ત છે, જેણે સત્યરૂપી ખડ્ગ ધારણ કર્યું છે, જે ચારિત્ર્યના વિજ્ઞાનરૂપ વર્મથી (બખ્તર) રક્ષિત છે તેને કોણ પરાજિત કરી શકે ? (અર્થાત્ કોઇ જ નહીં.) ૨૫

तकारो विषयाध्यासस्तन्मुक्तं तु यदा मनः ।
उन्मनी गदिता शास्त्रे सिद्धयेन्मोक्षप्रदायिनी ॥२६॥

તકાર એટલે વિષયાધ્યાસ એ વિષયાધ્યાસથી જ્યારે મન મુક્ત થાય છે ત્યારે તે ઉન્મની અવસ્થા કહેવાય છે. એવું શાસ્ત્રમાં કહ્યું છે એ ઉન્મની અવસ્થા જ્યારે સિદ્ધ થાય છે ત્યારે તે મોક્ષને અપાવનારી બને છે. ૨૬

यश्चलोऽणुर्महान्वापि सर्वं ब्रह्मैव केवलम् ।
इति स्यान्निश्चलो बोधस्तं थ न बाधते कदा ॥२७॥

અચળ પર્વત અર્થાત્ સ્થાવર વસ્તુઓ અને અણુ-પરમાણુ કિંવા મહાન વસ્તુઓ-સ્થાવર જંગમ જે કાંઈ છે તે સર્વ કેવળ બ્રહ્મ જ છે એ નિશ્ચળ બોધ-જ્ઞાન જેને પ્રાપ્ત થયું છે તે અભયપદ પામે છે. ૨૭

दकारेण दमः प्रोक्तो दीने दानं दया तथा ।
दंशादीनां परित्यागः स्वात्मदोषानुदर्शनम् ॥२८॥

દકાર દ્વારા દમ એટલે ઇન્દ્રિયદમન કરવાનું કહ્યું છે. વળી જે દીન છે તેના પ્રત્યે દયાભાવ રાખવાનો અને દાન આપવાનો બોધ છે. દંભ આદિનો ત્યાગ કરીને પોતાના જ દોષ જોવાનું 'દ'કાર દ્વારા સૂચન છે. ૨૮

धारणाद्धर्म इत्याहुर्भेदभावान्न तद्भवेत् ।
तस्माद्भेदं परित्यज्य नित्यधर्मं समाश्रयेत् ॥२९॥

જે વ્યકિત અને સમાજને ધારણ કરે, છિન્નભિન્ન થતા અટકાવે, તેનું નામ ધર્મ. ભેદભાવથી એ બની શકે નહિ. માટે ભેદભાવનાનો ત્યાગ કરી નિત્ય એવા ધર્મનો આશ્રય કરવો ૨૯

धर्ममूला श्रियः प्रोक्ता धर्ममूलं तथा सुखम् ।
धर्ममूला च कीर्तिः स्यात्तस्माद् धर्मं समाचरेत् ॥३०॥

સર્વ સંપત્તિનું મૂળ ધર્મ છે તેમજ સર્વ સુખનું મૂળ પણ ધર્મ છે. કીર્તિનું મૂળ પણ ધર્મ જ છે. માટે મનુષ્યે ધર્મનું જ સમ્યક્ પ્રકારે આચરણ કરવું જોઈએ. ૩૦

आदिमध्यावसानेषु यत्कर्म निर्मलं श्रुतम् ।
तद्धर्म इति जानीहि ज्ञात्वाप्येवं समाचर ॥३१॥

જે કર્મ આદિમાં, મધ્યમાં અને અંતે નિર્મળ છે તે કર્મ ધર્મ છે એમ જાણ અને જાણીને તે પ્રમાણે આચરણ કર. ૩૧

नर्मदा शर्मदा लोके पुरारिपददा मता ।
ये सेवन्ते नरा भक्त्या ते न यान्ति पुनर्भवम् ।।३२।।

આ લોકમાં 'નર્મદા' આનંદ દેનારી છે અને શિવ પદ દેનારી છે એમ મનાય છે જે મનુષ્ય તેને ભકિતથી સેવે છે તેનો પુનર્જન્મ થતો નથી. ૩૨

परार्थो हि परं पुण्यं पापं तु परपीडनम् ।
प्रकारगर्जनामेतां श्रुत्वा जागृहि जागृहि ।।३३।।

પરહિત એ જ પરમ પુણ્ય છે અને પરપીડન એ જ પાપ છે. આ પ્રકારની ગર્જના છે તેને સાંભળીને હે માનવી ! જાગ્રત થા, જાગ્રત થા. ૩૩

परार्थे जीवनं यस्य स पुमान्सद्भिरुच्यते ।
कीटोऽपि स्वोदरापूर्तौ यततेऽत्र न विस्मयः ।।३४।।

જેનું જીવન પરાયા કાજે છે તેને સારા માણસો પુમાન એટલે નર કહે છે, કારણ કે પોતાનું પેટ ભરવા માટે તો કીટ પણ પ્રયત્ન કરે છે તેમાં વિસ્મય પામવા જેવું શુ છે ? ૩૪

फलाकाङ्क्षा हि बन्धाय निष्काङ्क्षोऽमृतमश्नुते ।
तस्मात्काङ्क्षां परित्यज्य यततां लोकसङ्ग्रहे ।।३५।।

ફળની આકાંક્ષા જ બંધનનું કારણ છે. જે આકાંક્ષા રહિત છે તે અમૃતત્વને પ્રાપ્ત કરે છે તેથી આકાંક્ષાનો પરિત્યાગ કરીને કેવળ લોકસંગ્રહ અર્થે જ કર્મનું આચરણ કરવાનો યત્ન કરવો જોઇએ. ૩૫

बलं बलवतां विष्णुर्निर्बलानां बलं हरिः ।
स्वकुलादिबलं त्यक्त्वा हरिमेकं समाश्रयेत् ॥३६॥

બળવાનોનું બળ વિષ્ણુ છે. નિર્બળનું બળ પણ હરિ છે તેથી પોતાના કુળ આદિના બળનો ત્યાગ કરીને એક માત્ર હરિને જ આશ્રયે જા. ૩૬

भक्तिर्गरीयसी लोके विभक्तिभयनाशिनी ।
भुक्तिदा मुक्तिदाऽमोघा तिष्येऽत्र भवनाशिनी ॥३७॥

ભક્તિ જગતમાં શ્રેષ્ઠ છે. જુદાપણાને લીધે ઉત્પન્ન થતો ભય નાશ કરનારી છે ભુક્તિ અને મુક્તિ ઉભયની દાતા છે કદી નિષ્ફળ ન જાય તેવી છે. (અને તેથી તેનો જો આધાર ગ્રહણ કરીએ તો) આ કળિકાળમાં અહીં જ ભવનો (એટલે જન્મમૃત્યુના બંધનોનો) નાશ કરનારી છે. ૩૭

ममेति बध्यते जन्तुर्न ममेति प्रमुच्यते ।
निर्ममो निरहंकारः सुखमत्यन्तमश्नुते ॥३८॥

'મારૂં' માન્યું એટલે પ્રાણી બંધાય છે. 'મારૂં કોઈ નથી' એવી દૃઢ ભાવના થઈ કે દુઃખના બંધનથી મુકત થાય છે. માટે જ જેને 'હું' અને 'મારૂં' નથી તેજ નચુ઼ં સુખ પામે છે. ૩૮

यमी वन्द्यो यमी धन्यो मोक्षभाक् शीघ्रमेव सः ।
यमो न वीक्षते तात यमिनं श्रीशसेविनम् ॥३९॥

જે સંયમી(યમી) છે ને વંદનીય છે, જે સંયમી છે તે ધન્ય છે. તે વિના વિલંબે મોક્ષ પામે છે. હે તાત ! એવા સંયમી ભગવદ્ભકતની સામે જોવાની યમની પણ તાકાત નથી. ૩૯

रमानाथो रदो दासदुःखात्यन्तनिवर्तकः ।
रमन्ते योगिनो यत्र स रामः किं न सेव्यते ।।४०।।

રમાનાથ એટલે લક્ષ્મીપતિ પરમાત્મા ઈચ્છા પૂરણ કરનાર છે અને અનન્યભાવે શરણ જનારના દુઃખનું કાયમ નિવારણ કરનાર છે. જેમાં યોગીઓ રમમાણ થાય છે તે રામની-પરમાત્માની સેવા કેમ નથી કરતા ? ૪૦

लघिमा महिमा चैव कर्मणा भवति प्रभो ।
ईशेन पूरितं सर्वं को लघुः को गुरुर्भुवि ।।४१।।

લઘિમા અને મહિમા આદિ સિદ્ધિઓ અને વ્યાવહારિક લઘુતા મહત્તા માણસના કર્મથી નિપજે છે. જગત સર્વ પરમાત્માથી પરિપૂર્ણ છે ત્યાં સંસારમાં નાનું કોણ અને મોટું કોણ ? (અર્થાત્ બધાં સમાન છે.) ૪૧

वासना जन्ममूलं स्यात्तन्मुक्तो मुक्त उच्यते ।
वासनातानवाद्ध्याशु मनोभङ्गस्ततः परम् ।।४२।।

જન્મનું મૂળ વાસના છે. તેનાથી જે મુકત થાય તે મુકત છે. વાસના ક્ષીણ કરવાથી સત્વર મનોભંગ થાય છે અને મનોભંગ થતાં જ પરમ તત્ત્વની પ્રાપ્તિ સ્વયંસિદ્ધ જ છે. ૪૨

शङ्करं शकरं लोके सुखदं शरणं व्रजेत् ।
श्यतीति शङ्करः प्रोक्तः शं करोतीति वा हरिः ॥४३॥

જગતનું જે કલ્યાણ કરે છે તેને શંકર કહે છે. જગતમાં તે જ સર્વ સુખ આપનાર છે. માટે તેને શરણ જવું જોઈએ. જે ભક્તોનાં દુઃખોને ક્ષીણ કરે છે, નિવારણ કરે છે તે શંકર છે. અથવા તે જ સર્વ દુઃખ હરણ કરનાર હરિ જે જગતનું કલ્યાણ કરતો હોવાથી શંકર કહે છે. ૪૩

षडारातिगणं हत्वा षण्मुक्तो भव सुव्रत ।
षण्ढालीसहगा ह्येते षण्ढत्वं त्वां नयन्ति भोः ॥४४॥

હે સુવ્રત (હે સારે રસ્તે વળેલા, પરમાત્મપ્રાપ્તિ માટે કટિબદ્ધ થએલા સાધક !), રસરૂપી છ (ષડ્) શત્રુઓનો નાશ કરીને (કામ, ક્રોધાદિ) ષડ્ વિકારોમાંથી મુક્ત થા, કારણ કે એ, (માયારૂપી) વ્યભિચારિણી સ્ત્રીના સહચરો છે. બધી રીતે એ તને નિર્માલ્ય બનાવશે. ૪૪

सत्यमेव परो धर्मः सत्यमेव परं तपः ।
सत्यमेव परा पूजा तस्मात्सत्यं समाश्रयेत् ॥४५॥

સત્ય એ જ પરમ ધર્મ છે, સત્ય એ જ પરમ તપ છે, સત્ય એ જ મહાપૂજા છે, તેથી સત્યનો સારી રીતે આશ્રય ગ્રહણ કરવો જોઈએ. ૪૫

सत्यं ज्ञानमनन्तं यद् ब्रह्माचिन्त्यमरूपकम् ।
तत्पदार्थेन विख्यातं तत्परो भव सुव्रत ॥४६॥

જે બ્રહ્મ છે તે સત્યસ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે, અનન્ત છે, અચિન્ત્ય છે, અરૂપ છે, તત્પદમાં લક્ષ્યાર્થથી એનું જ અનેક રીતે બ્યાન કરેલું છે. માટે હે સુવ્રત! તત્પરાયણ થા. ૪૬

हकारो रविरित्युक्तष्ठकारश्चन्द्र उच्यते ।
तयोरैक्यं हठं विद्धि न हठो देहपीडनम् ॥४७॥

હકાર એટલે રવિ (પ્રાણ અથવા પરમાત્મા) અને ઠકાર એટલે ચંદ્ર (એટલે અપાન કિંવા જીવાત્મા). ઉભયની એકતાને હઠયોગ કહેવામાં આવે છે. કેવળ દેહપીડન એ સાચો હઠયોગ નથી. ૪૭

हरिरेव हरः साक्षाद्धर एव हरिः स्वयम् ।
अभेदे भेदमारोप्य त्वक्षयं नरकं व्रजेत् ॥४८॥

હરિ એ જ સાક્ષાત્ હર છે અને હર એ હરિ પોતે જ છે. (હર અને હરિ અભેદ છે તે) અભેદમાં જે ભેદબુદ્ધિનો આરોપ કરે છે તે કાયમના નરકમાં જાય છે. ૪૮

हर्षशोकौ समौ कृत्वा लाभहानी तथैव च ।
मानामानौ स्तवं निन्दां ह्यात्मानन्दे सदाऽऽरम ॥४९॥

હર્ષ અને શોક એ સમાન માનીને, લાભહાનિને પણ સરખાં ગણીને માન અપમાન, સ્તુતિનિંદા વગેરેને પણ સરખાં જ ગણીને સદા આત્માનંદમાં જ રમણ કર. ૪૯

रङ्ग'प्रणीता त्वक्षरगीता गेया ध्येया मुक्तिप्रदा ।
नो देया सा यस्मै कस्मै सच्छिष्याय सदा देया ॥५०॥

રંગપ્રણીત આ અક્ષરગીતાનું ગાન કરવાથી, અને ધ્યાનપૂર્વક તેનું ચિંતન કરવાથી તે મુક્તિપ્રદા બને છે. એ ગમે તેને આપવા યોગ્ય નથી. જે સચ્છિષ્ય છે તેને સદા આપવા યોગ્ય છે. ૫૦

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचित अक्षरगीता सम्पूर्ण ।

४ बोधमालिका ।

वासुदेवगुरुं नत्वा सत्तामात्रं सदोदितम् ।
स्वात्मरञ्जनमात्रार्थं तन्यते बोधमालिका ॥१॥

૪ બોધમાલિકા

વાસુદેવ ગુરુને નમું સત્તાજ્યોતિસ્વરૂપ;
સ્વાત્મરંજન કારણે ગૂથું માળ સુરૂપ. ૧

कर्मणा मलमाक्षाल्य पूर्वपापसमुद्भवम् ।
उपासनेन विक्षेपं ज्ञानेनावरणं त्यजेत् ॥२॥

પૂર્વ પાપ મળ[1] કર્મથી, ઉપાસને [2]વિક્ષેપ;
ત્યજે આવરણ[3] જ્ઞાનથી; એ સાધનસંક્ષેપ. ૨

---

૧. પૂર્વપાપના સંસ્કારરૂપ મળ, જેથી સત્કર્મમાં પ્રવૃત્તિ જ ન થાય. ૨ વિષયવાસનાઓથી ચિત્તમાં રહેતી ચંચળતા. ૩. સ્વરૂપાચ્છાદક અજ્ઞાન.

कर्मैव कारणं विद्धि जीवानां सुखदुःखयोः ।
सार्थं बन्धाय निष्कामं मुक्तये समुदाहृतम् ॥३॥

કારણ સુખદુઃખો તણું, કર્મ જાણ તમામ;
બાંધે સકામ સર્વને, કરે મુકત નિષ્કામ. ૩

औषधं भगवन्नाम वैद्यः कारुणिको गुरुः ।
संसाररोगनाशाय पथ्यं साधुसमागमः ॥४॥

ભવની ભાવટ ભાંગવા, ઓષડ હરિનું નામ;
વૈદ્ય દયાળુ સદ્‌ગુરુ, ચરી સુસંગ [1]અકામ. ૪

मंत्रमूलं गुरोर्वाक्यं गुरोराज्ञा तु पद्धतिः ।
स्मरणं कवचं प्रोक्तं गुरोर्नाम सहस्रकम् ॥५॥

મંત્રમૂળ ગુરુવાકય છે, પદ્ધતિ[2] આજ્ઞા આમ;
સ્મરણ કવચ કહ્યું તને, સહસ્રનામ ગુરુનામ. ૫

हृदयं परिचर्या स्याद् गीता स्वैरकथास्तथा ।
शिष्याज्ञानसंहर्तेश्च गुरुः साक्षाद्धरः स्मृतः ॥६॥

ગીતા સ્વૈરકથા કહી[3], સેવા હૃદય[4] સુજાણ;
ગુરુ સાક્ષાત્ શિવ છે નકી, હરે શિષ્ય-અજ્ઞાન. ૬

भाषणं भषणं विद्धि चित्तस्वास्थ्यप्रहारकम् ।
सभा भासो वृथा लोके तस्माज्जागृहि जागृहि ॥७॥

---

૧ નિઃસ્વાર્થ. ૨. મંત્રજપાદિની રીત. ૩. આડીઅવળી વાતો. ૪. શાસ્ત્રીય ઉપાસનાનાં ગીતા, સહસ્રનામ, સ્તવરાજ (સ્તુતિ, કવચ ને હૃદય-એ પંચાગમાંનું હૃદય નામક સ્તોત્ર.

ભાષણ ભસવું જાણ તું. ચિત્તશાન્તિહર જેહ;
સભા ભાસ ખોટો જગે, માટે જાગ [1]સદેહ. ૭

काकाः शब्दं प्रकुर्वन्ति न का-मूलं विजानते ।
सोऽहं हंसस्तु तद्वेत्ति मूकस्तत्त्वे प्रतिष्ठिते ॥८॥

કા...કા[2]...કરંત કાગડા, લહે ન કા-નું મૂળ;
જાણે સોહં હંસ એ, મૂક તત્સ્થ[3] રે' શૂર. ૮

आत्मा मे गुरुराख्यातो मनः शिष्यो ह्यनुत्तमः ।
उपदेशस्तत्त्वमसि सोऽहं मंत्रः सनातनः ॥९॥

આત્મા ગુરુ મારો નક્રી, મન શિષ્યોત્તમ જાણ;
તત્ત્વમસિ ઉપદેશ છે, સોહં મંત્ર પુરાણ. ૯

यावज्जीवं सुखं जीवेज्ज्ञात्वात्मानं परं व्रजेत् ।
जीवात्मैक्यं परं तत्त्वं यज्ज्ञात्वा नो पुनर्भवेत् ।१०॥

આનંદે જીવવું સદા, જાણી આતમ પરમ;
પરમ તત્ત્વ આત્મૈક્ય છે, અનુભવ્યે ન જે જન્મ. ૧૦

स्मरणं स्वस्वरूपस्य ह्यखण्डैकात्मना तु यत् ।
तदेकं भजनं प्रोक्त जन्ममृत्युजरापहम् ॥११॥

અખંડ ચિત્તગ્રયથી, સ્વસ્વરૂપ ચિંતન,
ભજન મુખ્ય એ જાણવું, ટાળે જન્મમરણ. ૧૧

---

૧. શરીર સારૂં છે ત્યાં સુધી ૨ કોણ ? (હું કોણ છું ?)
૩. એ આત્મસ્વરૂપમાં સ્થિર.

यदद्भ्योऽत्र समुत्पन्नं भात फेनादिकं च यत् ।
नामरूपात्मकं विद्धि मिथ्या बुद्बुदवीचयः ॥१२॥

જે જળ માંહે નિપજ્યું, બુદ્બુદ[1] ફીણતરંગ;
નામરૂપ વિણ ના કશું, મિથ્યા જાણ તદંગ. ૧૨

स्मरणं यच्छरीरस्य तद्धि पाखण्डमुच्यते ।
पाखण्डं नरकायैव त्रिः सत्यं प्रब्रवीम्यहम् ॥१३॥

સ્મરણ જેહ શરીરનું, તે જ પાખંડ જાણ;
નરકપ્રાપ્તિ પાખંડથી, નિઃસંશય તું માન. ૧૩

यो येषां सर्वरूपाणि यस्य यत्तत्सुबुध्यताम् ।
रूपभ्रान्तिर्वृथा लोके ह्यरूपं तत्तु निर्मलम् ॥१४॥

યો યેષાં જે યત્ તણાં, મૂળ જાણ તે રૂપ;
રૂપભ્રાંતિ વૃથા જગે, નિર્મળ એહ અરૂપ. ૧૪

मलिना स्वान्तरे ये तु ते न पश्यन्त्यमुं तथा ।
नानारूपधरो योऽसौ भक्तानुग्रहकांक्षया ॥१५॥

અંતરમાં મેલા ન એ દેખે રૂપ યથાર્થ;
ભકતાનુગ્રહ કારણે ધરે રૂપ જે [2]સાર્થ. ૧૫

कृतेषु चाकृतं पश्येदकृतेषु कृतं तथा ।
कृताकृतज्ञः स ज्ञानी न कृतैर्बध्यते कदा ॥१६॥

કર્મે અકર્મ જે જૂએ, કર્મ અકર્મે તેમ;
જ્ઞાની કર્માકર્મને જાણી પડે ન એમ. ૧૬

---

૧ પરપોટા   ૨. અર્થવાળું; સગુણ.

पुनर्भूः स्यात्तथा नैव वासनामुक्तिः पुमान् ।
क्षीणे भोगे तनुं त्यक्त्वा ब्रह्मणा ह्येकतां व्रजेत् ॥१७॥

મુક્ત વાસનાથી તથા જન્મે ફરી ન એહ;
પ્રારબ્ધાન્તે તનુ ત્યજી, ભળે બ્રહ્મમાં તેહ. ૧૭

नरस्त्वकर्मा यश्चान्तः स्मरते विषयांस्तथा ।
पच्यते नरके घोरे मिथ्याचारः स पापभुक् ॥१८॥

બ્હાર અકર્મા, અંતરે કરે વિષયચિંતન;
ઢોંગી પાપાહારી એ, સડે નરકનિમગ્ન. ૧૮

भुक्त्वा यः स्वेच्छया कामानिच्छेच्छान्तिं स मूढधीः ।
घृतेनानलवल्लोके कामो भोगेन वर्धते ॥१९॥

વિષય લ્હેરથી ભોગવી ચહે શાંતિ, ખર તેહ;
વધે કામ જો ! ભોગથી, ઘીથી અગ્નિવત્ એહ. ૧૯

स सर्वानाप्नुयात्कामान् यो निराशः सदान्तरे ।
आशादासो जगद्दासो निराशीः सार्वभौम इत् ॥२०॥

થાય પૂર્ણ તત્કામના, ત્યજે સકળ જે આશ;
જગદ્દાશ આશા તણો દાસ, ભૂપ નિરાશ[1], ૨૦

नो जनिः सत्यमेतस्य त्यक्तेच्छस्य कदाचन ।
कामबीजो भवतरुर्नष्टे बीजे कुतोऽङ्कुरः ॥२१॥

ત્યજે સકળ ઉરકામના, જન્મ ન તેને શૂર;
કામ બીજ ભવવૃક્ષનું, થતાં નષ્ટ [2]નાંકુર. ૨૧

---

૧. જેને કશી આશાતૃષ્ણા નથી તે. ૨. ન અંકુર.

आकारः कल्पनामात्रो ह्याद्यन्ते नैव दृश्यते ।
अस्तिभातिप्रियत्वेन चात्मा ह्येकोऽवशिष्यते ॥२२॥
મન કલ્પના આકૃતિ, આદિઅંતમાં ન ક્યાંય !
અસ્તિભાતિપ્રિયરૂપ[1] છે, આત્મા કેવળ ત્યાંય ! ૨૨

साकारं वा निराकारं ह्येक द्वि त्रीणि वा तथा ।
विवदन्ते वृथा बाला ब्रह्म मानातिगं हि तत् ॥२३॥
નિરાકાર સાકાર વા, બે ત્રણ વા એ એક ?
વૃથા અજ્ઞ[2] વિવદે[3] તથા; બ્રહ્મ માનપર[4] છેક ! ૨૩

यः स्मरन् याति यद्भावं तद्भावं स व्रजेद् ध्रुवम् ।
इत्येषा ध्यानमीमांसा कथिता योगवित्तमैः ॥२४॥
ત્યજે દેહ જે સ્મરણમાં, અને તેહ તે રૂપ,
ધ્યાન મર્મ યોગીશ્વરો કહે આને જ ભૂપ. ૨૪

यस्तरन्भवसिन्धुं नौ विस्मरेदात्मवैभवम्
न स कालत्रये मृत्योर्वशं याति सुवित्तमः ॥२५॥
ભૂલે આત્મૈશ્વર્ય ના, કરતાં ભવજલ પાર;
થાય મૃત્યુવશ ના કદી, તેહ જ્ઞાનીનો બાળ. ૨૫

एको यः शाश्वतो नित्यः को हन्यात्केन तं कथम् ।
सर्वं ह्यात्मेति जानीयाद् मृत्योर्मृत्युः स भीषणः ॥२६॥
એક નિત્ય અવિનાશી જે, હણે કોણ એ કેમ ?
જાણ સર્વ આત્મા જ આ, જમનો જમ એ તેમ ! ૨૬

---

૧. સચ્ચિદા-નંદસ્વરૂપ. ૨. અજ્ઞાની. ૩. વિવાદ કરે.
૪. પ્રમાણથી પર.

स्वं भजन्नान्यदाप्नोति स्वस्मिन्नेव लयं व्रजेत् ।
सर्वं स्वात्मेति ज्ञानेन जीवन्मुक्तश्चरेद् भुवि ॥२७॥

સ્વાત્મભજનથી સ્વાત્મમાં પામેલ લય નિર્વાણ;
સ્વાત્મસ્વરૂપ બધું લહ્યે, જીવનમુક્ત સુજાણ. ૨૭

सुगतिं समवाप्नोति गुरुभक्तः सदानघ ।
तस्मात्सर्वेण भावेन सद्गुरुं शरणं व्रजेत् ॥२८॥

પામે સદ્ગતિ ગુરુ તણો સદા બાળકો જેહ;
ગુરુ શરણે માટે જવું, ભાવપૂર્ણ નતદેહ. ૨૮

वदन्ति विविधं ह्येनमात्मानं सर्वतोमुखम् ।
एकं नित्यमजं देवं कूटस्थमचलं ध्रुवम् ॥२९॥

સર્વવ્યાપી એ આત્મને, નિત્ય અજન્મા એક;
અચલ દેવ ફૂટસ્થ ને કથે વિવિધ ધ્રુવ છેક. ૨૯

स्तोतुं कः प्रभवेन्नूनं ह्यात्मानं तं निरामयम् ।
वेदा यद्वर्णने मूका नेति नेति ब्रुवन्ति हि ॥३०॥

થાકે વેદો વર્ણને, રહે નેતિ[1] કહી મૂક;
નિર્વિકાર એ આત્મને કથે કોણ અચૂક ! ૩૦

यमिनः कर्मशौक्लयेन भवन्ति सद्गुरुप्रियाः ।
किं दुर्लभं ततस्तेषां नास्ति दाता गुरोः परः ॥३१॥

વિશુદ્ધ કર્મે સંયમી બને સદ્ગુરુ પ્રાણ;
શું દુર્લભ તેને પછી ? દાતા શ્રેષ્ઠ ન આન. ૩૧

---

૧. न+इति=એ પરમાત્મા આવો નથી.

वदान्ये परमे रत्वा कोऽन्यत्र रन्तुमाव्रजेत् ।
स्वायत्तां पद्मिनीं त्यक्त्वा कः परां कुट्टिनीं व्रजेत् ॥३२॥

પરમાત્માનંદે રમી દોડે વિષયે કોણ ?
ત્યજી પદ્મણી ઘરની કો વરે કોઢિલી આન ? ૩૨

कं ध्यायेत् क वदेत् साधो मनः क ह्यव वेशयेत् ।
अन्या वाचो विमुञ्चेन कं सर्वत्र विभावयेत् ॥३३॥

રાખી મન બ્રહ્મે સદા ધ્યાવું વદવું બ્રહ્મ;
બીજી બાતો મૂકીને, જોવું સઘળે બ્રહ્મ. ૩૩

यः सर्वं स्वात्मनीक्षेत स्वात्मानं सर्वगं तथा ।
तस्य सर्वमयस्यात्र कुतः शोकाप्तिरमृत ॥३४॥

જૂએ સર્વને સ્વાત્મમાં, સ્વાત્મ સર્વમાં તેમ;
બન્યો સર્વમય જગતમાં, શોક ન તેને એમ. ૩૪

निर्दम्भः सदा लोके निर्धनोऽपि च निःस्पृहः ।
यतात्मा योगिराडत्र विना पुण्यं न दृश्यते ॥३५॥

દંભરહિત સંયમી સદા, નિર્ધન નિઃસ્પૃહ તોય;
યોગિરાજનું પુણ્ય વિણ દર્શન એહ ન હોય, ૩૫

असारः सार इत्येवं मत्वा दुःखं व्रजेन्नरः ।
अतस्मिंस्तन्मतिर्नूनमध्यासो दुःखमूलकम् ॥३६॥

માની સાર અસારને, થાય દુઃખી નર ખાસ;
ના તેને તે માનવું, દુઃખમૂલ અધ્યાસ ૩૬

प्रेमतः परमाप्नोति यस्मात्प्रेममयं बृहत् ।
सर्वात्मैक्यं हि प्रेम स्याद्देहासक्तिर्न नारकी ॥३७॥

પરપ્રાપ્તિ પ્રેમે કહી, પ્રેમરૂપ ભગવાન;
સર્વાત્મૈક્ય પ્રેમ છે, દેહાસક્તિ ન માન. ૩૭

प्रमत्तः स्वात्मचिन्तायाः पश्येद् द्वैतं तु मूढधीः ।
ज्ञाते ह्यात्मनि नो द्वैतं नो शोको मोह आर्तता ॥३८॥

કરે પ્રમાદ સ્વચિંતને, દેખે મૂઢ જ ભેદ:
થતાં સ્વાનુભવ ભેદ ના શોક મોહ દુઃખ ખેદ. ૩૮

पावनं परमेशानं दृष्ट्वाऽप्यज्ञो न पश्यति ।
हित्वा नाभिस्थकस्तूरीं बहिर्धावति हैणवत् ॥३९॥

જોવા છતાં ન ઓળખે, પાવન પરમ સ્વરૂપ;
ત્યજી [1]નાભિસ્થ કસ્તુરી, દોડે મૃગ વન [2]કૂપ. ૩૯

न चान्यत्तदभिन्नं वा भिन्नं कुत्रापि विद्यते ।
यदस्ति तत्तदेवात्र सर्वं ब्रह्मेति वै श्रुतिः ॥४०॥

ના બીજું જ્યાં બ્રહ્મથી, ભિન્ન અભિન્ન જ કૂણ?
જે છે બ્રહ્મ જ તે બધું, 'સર્વ બ્રહ્મ' શ્રુતિ-ધૂન! ૪૦

स्थूलं मृषा मृषा सूक्ष्मं मृषा कारणमेव च ।
तत्परं च परं ब्रह्म कार्यकारणवर्जितम् ॥४१॥

---

૧. ડુંટીમાં રહેલી. ૨. કુવો (પર્વતની ખીણ; ગુફા વગેરેનું નિદર્શક)

સ્થૂલ મૃષા[1] સૂક્ષ્મે મૃષા, મિથ્યા કારણ ભ્રમ;
કાર્ય કારણરહિત એ, એથી પર પરબ્રહ્મ. ૪૧

स्वस्वरूपं तु तद्विद्धि ह्यात्मा ब्रह्मैव केवलम् ।
अहं-ब्रह्मादिसङ्कल्परहितं नामवर्जितम् ॥४२॥

સ્વસ્વરૂપ જ જાણે એ, આત્મા કેવળ બ્રહ્મ;
અહં-બ્રહ્મ સંકલ્પ વિણ, નામરૂપ વિણ સમ. ૪૨

स्वात्मनो नो परं तत्त्वं ज्ञाते चात्मनि नो परः ।
स्वस्मिन्ज्ञाते न ज्ञातव्यं प्राप्तव्यं कार्यमेव वा ॥४३॥

સ્વાત્માથી પર તત્ત્વ ના, સ્વજ્ઞાને ના અન્ય;
જાણવાનું કરવાનું ના, ના પ્રાપ્તવ્ય [2]તદન્ય. ૪૩

निःसङ्गो विहरेल्लोके ह्याप्तकर्मा निराशयः ।
अन्यचिन्तां न कुर्वीत प्रारब्धे दत्तदृक् सुधीः ॥४४॥

નિર્વિકાર ફરે જગે, આપ્તકર્મ નિઃસંગઃ
રાખી દૃષ્ટિ પ્રારબ્ધમાં, ચિંતે અન્ય ન રંગ. ૪૪

अहं ब्रह्मेति शब्दौ द्वौ तत्त्व ह्येकं तु निर्मलम् ।
केनापि वर्ण्यतां नाम्ना वस्त्वन्यन्नो भवेत्क्वचित् ॥४५॥

અહં-બ્રહ્મ શબ્દો જ બે, વસ્તુ સુનિર્મળ એક;
ફાવે તે નામે વદો, પલટે વસ્તુ ન છેક. ૪૫

---

૧ મિથ્યા. ૨. એનાથી બીજું. ૩. જેને કંઈ પણ કર્મ કરવાનું બાકી નથી તેવો.

अहमेव परं ब्रह्म ब्रह्मैवाहं पुनः पुनः ।
ब्रह्मैवैकं न चान्योऽहं नाहं न त्वं न वै ह सः ॥४६॥

હું જ બ્રહ્મ, પર બ્રહ્મ હું; બ્રહ્મ હું જ, હું બ્રહ્મ;
બ્રહ્મ એક, હું અન્ય ના; ના હું તું એ બ્રહ્મ. ૪૬

आत्मा वै ब्रह्मनामास्ति देहभेदे ह्यह तु सः ।
आत्मव्योम्नि देहमेघो रज्ज्वां मिथ्या भुजङ्गमः ॥४७॥

બ્રહ્મ નામ આત્માતણું, દેહે એજ ¹ અહમ ;
દેહમેઘ આત્મા નભે, સર્પ રજ્જુમાં ભ્રમ. ૪૭

सुवचः शृणु मे ह्येतन्नास्ति ज्ञानमतः परम् ।
तत्परो भव तन्निष्ठस्तेन शान्तिमवाप्स्यसि ॥४८॥

સાંભળ સુવચન માહરૂં, આથી શ્રેષ્ઠ ન જ્ઞાન;
પામીશ એથી શાંતિ તું, થા તન્નિષ્ઠ સુજાણ. ૪૮

देहभावेन दासत्वं जीवभावेन चांशता ।
आत्मभावेन ह्येकत्वमित्येषा परमार्थता ॥४९॥

દેહભાવથી દાસતા, જીવભાવથી અંશ;
આત્મભાવથી એક્તા, પરમ સત્ય એ હંસ ! ૪૯

मले निवृत्ते मन आविशेत्स्वयं
ह्युपासनामार्गगमन्तरात्मनि ।
तस्मिन्प्रविष्टे तदु चैव तद्भवे-
न्निरस्तसंकल्पमनामयं स्यात् ॥५०॥

---

૧ હું.

જાતાં મળ, મન આત્મમાં, વસે ભક્તિ વિશુદ્ધ;
થાય તેજ ત્યાં પેસતા, નષ્ટસંકલ્પ [1]પૂત. ૫૦

स्वयं नीरङ्गरङ्गेन ग्रथितैषा सुमालिका ।
स्वाभिन्नसर्वकण्ठेऽतश्चार्पिताऽस्तु सुबोधदा ॥५१॥

રંગમુક્ત રંગે રચી બોધમાલિકા એહ;
અભિન્નભાવે [2]સર્વને અર્પી કંઠે તેહ ! ? ૫૧

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं अक्षरगीता सम्पूर्ण ।

५ मुक्तिस्तोत्रम् ।

शान्तोऽहं शान्तिपुत्रोऽहं न मे वैक्लव्यमापतेत् ।
यदि स्यां विह्वलो ब्रह्मन् कुतो मे शान्तिरूपता ॥१॥

૫ મુક્તિસ્તોત્રમ્ ।

હું શાંત છું, શાંતિપુત્ર છું, અસ્વસ્થતા મારી પાસે કદાપિ આવી શકે તેમ નથી. જો હું અસ્વસ્થ થાઉં તો મારી શાંતિરૂપતા શી ? ૧

व्याधिग्रस्तो हि देहः स्यान्नाहं देहः कदाचन ।
त्रिभिर्मुक्तः सदानन्दो निर्भयोऽस्मि निरामय ॥२॥

---

૧. પવિત્ર બ્રહ્મસ્વરૂપ ૨. i) બધા લોકોને ii) સ ને શ નો અભેદ માનતાં-શર્વને; જ્યાં એ રચાઈ. (સં ૨૦૦૦ના ચૈત્ર વદ પંચમી ગુરુવાર) તે કેદારનાથ મહાદેવને iii, સર્વમય પરમાત્માને

કારણ કે વ્યાધિગ્રસ્ત તો દેહ થાય છે, ને હું તો કદી પણ દેહ નથી. હું તો સ્થૂલ, સૂક્ષ્મ ને કારણ ત્રણે દેહથી મુક્ત, સદા આનંદી, નિર્ભય અને વ્યાધિરહિત છું. ૨

धर्मो देहगतो मृत्युरदेहस्य कुतो मम ।
अयथावद्धि जल्पन्ति मूढा देहात्मवादिनः ॥३॥

મોત એ તો શરીરનો ધર્મ છે હું અશરીરી છું. તો મને મોત કયાંથી હોય ? આ તત્ત્વ ન જાણનાર ને શરીરને જ આત્મા માની બેસનાર મૂઢ લોકો ફાવે તેમ બકયાં કરે છે. ૩

नाहं जातो न मे मृत्युर्देहो गेहं ममेति चेत् ।
अनन्तस्य च का हानिर्नष्टे बिन्दौ तु वार्धितः ॥४॥

હું જન્મ્યો જ નથી તો મારે મોત કયાંથી હોય ? જો કોઈ કહે કે શરીર એ મારૂં-આત્માનું ઘર છે તો હું કહું છું કે હું અનંત છું ને તેથી મારાં ઘર પર અનંત, પાર વગરનાં છે એમાંથી એકાદનો નાશ થાય તો તેથી મારૂં શું નુકશાન થવાનું હતું ? ૪

आकाशस्य यथा हानिर्लाभश्चैव न नाशतः ।
उपाधीनां घटादीनां तथैवात्मानुभाविनाम् ॥५॥

ઘટમઠાદિ ઉપાધિનો નાશ થતાં જેમ આકાશને કોઇ પણ જાતનું લાભનુકશાન નથી તેવી જ રીતે શરીરાદિ ઉપાધિ રહે કે જાય તેથી આત્મજ્ઞાનીને કોઈ પણ જાતનાં લાભ કે નુકશાન નથી. ૫

भूतैस्त्रिनिर्मितो देहो भूतान्येवानुसंव्रजेत् ।
यस्य तं प्राप्तमित्यत्र हर्ष एव विधीयताम् ॥६॥

શરીર એ પંચમહાભૂતનું પૂતળું છે. એનો નાશ થતાં એ પાછું પંચમહાભૂતમાં મળી જાય છે. જેની ચીજ તેને આવી મળે તેથી તો ઉલટો આનંદ થવો જોઇએ. ૬

महतापि प्रवातेन निष्कम्पोऽद्रिर्यथा सुग ।
निजानन्दप्लुतो योगी तथैवाधिसहस्रतः ॥७॥

હે સુમાર્ગે જનાર! જેવી રીતે ફાવે તેટલો જોરથી વંટોળિયો છૂટે તોપણ પર્વત જરાય કંપયમાન થતો નથી, તેવી જ રીતે નિજાનંદમાં ડૂબેલો યોગી હજારો રોગો આવી પડે તો પણ જરાયે ડગમગતો નથી. ૭

यथा जलं जले न्यस्तं विभक्तं त्वेकमेव तत् ।
तथैवात्मा मलास्पृष्टो यत्र कुत्रापि ज्ञानिनः ॥८॥

જેવી રીતે શુદ્ધ જળમાં બીજું શુદ્ધ જળ નાંખીએ અથવા એને જુદુ રાખીએ તો પણ બંને એકરૂપ જ છે તેવી જ રીતે જ્ઞાની પુરુષનો આત્મા ફાવે તે સ્થિતિમાં હોય તો પણ એને મેલનો સ્પર્શ થતો નથી. ૮

हतो हन्ता हनिष्यामि वृथा जल्पन्ति बालिशाः ।
नो हतो न च हन्तव्य हन्ता नैवास्ये विद्यते ॥९॥

ફલાણો મરી ગયો, ફલાણાએ ફલાણાને મારી નાખ્યો, હું અમુકને મારી નાખીશ-એમ મૂરખ લોકો

નકામા બકે છે. કોઈ હણાતું પણ નથી, કેમકે કંઈ હણવાનું છે જ નહિ, ને આ આત્માને હણનાર દુનિયામાં કોઈ છે પણ નહિ (કેમકે સર્વત્ર એક પરમાત્મા જ વસેલો છે, બીજું કંઈ છે જ નહિ.) ૯

को हन्यान्मां निराकारं निर्विशेषं निरामयम् ।
चिद्घनं परमानन्दमद्वितीयं च केवलम् ॥१०॥

તદ્દન નિરાકાર, ઉપાધિરહિત, વ્યાધિમુક્ત, ચૈતન્યસ્વરૂપ, પરમ આનંદ, અદ્વિતીય, ને કેવલસ્વરૂપ, એવો જે હું તેને કોણ મારી શકે ? ૧૦

आयान्तु निर्भयं रोगाः शस्त्रास्त्रसहिताश्चै ते ।
प्रहरन्तु यथाशक्ति निश्चलोऽस्मि महानगः ॥११॥

પોતપોતાનાં શસ્ત્રાસ્ત્રથી સજ્જ થઈ સર્વ રોગો ભલે આવે-જરાએ ડરવાની જરૂર નથી ને પોતાની સર્વ શકિતથી મારા પર પ્રહાર કરે, પણ હું તો મહાન પહાડ જેયો અચલ છું. ૧૧

किं मे देहेन कर्तव्यं नो सिंहस्य क्वचिद् गृहम् ।
आकाशस्य कुतः पन्थाः कुत्र नाहं वद प्रभो ॥१२॥

મારે દેહની સાથે શું કર્તવ્ય છે ? સિંહનું કોઇ જગ્યાએ ઘર દેખ્યું છે ? આકાશ ચાલે એવો રસ્તો કયાં છે ? (કેમકે તે બધે છે) તેમ હે પ્રભો ! હું કયાં નથી તે કહે. ૧૨

अमर्त्योऽहमजो ब्रह्मन् मृत्युर्मे खाद्यमुत्तमम् ।
कालस्य कालकृत्साक्षी सानन्दो नाटकी महान् ॥१३॥

હે બ્રહ્મન્ ! હું જન્મમરણથી રહિત છું. મોત તો મારૂં ઉત્તમ પકવાન્ન છે. હું કાળનો પણ કાળ, સર્વસાક્ષી, આનંદરૂપ, મહાનાટકી છું. ૧૩

ऊर्ध्वबाहु र्वदाम्येतच्छृणुध्वं मृत्युकातराः ।
नास्ति मृत्युरिति प्रोक्तं श्रुतेरपि सुनिश्चितम् ॥१४॥

હે મૃત્યુથી ડરનાર જીવો ! હાથ ઊંચા કરીને હું આ કહી રહ્યો છું કે મૃત્યુ જેવી કોઈ ચીજ જ નથી-અને વેદોએ પણ વારંવાર ડંકો વગાડીને એ જ કહ્યું છે-તે સાંભળો. ૧૪

श्रावयध्वं भयत्रस्तान् शृणुयुर्यदि ते न च ।
मोहान्मानान्मदाद्वापि विनाशः स्यात्सुदुस्तरः ॥१५॥

અને મોતના ડરથી બેબાકળા થએલા લોકોને આ મારી ગર્જના સંભળાવો અને જો તેઓ મોહને લીધે, અભિમાનને લીધે, કે મદને લીધે એ ન સાંભળે તો તેમનો વિનાશ આવી પહોંચ્યો છે જેમાંથી છૂટવું મુશ્કેલ છે (તેમાં હું શું કરૂં ?) ૧૫

स्वानुभूत्यमृतं ह्येतद् 'रङ्ग'स्वान्तविनिर्गतम् ।
दिवानक्तं पिबेद्यश्च स मुक्ति लभतेऽचिरात् ॥१६॥

રંગના અંતઃકરણમાંથી નીકળેલું આ સ્વાનુભવરૂપી અમૃત રાત્રી-દિવસ જે પીશે તે જલદીથી મુકિત પામશે. ૧૬

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराज विरचितं मुक्तिस्तोत्रं सम्पूर्णम् ।

६ अन्त्य प्रार्थना ।

अहं चेत्सच्चिदानन्दः पूर्णब्रह्म सनातनः ।
अद्वैतः क कथं वन्दे तूष्णीमस्तु स्थितिर्नतिः ॥१॥

૬ અન્ત્ય પ્રાર્થના

હું જ જો સચ્ચિદાનંદ પૂર્ણ બ્રહ્મ સનાતન અદ્વૈત છું. તો કોને કેવી રીતે વંદું ? મૌનભાવ જ નમસ્કાર હજો. ૧

कदा रेवातीरेऽत्रिजपदसुचिह्नाङ्कितपदे
ककुप्प्रान्ताच्छन्न शिशुवदनिशं ब्रह्मणि रतः ।
अहं ब्रह्मास्मिति प्रतिक्षणमनुध्याननिरतो
विदेहो देही सन्निमिषमिव नेष्यामि दिवसान् ॥२॥

અત્રિઋષિના પુત્ર દત્તાત્રેય ભગવાનના ચરણોના સુચિહ્નથી અંકિત જગાવાળા રેવાના કિનારે બાળવત્ દિગંબર (કકુપ્=દિશા, પ્રાન્તા=છેડાથી આચ્છાદિત), સતત બ્રહ્મમાં રત રહી. 'હું બ્રહ્મ છું.' એમ પ્રત્યેક ક્ષણે ધ્યાનમાં મસ્ત દેહભાન વગરનો દેહી થઇ નિમિષની માફક હું ક્યારે દિવસો પસાર કરીશ ? ૨

भोः स्नानास्तु शिवं शुभे त्वयि नमः सन्ध्ये नमस्ते जप
पूजेऽन्ता विहिता नतिः पितर ओं नो तर्पणेऽस्मि क्षमः ।
स्वस्थाने सुखमास्यतामहमयं देवाः प्रशान्तोऽधुना
सर्वं ब्रह्म न द्वैतमल्पमिति स्वानन्दाम्बुधौ सुस्थिरः ॥३॥

હે સ્નાન ! તારૂં ભલું થજો ! હે શુભ સંધ્યા, તને નમસ્કાર હો ! હે જપ ! તને વંદન ! હે પૂજા, તને આ છેલ્લા નમસ્કાર કર્યા ! હે પિતૃઓ, આપના તર્પણ માટે હું શક્તિમાન નથી ! હે દેવો ! સ્વસ્થાને સુખપૂર્વક રહો ! આ હું હવે પ્રશાન્ત થયો છું બધું જ બ્રહ્મ છે અને દ્વૈત અલ્પમાત્ર પણ નથી એમ સ્વાનંદ સાગરમાં હું સુસ્થિર થયો છું ! ૩

मातः काय पितर्मनो भगिनि हे बुद्धे सखे काम भोः
प्राणा बन्धुजनास्तु वो नतिरियं सह्यो वियोगोऽधुना ।
यास्यामि त्वगमव्ययं सदसतः पार परं निर्मलं
यूयं यत्र न नाप्यहं न च जगन्नो जन्म मृत्युः कुतः ॥४॥

હે માતા કાયા ! હે પિતા મન, હે બહેન બુદ્ધિ ! હે સખા કામદેવ, હે બન્ધુજન પ્રાણો ! તમને સૌને આ નમસ્કાર ! હવે વિયોગ સહેવો જ પડશે. હું અગમ્ય અવ્યય સત્‌અસત્‌થી પેલે પાર રહેલ નિર્મળ તરફ જાઉં છું જ્યાં તમો નથી, હું પણ નથી. જગત પણ નથી, જન્મ પણ નથી તો મૃત્યુ તો ક્યાંથી હોય ? ૪

भस्मेदं तु शरीरकं भवति चेद् भूयात्तथा सत्वरं
प्राणास्ते द्रुतमाविशन्तु ह्यनिलं सूक्ष्मं तु सूत्रात्मनि ।
कर्मैतद्विनिदह्यतां दृढतरं ज्ञानानले बीजयुङ्
निर्द्वन्द्वोऽस्मि निराकुलो विगतभीः सोऽहं सदा निर्मलः ।५।

આ શરીર જો ભસ્મીભૂત થવાનું હોય તો સત્વરે તેમ થાઓ! તે પ્રાણો પણ જલદીથી વાયુમાં પ્રવેશો અને સૂક્ષ્મ શરીર સૂત્રાત્મામાં પ્રવેશો બીજ સહિત આ વધુ દૃઢ કર્મ પણ જ્ઞાનરૂપી અગ્નિમાં બળી જાઓ. હું નિર્દ્વન્દ્વ, આકુળતા વિનાનો, ભયરહિત, સોઽહં સ્વરૂપ સદા નિર્મળ છું. ૫

ज्वलतु ज्वलतु देहो बाधतां शीतमुग्र
वमतु रुधिरमेतत्स्वान्तमुष्णं यथेष्टम् ।
भ्रमतु शिर इदानीं त्रुटयतां प्राणग्रन्थि-
रचल इव नु द्वारि ह्यद्य मृत्योः स्थितोऽस्मि ॥६॥

દેહ ભલે ખૂબ બળતરા અનુભવો અથવા ઉગ્ર શીતળતા એને પીડો. આ હૃદય ઈચ્છાનુસાર ઉષ્ણ રુધિરનું ભલે વમન કરો. અહીં માથું ફરી જાવ, પ્રાણોની ગ્રંથીઓ ભલે તૂટી પડો! હું પર્વતની માફક આજે મૃત્યુના દ્વાર ઉપર ખડો છું. ૬

आत्मविस्मरणं मृत्युर्न मृत्युर्देहभञ्जनम् ।
इति चेन्निश्चलो बोधः को बिभीयाद्यमादिह ॥७॥

આત્માનું વિસ્મરણ એજ મૃત્યુ છે; દેહભંજન મૃત્યુ નથી, એવો નિશ્ચલ બોધ હોય તો અહી યમથી પણ કોણે બીવું જોઇએ? ૭

अनेकविवृत्तद्वारे देहेऽस्मिन्निव पञ्जरे ।
चित्रं जीवः खगस्तिष्ठेत्प्रयाणे विस्मयः कुतः ॥८॥

અનેક પ્રકારનાં ખુલ્લાં દ્વારવાળા દેહરૂપી આ પિંજરમાં જીવપક્ષી રહે છે તે જ આશ્ચર્ય છે. તે પ્રયાણ કરે તો આશ્ચર્ય કયાથી હોય ? ૮

जले वीचिः समुद्भूतः किं जातं जलभिन्नमुत् ।
भग्नश्चेत् किं कुत्र तथैवैतत्समूह्यताम् ॥९॥

જળમાં મોજું ઉત્પન્ન થયું તો શું તે જળથી ભિન્ન થયું ખરૂં ? અને ભાંગી ગયું તો શું મરી ગયું ? તે જ રીતે આને પણ સારી રીતે સમજો. ૯

शून्यमादौ तथा चान्ते शरीरं मृगवारिवत् ।
आदावन्ते च यच्छून्यं मध्येऽपि तत्तथैव च ॥१०॥

મૃગજળની માફક શરીર પણ શરૂમાં અને અંતે શૂન્ય છે. આદિ અને અંતમાં જે શૂન્ય છે તે મધ્યમાં પણ તેવું જ (શૂન્ય) છે. ૧૦

यद् दृष्टं तद् द्रुतं नष्टं नष्टं जातं पुनः पुनः ।
सागरे वीचयो यद्वद् तद्वत्स्वात्माम्बुधिस्थितिः ॥११॥

જે જોવાયું છે તે જલદીથી નાશ પામ્યું છે અને નષ્ટ થયેલું ફરી ફરીથી જન્મ્યું છે. જેમ સાગરમાં મોજાંઓ છે તેમ સ્વાત્મારૂપી સાગરની સ્થિતિ છે. ૧૧

चिदाकाशे मनोवातः खेलति स्वस्वभावतः ।
अजातं दृश्यते त्वैतज्जगज्जन्म तथा मृतिः ॥१२॥

ચિત્ આકાશમાં મન રૂપી વાયુ પોતાના સ્વભાવથી ખેલી રહ્યો છે. પરંતુ આ જગત-જન્મ અને મૃત્યુ-અજાત હોવા છતાં દેખાય છે. ૧૨

या त्वत्र मृतिराख्याता परत्र जनिरेव सा ।
प्राक्सृष्टौ तु मृतिर्जन्म ह्यत्र हर्षो वृथा नृणाम् ॥१३॥

જે આ ઠેકાણે મરણ કહેવાય છે તે બીજે જન્મ જ કહેવાય છે સૃષ્ટિની પહેલાં જે મરણ છે તે અહીં જન્મ (કહેવાય છે) (તેથી) આ બાબતમાં માણસોનો હર્ષ વૃથા છે. ૧૩

म्रियते जायते ह्येषा मूढधीर्दुःखकारणम् ।
असङ्गो न हि सज्येत ह्यात्मा देही कदाचन ॥१४॥

દુઃખનું કારણ એવી આ મૂઢ બુદ્ધિ જ મરે છે અને જન્મે છે. અસંગ દેહી આત્મા કદાપિ સક્ત થતો નથી. ૧૪

जीर्णे घटे नवं यद्वदाहरेज्जलकामुकः ।
तथा देही नवं देहं जीर्णेऽस्मिन्भोगकामुकः ॥१५॥

ઘડો જીર્ણ થયો હોય તો જેમ જળ ઇચ્છનાર નવો લાવે છે, તેમ દેહી ભોગની કામનાથી આ જૂનો જીર્ણ થતાં નવા દેહને ધારણ કરે છે. ૫૧

भोगभूमिः शरीरं स्यात्सुखदुःखसमन्वितम् ।
अदेह्यात्मा तु निःसङ्गः सुखदुःखविवर्जितः ॥१६॥

સુખદુઃખથી યુક્ત એવું શરીર ભોગભૂમિ છે. પરંતુ અદેહી આત્મા નિઃસંગ અને દુઃખસુખરહિત છે. ૧૬

अज्ञानी बाध्यते जन्तुर्जन्ममृत्युपिशाचकैः ।
ज्ञानी सुखं विलोकयान्तर्निःसङ्गो रमते सदा ॥१७॥

જન્મમૃત્યું વગેરે પિશાચકોથી અજ્ઞાની જન્તુ બધા પામે છે, જ્યારે જ્ઞાની અંતરનું સુખ જોઈને સદા નિઃસંગ રમમાણ થાય છે. ૧૭

मेघच्छन्ने विनिर्मुक्ते यद्वद् व्योम सुनिर्मलम् ।
तद्वज्ज्ञानी सुशान्तात्मा देहाप्तौ तथान्यथा ॥१८॥

મેઘથી આચ્છાદિત વ્યોમ જેમ તેનાથી મુક્ત થતાં અત્યંત નિર્મળ ભાસે છે તેમ જ્ઞાની સુશાન્ત આત્માવાળા છે. પરંતુ દેહની પ્રાપ્તિ થતાં તે ઉલટું બને છે. ૧૮

एहि मृत्यो विनिर्गच्छ यथेष्टं कुरु सुव्रत ।
मृत्योर्मृत्युरहं सम्यग् जानीहि त्वं यथातथम् ॥१९॥

હે મૃત્યુ, આવ અથવા જા હે સુવ્રત ! તને ફાવે તેમ કર. હું તો મૃત્યુનું મૃત્યુ છું એ સત્ય વાત તું સારી રીતે જાણી લે. ૧૯

अजोऽहं निर्विकारोऽहं किं मे देहेन किं मृदा ।
यदि स्यात्तुष्टिरेतेन तन्नैनं त्वं गृहाण भोः ॥२०॥

હું અજ છું. નિર્વિકાર છું. મને આ માટીરૂપી દેહથી શું ? આનાથી જ તને સંતોષ થતો હોય તો તે તું ગ્રહણ કર. ૨૦

किं बिभेषि समागच्छ निर्भयं त्वां करोम्यहम् ।
रोगास्ते कीङ्कराः सर्वे मत्तो बिभ्यति हा कुतः ॥२१॥

તું શું કામ કરે છે ? આવ, હું તને નિર્ભય કરૂં છું. તારા નોકરો, રોગો, મારાથી અરેરે શા માટે બીએ છે ? ૨૧

पलायन्ते पलायन्ते सर्वे हा यमकिङ्कराः ।
किं करोमि निराशास्ते हा हा मृत्युविडम्बना ॥२२॥

અરેરે ! બધા યમના દાસો પલાયન થાય છે, ખરેખર પલાયન થાય છે. હું શું કરૂં ? તેઓ નિરાશ થયા છે ! અહાહા ! મૃત્યુની આ કેવી વિડમ્બના ! ૨૨

नैष मृत्युर्वृथा भीतिर्वेतालोऽधतमे यथा ।
बालान्भीषयति त्वज्ञान् ज्ञानी हसते मुदा ॥२३॥

આ મૃત્યુ નથી. એનો ભય નકામો છે. આજ્ઞાની બાળકોને, ગાઢ અંધકારમાં, વેતાળ જેમ બીવડાવે છે, તેવું આ છે, જ્યારે જ્ઞાની તો આનંદથી હસતો રહે છે. ૨૩

पञ्चभ्यो यत्समुद्भूतं पञ्चस्वन्ते विलीयते ।
रङ्गे परे त्वयं रङ्गः किम कस्य विहतं पुनः ॥२४॥

પાંચમાંથી જે ઉત્પન્ન થયું હતું તે પાંચમાં જ અંતે વિલીન થાય છે. રંગથી પર એવો આ રંગ છે. કોનું શું હણાયું છે ? ૨૪

नामरूपात्मकं चैतन्नामरूपे विहाय चेत् ।
शान्ते परे विलीयेत किं जातं किं मृतं वद ॥२५॥

નામ અને રૂપવાળું (આ જગત) જો નામ અને રૂપને છોડી દઈ પરમ શાન્તમાં વિલીન થાય તો ત્યાં કોણ જન્મ્યું અને કોણ મર્યું, તે કહે. ૨૫

नामरूपे मृते चैतेऽत्यन्तासत्ये परं पुनः ।
अजातमनृतं शान्तं तत्तथैवाचलं ध्रुवम् ॥२६॥

અત્યંત અસત્ય એવાં આ નામ અને રૂપ મરી જાય છે. પરંતુ અજાત, અમૃત એવું શાંત પરમ તત્ત્વ અચલ અને ધ્રુવ જ છે. ૨૬

तदेवाहं तदेवाहं तदेवाहं न संशयः ।
मृत्योमृत्युश्चिदानन्द इतीयं 'रङ्ग' गर्जना ॥२७॥

હું તે જ છું, હું તે જ છું, હું તે જ છું એમાં સંશય નથી. હું મૃત્યુનું પણ મૃત્યુ ચિદાનંદરૂપ છું એ રીતે રંગની આ ગર્જના છે. ૨૭

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचिता अन्त्यप्रार्थना सम्पूर्णा ।

---

७ कोऽहम् ।

नाहं मर्त्यो नासुरो नो सुरो वा
न स्थाणुर्नो जङ्गमो दृश्यरूपः ।
नाहं बालो नो युवा नापि वृद्धः
सोऽहं शान्तः सच्चिदानन्दरूपः ॥१॥

૭ કોઽહમ્ (હું કોણ છું ?)

હું મર્ત્ય નથી, અસુર નથી, સુર નથી, સ્થાવર કે જંગમ કે દશ્યરૂપ નથી, હું બાળક નથી, યુવાન કે વૃદ્ધ પણ નથી. હું તે જ શાંત સચ્ચિદાનંદરૂપ છું. ૧

राजैश्वर्यो राजराज्ञोऽहमाद्यो
देवैश्वर्यो देवदेवश्च प्रशस्यः ।
सर्वैस्त्यक्तः सर्वशेषोऽप्यशेषः
सोऽहं सोऽहं यः सदन्तर्निगूढः ॥२॥

રાજાના ઐશ્વર્યવાળો. રાજાઓનો પણ હું આદ્ય રાજા છું, દેવોના ઐશ્વર્યવાળો દેવોનો દેવ અને અત્યંત પ્રશંસનીય છું. સર્વથી ત્યક્ત, સર્વનો શેષ છતાં અશેષ સોહં ભાવરૂપ જે સત્ રૂપે અંદર સમાએલો છે (તે હું છું). ૨

नाहं मूर्खः पण्डितो वापि नैव
नाहं शक्तो नाप्यशक्तोऽहमत्र ।
न स्त्री षण्ढो नो पुमान्नो शिखण्डी
सोऽहं कोऽहं कः प्रभुर्ज्ञातुमत्र ॥३॥

હું મૂર્ખ નથી અથવા પંડિત પણ નથી. હું શક્તિમાન નથી તથા અહીં હું અશક્ત પણ નથી. હું સ્ત્રી, નપુસંગ કે પુરુષ અથવા શિખંડી નથી. હું તે જ છું. કોણ છું તે અહીં જાણવાને કોણ સમર્થ છે ? ૩

का मे माता कः पिताऽजन्मतो मे
मृत्युः कस्मादस्तदेहादिकस्य ।
देहादेहातीतरूपस्त्वरूपः
सोऽहं साक्षी साक्ष्यसाक्षित्वहीनः ॥४॥

અજન્મા એવી મારી માતા કોણ ? અને મારો પિતા કોણ ? જેના દેહ વગેરે અસ્ત પામેલ છે તેને મૃત્યુ ક્યાંથી હોય ? દેહ-અદેહથી અતીત રૂપવાળો, અરૂપ, સાક્ષી, સાક્ષ્ય અને સાક્ષિત્વહીન એવો હું છું. ૪

नो बन्धऽतो मुक्तिवार्ता कुतः स्वा-
ध्याध्येतव्यं को गुरुः कोऽत्र शिष्यः ।
मूलं नास्तीतीह वार्ता द्रुमस्य
मिथ्येत्येवं सर्वदाहं सदेकः ॥५॥

અહીં બંધન જ નથી તો મુક્તિની વાત જ ક્યાંથી થાય ? મૂળ જ નથી તો વૃક્ષની વાત જ ક્યાંથી ? એ બધું મિથ્યા છે. હું હમેશાં સત્, એકરૂપ છું. ૫

ज्ञानाज्ञानं नास्ति मे ह्यत्र किञ्चिद्
रागारागातीत एकः शिवोऽहम् ।
किं प्राप्तव्यं त्वाप्तकामस्य विष्णोः
कल्पः काचं याचते किं कदाचित् ॥६॥

જ્ઞાન અને અજ્ઞાન મને કંઇ છે જ નહીં. રાગ અને અરાગથી અતીત એક માત્ર શિવસ્વરૂપ હું છું.

આપ્તકામ વિષ્ણુને બીજું શું પ્રાપ્ત કરવાનું હોય ?
કલ્પવૃક્ષ કોઇ કાળે શું કાચની પાસે યાચના કરે ? ૬

भावाभावातीतभावः सदेक—
चेत्याचेत्यातीतचैतन्यरूपः ।
नन्दानन्दातीत आनन्दमात्रः
सोऽहं शान्तो रङ्गनिर्मुक्त'रङ्ग' ॥७॥

ભાવ અને અભાવથી અતીત એવા ભાવવાળો, સત્ રૂપ એક હું છું. ચેત્ય અચેત્યથી અતીત આનંદમાત્ર એવો સંસારમાંથી મુક્ત થએલો શાંત રંગ હું છું. ૭

इति श्रीदत्तपादारविन्दमिलिन्दब्रह्मचारिपाण्डुरङ्ग (रङ्ग अवधूत) महाराजविरचितं कोऽहं स्तोत्रं सम्पूर्ण ।

શ્રીદત્ત ભગવાનના ચરણકમલના ભ્રમર એવા બ્રહ્મચારી પાંડુરંગ (રંગઅવધૂત) મહારાજ રચિત કોઽહમ સ્તોત્ર સંપૂર્ણ થયું.

चिदानन्दरूपः शिव केवलोऽहम् ।

न वाऽहं नरो नैव नारी न षण्ढः ।
जगत्सर्वमेतन्न मत्तोऽस्ति चान्यत् ॥
न कोऽहं न सोऽहं सदेकं त्वनादि ।
चिदानन्दरूपः शिवः केवलोऽहम् ॥१॥

હું પુરુષ નથી, હું સ્ત્રી નથી તેમ જ હું નપુંસક પણ નથી. આ આખું જગત મારાથી જૂદું નથી. હું कोऽहं (હું કોણ-એવો પ્રશ્ન કરનાર કર્તા) નથી તેમ જ હું सोऽहं (હું તે છું-એમ અનુભવનાર સાક્ષાત્કારી) પણ

નથી. હું તો ફક્ત આદિ રહિત એક સત્ તત્ત્વ જે ચિદ્ આનંદ સ્વરૂપ છે તે શિવ જ માત્ર છું. ૧

न गङ्गा न गोदा न रेवा जलं तत् ।
न नद्या न चाब्धिर्जलं केवलं सत् ॥
न चाद्रिर्न वृक्षाः सदेकं सदेकं ।
चिदानन्दरूपः शिवः केवलोऽहम् ॥२॥

હું ગંગા નથી, હું ગોદાવરી નથી કે હું રેવા પણ નથી. તે તો માત્ર જળ જ છે. હું નદી પણ નથી કે સમુદ્ર નથી. આ બધામાં માત્ર જળ જ સત્ છે. હું પર્વતેય નથી અને વૃક્ષેય નથી. હું ફક્ત ચિદાનંદસ્વરૂપ શિવ જે એક માત્ર સત્ છે તે સત્ જ છું. ૨

न देहो मनो बुद्धिरक्षासवोऽहम् ।
न मे जन्ममृत्यू न वर्णाश्रमादिः ॥
न बन्धो न मोक्षो न चिन्ताश्रमादिः ।
*चिदानन्दरूपः शिवः केवलोऽहम् ॥३॥

હુ દેહ નથી, મન નથી, બુદ્ધિ નથી, ઇન્દ્રિયો નથી કે પ્રાણ પણ નથી. મને જન્મેય નથી અને મૃત્યુ પણ નથી. મને નથી વર્ણો કે નથી આશ્રમો, નથી બંધ કે નથી મોક્ષ, નથી ચિંતા કે નથી શ્રમ. હું તો ચિદાનંદરૂપ માત્ર શિવ જ છું. ૩

---

* પૂ. શ્રી. એ હરિદ્વારમાં તા. ૧૫-૧૧-૬૮ના રોજ લખેલું અધુરૂં લાગતું સ્તોત્ર.

रङ्गहृदये परिशिष्टानि

रङ्गोऽवधूतः

१ परिशिष्टानि

*मङ्गलाचरणम्

(सद्बोधशतकस्य)

विघ्नाम्बुधिघस्रेशं वन्दे वागर्थकाशिनं देवम् ।
तं तुन्दिलं गजास्यं वपुषि मनुष्यं सुपाशहस्ताग्रम् ॥१॥

પરિશિષ્ટો

વિઘ્નો રૂપી દરિયાને (શોષી) લેનાર સૂર્યસમાન, વાણી અને અર્થના પ્રકાશક, દુંદાળા, ગજના મુખવાળા અને શરીરે મનુષ્યાકૃતિવાળા, હાથમાં સુંદર પાશ ધારણ કરનારા તે ગજાનન દેવને હું વંદન કરૂં છું. ૧

शब्दावरणभेदाय नत्वा देवं पुनः पुनः ।
सम्यग्बालावबोधार्थं तन्यते बालबोधिनी ॥२॥

શબ્દનુ આવરણ ભેદવા માટે દેવને ફરીફરી નમસ્કાર કરી કરીને અજ્ઞાનીને સારી રીતે બોધ કરવાને આ બાલ બોધિની (મારા વડે) રચવામાં આવે છે. ૨

वैराग्यवारिधिः क्वासौ क्वाहं विषयकीटकः ।
तथापि मज्जनं कुर्यां स्वाङ्गकर्दमशुद्धये ॥३॥

---

* મૂળ પરિશિષ્ટમાં પાંચેક હતાં તેમાં વધારો કરી પૂ. શ્રીનું ઉપલબ્ધ સંસ્કૃત વાઙ્મય સંભવતઃ બધું જ એકત્રિત કરી અત્રે આપ્યું છે.

તે વૈરાગ્યનો સમુદ્ર ક્યાં અને વિષયનો કીડો એવો હું ક્યાં? તે છતાં પોતાના અંગ ઉપરના કાદવની શુદ્ધિ અર્થે હું તેમાં ડૂબકી મારીશ. ૩

शब्दकोषविनाभूतो ज्ञानदुर्भिक्षपीडितः ।
स्वयं रिक्तोऽप्यथान्येभ्यो दातु मौर्ख्यात्प्रणोदितः ॥४॥
तथैवायं प्रयत्नो मे ज्ञातं सम्यक् तथापि भोः ।
गुरुणा नोदिते कार्ये कथं स्यादवधीरणा ॥५॥

શબ્દકોષ વિનાનો, જ્ઞાનના દુષ્કાળથી પીડિત, સ્વયં ખાલીખમ છતાં પણ મૂર્ખાઇને કારણે જાતે ખાલીખમ માણસ બીજાને આપવા પ્રેરાય તેમ મારો આ પ્રયત્ન છે એ હું સારી રીતે જાણું છું છતાં પણ હે (બંધુઓ!) વડીલ (કાકા કાલેલકર) જ્યારે કાર્યમાં પ્રેરણા કરે તો તેનો તિરસ્કાર કેમ કરીને થાય? ૪–૫

राजर्षिणा विरचिता त्रिशती प्रसिद्धा
तामेव मन्थनदृशा बहुशो विलोक्य ।
बालोपयोगि शतकं विचितं सुबोधं
तस्मै नमोऽस्तु गुरवे सततं तमोघ्नम् ॥६॥

રાજર્ષિ ભર્તૃહરિએ રચેલા ત્રિશતી (ત્રણ શતક) પ્રસિદ્ધ છે. તેને મંથનની દૃષ્ટિથી અનેક રીતે અવલોકન કરી, બાળકોને ઉપયોગી, અજ્ઞાન આંધ્યનો નાશ કરનાર સુબોધશતક (સદ્બોધશતક) નું જેમણે ચયન કર્યું છે તેવા ગુરુ-વડીલને સતત નમસ્કાર હજો. ૬

प्रसिद्धैवात्र भूमण्डले तत्रभवता राजर्षिभर्तृहरिणा विरचिता नीतिवैराग्यशृङ्गारात्मिका सुभाषितत्रिशती । तस्या एव यथा कश्चिन्निपुणो मालाकारी बहुसुचयादुत्तमोत्तमानि कुसुमानि विचित्य मनोज्ञां स्रजं निर्माति तथैव केवलं गुणैकदृष्टिना तत्रभवता काकासाहेबेनोत्तमोत्तमानष्टोत्तरशतंश्लोकान्विचित्यैतन्निरूपमं छात्रोपयोगि सद्बोधशतकं ग्रथितम् । तत्र ब्रह्मचर्यैकादर्शवतां छात्राणां शृङ्गारस्य सर्वथाऽनुपयोगित्वाच्छृङ्गारश्लोकानां प्रायोऽऽभावः । नीतिवैराग्यश्लोकानां च प्राधान्यम् । तत्रापि सकलपुरुषार्थमूलस्य धर्मस्य नीतिमूलत्वान्नीतिश्लोकानां बाहुल्यम् । तत्र 'विद्यया शोभते च ना' इत्युक्तत्वादादौ तावद्विद्याप्रशस्तिः ।

આ ભૂમંડળમાં રાજર્ષિ ભર્તૃહરિએ રચેલાં નીતિ, વૈરાગ્ય અને શૃંગાર નામના ત્રણ સુભાષિતશતકો પ્રસિદ્ધ જ છે. જેમ કોઇ નિપુણ માળી ઘણાં પુષ્પોના ઢગલામાંથી ઉત્તમોત્તમ પુષ્પો વીણીને સુંદર માળા બનાવે તેમ માત્ર ગુણદૃષ્ટિવાળા પૂજ્યશ્રી કાકાસાહેબે ઉપર્યુક્ત ત્રણ સુભાષિત શતકોમાંથી ઉત્તમોત્તમ એવા ૧૦૮ શ્લોકો વીણીને છાત્રોને ઉપયોગી આ નિરુપમ સદ્બોધશતક ગૂથ્યું છે. બ્રહ્મચર્યરૂપી એક આદર્શવાળા છાત્રોને માટે શૃંગાર સર્વથા અનુપયોગી હોવાથી તે (સંગ્રહ) માં શૃંગાર શ્લોકોનો મોટે ભાગે અભાવ છે અને નીતિ અને વૈરાગ્ય શ્લોકોનું પ્રાધાન્ય છે. એમાં પણ તમામ પુરુષાર્થોનો મૂળભુત એવો ધર્મનીતિમૂલક હોવાથી નીતિશ્લોકોનું પ્રમાણ વધારે છે. તેમાં 'વિદ્યા વડે પુરુષ શોભે છે' એ પ્રમાણે કહેવાયેલું હોવાથી આરંભમાં વિદ્યાની પ્રશસ્તિ (મૂકવામાં આવી) છે.

२ द्वे पत्रे

(१) उभराट, वै. शु. १४. रवौ

स्वामिभगवतः पूज्यपादयोः

विषादमृतमश्नन्ति साधवः सारभाजिनः ।
शर्करायां विषं चान्ये मेहिनो गर्दभा इव ॥१॥

પત્રનો પ્રત્યુત્તર

ઉભરાટ વૈ. શુ. ૧૪ રવિ

*સ્વામી ભગવતનાં પૂજનીય ચરણોમાં,

સાર ગ્રહણ કરનાર સાધુઓ વિષમાંથી અમૃત લઇ લે છે અને બીજા અત્યંત કામી ગધેડાઓની માફક સાકરમાંથી ઝેર ગ્રહે છે. ૧

पत्रस्य म्लेच्छप्राप्तत्वात् तद्वृत्तविनिबन्धनम् ।
वृत्तं च मलिनो देहो विचारात्मा तु निर्मलः ॥२॥

મ્લેચ્છ પાસેથી પત્રની પ્રાપ્તિને કારણે તેના જ વૃત્તમાં (છંદ–ગઝલ) જવાબ આપ્યો છે. વૃત્તનો દેહ (સ્વરૂપ) ભલે મલિન હોય પરંતુ એનો વિચાર રૂપી આત્મા નિર્મળ છે. ૨

चापल्यं क्षम्यतामेतत्सेव्यतां बालवाक्यवत् ।
स्वस्पष्टं खण्डितं चापि प्रेमगर्भमकृत्रिमम् ॥३॥

---

*ટીપ–પ. પૂ. શ્રી દંડી સ્વામી શ્રી પ પૂ. સચ્ચિદાનંદ સરસ્વતીશ્રીએ પૂ. શ્રી.ને એક પત્ર લખી મુસલમાન રાજાની સાથે મોકલાવ્યો હતો તેના પ્રત્યુત્તરમાં લખાએલ.

આ ચાપલુસી ક્ષમ્ય ગણો અને સારી રીતે અસ્પષ્ટ ખંડિત છતાં પ્રેમથી ભરેલી અને અકૃત્રિમ એવી બાળકની વાણી માફક એને સેવો. ૩

(गझल वृत्तम्)

प्राप्तमेकं पत्रमत्र काव्यबद्धं ते प्रभो ।
किं लिखामि नोऽबुधत्वाद्धेद्मि क्षन्तव्यं विभो ॥१॥

ગઝલ

હે પ્રભો ! તમારો એક કાવ્યમય પત્ર અહીં પ્રાપ્ત થયો. અબુધપણાને લીધે શું લખું તે હું જાણતો નથી તો હે વિભો ક્ષમા કરો. ૧

'सन्तः कियन्तः सन्ति' तत्पृष्टं पुरा राजर्षिणा ।
परगुणानणुप्रमाणान्ख्यान्ति ये शैलप्रभान ॥२॥
दृष्ट एकस्त्वं तथा यन्मोदसेऽल्पान्बहु गृणन ।
नौमि भगवंस्त्वत्पदाब्जेऽहं पुनः पुनरानतः ॥३॥

પારકાના અણુપ્રમાણ ગુણોને જે શિખર જેવડા બતાવે છે (એવા) સન્તો કેટલા છે એવું રાજર્ષિ ભર્તૃહરિએ પહેલાં પૂછ્યું હતું. તો આપ એકલા જ તેવા જણાયા છો કે જે અલ્પને બહુ કરીને આનંદ પામો છો. હે ભગવન્ તમારા ચરણારવિન્દમાં હું ફરીફરીથી નમન કરીને આપની પ્રશંસા કરૂં છું. ૨-૩

ब्रह्म चैकं नो द्वितीयं सत्यमेतद्धि तत्त्वतः ?
स्वप्नवद्विश्वं तु यावन्नो विलोपो व्यवहृतेः ॥४॥

બ્રહ્મ એક છે, (તે સિવાય) બીજું કંઈ નથી. એ તત્ત્વતઃ સત્ય જ છે જ્યાં સુધી વ્યવહારનો વિલોપ ત્યાં સુધી વિશ્વ સ્વપ્નવત્ (મિથ્યા) છે. ૪

ज्ञाते सुवर्णेऽलङ्कृतेश्चित्तरञ्जनहेतुता ।
किं वृथोपास्तेस्तथा सा देवभक्तविभिन्नता ॥५॥

સુવર્ણનું જ્ઞાન થયા પછી અલંકારમાત્ર ચિત્તરંજનનો જ હેતુ છે. તેવી રીતે ખોટી ઉપાસનાની શી જરૂર છે? કારણ કે તેમાં દેવ અને ભક્ત એવો ભેદ રહેલો છે. ૫

भक्ति परा नो कल्पना यस्यां हि द्वित्वाद्वित्वयोः ।
आगमोक्ताऽथापरा नानाविधा विक्षेपदा ॥६॥

જેમાં દ્વૈત અને અદ્વૈતની કલ્પના નથી એ પરાભક્તિ છે આગમોમાં કહેવાયેલી અને વિક્ષેપ આપનારી જુદાજુદા પ્રકારની ભક્તિ તે અપરા ભક્તિ છે. ૬

साधनं त्रिविधं स्मृतं दोषानुरूपं भवहरम ।
योगादिकं तूपासनं तच्चित्तवृत्तिनिरोधकम ॥७॥

દોષને અનુરૂપ અને સંસારને હરનારૂં સાધન ત્રણ પ્રકારનું કહ્યું છે. યોગ વગેરે ઉપાસના ચિત્તનો વિરોધ કરનાર છે.

चित्तं हि चिद् भ्रमवर्जित त्वध्यासशब्दबहिष्कृतम ।
स्वस्वरूपं चात्मनस्तज्ज्ञतिमःत्रमुदाहृतम ॥८॥

અધ્યાસરહિત અને ભ્રમ વિનાનું ચિત્ત (ચૈતન્ય) છે તે આત્માનું પોતાનું સ્વરૂપ છે અને તેને જ્ઞપ્તિ (જ્ઞાન) માત્ર જ કહેલું છે.

शान्तं शिवं सौन्दर्ययुक् सत्सुखघनं चिन्मङ्गलम् ।
भावगम्यं नो क्रियातः प्राप्य प्राप्तं मूकवत् ॥९॥

स्वे महिम्नि राजमानो बालवद्विचरेन्मुदा ।
जडवत्क्वचित्तून्मत्तावद् ग्रस्तादिवत्क्रीडन्वशी ॥१०॥

कुशलोऽकुशलवत्सन्नसद्वद्बहुश्रुतो नो श्रुत इव ।
भुञ्जन्स्वकं पर्याप्तकामो निःस्पृहो निर्मम इह ॥११॥

कुर्वन्नकुर्वन्वा समः सम्राट् स्वमग्नः शान्तधीः ।
ईक्षमाणो ब्रह्मलीलां वर्तते प्राप्तं यथा ॥१२॥

જે શાંત, શિવ, સૌન્દર્યયુકત, સત્, આનંદઘન, જ્ઞાનમંગલ અને ભાવથી ગમ્ય પણ ક્રિયાથી અગમ્ય એવા અત્યંત આપ્ત પરમતત્ત્વને પ્રાપ્ત કરીને મૂગાની માફક પોતાના મહિમામાં શોભતો (સાધક) આનંદથી બાળકની માફક તો કયારેક જડની માફક તો કયારેક ઉન્મતની માફક તો કયારેક (ભૂતપ્રેત વડે) ગ્રસ્ત થયેલાની માફક ક્રીડા કરતો, સંયમી, કુશળ છતાં અકુશળની જેમ વર્તતો, સજ્જન હોવા છતાં દુર્જનની જેમ વર્તતો બહુશ્રુત (વિદ્વાન) હોવા છતાં અજ્ઞાનીની માફક વર્તતો

તેમ પોતાનાં કર્મોને ભોગવતો, પર્યાપ્ત કામનાવાળો નિઃસ્પૃહ અને નિર્મમ, સમબુદ્ધિવાળો, સમ્રાટ, આત્મમગ્ન, શાન્ત બુદ્ધિવાળો (બ્રહ્મજ્ઞાની) બ્રહ્મની લીલાને (સર્વત્ર) જોતો જેમ જેમ પ્રાપ્ત થાય તેમ વર્તે છે.

सुज्ञे बहूक्तेनाप्यलं हृदि दर्शनेच्छात्युत्कटा ।
पूरणे भगवन्समर्थस्त्वन्तरङ्ग-नियामकः ॥१३॥

સુજ્ઞને બહુ કહેવાની શી જરુર ? હૃદયમાં (આપના) દર્શનની ઈચ્છા અતિ ઉત્કટ છે તેને પૂરી કરવામાં હે ભગવન્, અંતરંગ (હૃદય) નિયામક સમર્થ છે.

सच्चित्सुखात्मा स्वामिराट् स्वानन्दसागरतस्तित्वतः ।
बिन्दुमात्रं निक्षिपेच्चेत्कः सुधन्यो मादृशः ॥१४॥

इति शम्

भवदीयः सत्पादपांसुकणः
पाण्डुरङ्ग

સચ્ચિદાનંદરૂપ સ્વામિરાટ્ એવા આપ સ્વાનંદ-સાગરમાંથી આ બાજુ (મારા ઉપર) જો એક બિન્દુ પર નાંખશો તો મારા જેવો બીજો કોણ સુધન્ય હશે ?

સત્પુરુષોના ચરણની રજકણ એવો આપનો
પાંડુરંગ

(२)*

स्नातं सुहृत्तीर्थजले सुपुण्ये स्वाध्याय-यज्ञात्मसुवर्णकूले ।
ह्लादश्च तृप्तिश्च शमश्च गाहादैक्यं सता द्वैतमलो निवृत्तः ॥१॥

પત્રનો પ્રત્યુત્તર

સુહૃત્તીર્થરૂપી અતિપુણ્યકારક. સ્વાધ્યાય અને યજ્ઞરૂપી સુવર્ણમય કિનારે આનંદ, તૃપ્તિ અને શાંતિ મળ્યાં અને અવગાહન કરવાની સત્ સાથે ઐકય થયું, દ્વૈત મળ જતો રહ્યો ૧

मृषैव बन्धस्तु तथापि बाधते
गुरोः कृपेप्सुः स्ववशो जिजीविषेत् ।
प्राप्तं न हित्वा ह्यनवाप्तमस्मरन्
पन्था न चान्यः स्वविगाहनाय ॥२॥

બન્ધન જૂઠું છે છતાં દુઃખ આપે છે. જે મળ્યું છે તેને ન છોડીને જે નથી મળ્યું તેનું સ્મરણ ન કરીને (માણસે) સ્વવશી થઇને ગુરુની કૃપાની ઇચ્છા કરતા જીવનની ઈચ્છા રાખવી જોઈએ. સ્વાત્મામાં ડૂબકી મારવા માટે બીજો કોઈ રસ્તો નથી. ૨

ટીપ-સુહૃતીર્થ નામના એક વિદ્વાન સંન્યાસી મહારાજશ્રીએ પૂ. શ્રીને એક પત્ર લખ્યો હતો તેના જવાબમાં પૂ. શ્રી. એ આ શ્લોકો લખી મોકલ્યા હતા.

मौनं हि सर्वार्थकरं निषेवे
शब्दैः किमात्मन् बहुभिर्विशेषै ।
सर्वत्र गूढो हृदि सोऽयमेव
युक्तो यथा तेन तथा करोमि ॥३॥

સર્વ અર્થકારી મૌનનું જ હું સેવન કરું છું. હે આત્મન્, બહુ અને વિશેષ એવા શબ્દોથી શું ? સર્વ ઠેકાણે અને હૃદયમાં તે એક જ સંતાઇને રહેલા છે તે જે રીતે (મને) નિયુકત કરે છે તે રીતે હું કરું છું. ૩

शब्दच्छलः सर्वमलप्रधान
ऋते न शब्दाद्गतिरत्र बन्धो ।
शब्देन शब्दातिगमुद्धि लभ्यं
नाम्नैव नामीति सुनिश्चितं स्यात् ॥४॥

શબ્દછળ એ સર્વ મળમાં પ્રધાન છે હે બન્ધુ ! શબ્દ વિના અહીં ગતિ નથી. શબ્દથી જ શબ્દાતીતને મેળવી શકાય છે. નામથી જ નામી છે એમ નક્કી થાય છે. ૪

सन्तो नामपराः स्वभूतिनिरता लक्ष्ये मतेर्धारणाद्
हेरम्बाच्युतरामकृष्णनृहरे मृत्युञ्जयेतीह ये
स्वानन्दामृतवारिधौ निगलिता ज्ञानोत्तरं भक्तितः
कुर्वाणा हि जिजीविषन्ति परम तेभ्यो मुनिभ्यो नमः ॥५॥

હે હેરંબ (ગણેશ) હે અચ્યુત ! હે રામ ! હે કૃષ્ણ ! હે નરસિંહ ! હે મૃત્યુંજય ! હે ભગવન્નામપરાયણ

બુદ્ધિને લક્ષ્યમાં ધારણ કરવાથી આત્માના અનુભવમાં મશગૂલ, પોતાના આનંદરૂપી અમૃતસાગરમાં ડૂબકી મારનારા અને જ્ઞાન થયા પછી ભકિત કરતાં કરતાં જે સંતો જીવવાની ઇચ્છા ધરાવે છે તેવા મુનિઓને (મારા) નમસ્કાર. ૫

रङ्गेनारङ्गतामीयात् स्वात्मरङ्गेण रञ्जितः ।
सोऽयं रङ्गः सदानन्दः स्वानुभूत्येकविग्रहः ॥६॥

માણસે રંગ (સંસાર) વડે અરંગપણું પ્રાપ્ત કરવું જોઈએ. આત્માના રંગથી રંજિત થયેલો, સદા આનંદ અનુભવનારો અને સ્વાત્માનુભવ રૂપી એક માત્ર શરીરને ધારણ કરનારો એવો આ 'રંગ' છે. ૬

३

आशीर्वादात्मकश्लोकाः ।

(१)*

भवद्भिः प्रेषितं पत्रं प्राप्तं च वाचितं मुदा ।
ग्रन्थानां सद्गुरोर्यत्र पुनर्मुद्रणयोजना ॥वा॥

કવીશ્વર શાસ્ત્રીજીના પત્રનો પ્રત્યુત્તર

સદ્ગુરુના ગ્રંથોની પુનર્મુદ્રક કરવાની યોજના જેમાં છે તેવો આપનો મોકલેલો પત્ર મળ્યો અને આનંદપૂર્વક વાંચ્યો. (વા

* પ. પૂ. પ. પૂ. વાસુદેવાનંદ સરસ્વતી (ટેંબે) સ્વામી મહારાજશ્રીના બધાજ ગ્રંથો છાપનારા પ્રકાશન સમિતિવતી શ્રી કવીશ્વર શાસ્ત્રીજીએ પૂ. શ્રીના આશીર્વાદ માટે પત્ર લખ્યો હતો તેના પ્રત્યુત્તરમાં લખાયેલ.

पुण्यपर्वेव भक्तैर्या चाद्रियेतैव सर्वथा ।
सूर्यस्येवोदयादर्वागरुणस्य प्रभा हि सा ।।सु।।

જે (યોજના) ભકતો દ્વારા સર્વથા પુણ્ય પર્વની માફક સંમાનપૂર્વક આવકારાય છે તે ખરેખર સૂર્યોદય થતા પહેલાં અરુણની પ્રભા જેવી છે. (સુ)

स्वल्पारम्भो महासिद्धिर्विस्मर्तव्यं न कर्हिचित ।
एकं पदं दृढीकृत्य द्वितीयं क्रम्यते बुधैः ।।दे।।

થોડો આરંભ મહાસિદ્ધિ છે. તે કદાપિ ભૂલવું ન જોઈએ. એક પગલું દૃઢ કરીને ડાહ્યા માણસો બીજું ભરે છે. (दे)

प्रेरणा श्रीगुरोः साक्षात् प्रबला सिद्धिदा मता ।
तथाप्युरोऽस्माकमत्र नन्दन्नृत्यति नृत्यति ।।व।।

શ્રીગુરુની પ્રેરણા સાક્ષાત્ પ્રબળ અને સિદ્ધિ આપનારી મનાઇ છે. તો પણ અહીં આનંદથી રાજી થતું અમારૂં હૈયું આ અંગે વારવાર નાચે છે. (व)

साशीर्जलं वर्षतीव मधुवन्मक्षिकामुखात ।
सफलाः सन्तु ते भावा गुरुणा नोदिता यथा ।।न।।

મક્ષિકાના મુખમાંથી જેમ મધ ટપકે તેમ તે (કૃપા) જાણે કે આશીર્વાદનું જળ વર્ષાવે છે. ગુરુએ પ્રેરિત કરેલા તે ભાવો સફળ હજો. (न)

अङ्गीकृतं महत्कार्यं सिद्धिं यात्वविलम्बितम् ।
स्थेमानमाप्नुयाद्धर्मो भारतेऽस्मिन् यथा पुरा ॥मो॥

અંગીકાર કરેલું આ મોટું કાર્ય વિના વિલંબે સિદ્ધિને પામો (પૂરું થાવ) અને પહેલાંની જેમ આ ભારતમાં ધર્મ સ્થિર થાવ. (મો)

वासुदेवकृपापुष्टा सर्वे सन्तु सुहृज्जना ।
वासुदेवः सर्वमिति ज्ञात्वा क्लेशविमोचिताः ॥स्तु॥

વાસુદેવ બધું જ છે એમ જાણીને કલેશમાંથી મુક્ત થયેલાં બધાંજ સુહૃદ્ જનો વાસુદેવની કૃપાથી પુષ્ટ બનો. (સ્તુ)

स्मर्यतां दीनरङ्गोऽयं क्वचिदद्य स्मृतो यथा ।
दासो न याचते किंचिद्दते दास्यादि सर्वशः ॥ते॥

આજે જેમ યાદ કર્યો તેમ ક્યારેક આ દીન 'રંગ'ને યાદ કરજો. દાસ બધા પાસે દાસ્ય સિવાય બીજું કાંઈ યાચતો નથી. (તે)

(૨)

मणिशङ्करशास्त्रिणे तदीयेश्वरस्वरूपाय च
शुभाशिषः ।

મણિશંકર શાસ્ત્રીને તથા તેમના 'ઈશ્વરસ્વરૂપ'ને શુભ આશિષ

शाम्येत यस्य वै चित्तं येन तस्य हि तद्वरम् ।
विचाराचारभिन्नत्वं न निवर्तेत सर्वथा ॥न॥

જેનાથી જેનું ચિત્ત શાંતિ અનુભવે છે તેને માટે તે શ્રેષ્ઠ છે. વિચાર અને આચારની ભિન્નતા સર્વથા જતી નથી. (न)

भिन्नत्वेऽपि त्वभिन्नत्वमभिन्नत्वे हि भिन्नता ।
सर्वत्र समदर्शित्वमनुभूते सुधा मता ॥मः॥

ભિન્નત્વમાં અભિન્નતા અને અભિન્નતામાં ભિન્નતા એ પ્રમાણે સર્વત્ર સમદર્શિપણું અનુભવાય ત્યારે એ અમૃત મનાયું છે. (मः)

पीत्वा तूष्णीं समासीत स्वे महिम्नि स्थिरः पुमान् ।
द्वावन्धौ भ्रमतोऽत्यन्तं बहूनां का पुनः कथा ॥शि॥

બે આંધળા ખૂબ ભટકે છે તો ઘણા આંધળાઓની તો શી વાત ? પોતાના મહિમામાં સ્થિર થયેલા માણસે (તે અમૃતનું) પાન કરીને ચૂપચૂપ બેસવું જોઇએ. (शि)

न ज्ञानं न च व्युत्पत्तिर्नाधिकारोऽस्ति मेऽत्र हि ।
ग्रन्थिमुक्तिं च यः कुर्यात् तस्मै ग्रन्थाय मे नमः ॥वा॥

અહીં (આ વિષયમાં) મને જ્ઞાન, વ્યુત્પત્તિ કે અધિકાર નથી. જે (હૃદયની) ગ્રંથિને છોડાવે તે ગ્રંથને મારા નમસ્કાર. (वा)

शुभं जीव चिरं जीव जीवयान्यांश्च सत्कृतैः ।
अज्ञानसर्पदष्टानां मणिवच्छङ्करः सुहृत् ॥य॥

હે મિત્ર ! શુભ (જીવન) જીવ, ચિરકાળ જીવ અને સત્કૃતિથી બીજાઓને જીવાડ. અજ્ઞાનરૂપી સર્પથી ડસાએલા માટે મણિની માફક શંકર થા. (य

(३)

कुर्याद् भद्रं सुभद्रं हि सर्वेषां सर्वशः सदा ।
संस्थेयं श्रीभद्रसंनिष्ठा भद्रेश्वरप्रसादतः ॥

[1]શ્રીભદ્રની સંનિષ્ઠાસ્વરૂપ આ સંસ્થા ભદ્રેશ્વરની કૃપાથી સર્વનું સર્વ રીતે સર્વદા કલ્યાણ જ કરતી રહો.

(४)

प्रसिद्धिं यात्वयं [2]ग्रन्थो ग्रामे ग्रामेऽस्य चिन्तनात् ।
भक्ताः स्वक्षा व्रजन्तूर्ध्वं व्रजेशस्य प्रसादतः ॥

પામો પ્રસિદ્ધિ આ ગ્રંથ ગામડે ગામડે બધે,
વાંચી એ વૈષ્ણવો મુક્ત વ્રજેશાનુગ્રહે બનો !

(५)

रसपूर्णा रसोत्फुल्ला [3]दयारामेन्दुकौमुदी ।
साक्षराऽप्यक्षरातीता तनोतु मङ्गलं भुवि ॥

રસથી ભરેલી, રસથી વિકસિત, સાક્ષર (અક્ષરવાળી) હોવા છતાં અક્ષર વગરની (અક્ષર પરથી) એવી આ દયારામરૂપી ચંદ્રની કૌમુદી જગતમાં મંગલ ફેલાઓ !

---

૧. સ્વામી શ્રીભદ્ર દ્વારા સ્થાપિત સંસ્થાને આશિષ ૨. પરમ ભાગવત પૂ. ડોંગરે મહારાજશ્રીની વાણીને સંકલન કરતા ગ્રંથને શુભાશિષ ૩. ભક્તકવિશ્રી દયારામ ઉપર મહાનિબંધ લખનાર ડૉ. સુભાષ દવે (વડોદરા-ડભોઇ)ને અવધૂતજીના આશીર્વાદ.

(૬)

आप्नुवन्तु सदा शान्ति पुष्टिं तुष्टिं च सर्वशः ।
*विद्यापास्ति प्रकुर्वन्तु बटवो दीक्षिता इमे ॥ॐ॥

वेदधर्मरता नित्यं राष्ट्रसेवापरायणाः ।
अन्योन्यमानिनः सर्वे सहकार्यकराश्च ते ॥ग्लौं॥

सर्वे च व्रतिनो भूत्वा यमिनः कर्मकौशलाः ।
सदुद्योगा निरालस्या सर्वे सन्त्वभयाः सदा ॥ह्रां॥

ॐ शान्तिः! शान्तिः! शान्ति!

આ ઉપવીત–દીક્ષા પામેલા બટુઓ સદા શાંતિ પામો અને બધી રીતે પુષ્ટ અને તુષ્ટ રહી વિદ્યોપાસનામાં મંડયા રહો.

તેઓ બધા વૈદિક ધર્મના આચરણમાં નિરત રહી હંમેશાં રાષ્ટ્રસેવામાં તત્પર રહો અને એક બીજા પ્રત્યે આદર રાખી બધા એકબીજાના કાર્યમાં મદદગાર થાઓ.

બધા આત્મશુદ્ધ્યર્થે વ્રતધારી થઈ, અહિંસા સત્ય બ્રહ્મચર્યાદિ વ્રતોનું પાલન કરી નિષ્કામ કર્મયોગ આચરો. બધા સદુદ્યોગમાં રાચો. આળસ ખંખેરી નાખો. અને સદાસર્વદા નિર્ભય બની બીજાને અભયદાન દો.

ૐ શાંતિઃ! શાંતિઃ!! શાંતિઃ!!!

---

* સમૂહજનોઈ પ્રસંગે–ધરમપુરમાં

(૭)

*ब्राह्मणाः सन्तु मे पूर्वे ब्राह्मणाः सन्तु पश्चिमे ।
ब्राह्मणाश्चोत्तरे सन्तु ब्राह्मणाः सन्तु दक्षिणे ॥१॥

ब्रह्मबालो ब्रह्मदासो ब्रह्मचिन्तनलोलुपः ।
ब्रह्माशीर्वादयुक्तश्च ब्राह्मण्यं संव्रजाम्यहम् ॥२॥

મારી પૂર્વ દિશામાં બ્રાહ્મણો હો; મારી પશ્ચિમમાં પણ બ્રાહ્મણો હો; મારી ઉત્તરમાં બ્રાહ્મણો હો અને મારી દક્ષિણમાં બ્રાહ્મણો હો. (૧) બ્રહ્મ (બ્રાહ્મણ; પરબ્રહ્મ)નો બાળક, બ્રહ્મનો દાસ, બ્રહ્મના ચિંતનમાં લોલુપ, બ્રહ્મના આશીર્વાદથી યુક્ત એવો હું બ્રહ્મભાવને શરણે જાઉં છું. (૨)

(૮)

वैराणि प्रशमं यान्तु सौहार्दं वर्धतां मिथः ।
कलहा विलयं यान्तु भावयन्तु जना मिथः ॥

सर्वे वैरविनिर्मुक्ताः परस्परहितैषिणः ।
स्वस्थाः शान्ताः समृद्धाश्च सर्वे सन्त्वकुतोभया ॥

વેરની શાંતિ થાઓ. પરસ્પર સ્નેહ વધો. કલહો વિલય પામો અને પરસ્પર લોકો ભાવ રાખો.

બધા વેરથી મુક્ત, પરસ્પર હિત ઈચ્છનાર, સ્વસ્થ, શાંત, સમૃદ્ધ અને સર્વત્ર નીડર થાઓ.

---

* સૂરતમાં બ્રહ્મણો સમક્ષ.

(૯)

अबुधाः सुबुधाः सन्तु सुबुधाः सन्तु सद्व्रताः ।
सद्व्रताः सत्पथाः सन्तु सत्पथाश्च सदाग्रहाः ॥ॐ॥

અબુધો સુબુધ થાઓ, સુબુધો સદ્વ્રતી થાઓ, સદ્વ્રતી સત્પંથે જાઓ અને સત્પંથી સદાગ્રહી બનો.

अन्योन्यमानिनः सर्वे सर्वे सन्तु विमत्सराः ।
स्वस्थाः स्वक्षाः समृद्धाश्च सर्वे सन्त्वकुतोभयाः ॥ह्रां॥

બધા એકબીજા પ્રત્યે માન રાખનારા બનો અને સર્વ નિરાભિમાની થાઓ. બધા સ્વસ્થ, સાબૂત ઇન્દ્રિયવાળા, સમૃદ્ધ અને સર્વત્ર નીડર બનો.

राष्ट्रस्योन्नायकाः सर्वे विश्वकल्याणभावुकाः ।
स्वधर्मशालिनः सर्वे सर्वे सन्त्वभयंकराः ॥ॐ॥

બધા રાષ્ટ્રને આગળ લઈ જનાર નાયકો થાઓ અને વિશ્વઃકલ્યાણની ભાવનાવાળા બનો. બધા સ્વધર્મ-શાળી અને બધા સર્વત્ર અભય આપનાર બનો.

(૧૦)

सदाचाररताः सर्वे सर्वे सन्तु विमत्सराः ।
शान्ताः स्वस्थाश्च सम्पन्नाः सर्वे सन्तु विनिर्भयाः ॥ॐ॥

બધા સદાચારમાં રત થાઓ અને બધા નિરાભિમાની થાઓ. બધા શાન્ત સ્વસ્થ, સંપન્ન, અને અત્યંત નિર્ભય થાઓ.

अन्योन्यमानिनः सर्वे त्वन्योन्यहितकारकाः ।
समदुःखसुखाः सर्वे सदुद्योगा निराशिषः ॥ग्लौं॥

સર્વે એકબીજાને માન આપનાર, અન્યોન્યનું હિત કરનાર, દુઃખ અને સુખમાં ભાગીદાર અને સર્વે સદ્‌ઉદ્યોગવાળા અને આશારહિત થાઓ.

स्वात्मविश्वासिनः सर्वे सत्सङ्गा दिव्यजीविनः ।
सर्वेभ्यो ह्यभयं दत्त्वा सुखिनः सन्तु सर्वश ॥द्रां॥

બધા આત્મવિશ્વાસવાળા, સત્સંગી દિવ્ય જીવન-વાળા, બધાને અભય આપીને બધી રીતે સુખી થાઓ.

(११)

सर्वे सर्वहितोद्युक्ता परस्परसहायकाः ।
प्राप्नुवन्तु सदा श्रेयस्त्वन्योन्यदेवभाविनः ॥

સર્વના હિતમાં ઉદ્યુક્ત, પરસ્પર સહાયક, અને એક બીજાને દેવ માનનાર બધા સદાસર્વદા શ્રેયને પ્રાપ્ત કરો.

(१२) हृदयाशिषः । *

भव्यामृतोत्सवे ह्यस्मिन्नुरोऽस्माकं सदाशिषा ।
नृत्यत्यानन्दसान्द्रं वै मिथोऽभेदानुचिन्तनात् ॥ॐ॥

---

* ૮ થી ૧૧ પ્રવચનાન્તે આશીર્વાદ.
* ૧૨. શ્રી મણિભાઈ દામોદરદાસ ત્રિપાઠી (સરખેજ)ને એમની ષષ્ઠિપૂર્તિપ્રસંગે પૂ. શ્રી.ની શુભાશિષ.

'स जीवति यशो यस्य कीर्तिर्यस्य स जीवति' ।
चरितार्थमिदं दृष्टं त्वय्यवधूतमण्डले ॥आं॥

आयुरारोग्यसन्नद्धो जीवातोऽपि चिरं मणे+ ।
गुणांशुभिर्दिशः सर्वः प्रकाशयन् यथा मणिः ॥ह्रीं॥

अनुभूय परां शान्ति पुष्टिं तुष्टिं च सर्वशः ।
स्वात्मन्येव स्थिरो भूत्वा व्रज सायुज्यमन्ततः ॥क्रौं॥

+ હે મણિભાઈ ! રંગ અવધૂત

હૃદયાશિષ

ભવ્યામૃતોત્સવે હાવાં, હૈયું આનન્દસાન્દ્ર થૈ,
પરસ્પરાશ્લેષ ચિન્તી આશિષે નર્તતું સદા !
"જીવે તે યશ છે જેને, જીવે તે કીર્તિ જેહની,"
ચરિતાર્થ દીઠું આવું તુંમાં અવધૂતમંડલે ?
આયુષ્યારોગ્યથી સજ્જ. આથી વધુ, મણિ જીવ,
મણિ જેમ દિશા સર્વે પ્રકાશી સ્વગુણાંશુથી !
ભોગવી પરમા શાન્તિ, પુષ્ટિ, તુષ્ટિય સર્વશઃ,
સ્વાત્મમાં સ્થિરતા સાધી, પામ તું મુક્તિ અંતમાં !

१३ श्री रमणलाल कृष्णलाल शास्त्रिणे तदीय 'संक्षिप्तभागवताय' ग्रन्थाय च शुभाशिषः

स्वयं भगवतो यत्र सदाशिस्तत्र कस्य नो ?
पूर्णा भवतु वेगेन योजनेदं सुमङ्गलाः ॥१॥

જ્યાં સ્વયં ભગવાનના આશીર્વાદ હોય ત્યાં બીજા કોના ન હોય ? આ અત્યંત મંગળકારી યોજના ઝડપથી પૂરી થાઓ ! ૧

ये ये प्रकाशिता ग्रन्था ये चान्ये त्वत्प्रकाशिताः ।
ते सर्वे मुद्रिता भूत्वा तूर्णं यान्तु प्रतिगृहम् ॥२॥

આજે જે પ્રકાશિત ગ્રંથો છે તે અને બીજા તમે પ્રકાશિત કરેલા તે બધા જ ગ્રંથો છપાઇને જલદીથી પ્રત્યેક ઘેર પહોંચો ! ૨

सेवाभक्तिप्रदीपोऽयं भवत्प्रज्वालितोऽत्र य
ज्वलत्वखण्डितं चैवम् अमोघाशीः सदा मम ॥३॥

गुरुपूर्णिमा
२०२४

તમે પ્રગટાવેલો આ જે સેવાભક્તિનો દીવો છે તે અખંડિત જલતો રહો એવી મારી હંમેશની અમોઘ આશિષ છે ! ૩

४ प्रकीर्णश्लोकाः ।

(१)

को हिन्दुः ?
हीनेन दूयते इति हिन्दुः ।

यस्त्वन्तर्दूयते सम्यग् हिंसादिहीनकर्मणा ।
स्वयं हीनं चरेन्नैव स हिन्दुर्वेदसम्मतः ॥१॥

હિન્દુ કોણ ?

હિચકારાં નીચને શોભે એવા કર્મથી જેને દુઃખ થાય છે તે હિન્દુ.

હિંસા (ચોરી, વ્યભિચાર) વગેરે હીચકારાં કર્મથી જેનું અંતઃકરણ અતિશય દુભાય છે અને જે પોતે એવાં નીચ કર્મની છાયામાં પણ ઊભો રહેતો નથી તે જ વેદમાન્ય હિન્દુ છે.

गङ्गां गां चैव गायत्रीं मन्यते राष्ट्रगौरवम् ।
न रुणद्ध्यन्यधर्मान् यः स हिन्दुः कस्य नो मतः ॥२॥

ગંગા, ગાય અને ગાયત્રીને જે રાષ્ટ્રનું ગૌરવ માને છે અને જે બીજાના ધર્મોનો વિરોધ કરતો નથી તેને હિન્દુ કોણ ન માને ?-તેના તરફ હિન્દુ તરીકે માનની દૃષ્ટિએ કોણ ન જૂએ ? ૨

यस्यासिन्ध्वब्धिपर्यन्ता मातृभूः प्राणतोऽधिका ।
सर्वलोकान्समं पश्येत् स हिन्दुः सर्वसम्मतः ॥३॥

સિન્ધુ નદીથી સમુદ્રપર્યંતની ભૂમિને જે પોતાની માતૃભૂમિ ગણે છે અને માતૃભૂમિને જે પ્રાણથી પણ અધિક ગણે છે-વખત આવે એને માટે પ્રાણ પણ ન્યોછાવર કરવા જે તત્પર રહે છે અને સર્વલોકને સમાનદૃષ્ટિથી જૂએ છે તેને હિન્દુ તરીકે બધાજ લોક માને છે. ૩

(२)

स्वामी नारायणो यस्य नान्यः कोऽपि कदाचन ।
न मे, तस्यैव मन्येत स्वामिनारायणः स वै ॥

જેનો નાથ સાક્ષાત્ નારાયણ, પરમ પરમેશ્વર છે, ફાવે તેવા સમર્થ અન્ય કોઈનુંય છત્ર જે કાલત્રયે પણ સ્વીકારતો નથી, અને જે હૃદયથી (માત્ર મોંઢેથી નહિ) મારૂં કાંઈ નથી, જે કાંઇ છે તે એનું જ એમ માને છે તે જ સાચો સ્વામિનારાયણનો ભકત છે.

(३)

रागद्वेषविमुक्तो यः सर्वभूतहिते रतः ।
यस्मै कस्मै च तस्मै मे शतशोऽस्तु नमो नमः ॥

જે રાગદ્વેષથી વિમુકત છે ને તમામ પ્રાણીઓના હિતમાં રત છે તેવા જે કોઇ હોય તેને મારા સેંકડો નમસ્કાર હજો.

(४)

कदा कृष्णा वेणीतटविमलयज्ञाङ्गनिलयः
कुचेलो विद्धूतो गुरुचरितचिन्तैकनिरतः ।
हरे श्रीपादश्रीयतिवरनृसिंहेति च गृणन्
विदेहो देहि सन् निमिषमिव नेष्यामि दिवसान् ॥

કૃષ્ણા અને વેણી નદીના તટ ઉપર નિર્મળ ઔદુમ્બર નીચે વાસ કરનાર, ફાટેલાં વસ્ત્રવાળો, ત્યજાએલો, ગુરુ-ચરિત્રનું જ એક માત્ર ચિંતન કરવામાં રત, હરે શ્રીપાદ-

શ્રીવલ્લભ, યતિવર નૃસિંહસરસ્વતી એમ બોલતો દેહભાન વિનાનો દેહધારી બની ક્યારે નિમિષની માફક દિવસોને પસાર કરીશ !

(૨)

कुण्डीदण्डौ / भद्रां मुद्रां करकिसलयोर्धारयन्तं यतीन्द्रं
योगश्रीयुद्भासितमुखकजं भूतिशृंगारभाजम् ।
तिष्ये ब्रह्माच्युतहरकलाकल्पिताङ्गं कृपाब्धिं
रेवावामे गरुडवसतिं वासुदेवं प्रपद्ये ॥

દંડકમંડલ (અથવા ભદ્ર મુદ્રા)ને કરકમળમાં ધારણ કરનાર, યતિઓમાં શ્રેષ્ઠ, યોગશ્રી વડે પ્રકાશિત મુખ-કમળવાળા, વિભૂતિનો શણગાર ધારણ કરનાર, કલિયુગમાં બ્રહ્મા, હરિ અને હરના અંશથી ઉત્પન્ન થએલ અંગવાળા, કૃપાસાગર, રેવાના ઉત્તર તટે ગુરુડેશ્વરમાં વસનાર શ્રીવાસુદેવાનંદ સરસ્વતીને શરણે હું જાઉં છું.

૬ 'વાસુદેવ સપ્તશતી' ગ્રંથમાં મૂકાએલા શ્લોકો.

सकलाः स्वनुतिष्ठेरन्निति कृत्वा स्वयं तथा ।
दत्तावतारो लोकार्थं ह्यकामश्चाचरत्क्रियाः ॥वा॥

બધા લોકો સારી રીતે અનુષ્ઠાન કરી શકે અને પોતે પણ કરી શકે એમ મનમાં વિચાર કરીને દત્તા-વતારે લોકોને માટે જાતે નિષ્કામ બનીને ક્રિયાઓનું આચરણ કર્યું. વા

निवृत्तिः स्वान्तरे यस्य मग्नः प्रवृत्तिवारिधौ ।
न लिप्येत यथाकञ्जमितीव बोधितुं हि सः ॥सु॥

જેના અંતઃકરણમાં નિવૃત્તિ છે તે પ્રવૃત્તિરૂપને સમુદ્રમાં ડૂબેલા રહે તો પણ કમળની જેમ લેપાતો નથી એમ બોધ આપવા માટે તે (કર્મપ્રવૃત્ત રહેતા હતા). સુ.

निर्ममाः साधवः सन्ति सर्वत्र समदर्शिनः ।
इदं निज परं वेति गणना लघुचेतसाम ॥दे॥

સાધુપુરુષો બધે મમત્વરહિત અને સમદર્શી હોય છે. આ પોતાનું અથવા આ પારકુ એવી ગણતરી ક્ષુદ્ર અંતઃકરણવાળાની હોય છે. દે.

न गूढाः श्रीगुरोरग्रे क्रियाः कश्चिद् भुवि क्वचित् ।
त्रीशमेनं न जानन्ति मोहजालसमावृताः ॥व॥

આ જગતમાં ક્યારેય પણ કોઇ પણ ક્રિયા ગુરુથી અજાણી નથી. મોહજાળમાં ફસાએલા લોકો એ ત્રીશ (દત્ત)ને જાણતા નથી. વ.

स्तोतुं कः प्रभवेन्नूनं त्रीशं त्वां भक्तवत्सलम ।
शास्त्रयोने दयासिन्धो त्राहि मां शरणागतम ॥द॥

હે શાસ્ત્રના મૂળ ! અને દયાના સાગર ! ત્રીશ અને અને ભક્તવત્સલ એવા તારી સ્તુતિ કરવાને કોણ શક્તિમાન છે ? શરણે આવેલા મારૂં રક્ષણ કર. દ.

य परः सर्वभूतानां भौतिकानां च यः परः ।
आत्मा ब्रह्मेति जानीयाद् भूतात्यये न यत्क्षयम् ॥८॥

જે સર્વભૂતોની અને ભૌતિકાની પર છે અને ભૂતોના નાશ થવા છતાં જેનો નાશ નથી તે આત્મા બ્રહ્મ છે એમ જાણવું જોઈએ. ૮.

(૯)

विश्वोद्यानमहामालिन् विश्वसौन्दर्यरक्षक ।
विश्वसंघर्षमुच्छिद्य विश्वशान्ति विभो कुरु ॥

વિશ્વરૂપી ઉદ્યાનના હે મહામાળી, હે વિશ્વના સૌન્દર્યના રક્ષક, વિશ્વનો સંઘર્ષ છેદી નાખી હે વિભો વિશ્વશાંતિ સ્થાપ.

(૧૦)

एकं देवं त्रिधाभूतं नानारूपधरं विभुम् ।
नानानामसमाहूतं व्रजामि शरणं हरिम् ॥

એક પરમાત્મા ત્રણ સ્વરૂપવાળો, નાના પ્રકારનાં રૂપ ધારણ કરનાર, વિભુ, નાના પ્રકારના નામથી પુકારાતો અને હરિસ્વરૂપ એવા તેને શરણે જાઉં છું.

(૧૧)

नमस्ते द्वारकाधीश नमस्ते विश्वमङ्गल ।
नमस्त्रीशाय धीशाय विश्वतेजो नमोऽस्तु ते ॥ॐ॥

હે દ્વારકાધીશ તને નમસ્કાર. હે વિશ્વનું મંગલ

કરનાર તને નમસ્કાર, ત્રીશસ્વરૂપ, બુદ્ધિના ઇશ તને નમસ્કાર. વિશ્વના તેજસ્વરૂપ તને નમસ્કાર હજો.

जगन्नाटकसूत्रात्मन परमात्मञ् जगद्गुरो ।
वासुदेव चिदानन्द पुनरायाहि केशव ॥क्लीं॥

હે જગતના નાટકના સૂત્રધાર, હે પરમાત્મન્, હે જગદ્ગુરુરો, વાસુદેવ, ચિદાનંદ, કેશવ ફરીથી આવો.

परचक्रभराक्रान्त भारतभूरियं तव ।
सुदर्शन-चक्रपाणे पापभारमपाकुरु ॥ॐ॥

તારી આ ભારતભૂમિ પરચક્રના ભારથી આક્રાંત થઈ છે. હે સુદર્શન-ચક્ર હાથમાં ધારણ કરનાર પાપનો ભાર દૂર કર.

*(१२)

किं वच्मिन किं न वच्मीह नो जानेऽहं यदूत्तम ।
त्वद्भावेन प्रणौम्येव आबालवृद्धवैष्णवान् ॥

આવે મહાન પ્રસંગે શું બોલવું ને શું ન બોલવું તે નથી જાણતો માટે હે યદૂત્તમ ! આબાલવૃદ્ધ વૈષ્ણવોને તારા (ભગવદ્) ભાવે ભક્તિનમ્ર પ્રણામ કરી સંતોષ માનું છું.

बोद्धारोऽमानिनश्चात्र प्रभवो दानभूषिताः ।
प्रेमपरिप्लुताश्चान्ये दृष्ट्वा नृत्यति मे मनः ॥

ભાગવતવિદ્યાપીઠ (સોલા)માં બ્રાહ્મમુહૂર્ત વેળા અપાયેલ પ્રવચનમાંથી.

અહીં ઉપસ્થિત વિદ્વાનો સ્વાભિમાન પૂર્ણ હોવા છતાં એમનામાં માનની લાલસા નથી, શ્રીમંતો પોતાના દાતવ્યમિતિ યદ્દાનમ્ એવા દાનથી પોતાની ઇશ્વરબક્ષિત લક્ષ્મી શોભાવે એવા છે, અન્ય જનોનાં હૈયાં પરસ્પર છલકતા નિર્વ્યાજ પ્રેમથી ઉછળી રહ્યાં છે આ બધુ જોઇ મારૂં હૈયું નાચી રહ્યું છે.

(૧૩)

*नैवात्र काव्यगुण एव तु चिन्तनीयो
ग्राह्य परं गुणवता खलु सार एव ।
सिन्दूरचित्ररहिता भुवि रूपशून्या
पारं न किं नयति नौरिह गन्तुकामान् ॥

અહીં કવ્યના ગુણનો વિચાર ન જ કરવો જોઇએ. પરંતુ ગુણવાને તો માત્ર સાર જ ગ્રહણ કરવો જોઇએ. આ જગતમાં સિન્દુરના (રંગથી ચિતરાએલાં) ચિત્રોથી રહિત રૂપથી શૂન્ય એવી નૌકા જવાની ઈચ્છાવાળાને શું પાર નથી લઈ જતી ?

(૧૪)

+यद् रोचते तद् ग्राह्यम । यन्नरोचते तद् त्याज्यम ।
सुखेनैव भोक्तव्यम ।

---

* 'ઉપનિષદોની વાતો'ની પ્રસ્તાવનાના અંતે મૂકાએલ શ્લોક.
+ 'ગીર્વાણભાષા પ્રવેશ'–ની પ્રસ્તાવનામાંથી.

જે ભાવે તે ગ્રહણ કરશો. ન રૂચે તે છોડી દેશો પણ શાંતિથી કોઇપણ જાતના શોરબકોર વગર આરોગશો.

(૧૫)

'अवधूती-आनन्द'स्य आरम्भे

+मूर्खोऽहं मूर्खराजोहं मूर्खाणां च शिरोमणिः ।
ज्ञात्वाप्येवं भजन्ते मां तेऽपि मूर्खा न संशयः ॥१॥

અવધૂતી આનંદના આરંભમાં મૂકાએલ શ્લોકઃ

મૂર્ખ હું મૂર્ખનો રાજા, વળી મૂર્ખ શિરોમણિ;
જાણ્યા છતાં મને જે કો ભજે નિઃશંક મૂર્ખ તે. ૧

नाहं कर्ता सर्वमेतद् ब्रह्मैव कुरुते यथा ।
किं लिखामि च कस्मै वा सर्वं ब्रह्ममयं जगत् ॥२॥

કરૂં હું ના કશું સર્વ, બ્રહ્મ પોતે કરે જ આ,
લખું શું ? કો તણે કાજે ? બ્રહ્માત્મક જગત્ બધું. ૨

ब्रह्मणा लिख्यते लेख्यं ब्रह्मैव संप्रलिख्यते ।
ब्रह्मणे लिख्यते तस्माद् ब्रह्मार्पणमिदं मतम् ॥३॥

લખાએ બ્રહ્મથી લેખ્ય, સમ્યક્ બ્રહ્મ લખાય છે;
લખાએ બ્રહ્મને માટે, તેથી બ્રહ્માર્પણ લહ્યું. ૩

+ આ શ્લોક વાંચીને સૌરાષ્ટ્રથી એક વિદ્વાને લખી મોકલેલું:

प्राज्ञस्त्वं प्राज्ञराजस्त्वं प्राज्ञानां च शिरोमणिः ।
ज्ञात्वा ह्येवं भजन्ते त्वां तेऽपि प्राज्ञा न संशयः ॥

પ્રાજ્ઞ તું પ્રાજ્ઞનો રાજા વળી પ્રાજ્ઞશિરોમણિ;
જાણી એમ તને જે કો ભજે નિઃશંક પ્રાજ્ઞ તે.

१६ द्वे मंगले

×नत्वा सरस्वतीं देवीं शब्दार्थान्तरधारिणीम् ।
देवभाषाप्रवेशार्थं क्रियते पुस्तकं त्विदम् ॥१॥

* મંગલ (૧)

શબ્દ અને અર્થને અંતરમાં ધારણ કરનાર સરસ્વતી દેવીને નમસ્કાર કરીને સંસ્કૃત ભાષામાં પ્રવેશ અર્થે આ પુસ્તકની રચના કરવામાં આવે છે. ૧

आंग्लभाषानिबद्धानि सन्त्येव पुस्तकान्यपि ।
इदं तु गुर्जरीबद्धं ज्ञानसौकर्यहेतवे ॥२॥

અંગ્રેજી ભાષામાં ગ્રથિત થએલાં બીજાં પુસ્તકો તો છે; પણ આ જ્ઞાનની સરળતા થાય તે માટે ગુજરાતી ભાષામાં ગ્રથિત કરેલું છે. ૨

+ ૨)

अगराजसुतासुताङ्घ्री बन्देऽनलवान्तिवर्णनाशाय ।
नाशाय प्राणभृतां यल्लत्ता किमुत दृष्टिकारुण्यम् ॥१॥

---

* પૂ. શ્રી. રચિત વ્યાકરણ ગ્રંથ 'गीर्वाणभाषाप्रवेश' (પૂર્વાર્ધ) નું મંગલ.

+ પૂ. શ્રી. રચિત વ્યાકરણ ગ્રંથ 'ગીર્વાણભાષાપ્રવેશ'ના ઉત્તરાર્ધનું મંગલ.

મંગલ-૨

અગ્નિના વાન્તિ (ધૂમાડા) જેવા વર્ણવાળા અજ્ઞાન-રૂપી અંધકારનો નાશ કરવા હું હિમાલયની પુત્રી પાર્વતીના પુત્ર ગણપતિના ચરણકમળને વંદુ છું. (કારણ કે) જેના પગની લાત પણ પ્રાણીઓના કલ્યાણ માટે છે તો પછી દૃષ્ટિની કરુણાનું તો પૂછવું જ શું ? ૧

पूर्वार्धो विश्रुतो लोके संस्कृतज्ञे विशेषतः ।
उत्तरार्धस्तथैवायं प्रीतयेऽस्तु सतां सदा ॥२॥

(ગીર્વાણ ભાષાપ્રવેશનો) પૂર્વાર્ધ લોકોમાં વિશેષ કરીને સંસ્કૃત જાણનારાઓમાં વિખ્યાત થયો. તે જ રીતે આ ઉત્તરાર્ધ પણ હંમેશા સત્પુરુષોની પ્રીતિ (મેળવવા) માટે થાઓ. ૨

यदत्रासौष्ठवं किञ्चिज्ज्ञानाभावात्समुत्थितम् ।
सन्तस्तत्क्षन्तुमर्हन्ति विशालहृदया हि ते ॥३॥

અહીં જે કંઈ સારૂં નથી તે જ્ઞાનના અભાવને કારણે ઉપસ્થિત થયું છે, તેને વિશાળ હૃદયવાળા તે સન્તો ક્ષમા આપવાને યોગ્ય છે. ૩

नाहं कविर्न वा विद्वान् भाषाप्रेम्णैव केवलम् ।
तनोमि वाङ्मयीं पूजामात्मदोषविशुद्धये ॥४॥

હું કવિ નથી કે નથી વિદ્વાન. માત્ર ભાષાના પ્રેમને કારણે આત્મદોષની વિશુદ્ધિ માટે વાઙ્મયી પૂજા કરી રહ્યો છું. ૪

छात्रदेवान्नमस्कृत्य सर्वे स्युर्गन्थवादिनः ।
तेषु तुष्टेषु तुष्टं स्याद् रुष्टं रुष्टेषु वै बृहत् ॥५॥

છાત્રદેવોને નમસ્કાર કરીને બધા ગ્રંથનો ભણાવનાર (શિક્ષકો) થાઓ. તે સંતોષાતાં બ્રહ્મ (ઈશ્વર) સંતોષ પામો અને તે રુષ્ટ થતાં રુષ્ટ થાઓ! ૫

(૧૭)

+दोर्भिर्युक्ता चतुर्भिः स्फटिकमणिमयीमक्षमालां दधाना
हस्तेनैकेन पद्मं सितमपि च शुकं पुस्तकं चापरेण ।
भासा कुन्देन्दुशङ्खस्फटिकमणिनिभा भासमानाऽसमाना
सा मे वाग्देवतेयं निवसतु वदने सर्वदा सुप्रसन्ना ।

સ્ફટિક મણિવાળી અક્ષમલા (અ થી ક્ષ સુધીના અક્ષરોની પ્રતિનિધિ) ધારણ કરનાર, એક હાથમાં પદ્મ અને બીજામાં પુસ્તક ધારણ કરનાર તથા સફેદ વસ્ત્ર ધારણ કરનાર, ચાર હાથવાળી, તેજથી મોગરો, ચંદ્ર, શંખ અને સ્ફટિકના મણિ જેવા તેજવાળી, અદ્વિતીય સર્વદા અત્યંત પ્રસન્ન એવી તે વાણીની દેવી મારા મુખમાં સદા નિવાસ કરો.

(૧૮)

+यत्करोमि यदश्नामि यज्जुहोमि ददामि यत् ।
यत्तपस्यामि वार्ष्णेय तत्करोमि त्वदर्पणम् ॥

+ ગીર્વાણ ભાષાપ્રવેશ (ઉત્તરાર્ધ)માં મૂકાએલ વાઙ્મય-રત્ન મંજૂષા-નું મંગલ.

+ 'સંગીતગીતા' (ગીતાનું પદ્ય રૂપાંતર)માંનો અર્પણશ્લોક

કરૂં જે હું ખઉં હું જે, હોમું દાન દઉં કંઈ;
તપું હું જેહ વાર્ણેય, અર્પણ તે તને કરૂં.

५ दहिर्लापिका:

१

० डाकोरनाथ

डाकिनीं डमरुद्घोषाद् द्रावयाशुभरूपिणीम् ।
डिम्भो भूत्वा डयस्वार्य मा डोमत्वं समाचरेत् ॥

૧ ડાકોરનાથ

ૐકારરૂપી ડમરૂના ઊંડા નાદથી ભ્રાન્તિના બીજરૂપ અશુભ વાસનારૂપી ડાકણને વિના વિલંબે ભગાડી દો. (આજ કરીશ, કાલ કરીશ એમ કરતા આળસુની માફક પોઢી રહેશો તો અચાનક કાળ કોળિયો કરી દેશે ને પશ્ચાત્તાપથી મોઢું ફાડી બેઆકળા જોતા જ રહેશો માટે ઊઠો, અબઘડી ઊભા થાય)ને બાળકશી નિર્દોષ નમ્રતાથી એના ઉન્નત્ આકાશમાં ઊડવા માંડો. એદી અધોવર્તનની ખાડમાંમા આળોટયા કરો ! (કારણકે અરે માયાવી જીવ !)

को जानीते श्वः कथं वर्तते ते
कालग्रस्ते जीवलोके समन्तात् ।
कर्तव्यं यच्छीघ्रमेवानुधेहि
श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥

* ડાકોરના પ્રવચનમાંથી (પ્રત્યેક શ્લોકનો પહેલો અક્ષર વાંચતાં 'ડાકોરનાથ' એમ વંચાવે.)

કોણ જાણે છે કે કાલે તારૂં શું થશે ? પ્રાણીમાત્રની પાછળ કોળિયો કરવા કાળ પડેલો જ છે. માટે જે કરવાનું છે તે આ ક્ષણેજ કરવા માંડ. જેણે તને દેહાદિ સર્વ કાંઇ આપ્યું છે તે સર્વ ઝઘડાબાજીમાંથી છોડાવનાર શ્રીરણછોડનું શ્વાસે શ્વાસે સ્મરણ કર ને કેડ બાંધીને કામે લાગી જા. બહાર નીકળેલો શ્વાસ પાછો અંદર આવશે કે નહિ કોણ જાણે ! માટે ઊઠ ને મંડી પડ.

रमानाथो रदो दासदुःखात्यन्तनिवर्तकः ।
रमन्ते योगिनो यत्र स राम किं न सेव्यते ॥

એ લક્ષ્મીનો નાથ તારી સર્વ ઈચ્છા પૂરણ કરશે. એને અનન્ય ભાવે શરણ જનારનુ દુઃખ એ એ કાયમનું દૂર કરે છે. નિષ્કામ યોગીઓ પણ જેમાં રમમાણ થાય છે તે આદિઅંતથી રહિત રામની-રણછોડની સેવા બેટા ! કેમ નથી કરતો ?

नानारूपधरो योऽसौ नामानन्त्याद विराजते ।
रूपे रूपे विरूपः सन् प्रतिरूपो भजस्व तम् ॥

તે તે રૂપમાં તે તે રૂપે દેખાતો એ અરૂપી અનંતરૂપે ને અનંત નામે વિશ્વમાં વિરાજી રહ્યો છે. આવો જગતનો નાથ શ્રી રણછોડ તારે હોવા છતાં તું કોઈ અનાથની ગોડે ઓશિયાળો થઈ શે વિચરે છે ?

नाथो यस्य जगन्नाथ सोऽनाथोऽत्र कथं भवेत् ।
सदाचारेण तं साधो पश्येत्स्वात्मनि संस्थितम् ॥

હે સાધન પ્રવણ ! જગતની જંજીર તોડી નાખવા ઉત્સુક મુમુક્ષુ ! એને ખોળવા બહાર શીદ ભટકે છે ? તારા હૃદય મંદિરમાં ઝગમગી રહ્યો છે એ, જો ! પણ મનનો મેલ કાઢી નાખીને-આંખનાં વિકારપડળને ઉતારી નાંખીને જોજે હોં ! બધે એ જ છે, એ જ દેખાશે ! !

चश्चलोऽणुर्महान्वापि सर्वं ब्रह्मैव केवलम् ।
इति स्यान्निश्चलो बोधस्तं थं न बाधते कदा ॥

સ્થાવર જંગમ, અણુમહાન જે કાંઇ છે તે કેવળ એ બ્રહ્મ જ શ્રી રણછોડરાય જ છે, એવો દૃઢ અડગબોધ -જ્ઞાન જેને પ્રાપ્ત થયું છે તે અભય પદ પામે છે; કોઇ પણ ડર એને ડરાવી શકતો નથી.

२ मानव्रता

मानामानौ समौ कृत्वा विनम्रस्तरुवद् भवेत् ।
सर्वभूतहितं कुर्वन् रागद्वेषौ विवर्जयेत् ॥१॥

૨ માનવ્રતા

માન અપમાન સમાન લેખી ઝાડની માફક ફળ-કાળે અહંકાર છોડી વિશેષ નમ્ર બનો. રાગદ્વેષનો ત્યાગ કરીને ભૂતમાત્રના કલ્યાણ માટે મંડી પડો.

न द्रुह्यात् सर्वभूतानि सत्याहिंसादिकं चरन् ।
आत्मवत् प्राणिमात्रेषु पश्यन् कारुण्यभाग्भवेत् ॥२॥

કોઈ પણ પ્રાણીનો દ્રોહ ન કરો. સત્ય, અહિંસા વગેરે દૈવી ગુણોનું આચરણ કરો. પ્રાણી માત્ર તરફ પોતાની જાતની માફક જુઓ ને સર્વત્ર કરુણાથી પોતાનું અંતઃકરણ ભરી દો.

वशीकृत्वेन्द्रियग्रामं सहजं कर्म संभजेत् ।
फल कर्तृत्वभावं च समर्प्य श्रीपदे मुदा ॥४॥

મન ઇન્દ્રિયોને વશ કરી આનંદમાં મસ્ત રહો ને ફળ અને કર્તૃત્વભાવ શ્રી ચરણે સમર્પણ કરી સહજભાવે આવી પડે તે ખંતથી કરો.

तानवं चैषणानां च संप्राप्य समदृङ्मुनिः ।
वर्तमानेन वर्तेत निष्कम्पोऽल्पपरिग्रहः ॥५॥

ઈચ્છા એષણાઓ ક્ષીણ કરો. ભૂતભાવિની ચિંતા છોડી વર્તમાનમાં રહો. આવશ્યકતાઓ બને તેટલી ઓછી કરો. બધે નીડર રહો ને સર્વત્ર સમાન દૃષ્ટિ રાખી અલ્પભાષી બની આત્મચિંતનમાં રત રહો.

३ नवागाम

नश्वरं चलमायुष्यं नश्वरो धनसङ्ग्रहः ।
नश्वराः सर्वे भोगाश्च धर्म एको ह्यनश्वरः ॥१॥

૩ નવાગામ

આયુષ્ય ચંચળ છે. એક દિવસ ઓચિંતું નાશ પામવાનું છે. માટે જે કંઈ કરવાનું હોય તે કાળની રાહ જોયા વગર એકદમ હાથ ધર્યે જ છૂટકો.

ધનનો ફાવે તેટલો સંગ્રહ કરો, એક દિવસ એ ભૂતકાળનો બની જવાનો છે. અંતઃકાળે એક કોડી પણ સાથે આવવાની નથી માટે નાવમાં ઠેલા પાણીની માફક એને ઉલેચે જ રાખો, નહિતો એ જીવન નૌકાને ડૂબાડી દેશે.

એ ધનથી અયથાવત્ ખરીદાએલા સર્વ ભોગ ને ભોગસાધનો પણ કાયમનાં નથી ટકવાનાં. શરીર ને ઇન્દ્રિયોને નીચોવીને કૂચા કરી ફેંકી દેશે એ.

માટે ત્યાર પહેલાં જ એક માત્ર અવિનાશી ને સદા સાથે રહેનાર ધર્મનો જ—પુણ્યબળ ને સત્કર્મનો જ—સંગ્રહ કરો ને સુખી થાઓ.

वादं सर्वं परित्यज्य कर्तव्यो धर्मसङ्ग्रहः ।
हते धर्मे हतं सर्वं राष्ट्रं समृद्धिसंस्कृती ॥८॥

સર્વ પ્રકારના વાદ વિવાદથી દૂર રહો. કેમ કે वादे वादे वर्धते वैर वह्निर् वह्नौ वह्नौ दह्यते स्नेहतन्तुः એવા વાદને વિવાદોથી વેરનો અગ્નિ ભભૂકી ઊઠે છે ને એ પરસ્પર રહેલા સ્નેહધાગાને બાળી નાંખે છે ને જીવન સ્નેહશૂન્ય અકારું બની જાય છે. તો એવા વિસંવાદો દૂર કરી સત્ય એવા ધર્મનો જ સંગ્રહ કરો, ધર્મ પર પ્રહાર થશે તો સર્વનું અસ્તિત્વ હાલી ઊઠશે. રાષ્ટ્ર સમૃદ્ધિ ને સંસ્કૃતિમાંનું કંઈ જ નહિ રહે

गार्द्ध्यं यद् भौतिकं तद्धि मूलं पापस्य संजहि ।
मुंक्ष्व तोषाद् यथाप्राप्तं त्यागेनेशशिशून् प्रति ॥३॥

ભૌતિક કે દુન્યવી વસ્તુઓનો લોભ, એજ સર્વ પાપનું-અસત્-પ્રવૃત્તિનું-મૂળ છે; માટે એવા રાક્ષસી લોભનો ત્યાગ કરો. પ્રામાણિક ઉદ્યમથી જે કંઈ આવી મળે તે પરમાત્માના બાળકો પ્રતિ વિતરણ કરી સંતોષથી ભોગવો.

मतान्ध्यं संपरित्यज्य सत्यमेकं समाचर ।
सत्ये सन्निहितो धर्मो धर्मे श्रीविजयो यशः ॥४॥

મતનો દુરાગ્રહ બાજુએ મૂકો એકમાત્ર સત્યનું જ આચરણ કરો, કારણ કે ધર્મ સત્યના આચરણમાં જ રહેલો છે. અને જ્યાં એવા ધર્મનું અડગ અધિષ્ઠાન છે, ત્યાં શ્રી સંપત્તિને સમુન્નતિ-વિજય ને યશ આપ મેળે દોડી જ આવે છે.

૪ द्वारकाधीश

द्वारं यत् त्रिविधं प्रोक्तं स्वयं कृष्णेन नारकम् ।
दमादिना तदुत्त्यज्य स्वात्मसौख्यं व्रजेन्नरः ॥१॥

૪ દ્વારકાધીશ

ભગવાન દ્વારકાધીશ શ્રીકૃષ્ણે જ પોતાની ગીતામાં નરકનાં એટલે જ આત્યંતિક દુઃખનાં ત્રણ દ્વાર કહ્યાં તે-કામ, ક્રોધ અને લોભ. બધા દુઃખનું મૂળ-વાસના,

આશાતૃષ્ણા જ છે. એ પૂરી ન થાય તો એની પૂર્તિમાં વિઘ્ન કરનાર ઉપર ક્રોધ વ્યાપે છે અને કામના થોડીઘણી પણ પૂર્ણ થાય તો એને માટે વધારે લાલસા-લોભ-ઉપજે છે. એ દ્વાર બંધ કરી માણસે અક્ષય સુખના દયાદિ ત્રણ દરવાજા ખોલી સ્વાત્મ સૌખ્યની દ્વારકામાં પ્રવેશ કરવો જોઈએ.

रटनं च प्रतिश्वासे कृष्ण कृष्णेति पावनम् ।
दग्ध्वा पापान्यशेषाणि दर्शयेत् तत्परं विभुम् ॥म:॥

શ્વાસે શ્વાસે પરમાત્માના કૃષ્ણ કૃષ્ણ વગેરે પાવન નામનું પથ્ય સાથે (દુર્ગુણના ત્યાગ સાથે) રટણ કરો એનાથી તમારા પાપ સંસ્કારમાં બધાં બળી જશે; પુણ્યનો ઉદય થશે અને એ પુણ્ય વડે જ્ઞાન જાગ્રત થઈ એ સર્વવ્યાપી સુખનિધાન પરમ પ્રભુનાં સર્વત્ર દર્શન-સાક્ષાથશે. કારણ

कामः कल्पद्रुमः साक्षात् कलौ श्रीहरिकीर्तनम् ।
एको नामसहस्त्रेषु नामी गोविन्द इत्यलम् ॥शि॥

નિશ્ચયપૂર્વક માનો કે આ કલિયુગમાં પરમાત્માનું નામસંકીર્તન એજ મનોવાંછા પૂરી કરી ચિરશાંતિ આપનાર કલ્પવૃક્ષ છે. પ્રભુ અનંત છે એટલે એનાં નામ પણ અનંત છે; પણ એ હજારો નામોનું અધિષ્ઠાન-નામી -સર્વ ઇન્દ્રિયોમાં ખેલનાર ગોવિન્દ એક જ છે. પ્રભુનું ફાવે તે નામ લો, ફાવે તે રૂપનું ધ્યાન ધરો એ બધો પ્રવાહ

બધાં નવાણોનું પાણી સમુદ્રમાં મળે તેમ એ બહુનામી અનામી બહુરૂપી અરૂપી–સાકાર નિરાકાર પરમાત્માને જ પહોંચે છે.

કેમ કે

धीदः श्रीद शर्वरूपो धियोऽन्तः परतस्तु सः ।
दत्वा सूक्ष्मं बुद्धियोगं स्वात्मानं दर्शयत्यतः ॥७॥

તમારી બુદ્ધિનો પ્રેરક એ જ છે. અખિલ ઐશ્વર્યનો દાતા સર્વરૂપ એ જ છે. શિવસ્વરૂપ સર્વ કલ્યાણનો ભંડાર એ જ છે. પ્રાણીમાત્રના અંતઃકરણની અંદર અને બહાર એજ પ્રકાશે છે. નકોડી બુદ્ધિ એને પહોંચી શકતી નથી. એ જેના પર રીઝે તેને એ સૂક્ષ્મ બુદ્ધિયોગ નિર્લેપતાથી કર્મ કરવાની યુક્તિ ફાવે તેવી પરિસ્થિતિમાં બ્રહ્માકાર વૃત્તિ ચળે નહિ એવો યોગ બતાવી સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે.

शं करोति यतः सत्य शिवः सुन्दरः एव सः ।
कामद्वार विधायाशु सूदघाटयति रन्ध्रकम ॥८॥

આ જગત વગેરે કાંઇ પણ ન હતું ત્યારે એ જ હતો. અત્યારે પણ આ જગત ને એની બહાર જડચેતન જે કંઈ છે તે એ જ છે. અને આ બધાનો લય થશે. આમાંનું કાંઇ પણ નહિ રહે ત્યારે પણ એ જ હશે. આમ ત્રણે કાળમાં અભંગ હોવાથી એને સત્ય કહે છે. એ સર્વનું નિત્ય કલ્યાણ કરે છે માટે જ એને શિવ

કહ્યો છે. સર્વત્ર નિત્ય નવે નવે રૂપે દેખાય છે, તેથી એને સુન્દર કહે છે સર્વ દુઃખનું મૂળ જે કામ કે વાસના તેનાં બારણાં બંધ કરી એને શરણ આવનારને માટે વિના વિલંબે એ અક્ષય સુખ કે બ્રહ્મનાં બારણાં ઉઘાડી-બ્રહ્મસંબધ કરાવી-દ્વારકાની યાત્રા પૂર્ણ કરાવે છે.

५ कंपाला

आप्नुवन्त्वत्र कं सर्वे पायात्सर्वान् महेश्वर ।
लाभालाभौ समौ मत्वा सर्वे जीवन्तु निर्भयाः ॥

૫ કંપાલા

બધા જ સુખ પ્રાપ્ત કરો. હે મહેશ્વર ! બધાનું રક્ષણ કરો. બધા જ નિર્ભય બની લાભ અને અલાભને સમાન માની જીવો.

६ जयपुर

सर्वेऽत्र जयिनः सन्तु जपयोगपरायणाः ।
जन्ममृत्युजराव्याधिभवरोगसुपारगाः ॥ज॥

૬ જયપુર

તમારો દરેક ઠેકાણે, દરેક કાર્યની અંદર બધે જયજયકાર થાવ. તમે બધા પરમાત્માના અનુસંધાનની અંદર હંમેશાં મગ્ન રહો. (આવી રીતે કરશો તો) જન્મ, મૃત્યુ, જરા (બુઢાપો) અને એની મુશ્કેલીઓ એ બધાંની અંદરથી બહુ સહેલાઈથી પસાર થઈ જાવ.

यमिनः शमिनः सर्वे परार्थे याजिनः सदा ।
यातायातविनिर्मुक्ताः श्रेयःपथप्रयासिनः ॥य॥

તમે બધા સદાચારયુક્ત રહો, તમે બધા યમયુક્ત થાવ (ઇન્દ્રિયદમન કરો.) શમયુક્ત (મનોનિગ્રહ કરનાર) થાવ. તમારી પાસેનું પરાર્થે (બીજાને માટે જે કંઈ હોય તેનો સદુપયોગ; પરમાત્મપ્રીત્યર્થે) વાપરો–એવો યજ્ઞ કરનારા થાવ. ખોટી દોડધામમાંથી મુક્ત થાવ અને પરમ શ્રેય શાંતિ અથવા મોક્ષ એ પથના પ્રવાસી થાવ.

पुरेऽस्मिन् सौख्यपूरः स्यात पुण्यकर्मैकशीलता ।
पारस्परिकबन्धुत्वं परमतसहिष्णुता ॥पु॥

આ નગરની અંદર સુખ, સમૃદ્ધિ ખૂબ વહ્યા કરે અને બધા પુણ્યને માર્ગે પડો. એકબીજાને તમો ભાઈ-બેનની માફક ચાહો અને બીજાના મતની સહિષ્ણુતા વધો.

रमानाथकृपायोगाद् रिद्धिसिद्धिर्यशोबलम ।
लब्ध्वा सर्वेऽतिमोदन्तां मोदन्तां भद्रदर्शिणः ॥रा॥

પરમાત્માની કૃપાથી તમે બધા રિદ્ધિ, સિદ્ધિ, યશ, કીર્તિ બળ વગેરે પામો અને બધાજ લોકો હંમેશાં આનંદની અંદર મસ્ત રહો. અને તમને બધાંને કલ્યાણને માર્ગે પ્રભુ લઈ જાવ.

卐

सर्वेऽत्र जयिनः सन्तु सर्वे सन्तु यशस्विनः ।
पुण्यकर्मरताः सर्वे रमन्तां पुत्रपौत्रिकाः ॥

અહીં બધાનો જયજયકાર થાવ, બધા જ યશસ્વી બનો. બધા પુણ્યકર્મમાં રત થાવ અને પુત્રપૌત્રવાળા થઈ બધા આનંદમાં મસ્ત રહો.

*६ अभिनन्दनपत्रम्

नत्वा सरस्वतीं देवीं शब्दार्थान्तरधारिणीम् ।
प्रेम्णा यल्लिख्यते किञ्चित्तदस्तु तव प्रीतये ॥

स्वस्ति । वटोदरे परमप्रेमनिधानं मित्रवर्यं देवतेति दिव्यकुलोत्पन्नं बलवन्तसूनुं रामचन्द्रनामाभिधानममदावादपत्तनात्पाण्डुरङ्ग परमप्रेमपुरःसरं प्रणम्य लिखति यथा । गतं खल्वानन्दस्य परां कोटिं मे मनो यदाऽहं श्रुतवान्भवा'न्फेलो'पदे नियुक्त इति । किं कर्तुकामोऽस्ति भवानतः परम् । अप्यात्मान 'मास्टर ऑफ आर्ट्स' इत्युपाध्यलङ्कृतं द्रष्टुमिच्छति । अपि विस्मृतोऽस्त्ययं जन एतावतैव कालेन सर्वैः सुहृज्जनै । क्व सन्ति ते भावेराम्बेगणपुलयादयो महानुभावाः । कस्मिम्महति कार्ये व्यापृता यन्न विन्दन्ते कालममुं दीनं जन संस्मर्तुमपि, हरतु भवांस्तान्प्रति मत्कुशलमयप्रवृत्तिसनाथं साष्टाङ्गप्रणिपातम् । मया किल भ्रान्तमनेकदिक्षु देशसेवापिपासया । लब्धं यशश्चापकीर्तिश्चापि यतो विरलाः खलु ते ये सर्वांस्तुष्टिमानयन्ति । तुलादृष्टिसदृशानुवृत्तिर्हि लोकः । उभयपक्षानुरञ्जनार्थं यतमानस्य

* પૂર્વાશ્રયમાં મિત્રને સંસ્કૃતમાં લખાએલ અભિનંદન

तु दिवाभीतवन्न कुत्रापि प्रतिष्ठा । प्रतिष्ठाहीनस्य च जन्मा-जागलस्तनस्येव निरर्थकम् । अस्तु नामैतद्गतेतिहासकथनेन भवतः कालापहरणम् । अथ प्रकृतमनुसरामि । अधुना त्वत्रस्थायां 'राष्ट्रीय आदर्श विनयमन्दिरे' ति ख्यातायां पाठशालायां गीर्वाणाङ्ग्लभाषाध्यापकपदे नियुक्तोऽस्मि. नेच्छाम्यतः परं निर्लज्जधर्महीनाङ्ग्लराजनियंत्रितविद्यार्पीठदत्तोपाधिनाऽऽत्मान मलिनीकर्तुम् । नैतद् उपपद्यते खलु प्राचीनवेदामृतमन्थिवंशजेषु यत्क्षुद्रस्योदरपूरणार्थे स्वाभिमानं राष्ट्राभिमानं च दूरीकृत्य श्वावन्निःशङ्कं तेषां श्वेतयवनराजपुरुषाणां पादयोर्लाङ्गूलचालनं कुर्वन्ति । हा धिगिमां निर्लज्जताम् निशङ्कं विहरत्स्वेतादृशेषु कुलाङ्गारेषु कथं देशोदयस्वप्नः सफल स्यात् । क्वातः परोऽधःपातः सम्भवत्यस्मद्देशीयानाप् । क्षम्यताम् । निष्फलोऽरण्यरुदितव-न्ममाश्रुपातोऽस्मिन्विषय इति जानन्नपि न शक्नोमि हृदयोर्मि-प्रवाहं संयन्तुन् । अप्येतद्दौर्बल्यम् । न जाने । इच्छामात्मनः सकलं मनोगतं भवतः पुरस्तादुद्घाटयितुं सामर्थ्यम् । किन्त्व-शक्यमेव तत् । अत्यन्ताशक्यम् । हृदयपेटिकानिगूढानेतादृशा-न्विचारान्वर्णयितुं वैखरी न समर्था । बुद्धिरपि पङ्गूस्तदाकलने किं मनः । तेषां गंभीरता मनुष्यमुन्मनीकृत्याश्चर्ये निमज्जयति । किं बहुना विद्वन् ! प्रत्युत्तरेणानुग्रहीतव्योऽयं जनः कदाचित् । प्रणतिपुर सरं विरम्यतेऽधुना ।

स्वीकर्तव्यो दोषसंकुलोऽपि प्रेमप्रेरित इत्यय लघुर्लेखः !

अमदावादपत्तने
का. शु. १३ भानु-
वासरे सं. १९७८

वझावेकुलोत्पन्नस्य विठ्ठलसूनोः
पाण्डुरङ्गशर्मणः ।

૬ અભિનન્દનપત્ર

શબ્દ અને અર્થને અંતરમાં ધારણ કરનાર સરસ્વતી દેવીને નમન કરીને પ્રેમથી જે કંઈ લખાય છે તે તારી પ્રીતિ માટે હો !

સ્વસ્તિ શ્રી વડોદરામાં પરમ પ્રેમના ભંડાર મિત્ર-વર્ય દેવતા નામના દિવ્યકુળમાં ઉત્પન્ન થએલા બળવંતના દીકરા રામચંદ્ર નામવાળાને અમદાવાદ શહેરથી પરમ પ્રેમપૂર્વક પ્રણામ કરીને પાંડુરંગ લખે છે.

ખરેખર મારું મન આનંદની પરાકાષ્ઠાએ પહોંચ્યું કે જ્યારે મેં એમ સાંભળ્યું કે તમો ફેલોપદે નિયુક્ત થયા છો હવે પછી આપ શું કરવા ધારો છો? માસ્ટર ઓફ આર્ટ્સની પદવીથી અલંકૃત થવાની આપ ઇચ્છા રાખો છો ખરા ? અત્યાર સુધી બધા મિત્રોથી આ સ્વજનને ભૂલાઈ જવાયો છે શું ? ક્યાં છે તે ભાવે, તામ્બે, ગણપુલ વગેરે મહાનુભવો ? કયા મોટા કાર્યમાં તેઓ ગૂંથાઇ ગયા છે કે આ દીન જનને યાદ કરવાને પણ તેઓને વખત મળતો નથી ? મારી કુશળતા સહિતની પ્રવૃત્તિના સમાચાર સહિત સાષ્ટાંગ પ્રમાણ તેઓમે પાઠવજો. દેશસેવાની તીવ્ર ઇચ્છાથી અનેક દિશાઓમાં હું ફર્યો અને યશ અને અપકીર્તિ બંને મેળવ્યાં કારણ કે જે બધાને જ સંતોષ આપી શકે તેવા વિરલ જ હોય છે. બંને પક્ષનું રંજન કરવાનો પ્રયત્ન કરનારને, દિવસે ભય પામનારની માફક ક્યાંય પ્રતિષ્ઠા મળતી

નથી. અને પ્રતિષ્ઠા વગરનાનો જન્મ અજા (બકરી)ના ગળાના સ્તનની માફક નિરર્થક જ છે આ પાછલા ઇતિહાસના કથનથી આપનો સમય બગાડવો રહેવા દઉં. અને વર્તમાન ભણી વળું હાલમાં હું અહીં આવેલી 'રાષ્ટ્રીય આદર્શ વિનય મંદિર' નામથી ઓળખાતી પાઠશાલામાં સંસ્કૃત અને અંગ્રેજી ભાષાના અધ્યાપકપદે નિયુક્ત થયો છું. હવે પછી હું નિર્લજ્જ અને ધર્મહીન અંગ્રેજી રાજાથી નિયંત્રિત વિદ્યાપીઠ દ્વારા અપાએલ ઉપાધિથી પોતાની જાતને મલીન કરવા માગતો નથી. પ્રાચીન વેદરૂપી અમૃતનું મંથન કરનાર વંશમાં ઉત્પન્ન થયેલાઓ પોતાના ક્ષુદ્ર પેટને ભરવા ખાતર સ્વાભિમાન અને રાષ્ટ્રનું અભિમાન દૂર કરીને કૂતરાની માફક નિઃશંક તે ગોરા યવન રાજપુરુષોના ચરણે પૂંછડી પટપટાવતા રહે છે તે તેમને યોગ્ય નથી. અરેરે આ નિર્લજ્જતાને ધિક્કાર છે! આવા કુલાંગાર જ્યાં સુધી નિઃશંક વિહરતા રહે છે ત્યાં સુધી દેશના ઉદયનું સ્વપ્ન કેવી રીતે સફળ થાય? આપણા દેશવાસીઓ માટે આથી બીજો અધઃપાત કયો સંભવે?....ક્ષમા કરો, પ્રેમાત્મન્, ક્ષમા કરો. આ વિષયમાં નિષ્ફળ અરણ્યરુદનની માફક મારો અશ્રુપાત છે એમ જાણવા છતાં પણ હૃદયની ઊર્મિના પ્રવાહને સંયમમાં રાખી શકતો નથી. શું આ દુર્બળતા છે? (એ અંગે) હું (કંઈ) જાણતો નથી. મારૂં બધું જ મનોગત તમારી આગળ ખૂલ્લું મૂકવાનું સામર્થ્ય હું ઇચ્છું, પરંતુ તે અશકય જ છે. અત્યંત

અશક્ય છે. હૃદયરૂપી પેટીમાં છૂપાએલા આવા વિચારોને વર્ણવાને વૈખરી વાણી સમર્થ નથી. બુદ્ધિ પણ તેને સમજવાને પાંગળી છે તો પછી મનની તો શી વાત? તેની ગંભીરતા (ઊંડાઈ) મનુષ્યને મૂંઝવી આશ્ચર્યમાં ગરકાવ કરે છે. બહુ (લખવાથી) શું ? હે વિદ્વાન્, પ્રત્યુત્તરથી ક્યારેક આ જનને અનુગ્રહીત કરવા યોગ્ય છો, પ્રણામપુરઃસર હાલ તો વિરમું છું. દોષથી ભરેલો છતાં પ્રેમપ્રેરિત આ લઘુલેખ સ્વીકારજો.

અમદાવાદ. વળામે કુળમાં ઉત્પન્ન
કા. શુ. ૧૩ વિઠ્ઠલના દીકરા પાંડુરંગ શર્મા
સોમવાર, વિ. ૧૯૭૮

*૭ मानपत्रम्

सा विद्या या विमुक्तये ।

श्रीमत्सकलविद्यालङ्कृतरसायनाचार्य डॉ. प्रफुल्लचन्द्र रॉय !

गांधी महात्मनो निवासेन पवित्रीभूतममदावादपत्तनं प्रति तेनैव महात्मना प्रस्थापितस्य सकलजन्मतपःसारभूतस्य विद्यापीठस्य मंदिरशिलारोपणेन तस्यावतारकृत्यस्य दृढिकरणार्थमिव भवत आगमनं श्रुत्वाऽऽनन्दस्य परां कोटिं गतमस्माकं मन । साधो ! विज्ञानवारिधे ! स्वागतं सुस्वागतं तेऽस्माकं लघ्वीं पाठशालां प्रति । पुनीमह आत्मानं वयमेतत्पाठशालास्था अध्यापकाश्छात्राश्च सर्वे भवतः पुण्यदर्शनेन । साधो ! वन्दामहे त्वां दीनबन्धो !

---

* આ માનપત્ર પૂ. શ્રી જ્યારે અમદાવાદ શિક્ષક હતા ત્યારે ડૉ. પ્રફુલ્લચંદ્ર રોયને ઉદ્દેશીને તેઓશ્રીએ શાળા વતી લખેલું.

पूर्वमेव श्रुतान्यस्माभिर्भवन्नामसङ्कलितानि पुण्याक्षराणि आकर्णितोऽस्माभिर्भवतो गुणषट्पदैः कृतो गुणगुञ्जारव एव । अद्य तु साक्षात् तेषां गुणानां मूर्तिरेव प्रादुर्भूताऽस्माकं पुरस्तात्पूर्वपुण्यप्रकर्षात् । वर्तमानयुगस्य धुरन्धरविज्ञानशास्त्रिन् ! कथं भवान् न नमस्यः सर्वेषाम् ? भवतां पाश्चात्यप्रकाशान्धीभूतेभ्यो जनेभ्य सूत्रयन्त्रस्य रहस्यं दर्शितम् । वारंवारं दुर्भिक्षपीडितदीनजनानां दुःखापहरणेन स्वात्मा क्लेशं नीतः । मातृभूमेरुज्ज्वला कीर्तिर्दिगन्तं नीता । महात्मंस्त्यागमूर्ते ! भवतो निर्दोषमृजुजीवितं पूर्वेषामृषीणां चरितं कं न स्मारयति । परमगहनोऽपि सेवाधर्मः प्रत्यक्षीकृत एवास्माभिर्भगवद् दर्शनेन । भूतदयार्था एव भवतो जन्म । स्वदेशसेवैव भवतः कुलदीक्षा। त्यागः एव भवतः कुलाचारः । दीनदुःखापहरणमेव भवतो धर्मः ।

देशसेवार्थमेवाजन्मब्रह्मचर्यव्रतधारिन् ! महात्मन् ! के वयं युष्माकं गुणानुवर्णनं कर्तुम ! इच्छामो हृदयमुद्घाटयितु सामर्थ्यम् । किन्त्वशक्यमेव तत् । अत्यन्ताशक्यम् । हृदयपेटिकानिगूढात् विचारान् वर्णयितुं वैखरी न समर्था । बुद्धिरपि पङ्गुस्तदाकलने किं मनः ? तेषां गंभीरता मनुष्यमुन्मनीकृत्याश्चर्ये निमज्जयति । किं बहुना ? विद्वान् ! अनुग्रहीतव्येयं पाठशालाऽऽशीर्वचनेन । कालं ायुष्मन्तं भवन्त यच्छतु च भवतेऽतुल सामर्थ्यं देशसेवां कर्तुं जगत्सूत्रधारो भगवान्कमलापतिः । विरम्यतेऽधुना ।

राष्ट्रीय विनय मंदिरम् — भगवद्गुणानुकाङ्क्षिच्छात्राध्यापकमुखम्
घी कांटा-अमदावाद — रामशङ्कर हरजीवन त्रिपाठी
फाल्गुन कृष्ण ६ सं. १९७९ — आचार्यः
गुरुवासरः

૭ માનપત્ર

વિદ્યા તે જ કે જે મુક્તિ અપાવે

બધી જ વિદ્યાઓથી અલંકૃત રસાયણશાસ્ત્રના આચાર્ય શ્રીયુત ડૉ. પ્રફુલ્લચંદ્ર રોય !

મહાત્મા ગાંધીજીના નિવાસથી પવિત્ર થએલા અમદાવાદ શહેરમાં તેજ મહાત્માજીએ પ્રસ્થાપિત બધા જ જન્મોના તપના સારરૂપ બનેલી વિદ્યાપીઠના મંદિર-શિલાન્યાસથી જાણે કે તેમના અવતારકાર્યને દૃઢ કરવા માટે આપનું આગમન સાંભળીને આનંદની પરાકાષ્ઠાએ અમારૂં મન પહોંચી ગયું ! હે સાધુપુરૂષ ! હે વિજ્ઞાન-વારિધિ ! અમારી આ નાની શી પાઠશાળામાં આપનું સ્વાગત, સુસ્વાગત હો ! અમે આ પાઠશાળાના અધ્યાપકો અને છાત્રો બધા જ આપના પુણ્ય દર્શનથી જાતને પવિત્ર થયેલી ગણીએ છીએ. હે સાધુપુરુષ ! હે દીનબંધુ ! તને અમે વંદન કરીએ છીએ, વંદન કરીએ છીએ.

આપના નામ સાથે સંકળાએલ અક્ષરોને (અર્થાત્ આપના નામને) અમે પહેલેથી જ સાંભળ્યા હતા જ. આપના ગુણરૂપ ભમરાઓ દ્વારા કરાએલ ગુણગુંજારવ અમારા કર્ણપટ પર અથડાએલ હતો જ. આજે તો અમારા પૂર્વ પૂણ્યના ઉત્કર્ષથી તે ગુણોની સાક્ષાત્ મૂર્તિ જ અમારી સમક્ષ પ્રાદુર્ભાવ પામી છે. વર્તમાન યુગના હે ધુરન્ધર વિજ્ઞાનશાસ્ત્રી ! આપ બધાને માટે ન નમન કરવા યોગ્ય નથી એમ કઇ રીતે ? (અર્થાત્ આપ સર્વને

માટે નમન યોગ્ય જ છો) પાશ્ચાત્યના પ્રકાશથી આંધળા બનેલા લોકોને આપે સૂતરયંત્ર (મિલ)નું રહસ્ય બતાવ્યું છે. વારે વારે દુકાળથી પીડાતા દીન જનોના દુઃખ દૂર કરવામાં આપે જાતને કષ્ટ આપ્યું માતૃભૂમિની ઉજ્જવળ કીર્તિને દિગન્તમાં ફેલાવી. હે મહાત્મન્ ! હે ત્યાગમૂર્તિ ! આપનું નિર્દોષ, સરળ જીવન પહેલેના ઋષિઓના જીવન-ચરિત્રની યાદ કોને નથી આપતું ? પરમ ગહન છતાં સેવાધર્મ અમે આપનાં દર્શનથી પ્રત્યક્ષ જ કર્યો છે. પ્રાણીમાત્ર તરફ દયા માટે જ આપનો જન્મ છે. સ્વદેશ-સેવા જ આપની કુલદીક્ષા છે. ત્યાગ એ જ આપનો કુલાચાર છે. દીનજનોનાં દુઃખ હરણ કરવાં એ જ આપનો ધર્મ છે.

દેશસેવાને માટે આજીવન બ્રહ્મચર્ય વ્રત ધારણ કરનાર હે મહાત્મન્ ! આપના ગુણોનું વર્ણન કરનાર અમે કોણ ? હૃદય ઉઘાડવાનું સામર્થ્ય અમે ઈચ્છીએ છીએ. પરંતુ તે અશકય છે, અત્યંત અશકય છે. હૃદય-રૂપી પેટીમાં છૂપાએલા વિચારોને વર્ણવવા વૈખરી વાણી સમર્થ નથી, તેને સમજવા બુદ્ધિ પાંગળી છે તો પછી મનનો તો શો હિસાબ ? તેની ઊંડાઈ મનુષ્યને મુંઝવી આશ્ચર્યમાં ડૂબાડી દે છે ! વધુ શું ? હે વિદ્વાન ! આ પાઠશાળાને આશીર્વચનથી અનુગ્રહીત કરો. જગતના સૂત્રધાર ભગવાન વિષ્ણુ આપને આયુષ્યમાન કરો અને

દેશસેવા કરવા માટે આપને અતુલ બળ અર્પો ! (એમ પ્રાર્થી) અમો અહીંજ વિરમીએ છીએ.

લી.

રાષ્ટ્રીય વિનય મંદિર	આપના ગુણને અનુસરવાની ઈચ્છાવાળા
ઘી-કાંટા, અમદાવાદ	છાત્રો અને અધ્યાપકોના મુખ એવા
ફાલ્ગુન કૃષ્ણ ૬	**રામશંકર હરજીવન ત્રિપાઠી**
સં ૧૯૭૯ ગુરુવાર	આચાર્ય

+૮ सूक्ष्मज्ञानम

स्मरणं स्वस्वरूपस्य ह्यखण्डैकात्मना तु यत् ।
तदेकं भजनं प्रोक्तं जन्ममृत्युजरापहम ॥१॥

૮ ગુજરાતી

અખંડ એકચિત્તથી સ્વસ્વરૂપનું ચિંતન કરવું એને જ (જ્ઞાનીઓએ) ભજન કહ્યું છે; અને એજ એક જન્મ મૃત્યુ ને જરાનો નાશ કરનાર છે. ૧

यदद्भ्योऽत्र समुत्पन्नं भातं फेनादिकं च यत् ।
नामरूपात्मकं विद्धि मिथ्या बुदबुदवीचयः ॥२॥

અહીંયાં જે કાંઈ પાણીમાંથી પેદા થયું છે અને ફીણ વગેરે જે કાંઈ દેખાય છે, તે સર્વ નામરૂપાત્મક (માયિક) જાણ–પરપોટા, મોજાં બધું મિથ્યા છે. ૨

+ પત્રગીતામાં અત્રતત્ર ગૂંથાએલા શ્લોકો.

सुवचः शृणु मे ह्येतन्नास्ति ज्ञानमतः परम् ।
तत्परो भव तन्निष्ठस्तेन शान्तिमवाप्स्यसि ॥३॥

મારું આ સુવચન સાંભળ; આથી શ્રેષ્ઠ બીજું, જ્ઞાન નથી તત્પરાયણ અને તન્નિષ્ઠ થા, એથી તું શાંતિ પામીશ. ૩

स्मरणं यच्छरीरस्य तद्धि पाखण्डमुच्यते ।
पाखण्डं नरकायैव त्रिः सत्यं प्रब्रवीम्यहम् ॥४॥

શરીરનું સ્મરણ થયા કરે એનું નામ જ પાખંડ! અને પાખંડથી નરકપ્રાપ્તિ જ છે એમાં લવલેશ પણ સંશય નથી. ૪

मलिनाः स्वान्तरे ये तु न पश्यन्त्यमुं तथा ।
नानारूपधरो योऽसौ भक्तानुग्रहकाङ्क्षया ॥५॥

ભક્તો ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી જે અનેક રૂપ ધારણ કરે છે તે ઇશ્વરને જેઓ અંતઃકરણમાં મેલા હોય છે તેઓ એવી (યથાર્થ) રીતે જોઇ શકતા નથી. ૫

यो येषां सर्वरूपाणि यस्य यत्तत्सुबुध्यताम् ।
रूपभ्रान्तिर्वृथा लोके ह्यरूपं तत्तु निर्मलम् ॥६॥

જે 'यत्' નાં 'यः' 'येषां' વગેરે બધાં રૂપ છે તેને સારી રીતે જાણો; જગતમાં રૂપની ભ્રાંતિ નકામી છે કેમકે ઇશ્વરી તત્ત્વ નિર્મળ અને રૂપાતીત છે. ૬

कृतेषु चाकृतं पश्येदकृतेषु कृतं तथा ।
कृताकृतज्ञः स ज्ञानी न कर्मैर्बध्यते कदा ॥७॥

કર્મમાં અકર્મ જૂએ અને તેવી જ રીતે અકર્મમાં કર્મ જુએ એમ કર્મઅકર્મનો મર્મ જાણનાર જ્ઞાની કર્મોથી કદીએ બંધાતો નથી. ૭

पुनर्भूः स्यात्तथा नैव वासनामुक्तितः पुमान् ।
क्षीणे भोगे तनुं त्यक्त्वा ब्रह्मणा ह्येकतां व्रजेत् ॥८॥

તે રીતે વાસનાથી મુક્ત થતાં મનુષ્ય ફરીથી જન્મતો નથી અને પ્રારબ્ધભોગ ક્ષીણ થતાં, શરીર છોડી બ્રહ્મ સાથે વિદેહકૈવલ્ય પામે છે. ૮

नरस्त्वकर्मा यश्चान्तः स्मरते विषयांस्तथा ।
पच्यते नरके घोरे मिथ्याचारः स पापमुक् ॥९॥

બહારથી અકર્મણ્યતાનો ડોળ કરનાર જે માણસ અંતઃકરણમાં વિષયચિંતન કર્યા કરે છે તે ઢોંગી, પાપાહારી મનુષ્ય ઘોર નરકમાં પડે છે. ૯

भुक्त्वा य स्वेच्छया कामानिच्छेच्छान्ति स मूढधीः ।
घृतेनानलवल्लोके भोगात्कामोऽभिवर्धते ॥१०॥

જે માણસ સ્વેચ્છાએ વિષયો ભોગવે ને (છતાંય) શાંતિ ઇચ્છે તે મૂરખ છે. ઘીથી અગ્નિની માફક જગતમાં ભોગથી કામનાઓ તો વધે છે ૧૦

स सर्वानाप्नुयात्कामान यो निराशः सदान्तरे ।
आशादासो जगद्दासो निराशीः सार्वभौम इव ॥११॥

જે અંતઃકરણમાં આશાશૂન્ય રહે છે તેની બધી કામનાઓ પૂરી થાય છે. આશાનો ગુલામ જગતનો ગુલામ બને છે. જેને આશા-તૃષ્ણા નથી તે ખરેખર સાર્વભૌમ છે. ૧૧

नो जनिः सत्यमेतस्य त्यक्तेच्छेस्य कदाचन ।
कामबीजो भवतरुर्नष्टे बीजे कुतोऽङ्कुरः ॥१२॥

જેણે ઈચ્છાનો ત્યાગ કર્યો છે, તેને ખરેખર કદીએ જન્મ નથી. સંસારરૂપી વૃક્ષનું બીજ કામના છે. બીજ ન હોય તો અંકુર ફૂટે જ ક્યાંથી? ૧૨

आकारः कल्पनामात्रो ह्याद्यन्ते नैव दृश्यते ।
अस्तिभातिप्रियत्वेन चात्मा ह्येकोऽवशिष्यते ॥१३॥

આકાર એ માત્ર કલ્પના છે, કેમકે વસ્તુના આદિ અંતમાં એ દેખાતો નથી, અને અસ્તિ, ભાતિ અને પ્રિય રૂપે એક આત્મા જ બાકી રહે છે. ૧૩

साकारं वा निराकारं ह्येकं द्वे त्रीणि वा तथा ।
विवदन्ते वृथा बाला ब्रह्म मानातिगं हि तत् ॥१४॥

બ્રહ્મ સાકાર છે કે નિરાકાર છે, એક છે, બે છે કે ત્રણ છે-એવી રીતે અજ્ઞાનીઓ નકામો વિવાદ કરે છે; કારણ કે એ બ્રહ્મ પ્રમાણથી પર છે. ૧૪

यः स्मरन् याति यद्भावं तद्भावं स व्रजेद् ध्रुवम् ।
इत्येषा ध्यानमीमांसा कथिता योगवित्तमैः ॥१५॥

જે માણસ જે ભાવનાનું સ્મરણ કરતાં શરીર છોડે છે, તે જરૂર તે ભાવનારૂપ બને છે. યોગીશ્વરોએ આને ધ્યાનમીમાંસા કહી છે. ૧૫

यस्तरन् भवसिन्धुं नो विस्मरेदात्मवैभवम् ।
न स कालत्रये मृत्योर्वशं याति सुवित्तम् ॥१६॥

ભવસાગરને પાર કરતાં જેને આત્મૈશ્વર્યનું વિસ્મરણ થતું નથી તે, હે વિદ્વત્શ્રેષ્ઠ ! કોઇ કાળે મૃત્યુના પંજામાં સપડાતો નથી. ૧૬

एको यः शाश्वतो नित्यः को हन्यात्केन तं कथम् ।
सर्वंह्यात्मेति जानीयाद् मृत्योर्मृत्युः स भीषणः ॥१७॥

જે એક, અવિનાશી ને નિત્ય છે તેને કોણ મારી શકે ? (અને મારવાની ઈચ્છા હોય તો પણ) કેવી રીતે અને શાનાથી હણી શકે ? કારણ કે બધુ જ આત્મ સ્વરૂપ જ છે એમ નિશ્ચયપૂર્વક જાણવું. એ આત્મા (કે આત્મવેત્તા) મોતનું પણ ભયંકર મોત-મોતને પણ મારી નાંખનાર છે. ૧૭

स्वं भजन् नान्यदाप्नोति स्वस्मिन्नेव लय व्रजेत् ।
सर्वं स्वात्मेति ज्ञानेन जीवन्मुक्तश्चरेद् भुविः ॥१८॥

સ્વ (સ્વરૂપ)નું રટણ કરનાર બીજા કશાને પ્રાપ્ત થતો નથી; એ તો સ્વરૂપમાં જ લય પામે છે, બધું પોતાનો જ આત્મા છે; એવું જ્ઞાન થવાથી જગતમાં જીવન્મુક્ત થવાય છે. ૧૮

सुगतिं समवाप्नोति गुरुभक्त सदानघः ।
तस्मात्सर्वेण भावेन सद्गुरु शरणं व्रजेत् ॥१९॥

હે પાપરહિત! ગુરુભકત હમેશાં સદ્ગતિ પામે છે; માટે સંપૂર્ણ ભાવથી સદ્ગુરુને શરણે જવું જોઈએ. ૧૯

वदन्ति विविधं ह्येनमात्मानं सर्वतोमुखम् ।
एकं नित्यमजं देवं कूटस्थमचलं ध्रुवम् ॥२०॥

સર્વવ્યાપી એવા એ આત્માને જ એક, નિત્ય, અજન્મા, દેવ, કૂટસ્થ, અચલ, ધ્રુવ એમ જુદાં જુદાં નામથી કથે છે ૨૦

स्तोतुं क प्रभवेन्नूनं ह्यात्मान तं निरामयम् ।
वेदा यद्वर्णने मूकाः नेति नेति व्रुवन्ति हि ॥२१॥

'આવો નહિ,' 'આવો નહિ' એમ કહીને જેનું વર્ણન કરતાં વેદો પણ થાકી ગયા છે તે નિર ભય-નિર્વિકાર-આત્માની સ્તુતિ (યથાર્થ રીતે) કોણ કરી શકે એમ છે? ૨૧

यस्मिन कर्मशौक्ल्येन भवन्ति सद्गुरुप्रियः ।
किं दुर्लभं ततस्तेषां नास्ति दाता गुरोः परः ॥२२॥

સંયમી લોકો પોતાનું કર્મ વિશુદ્ધ રાખવાને કારણે સદ્ગુરુને વહાલા હોય છે; એટલે પછી એમને માટે શું દુર્લભ છે? ગુરુ કરતાં બીજો કોઈ શ્રેષ્ઠ દાતા નથી. ૨૨

वदान्ये परमे रत्वा कोऽन्यत्र रन्तुमाव्रजेत ।
स्वायत्तां पद्मिनिं त्यक्त्वा क परां कुट्टिनीं व्रजेत ॥२३॥

ઉત્તમ અને પરમ (એવા પરમાત્મા)નો આનંદ લીધા પછી કયો માણસ આનંદ શોધવા બીજે (વિષયોમાં) દોડશે ? પોતાને અનુકૂળ એવી પદ્મિનીને તજીને કયો માણસ કોઢથી સળેલી પારકી સ્ત્રીની પાસે જશે ? ૨૩

कं ध्यायेत कं वदेत साधो मनः कं ह्यत्र वेशयेत ।
अन्या वाचो विमुञ्चेत कं सर्वत्र विभावयेत् ॥२४॥

હે સાધુ ! ધ્યાન બ્રહ્મનું ધરવું, બોલવું તો બ્રહ્મ વિષે જ બોલવું અને મનને બ્રહ્મમાં જ લીન કરવું; બીજી બધી વાતો મૂકીને સર્વત્ર બ્રહ્મની જ ભાવના કરવી. ૨૪

यः सर्वं स्वात्मनीक्षेत स्वात्मानं सर्वगं तथा ।
तस्य सर्वमयस्यात्र कुत शोकाप्तिरमृत ॥२५॥

જે પોતાના આત્મામાં સર્વને જુએ છે અને પોતાના આત્માને સર્વમાં વિલોકે છે તેવા સર્વમય બનેલાને આ જગતમાં હે અમૃત ! શોક થાય જ કયાંથી. ૨૫

निर्दम्भः स तदा लोके निर्धनोऽपि च निःस्पृहः ।
यतात्मा योगिराडत्र विना पुण्यं न दृश्यते ॥२६॥

જગતમાં એ સદા દંભરહિત રહે છે અને નિર્ધન હોવા છતાં નિઃસ્પૃહી હોય છે, સંયમી યોગિરાજનું દર્શન અહીં પુણ્યસંચય વિના થતું નથી. ૨૬

असारः सार इत्येवं मत्वा दुःखं व्रजेन्नरः ।
अतस्मिंस्तन्मतिर्नूनमध्यासो दुःखमूलकम् ॥२७॥

અસારને સાર માનીને જ માની માણસ દુઃખી થાય છે. જેમાં જે નથી તેમાં તેની ભાવના કરવી એ અધ્યાસ કે આરોપણ જ દુઃખનું મૂળ છે. ૨૭

प्रेमतः परमाप्नोति यस्मात्प्रेममयं बृहत् ।
सर्वात्मैक्यं हि प्रेम स्याद्देहासक्तिर्न नारकी ॥२८॥

પ્રેમથી પરમ તત્ત્વની પ્રાપ્તિ થાય છે; કારણ કે પરમ બ્રહ્મ પ્રેમસ્વરૂપ છે સર્વની સાથે ઐક્યાનુસંધાન એનુ જ નામ પ્રેમ નહિ કે નરકની પ્રાપ્તિ કરાવનારી દેહાસક્તિ ! ૨૮

प्रमत्तः स्वात्मचिन्तायाः पश्येद् द्वैतं तु मूढधी ।
ज्ञाते ह्यात्मनि नो द्वैतं नो शोको मोह आर्त्तता ॥२९॥

આત્મચિંતનમાં પ્રમાદ કરનાર મૂઢમતિને જ દ્વૈત દેખાય છે. પરંતુ એક વખત આત્મજ્ઞાન થાય છે કે પછી દ્વૈત, શોક, મોહ કે દુ ખ એમાંનું કશુંય રહેવા પામતું નથી. ૨૯

न चान्यत्त्वादभिन्नं वा भिन्नं कुत्रापि ज्ञायते ।
यदस्ति तत्तदेवात्र सर्वं ब्रह्मेति वै श्रुतिः ॥३०॥

જ્યાં (બ્રહ્મથી) બીજું છે નહિ ત્યાં (બ્રહ્મથી) ભિન્ન અથવા અભિન્ન એવું જ્ઞાન જ ક્યાંથી હોઈ શકે ? જે કંઈ છે તે તે (બ્રહ્મ) જ છે. શ્રુતિ ભગવતી પણ કહે છે કે સર્વ બ્રહ્મ જ છે. ૩૦

पावन परमेशानं दृष्ट्वाऽप्यज्ञो न पश्यति ।
हित्वा नाभिस्थकस्तूरीं बहिर्धावति हैणवत् ॥३१॥

જેમ કસ્તૂરી મૃગ પોતાની ડૂંટીમાં કસ્તૂરી ભરી હોય છતાં ય તે તરછોડી તેની શોધ માટે બહાર દોડાદોડી કરે છે તેમ અફસોસ છે કે અજ્ઞાની મનુષ્ય પાવનકારી પરમેશ્વરના સ્વરૂપને જોવા છતાંય તેને ઓળખી શકતો નથી ! ૩૧

न वाच्यहीनवृत्ताय सेवाचोराय वै पुनः ।
श्रद्धाहीनाय तत्सूक्ष्मं नास्तिकाय शठाय च ॥३२॥

આ સૂક્ષ્મ (જ્ઞાન) જેનું ચારિત્ર્ય ભ્રષ્ટ હોય તેને, સેવામાં ચોરની માફક સંતાનારને તેમજ શ્રદ્ધાહીન, નાસ્તિક અને શઠની સમક્ષ કહેવા યોગ્ય નથી. ૩૨

९ विरुदावलिः

अखण्डभूमण्डलाचार्य वैदिकधर्मप्रचारक योगमार्गप्रवर्तक अत्रिवरद अनसूयानन्दन परब्रह्मस्वरूप श्रीमद् दत्तात्रेयाऽवधूतो विजयतेतराम्, विजयतेतराम्, विजयतेतराम् ।

અખંડ ભૂમંડલના આચાર્ય, વૈદિકધર્મના પ્રચારક, યોગમાર્ગના પ્રવર્તક, અત્રિને વરદાન આપનાર, અનસૂયાના પુત્ર પરબ્રહ્મસ્વરૂપ શ્રીમદ્ દત્તાત્રેય અવધૂત વિજય પામે છે, વધુ ને વધુ વિજય પામે છે, અત્યંત વિજય પામે છે !

૧૦ गङ्गेश्वरमहिमा

*गङ्गेश्वरं परशिवं सततं नमामि
गङ्गेश्वरं परशिवं सततं गृणामि ।
गङ्गेश्वरं परशिवं सततं स्मरामि
गङ्गेश्वरं परशिवं शरणं प्रपद्ये ॥१॥

પરમ શિવ ગંગેશ્વરને હુ સતત નમું છું. પરમ શિવ ગંગેશ્વરની હું સતત પ્રશંસા કરૂં છું. પરમ શિવ ગંગેશ્વરનું સતત સ્મરૂં છું. પરમ શિવ ગંગેશ્વરનું હું શરણું લઉં છું. ૧

गङ्गेश्वरे दृढमतिर्यदि काऽत्र चिन्ता
गङ्गेश्वरेऽदृढमतिर्यदि का न चिन्ता ।
गङ्गेश्वरे कृतमनेर्न हि दुःखमत्र
गङ्गेश्वरेऽकृतमतेः किमु सौख्यमत्र ॥२॥

ગંગેશ્વરમાં જો દઢ મતિ હોય તો (આ લોકમાં) અહીં શી ચિન્તા ? ગંગેશ્વરમાં જો દઢ મતિ ન હોય તો કઈ ચિન્તા ન હોય ? ગંગેશ્વરમાં ચિત્ત રાખનારને અહીં દુઃખ નથી. ગંગેશ્વરમાં મતિ ન રાખનારને અહીં કયું સુખ હોય ?

---

* કછોલી (વાયા અમલસાડ) પાસે ગંગેશ્વર મહાદેવ પૂ. શ્રી. ગયા ત્યારે કરેલ સ્તુતિ.

૧૧ शुभकामना

(१)

+वा-मना भव वा-भक्तो वा-याजी वां नमस्कुरु ।
वां-एवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥

સદ્ગુરુનાથ વાસુદેવનું જ મનન-ચિંતન કરો. સર્વાન્તર્યામી વાસુદેવનું જ ભજન કરો; વાસુદેવ-આદેશ-આદર્શોને માટે જ જીવન સમર્પણ કરો પ્રાણીમાત્રમાં પરિવ્યાપ્ત શ્રી વાસુદેવને જ નમન કરો એમ કરીને આપ સર્વે શ્રીવાસુદેવને પ્રાપ્ત કરી વાસુદેવમય જ થઈ જશો. એવી મારી ગુરુપુત્ર રંક રંગ અવધૂતની પ્રતિજ્ઞા છે કારણ કે આપ બધાં મને અત્યંત પ્રિય છો.

(૨)

+भवद्भिः प्रेषितो ग्रन्थोऽनर्घ्यो मौलिकं एव च ।
रहस्योद्घाटनकोऽपूर्वो याथातथ्येन वीक्षितः ॥१॥

આપે મોકલેલો ગ્રંથ અમૂલ્ય મૌલિક, રહસ્યનું ઉદ્ઘાટન કરનાર, અપૂર્વ છે જે મેં સંપૂર્ણ પણે જોયો છે.

+ वा=પ્રથમ અક્ષર ઉપલક્ષિત સંપૂર્ણ શબ્દ-વાસુદેવ= વાસુદેવાનંદસરસ્વતી (ટેમ્બે) સ્વામી મહારાજ. આ શ્લોક પૂ. શ્રી.એ ગ્રંથયોજનાના શ્લોકો મોકલ્યા ત્યારે જે પત્ર લખ્યો તેના અંતે લખ્યો હતો.

+ શ્રી નીલકંઠ વિષ્ણુ તુળપુળે (સંસ્થાપક, સુબોધગીતા કાર્યલય) ગાણગાપુર ને તેમના 'श्रीकृष्णाचा आत्मसाक्षात्कार' ગ્રંથ વાંચીને મોકલેલા આશીર્વાદાત્મક શ્લોકો.

साक्षात्कारैकदृष्टिनां सुबोधः क्रमभङ्गतः ।
तनोतु विश्वमाङ्गल्यं स्वपरात्मैक्यसूः सदा ॥२॥
११-४-१९५८
रङ्गोऽवधूतः ।

સાક્ષાત્કારની એક દૃષ્ટિએ જોઇએ તો તેમાં જે ક્રમભંગ થયો છે તે (અર્થની દૃષ્ટિએ યોગ્ય અને) સુબોધત્વને વધારનાર છે સ્વ અને પરના આત્મૈક્યને વધારનાર તે ગ્રંથ વિશ્વના માંગલ્યનો સદાય વિસ્તાર કર્યા કરો. ૨

+१२ आशीर्वाद-प्रवचनम्

"न तत्र सूर्यो भाति न चन्द्रतारकं
नेमा विद्युतो भान्ति कुतोऽयमग्निः ।
तमेव भान्तमनुभाति सर्वं
तस्य भासा सर्वमिदं विभाति" ॥

यस्य भासा सर्वमिदं विभाति, तत्स्वरूपा माननीयाऽध्यक्ष-महाशया, अन्यविद्वद्वर्याः, सुहृज्जनाश्च,

किं वच्मि, भवतां भगवत्स्वरूपाणां स्वनामधन्यानां महानुभावानां विद्यावारिधीनां, विशेषतः पण्डितज्ञाननानां श्रीबदरीनाथशास्त्रिणां, विद्याभास्कर-श्रीमणिशङ्करशास्त्रिणां, परमात्मीय-भागवतसर्वस्वश्रीकृष्णशङ्करशास्त्रिणां च निर्व्याजप्रेमवशाच्छरीरासामर्थ्येऽपि चुम्बकाऽऽकृष्टलोहशलाकावद् यथाकथञ्चिदत्रागतोऽस्मि, किन्तु, अत्रागत्यापि किं वक्तव्यतामूढः सञ्जातः ।

+ વડોદરાની સંસ્કૃત વિદ્વત્સભામાં તેના ૧૯મા વાર્ષિકોત્સવમાં શ્રાવણ સુદી ત્રીજ, વિ. સં. ૨૦૨૪) અતિથિવિશેષ રૂપે પૂ. શ્રી એ આપેલું પ્રવચન.

भवद्भिः सम्प्लावितस्य स्नेहप्रपातस्य प्रत्युत्तरं मूकप्रह्वीभावेनैव ददामीति क्षन्तुमर्हन्ति सुहृज्जनाः ।

मया किल संस्कृतपाठशालाया मुखमपि न दृष्टम् । भवादृशां कृपाप्रसादेन दुरधिगतानि विद्यन्ते कानिचित् सद्विद्याक्षराणि. किन्तु तान्यपि "अनभ्यासे विषं विद्ये"-ति न्यायाद् विस्मृतप्रायाणि । न्यूनाधिकं क्षन्तव्यमतः ।

यथा क्षुद्रपल्वलोदकमपि गङ्गाजलं समेत्य गाङ्गमिव पवित्रं भवति, तथैव मादृशो भाषादौर्बल्यदूषितो ज्ञानदुर्भिक्षपीडितः सर्वतो रिक्तोऽबुधोऽपि भवादृशां विद्वद्रत्नानां सम्पर्काद् वित्तसम्पन्नो मन्यत इति न चित्रम् ।

यः कश्चिज्जडोऽप्यश्मा भवत्सदृशैर्महद्भिः सुप्रतिष्ठितो देवत्वमेत्य पूज्यो भवति. किं पुनर्मादृशो नाममात्रोऽपि मनुष्यः । धन्योऽस्मि भवतां समागमेन सन्दर्शनेन च । तथापि भवद्भिः सत्यवारिभरपि मद्विषये यदुक्तं यद् गीतं तत् सर्वं यथार्थत्वेन न गृहणाणि । किन्तु भगवतोऽपि दैवतभूतानाम् भवताम्) अमोघमाशीर्वचनमिति कस्मिश्चिद् दूरेऽपि दिने सत्यत्वेन मां संक्रमिष्यतीति मत्वा, 'एवमेव दिने दिने भवत्स्नेहो वर्धताम्,' इत्याशास्य विनम्रभावेन स्वीकरोमि ।

भारतो भारतीयसंस्कृतिः संस्कृताश्रितैव । पाली अर्धमागधी च संस्कृतान्तर्गते एव । तस्मात् पृथकत्वेन तदुल्लेखो न क्रियते । तां भारतीयसंस्कृतेर्मूलस्रोतोभूतां देववाणीमनादृत्य, सस्कृतेः संरक्षणोर्जा वनेत्याद्युद्घोषणा क्लीबगर्जनेव वृथा निष्फला चेति मे विनम्राऽपि निश्चला मतिः ।

तस्माद् भारतोत्कर्षेप्सुभिः सर्वैरेव मूलसंरक्षणसंवर्धनाय कटिबद्धैर्भवितव्यमविलम्बितेन ।

एतद्देशीयराजपुरुषै शासनस्थमत्तारूढैश्चास्मिन विषये विचार कर्तव्यः सशीघ्रम् । अन्यथा प्रोद्दीप्ते भवने कूपखनन-मित्र तेषां प्रयत्ना हास्यास्पदा भवेयुः ।

आङ्ग्लभाषाविभूषिता पण्डितं मन्यमानास्तथःकथित-विद्वांस केचित् परप्रत्ययनेयबुद्धय एतद्देशीया अपि वर्गविग्रह-मूल-केवल-भौतिक-समृद्ध्युद्दीपितनेत्राः सम्मोहिताः संस्कृतगां "जीर्णा दुग्धदोग्ध्री निरिन्द्रिया" इति वर्णयित्वा तामुपहसन्ति । "मृता"-इति तस्मगौरवेणोल्लिख्यावमानयन्ति । श्रेयोऽक्षिविहि-नास्ति एकाक्षा इव दयनीयाः ।

न जानन्ति ते वराका यद् बहुप्रचलिताऽप्येषा गीर्वाण-भाषा, मृता निष्प्राणा न, किन्तु प्राणपूर्णा चेतनापरिप्लुता, नित्यं श्वसन्ती जिवन्त्येव अन्या म्रियमाणा भाषा जीवयितुं समर्था । अत्रत्यविद्वत्सभा एतस्य कथनस्य सत्यतायाः प्रत्यक्ष प्रमाण न किम् ?

प्राचीनमर्वाचीन यं कमपि विषयं गीर्वाणगिरैव निरूप-यन्तोऽत्रत्या विद्वज्जना एनेषां निर्लोचनानामेकाक्षाणां च दिवा-न्ध्यदूरीकरणे समर्था, करिष्यन्त्येव कालेन इति बक्ति निः-सन्दिग्ध मे हृदयम् ।

तेषां तत्करणे शक्तिर्भक्तिर्निरामयं दीर्घमायुरस्त्विति प्रार्थयेऽहं सहृदयं तं परमानन्दं माधवं जगद्गुरुम् ।

किमन्यद् एषा विद्वत्सभा केवलं वटोदरस्य गौरवं न, किन्तु निखिलगुर्जरभूमे शोभा । अतोऽत्रत्यैः श्रीमद्भिः श्रेष्ठि-भिर्विद्याभिरुचिभिः सत्तारूढैरपि धन-सहकार्य-सन्मानादिभिरा-त्मीयेव सा निरन्तरं पोषणीया, संवर्धनीया, समुत्तेजनीया च । इति मे भवतां पुरस्तात् सहृदया विज्ञप्तिः ।

किं बहुना, विद्वत्सभाया अयं ध्वजो मानवताऽपरपर्याय-सनातनहिन्दुधर्मस्य, संस्कृतेः सद्विद्यायाश्च प्रतीकत्वेनैवमेव सदैवोच्चैस्तिष्ठतु, संस्कृतध्योम्नि प्रौन्नतमुड्डयताम् इति मे सहृदया प्रार्थना जगन्नियन्तृभगवच्चरणेषु ।

किं बहुना, एतावतेव विरमामि ।

विद्या मत्सरनिर्मुक्ताः प्र व. स्मयवर्जिताः ।
बोधप्रभाविताश्चान्ये भवन्तु भारते सदा ॥
भारतं भारतं भूयात् पुवैश्वर्ययुतं पुनः ।
स्वस्थं शान्त समृद्धं च श्रेयःपथ प्रदर्शकम् ॥

विद्वांस सन्तु मे त्वग्रे विद्वांसः सन्तु पृष्ठतः ।
विद्वांसो दक्षिणे सन्तु विद्वांसः सन्तु वामतः ॥
निर्भय विचाराम्येव विद्वत्कवचरक्षितः ।
विद्वच्चरणकञ्जेषु सदा मेऽन्तु मतिस्ततः ॥

ॐ शान्ति ! शान्ति ! ! शान्ति !!!

"જેના પ્રકાશ વડે આ સર્વ પ્રકાશે છે તેનાં સ્વરૂપ માનનીય અધ્યક્ષ મહાશય, અન્ય વિદ્વદ્વર્યો અને સુહૃદજનો.

શું વદું, આપના ભગવત્સ્વરૂપે સ્વનામધન્ય મહાનુભાવોના, વિદ્યાસાગરોના વિશેષ, પંડિતપંચાનન શ્રીબદરી નાથ શાસ્ત્રીના, વિદ્યાભાસ્કર શ્રીમણિશંકર શાસ્ત્રીના અને પરમ આત્મીય ભાગવતસર્વસ્વ શ્રીકૃષ્ણશંકર શાસ્ત્રીના નિર્વ્યાજ પ્રેમને વશ બની શરીરથી અસમર્થ હોવા છતાં ચુંબકથી સોય જેમ આકર્ષાય તેમ આકર્ષણથી ગમે તેમ

અહીં આવ્યો છું. પણ અહીં આવીને પણ શું બોલવું તે ભૂલી ગયો.

આપે વહેવડાવેલા સ્નેહપ્રવાહનો પ્રત્યુત્તર હૃદયના મૂક આનંદથી આપું છું તો સુહૃદ્જનો ક્ષમ્ય ગણશે.

મેં તો સંસ્કૃત પાઠશાળાનું મોઢું પણ જોયું નથી. આપના જેવાના કૃપાપ્રસાદથી કેટલાક સદ્વિદ્યાક્ષરો પ્રાપ્ત કર્યા છે. તે પણ "अनभ्यासे विषं विद्या" અભ્યાસ વિના વિદ્યા ઝેર (સમી નકામી) છે એ ન્યાયથી વિસ્મૃતપ્રાય છે, માટે વક્તું ઓછું બોલાય તો ક્ષન્તવ્ય ગણાશે.

જેમ નાના ખાબોચિયાનું જળ પણ ગંગાજળને મળીને ગંગાજળની જેમ પવિત્ર બને છે તેમ જ મારા જેવો ભાષાની દુર્બલતાથી દૂષિત, જ્ઞાનના દુકાળથી પીડિત, બધી રીતે ખાલી, અબુધ પણ આપના જેવા વિદ્વદ્રત્નોના સંપર્કથી જ્ઞાનસંપન્ન ગણાય તો આશ્ચર્ય નથી.

કોઈ પણ જડ પથ્થર આપના જેવા મોટાઓ સુપ્રતિષ્ઠિત કરે તો તે દેવત્વ પ્રાપ્ત થતાં પૂજ્ય બને છે, તો પછી મારા જેવો નામમાત્રનો મનુષ્ય તેમ શું ન બને ?

આપના સમાગમ અને દર્શનથી ધન્યો બન્યો છું. આપ સત્યવાદી છો તો પણ મારા વિષયમાં જે કાંઈ કહ્યું, જે ગાયું તે બધું જ સત્ય છે એમ હું સ્વીકારતો નથી. પરંતુ ભગવાનના પણ દેવતરૂપ બ્રાહ્મણો આપના આશીર્વચન નિષ્ફળ હોય નહીં એથી દૂરના કોઈ દિવસે પણ એ વચનો મારામાં સત્ય બની જશે એમ માનીને,

આજ રીતે પ્રતિદિવસ આપનો સ્નેહ વધતો રહે એમ આશા રાખીને, વિનમ્ર ભાવથી આપના વચનોનો સ્વીકાર કરૂં છું.

તેજસ્વિની ભારતીય સંસ્કૃતિ સંસ્કૃતના આશ્રયે જ રહી છે. પાલી અને અર્ધમાગધી ભાષા સંસ્કૃતમાંથી ઉદ્ભવ પામેલી હોવાથી સંસ્કૃતમાં એ આવી જાય છે માટે તેનો જુદો ઉલ્લેખ હું કરતો નથી. ભારતીય સંસ્કૃતિના મૂલ પ્રવાહરૂપ તે દેવભાષાનો આદર કર્યા વગર, કરવામાં આવતી સંસ્કૃતિના સંરક્ષણ, ઉજ્જીવન વગેરે ઘોષણાઓ નપુંસકોની ગર્જના સરખી વૃથા અને નિષ્ફળ છે એમ મારો વિનમ્ર પણ નિશ્ચલ મત છે.

માટે ભારતના ઉત્કર્ષની જો ઈચ્છા જ હોય તો બધાએ એ સંસ્કૃતિના મૂલના સંરક્ષણ અને સંવર્ધન માટે વિના વિલંબે કેડ બાંધીને તૈયાર થવું જોઈએ.

આ દેશના રાજપુરુષો અને સત્તારૂઢ લોકોએ આ વિષયમાં વિના વિલંબે વિચારવું જોઈએ; નહિ તો ઘર સળગ્યા પછી કુવો ખોદવાની જેમ તેમના પ્રયત્નો હસવા જેવા બનશે.

આંગ્લ ભાષાથી વિભૂષિત થયેલા અને પોતાને પંડિત માની બેઠેલા કહેવાતા વિદ્વાનો અને પારકાની અક્કલે દોરાતા આ દેશના વિદ્વાનો પણ ભૌતિક સમૃદ્ધિ કે જેના મૂળમાં વર્ગવિગ્રહો જ રહેલા છે, તેનાથી અંજાયેલા-સંમોહિત થયેલા સંસ્કૃત વાણીને જીર્ણ, નિઃસાર, ઇન્દ્રિય-

રહિત એવું વર્ણન કરીને હસતા હોય છે. અને તેને મરી ગયેલ એમ આદરભાવ વગર જાહેર કરીને અપમાન કરતા હોય છે. તે શ્રેયસ્ રૂપી આંખ વગરના કાણા માણસની જેમ પોતે જ દયનીય છે

તે બિચારા નથી સમજી શકતા કે ઘણા પ્રચાર વિનાની આ દેવભાષા નથી મરેલી કે નથી નિષ્પ્રાણ, પણ પ્રાણવાળી, ચૈતન્યથી ભરેલી, નિત્ય, શ્વાસોચ્છવાસ-સંપન્ન, સનાતન જીવન ધરાવતી, બીજી મરતી ભાષાઓને પણ જીવાડવાને સમર્થ છે. વડોદરાની આ વિદ્વત્સભા મારા આ કથનની સત્યતાનો પ્રત્યક્ષ પુરાવો નથી શું?

પ્રાચીન કે અર્વાચીન કોઈ પણ વિષયને સંસ્કૃત ભાષામાં ચર્ચતા અહીંના વિદ્વજ્જનો (એ ભાષા પ્રત્યે અનાદર દેખાડતા) એ આંધળા અને કાણા લોકોનું ધોળે દિવસે આવેલું અંધત્વ દૂર કરવાને સમર્થ છે. વખત જતાં તે દૂર કરશે જ, એ એમ મારૂં હૃદય નિશ્ચિતરૂપે બોલી રહ્યું છે.

તેમને પોતાનું કાર્ય કરવામાં શક્તિ, ભક્તિ, વ્યાધિ-ઉપાધિ વિનાનું દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય એમ હું તે જગદ્ગુરુ પરમાનંદ સહૃદય માધવને પ્રાર્થું છું.

વધારે શું કહું ? આ વિદ્વસભા કેવલ વડોદરાનું જ ગૌરવ છે એમ નહીં પણ સમગ્ર ગુર્જરધરાની શોભા છે માટે શ્રીમાન્ ધનવાનોએ, વિદ્યામાં અભિરુચિ ધરાવના-રાઓએ, તેમજ સત્તારૂઢ અધિકારીઓએ ધનથી, સહકારથી,

અને સંમાનથી આ સભા પોતાની જ છે એમ માનીને એનું નિરંતર પોષણ કરવું. સંવર્ધન કરવું અને ઉત્તેજન આપવું એમ તમારી પાસે મારી હૃદયથી વિજ્ઞપ્તિ છે.

વધુ શું વદું ? વિદ્વત્સભાનો આ (સારસ્વતધ્વજ) સનાતન હિન્દુધર્મ કે જેનું બીજું નામ માનવતા છે તેની સંસ્કૃતિ અને સદ્‌વિદ્યાના પ્રતીક રૂપે આજ રીતે હંમેશા ઊંચો રહે. સંસ્કૃત–આકાશમાં ઊંચે લહેરાતો રહે એવી જગન્નિયંતા ભગવાનના ચરણમા મારી સહૃદય પ્રાર્થના છે, આટલાથી વિરમું છું.

આ ભારતમાં હંમેશાં વિદ્વાનો માત્સર્ય વિનાના, લક્ષ્મી અથવા અધિકાર સંપન્ન લોકો ગર્વ વિનાના અને બીજા લોકો જ્ઞાનના પ્રભાવથી સંપન્ન બની રહો.

ભારત પહેલેના ઐશ્વર્યથી સંપન્ન ફરીથી એવું ભા–રત બને, સ્વસ્થ, શાન્ત અને સમૃદ્ધ અને બીજાઓને કલ્યાણનું માર્ગદર્શન આપનારૂં બને.
મારી આગળ પાછળ જમણે ડાબે વિદ્વાનો જ વસેલા છે. વિદ્વાનો રૂપી કવચથી રક્ષિત હું નિર્ભયરીતે ફરૂં છું. વિદ્વત્ ચરણ કમલોમાં હંમેશાં મારી મતિ રહો.

ૐ શાન્તિઃ । શાન્તિઃ । શાન્તિઃ ।

અને સંમાનથી આ સભા પોતાની જ છે એમ માનીને એનું નિરંતર પોષણ કરવું. સંવર્ધન કરવું અને ઉત્તેજન આપવું એમ તમારી પાસે મારી હૃદયથી વિજ્ઞપ્તિ છે.

વધુ શું વદું ? વિદ્વત્સભાનો આ (સારસ્વતધ્વજ) સનાતન હિન્દુધર્મ કે જેનું બીજું નામ માનવતા છે તેની સંસ્કૃતિ અને સદ્વિદ્યાના પ્રતીક રૂપે આજ રીતે હંમેશા ઊંચો રહે. સંસ્કૃત–આકાશમાં ઊંચે લહેરાતો રહે એવી જગન્નિયંતા ભગવાનના ચરણમા મારી સહૃદય પ્રાર્થના છે, આટલાથી વિરમું છું.

આ ભારતમાં હંમેશાં વિદ્વાનો માત્સર્ય વિનાના, લક્ષ્મી અથવા અધિકાર સંપન્ન લોકો ગર્વ વિનાના અને બીજા લોકો જ્ઞાનના પ્રભાવથી સંપન્ન બની રહો.

ભારત પહેલેના ઐશ્વર્યથી સંપન્ન ફરીથી એવું ભા–રત બને, સ્વસ્થ, શાન્ત અને સમૃદ્ધ અને બીજાઓને કલ્યાણનું માર્ગદર્શન આપનારૂં બને.
મારી આગળ પાછળ જમણે ડાબે વિદ્વાનો જ વસેલા છે. વિદ્વાનો રૂપી કવચથી રક્ષિત હું નિર્ભયરીતે ફરૂં છું. વિદ્વત્ ચરણ કમલોમાં હંમેશાં મારી મતિ રહો.

ૐ શાન્તિઃ । શાન્તિઃ । શાન્તિઃ ।

૧૪ सुभाषित-सूत्राणि

* न मातुः परदैवतम् ।
માતા સમાન બીજું કોઈ દૈવત મોટું નથી.

* माता मातैव केवलम् ।
મા તે માત્ર મા જ છે.

* भक्तिर्दम्भो विना भावम् ।
ભાવ વિનાની ભક્તિ કેવળ દંભ છે.

* स्वयमाशीस्तु सत्कर्म ।
સત્કર્મ (સારું ને પવિત્ર કર્મ) એ જાતે જ આશીર્વાદ રૂપ છે.

* परस्परदेवो भव ।
એકબીજાને દેવ માનો-એના દૈવી અંશને પિછાનો.

* श्रेयः प्रेयसो विशिष्यते ।
પ્રેય કરતાં શ્રેય ચઢિયાતું છે.

* छात्रदेवो भव ।
છાત્રો (વિદ્યાર્થીઓ) ના દૈવી અંશને પિછાનો.

* श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ।
સ્મરી લે પ્રતિશ્વાસ હે ચિત્ત ! દત્ત.

१५. विद्याविनोदः

नमस्ते गांडवे गांडुपतये गांडवाधिपतये नमः।

ગાંડુને નમસ્કાર, ગાંડુપતિને, ગાંડુના અધિપતિને નમસ્કાર હો

॥ श्री गांडुः प्रसन्नोऽस्तु ॥

माता गांडु पिता गांडुर्मित्रं गांडुः सुहृच्च सः ।
भार्या गांडुः सुतो गांडुः सर्वं गांडुमयं गृहम् ॥
गांडुस्ते ह्यग्रतस्तिष्ठेद् गांडुस्तिष्ठेच्च पृष्ठतः ।
गांडुस्ते परितस्तिष्ठेद् गांडुरूपो भवान् यतः ॥

શ્રી ગાંડુ પ્રસન્ન થાવ !

માતા ગાંડુ પિતા ગાંડુ મિત્ર ગાંડુ સુહૃદ વળી ।
ભાર્યા ગાંડુ સુતો ગાંડુ ગાંડુમય બધું ગૃહ ॥
ગાંડુ હો આગળે તારી ગાંડુ પૃષ્ઠે ઊભા રહો ।
ગાંડુ ચારેય બાજુ હો કારણ ગાંડુ રૂપ છો ॥

वृकोदरं पृषत्पादं डु-ग्रहे सिद्धहस्तकम् ।
रसनं लंबपूर्वं च व्यक्षमव्यक्तचेष्टितम् ॥
गांडुर्गांडुं स्मरेत् प्राज्ञो गांडुना चैकतां गतः ।
निवेद्य गांडवे गांडोर्गांडौ गांडो लयं व्रज ॥

વૃકોદર શીઘ્રપાદ ડુ–ગ્રહે સિદ્ધહસ્તક ।
જીભ છે ખૂબ લાંબી ને આંખ છે અવ્યક્તચેષ્ટિત ॥
પ્રાજ્ઞ ગાંડુ સ્મરો ગાંડુ ગાંડુથી એકતા થઈ ।
નિવેદ્ય ગાંડુને ગાંડુ ગાંડુમાં ગાંડુલીન થા ।

स्वस्तिश्री गांडुक्षेत्रे महाशुभस्थाने अनेकशुभाशुभोपमालायक अखंडमंडलाकारस्वादने व्यग्रत्वाद् विस्मृतान्यकार्यभार लड्डुकापरनामान्नब्रह्मसाक्षात्कार-तपाप्तानंदाप्लुत- सर्वगोत्रकिंनामधेय ...तु पदधारी द्विजवर्य श्री...नी सेवामां

સ્વસ્તિશ્રી ગાંડુક્ષેત્રે મહા અશુભસ્થાને અનેક શુભ-અશુભ ઉપમાલાયક અખંડ મંડલાકાર (લાડુ)ના એકમાત્ર સ્વાદમાં જ વ્યગ્ર હોવાના કારણે બીજો બધો કાર્યભાર ભૂલી જનાર લાડુનું જ બીજું નામ એવા અન્નબ્રહ્મના સાક્ષાત્કાર માટે તપના આનંદમાં ડૂબેલ સર્વગોત્ર અનામી... પરંતુ પદધારી દ્વિજવર્ય શ્રી...ની સેવામાં

आदौ गांडुर्मध्ये गांडुरन्ते गांडुश्च सर्वशः ।
स्त्री गांडुश्च पुमान् गांडुः सर्वं गांडुमयं जगत् ॥

આદ્યે ગાંડુ મધ્યે ગાંડુ અંતે ગાંડુ જ સર્વથા ।
સ્ત્રી ગાંડુ પુરુષે ગાંડો ગાંડુમય જગત્ બધું ॥

૧૬. ગુણનિધિઃ

स्वामी नारायणश्चैको नान्यः कोऽपि कदाचन ।
न मे तस्यैव मन्येत स्वामिनारायणः स वै ॥१॥
स्वामी शास्ता न मे चान्यो पृथक् नारायणात् क्वचित् ।
शिरोधार्या तदाज्ञा मे स्वा. ना. मन्येत सर्वदा ॥२॥
भगवान् सहजानंदः स्वामीनारायणः स मे ।
तस्यैवाहं न चान्यस्य स्वा. ना. मन्येत सर्वदा ॥३॥
अस्त्यमृतं लौकिकोक्त्या स्वामी तदनुभूतिमान् ।
मकृत्योऽप्यनुन्मत्त अेव स्वामीनारायणः स्मृतः ॥४॥

જેનો નાથ સાક્ષાત નારાયણ, પરમ પરમેશ્વર છે. ફાવે તેવા સમર્થ અન્ય કોઈનુંયે છત્ર જે કાલત્રયે પણ સ્વીકારાતો નથી, અને જે હૃદયથી (માત્ર મોઢેથી નહિ) મારું કાંઇ નથી. જે કાંઈ છે તે એનું જ છે એમ માને છે તે જ સાચો સ્વામિનારાયણનો ભક્ત છે.

સ્વામીશ્રી યોગીજી મહારાજે દેશપરદેશ ફરીને વિજય-પતાકા ઠેરઠેર લહેરાવી ને ગુરૂવર્ય શ્રી યજ્ઞપુરુષદાસજીના પુણ્યના સંપ્રદાયનાં સહસ્રાવધિ-લક્ષાવધિનરનારીઓની જીભે રમતું કરી મૂકવામાં જે ભારે ભગીરથ પુરુષાર્થ કર્યો છે એ માટે સ્વામીશ્રીજી યોગીજી મહારાજનાં જેટલાં ગુણગાન ગાઇએ તેટલાં ઓછા છે.

શ્રીજીની કૃપાશિષ તેઓશ્રી પર સદાસર્વદા અખંડ વરસી જ રહી છે. તેઓશ્રી સંપ્રદાયનું કાર્ય હજી પણ વધારે વેગ અને જોમથી કરી શકે એવું દીર્ઘ નિરામય આયુષ્ય

ભગવાન તેઓશ્રીને અર્પો એવી હાર્દિક પ્રભુ પ્રાર્થના સાથે જ્ઞાનવૃદ્ધ, તપોનિધિ યોગીજી મહારાજના તીર્થચરણમાં જય સ્વામિનારાયણ સાથે અનેકશઃ વંદના.

(મોકલેલા એક પત્રમાંથી)

१७. नित्यानंद–पत्रिकाने आशीर्वाद

रागद्वेषविमुक्तो यः सर्वभूतहिते रतः ।
यस्मै च कस्मै शतशोऽस्तु नमो नमः ॥१॥
ब्रह्मानन्दः स्वयं जातो नित्यानन्दस्वरूपतः ।
गणेशपुरमास्थाय लीलाश्च कृतवान् बहु ॥२॥
तव गुणान् गातुमेवैषा प्रस्तुता पत्रिका यतः ।
गृहे गृहे समायातु स्वभक्तेषु विशेषतः ॥३॥
त्रितापहारिणी भूयात् पुष्टितुष्टिप्रदायिनी ।
संसारतारिणी नूनमध्यात्मपथदर्शिनी ॥४॥
स्वानुभूत्येकजननी सुप्तशक्तिप्रबोधिनी ।
भूयाद् यशस्विनी नित्यं चिरञ्जीवतु पत्रिका ॥५॥

જે રાગદ્વેષથી મુક્તો સર્વભૂતહિતે રત ।
જે હો તેને નમસ્કાર હો મારા સેંકડો તિહાં ॥૧॥
બ્રહ્માનંદ સ્વયં જન્મ્યા નિત્યાનંદ સ્વરૂપથી ।
ગણેશપુરમાં રહીને લીલા જેણે બહુ કરી ॥૨॥
ગાવા કાજે ગુણો તેના પ્રસ્તુત પત્રિકા કરી ।
ગૃહે ગૃહે પહોંચોએ સ્વભક્તોમાં વિશેષથી ॥૩॥
ત્રિતાપહારિણી થાજો પુષ્ટિ તુષ્ટિ પ્રદાયિની ।
સંસારતારિણી સાચે અધ્યાત્મપથદર્શની ॥૪॥

સ્વાનુભૂતિ જે દેનારી સુપ્ત શાક્ત પ્રબોધિની ।
થાઓ યશસ્વિની નિત્યે હો ચિરંજીવ પત્રિકા ॥૫॥

(ગણેશપુરીથી નીકળનાર પત્રિકાને આશીર્વાદ રૂપે લખાએલ આ શ્લોક The Cail Divine નારેશ્વર ઉપર લખાએલા મળ્યા છે તેના ઉપર પોસ્ટનો સિક્કો ૩-૧૧-૬૬ નો છે અનુવાદ અમારો છે.)

૧૮

श्री गांडामहाराज–मराठी–चरित्र–लेखकाय श्रीदहिवेलकराय आशीर्वादवचनम्

चरितं योगिवर्यस्य योगानंदयतेरिदम् ।
दृष्ट्वा भव्यं कस्य नोऽत्र नृत्यच्चित्तमुदाप्लुतम् ॥१॥
काञ्चनदेशस्य विप्रेण दहिवेलकरेण तत् ।
रचितं बहु संशोध्य भवभ्रान्तसुमार्गदम् ॥२॥
लोकभाषा–निबद्धं च नानालंकारमण्डितम् ।
पद्यरत्नभूषणाढ्येयं मधुरं मधुराक्षरम् ॥३॥
गुर्वादर्शप्रदीपो यच्छिष्याचारसुसंहिता ।
पाथेयं सन्मुमुक्षुणां श्रेयः सोपानमुद्वहम् ॥४॥
भक्ता यस्य रसास्वादाद् धन्यतामाप्नुयुश्च ते ।
सुवासः प्रसरत्वस्य चतुर्दिक्ष्वविलंबितम् ॥५॥

—रंगोऽवधूतः

૧૯

શ્રી ગાંડા મહારાજના મરાઠી ચરિત્રના લેખક શ્રી દહિવેલકરને આશીર્વાદ

યોગિવર્ય યોગાનંદ યતિનું આ ભવ્ય ચરિત્ર જોઇને (વાંચીને) આનંદમાં ડૂબેલું કોનું ચિત્ત અહીં ન નાચી ઊઠે ?

ખાનદેશના વિપ્ર શ્રી દહિવેલકરે સંસારના ભ્રાન્ત-જનને સાચો માર્ગ દેખાડનારું તે ઘણું સંશોધન કરીને રચ્યું છે.

લોકભાષામાં લખાયેલું, વિવિધ અલંકારોથી શોભિત, પદ્યરત્નોના આભૂષણોથી મઢેલું, મધુર અક્ષરોવાળું તે મધુર છે.

જે ગુરુ માટે આદર્શ દીપ સમાન છે અને શિષ્યોના આચારની સંહિતા છે, મુમુક્ષુઓ માટેનું પાથેય છે અને શ્રેયકારક પથદર્શક છે.

ભક્તો તેના રસના આસ્વાદથી ધન્યતા પ્રાપ્ત કરો અને આની સુવાસ વિના વિલંબે ચારે દિશાઓમાં પ્રસરી રહો !

—રંગ અવધૂત

२० आदर्श साधुः

धन्यास्ते वसन्त्यत्र नियतं ब्रह्मचारिणः ।
अर्चयन्तः शिवं भक्त्या स्नाननिर्धूतकल्मषाः ॥१॥

विद्यादानरता ये वा साधवः कलितारकाः ।
ध्यायन्तश्च शिवं साम्बं निःस्पृहाः शान्तमानसाः ॥२॥

अकिञ्चनाः सार्वभौमा निर्द्वंद्वा निष्परिगृहाः ।
वीतरागभयक्रोधाः सत्यैकव्रतशालिनः ॥३॥

निर्हेतुकदयासारा मेघवत्-तृप्तिदायकाः ।
निःसंगा नित्यतृप्ताश्च तापत्रयविनिर्गताः ॥४॥

ધન્ય જેઓ વસે આંહી બ્રહ્મચારી નિરંતર,
ભક્તિથી શિવ અર્ચંત સ્નાને પાપવિમુક્ત હો. ૧

વિદ્યાદાનરતા વા જે સાધુઓ કલિતારક
ધ્યાયંત સાંબ શંભુને નિઃસ્પૃહી શાંત ચિત્તથી. ૨

અકિંચન મહારાજા નિર્દ્વંદ્વ નિષ્પરિગૃહી,
છોડી રાગભયક્રોધ સત્યૈકવ્રતશાલી જે. ૩

વિનાહેતુ દયાવાળા મેઘશા તૃપ્તિદાયક,
નિઃસંગી નિત્યસંતૃપ્ત તાપત્રય–વિનિર્ગત ૪

शुद्धिपत्रक

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
९	१६	दे ंव्याः	देव्याः
२२	१५	पिह्वोषि	जिह्वाऽपि
२६	११	थयो	થાય
४५	फूटनोट-५	बूरी	बूरी नजरसे
४८	१३	साङ्ग	साङ्गं
४९	१३	હસતો	હસંતો
५३	७	જે	જ
५७	६	निर्माण	निर्मांन
५७	११	²स्वायतं	²स्वायत्तं
६६	१८	अश्वर्य०	ऐश्वर्यं०
७०	१४	पङ्गू०	पङ्गु०
७०	१४	स्तिष्ये	स्तिष्ये¹
७०	१७	थयु	થયું
७२	१५	भक्ति	भर्क्ति
७९	१३	ભાક્ત	ભક્તિ
८३	पुष्पिका-२	०स्तोत्र	०स्तोत्रं
१०५	१२	शरद म्बु०	शरदम्बु०
१०९	११	०निले	०निलेश

			रंग हृदये-
११२	२१	भय०	भव०
११७	पुष्पिका-२	०किर्तनं	०कीर्तनं
१२१	५	ना नायं	नाना यं
१२३	१९	प्रणतोऽस्मि	प्रणतोऽस्मि
१२६	३	એવા	એવા,
१२६	६	०विहिनो	विहीनो
१२६	७	०किर्ति	कीर्ति-
१२७	९	नतार्नि०	नतार्तिना०
१३४	१२	पुरन्ध्री०	पुरन्ध्री०
१३६	१	શીઘ્નતાથી	શીઘ્રતાથી
१३६	७	સુદંર	સુંદર
१३६	१२	तत	तात
१३६	१८	विघ्राम्बु०	विघ्नाम्बु
१४१	२	०शुश्रषा०	०शुश्रूषा
१४१	९	०निष्क्रय	निष्क्रये
१४४	३	स्वज्जन०	सज्जन०
१४६	११	ભધું	બધું
१४७	४	રુર્લભ	દુર્લભ
१४७	४	પ્રાતપ	પ્રાપ્ત
१४७	५	લેંવું	લેવું
१४७	७	०मीड१म्	०मीडयम्
१४७	१४	दप्ड०	दण्ड०

१५५	११	पञ्च०	षञ्च०
१५५	१५	धर्मांथी	धर्मार्थी
१५५	६	०प्नुयात	०प्नुयात्
१५७	१७	नामना	नामधारी
१६४	१५	सद्रुगुने	सद्गुरुने
१६५	१९	विघ्नैर्न	विघ्नैर्न
१७९	१८	जङ्घे	जङ्घे
१८०	७	प्रजाषतिः	प्रजापतिः
१८६	पुष्पिका-२	दत्तार्क्यिं	दत्तार्तिक्यं
१८९	११	०घ्रिमयं	०घ्रिद्वयं
१९२	१४	नित्य	नित्य आनंदरूप
१९३	७	बोधश्रयु	बोधश्रयु०
२०३	२	नमेऽास्तु	नमोऽस्तु
२०४	१६	तात्यह्वयो	तात्याह्वये
२१२	३	संभ्रान्त	संभ्रान्तः
२२७	२०	सद्वर्तन०	सद्वर्तन०
२३०	८	બ્રહ્મ	બ્રહ્મ०
२३१	८	શવિ	શિવ
२३१	११	सिद्धौघै०	सिद्धौघै
२३१	१४	।वतर	वितर
२३३	११	અને	તને
२३५	१	पढेद्धधि	पठेद्बुद्धि

२३५	९	सिद्धनाथवशकम्	नीलकण्ठेश्वरस्तोत्रम्
२३६	१९	મહત્ત્વના	મહત્ત્વના
२३६	२१	એહીં	અહીં
२३९	५	जगत्स्या०	जगत्स्था
२४१	१७	શું હું !	શું કહું !
२४४	५	०भक्रि०	भक्ति
२४४	७	०भोक्ता	०भोक्त
२४७	७	विद्येयज्ञो	बिधेयज्ञो
२४८	५	दग्व०	दग्ध०
२५२	४	०विभूडित	०भूषित
२५३	५	शंक०	शंका०
२५४	११	हकेतु०	ह केतु०
२५६	१८	महामवा०	महाभवा-
२५६	१९	त्वङ्कशं	त्वङ्कशं
२५७	५	एाद्य	एधि
२५९	३	पदख	पदरव
२६२	१०	०स्तव	०स्तवः
२६२	५	भक्तत्राण०	भक्तत्राणै०
२६३	ફૂટનોટ०	भृत्युजन	भृत्युंजय
२६६	१२	तमुपौमि	तमुपैमि
२६७	१२	णनस्य०	णमस्य०
२६९	१३	वक्रदष्टि	वक्रदृष्टि

२७०	११	પાણીઓની	પ્રાણીઓની
२७४	१६	शेषोऽषि	शेषोऽपि
२७९	६	०कजनो०	०कूजनो०
२८३	८	०वान्दैकम्	०वाहकम्
२८३	९	०हक्षकम्	०रक्षकम्
२८३	११	०भक्तानीं गा०	भक्तानां गो०
२८३	१४	०केत	०केतं
२८६	७	०मुमगम ;सुभेद्र	०मुमग्र्य ;सुभेदं
२८७	१३	सद्धम०	सद्धर्मे
२८९	८	रङ्ग	रङ्गै
२९६	१३	घृता	धृता
२९८	९	चक्र	चक्रं
२९८	२०	षाडशा	षोडशा
३००	२१	श्वाऊ	श्वाऊ
३०१	७	दुघट	दुर्घट
३०१	१०	स्वस्थ	स्वस्थं
३०१	११	भन्तः	भन्तः
३०५	२	नुच्च	नुच्चं
३०६	९	ऽभला	ऽमलो
३०९	१३	कनापीर	केनापीह
३११	४	क्ष्यालक्ष्य	लक्ष्यालक्ष्य
३१४	१८	नित्य	नित्यं

૩૧૯	૭	रुपाय	रूपाय
૩૧૯	૧૧	ददु	दद्रु
૩૨૦	૧૪	श्रघ्रा;दैत्ये	श्रद्धा;दैत्य
૩૨૧	૧૦	दभने	दमम
૩૨૨	૧૮	સ્યાકર્મ	દયાકર્મસ્વરૂપને
૩૨૩	૨	पतसे	तपसे
૩૨૫	૨	दराय	दूराय
૩૨૫	૭	दर्भढ	दर्भर
૩૨૬	૧૯	આદર્શનથી	અદર્શનથી
૩૨૬	૨૦	ગતવાળાને	ગતિવાળાને
૩૨૯	૬	दस्बु	दस्यु
૩૩૧	૧૯	दैत्यने	दैन्यने
૩૩૨	૯	दानवार	दानवारि
૩૩૫	૧૩	श्री; ૪૧૫	थी; ૪૧૪
૩૭૭	૩	स्नाषिये	स्नायिने
૩૭૭	૭	गीगत	गीत
૩૭૭	૨૧	અલિંગિતને	આલિંગિતને
૩૩૮	૧૪	આપનારને	આપનારનો
૩૩૯	૨૦	તેત્રોવાળાને	નેત્રોવાળાને
૩૪૦	૫	दीर्ध	दीर्घ
૩૪૧	૧	मेदाय	भेदाय
૩૪૧	૮	द्वबिणे	द्रुषिणे
૩૪૨	૯	भमये	मतये